


શ્રી રંગઅવધૂત મહારાજશ્રી વિરચિત

# શ્રીદત્તનામસ્મરણસ્તોત્રમ્

## - એક વિવરણ

વિવરણકાર

**શાસ્ત્રી જયેન્દ્ર દવે**


श्री दत्त
श्री दत्त
श्री दत्त
श्री दत्त

શ્રી રંગઅવધૂત મહારાજશ્રી વિરચિત

# શ્રીદત્તનામસ્મરણસ્તોત્રમ્

- એક વિવરણ

: વિવરણકાર :

**શાસ્ત્રી જયેન્દ્ર દવે**


**પ્રકાશક**

**શ્રી રંગ ચેરિટેબલ ટ્રસ્ટ,** મેડીકેર, અમદાવાદ-૬

## श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥
## ॥ સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥

# શ્રી રંગઅવધૂત મહારાજશ્રી વિરચિત
# શ્રી દત્તનામ સ્મરણ સ્તોત્રમ્ - એક વિવરણ

**પ્રકાશન હક્ક** : શ્રી રંગ ચૅરિટેબલ ટ્રસ્ટ, મેડીકેર, અમદાવાદ-૩૮૦ ૦૦૬

**આવરણ** : સૂર્યા ઑફસેટ

**પ્રકાશન તિથિ પર્વ** : **૧૩-૯-૨૦૦૮, શ્રી પ્રેમજયંતી**

**પ્રત સંખ્યા** : ૧૦૦૦

**મૂલ્ય** : ૧૦૦/-

**સૌજન્ય** : અવધૂત નિવાસ ટ્રસ્ટ, નારેશ્વર

**પ્રાપ્તિ સ્થાન** :

- **અવધૂત પુસ્તક ભંડાર**
  નારેશ્વર
- **શ્રી પ્રદ્યુમ્નભાઈ પટેલ**
  **શ્રીરંગ સેવા સદન કાર્યાલય**
  ૨, ન્યૂ કલ્પતરુ સોસાયટી, ઈશ્વર ભુવન રોડ, નવરંગપુરા, અમદાવાદ-૧૪
- **શ્રી દત્ત મંદિર**
  સેક્ટર-૨૮, ગાંધીનગર.
- **શ્રી કનુભાઈ જોષી**
  ૫૦, આશાબાગ સોસાયટી, નવસારી.
- **શ્રી પ્રવિણભાઈ જોખાકર**
  ૧૦૭, સંગના સોસાયટી, સદર રોડ, સૂરત.

## મુદ્રણ સંસ્કાર :

મુદ્રેશ પુરોહિત
**સૂર્યા ઑફસેટ,** આંબલી ગામ, સેટેલાઈટ-બોપલ રોડ,
અમદાવાદ - ૩૮૦ ૦૫૮ ફોન : ૦૨૭૧૭-૨૩૦૧૧૨
e-mail : suryapress@gmail.com

# અર્પણ

પરમ પૂજ્ય પિતાશ્રીના

શતાબ્દી વર્ષ

(૧૫-૮-૨૦૦૮)

તથા

પરમ પૂજનીય માતુશ્રી

**ઉભયની**

પુણ્યસ્મૃતિમાં

**''શ્રી દત્તનામ સ્મરણ સ્તોત્રમ્''**

અર્પણ


**અમદાવાદ** **ડો. ઇન્દુભાઈ દવે**

नारेश्वरनिवासी

**पूज्य श्री. रङ्ग अवधूत महाराज ।**

ह्याशापाशारिशान्तं शमियमिदमिनं रातरातव्यतत्त्वम् ।

रे रेऽसारे परेशं सुखपरमं मारमारप्ररम्यं




स्मारं स्मारं परं तं परमशरणं देवदेवप्रवन्द्यम् ।

रेवासेवाप्तवामं नमयमशमनं सद्गुरुं गुह्यगुह्यम् ॥

❖ ❖ ❖

**रङ्गप्रशान्तं सुतपोऽवधूतं गाढव्रतं भूसुरसिंहसन्तम् ।**
**वशीशमीशं सुगुरुं परं नु धूतैनसं भासुरमानमामः ॥**

# સ્મરણ સાધના ઉદ્દીપક

પરમ પૂજ્ય રંગઅવધૂતબાપજી રચિત ૧૦૮ શ્લોકોના સ્મરણ સાધના સંપૂટ એવા 'શ્રી દત્તનામસ્મરણ સ્તોત્રમ્'ના મૂળભૂત સંસ્કૃતમાં રચાયેલ સ્તવન સાથે પૂ. બાપજી દ્વારા જ એની ગુજરાતી પ્રતિકૃતિ જે ગુજરાતી સમાજને પૂ. બાપજીની કૃપાપ્રસાદી છે, તેનું પરમ શ્રધ્ધેય, મુમુક્ષુ અને પ્રસાદિક વાણીનાં ઉદ્ગાતા સારસ્વત શાસ્ત્રી શ્રી જયેન્દ્રભાઈ દવે દ્વારા જે વિવરણ પ્રગટ કરવામાં આવ્યું છે એ યથાર્થરીતે સ્મરણ ભક્તિનું આપણાં સમાજને પ્રાપ્ત થયેલું શ્રેષ્ઠ અવધૂતી ઉપનિષદ છે.

સંસારી જીવોને પોતાનાં આજ આયુષ્યનાં પટમાં સાક્ષાત ભગવાન વાસુદેવની ચેતનાની વિતરાગ આવૃત્તિ એવા પૂ. બાપજી મળી ગયા. પૂ. બાપજીએ પોતાના જ પરિવાર જનોના ચૈત્યપુરુષની ઉત્ક્રાંતિ માટે (Psychic Evolution) માટે સર્વને શ્રી રંગપરિવારનાં સદસ્યો તરીકે પોતાની Orbit -ચૈતસિક ક્ષિતિજમાં પ્રસ્થાપિત કર્યા, જે આ કળિયુગના ભગવાનશ્રી કૃષ્ણની જ ગોવર્ધન લીલા છે. વૈભવના સ્વામીએ દ્વારિકાધીશ તરીકે, વિતરાગના સ્વામીએ શ્રી રંગઅવધૂત તરીકે લીલા કરી છે. વાસ્તવમાં ભગવાનશ્રી કૃષ્ણની જ આ વિતરાગ સ્વરૂપી લીલા છે. શ્રી રંગ અવધૂત પરિવાર એ સ્વયં ભગવાન શ્રી કૃષ્ણનો જ ગોપીજનોનો પરિવાર છે. શ્રી કૃષ્ણે ગોપીજનો માટે જ યમુના પાર કરી, વૃંદાવનવિહારી બની, વસ્ત્રહરણ લીલા, દાણલીલા, રાસલીલા અને ગોવર્ધન લીલા કરી છે. એ જ Krishna Consciousnessનાં આ જન્મનાં આ વિતરાગ સ્વરૂપે સ્વયં શ્રી રંગઅવધૂત બની નારેશ્વરના નર્મદા તટે આ વિતરાગની અવધૂતી લીલા પ્રગટ કરી છે. આત્મસ્વરૂપે પૂ. બાપજી અધિમનસની સાકાર આકૃતિ સર્વવ્યાપક વાસુદેવ છે. ભગવાનશ્રી કૃષ્ણની પ્રકૃતિ જે Divine Matter છે જેનું વિશ્વરૂપ દર્શન કુરુક્ષેત્રનાં મેદાનમાં કૃપાવંત થઈને ભગવાને સ્વયં

અર્જુન સમક્ષ પ્રત્યક્ષ કરી પોતાની આ સત-ચિત-આનંદની દિવ્ય પ્રકૃતિ Divine Matter ને પ્રગટ કરીને એટલી ક્ષણો માટે પણ એ અતિમાનસિક ચેતનાનો-પરાપ્રકૃતિનો સ્પર્શ અને આસ્વાદ પૃથ્વીની માટીને આપ્યો છે. જે ચેતનાને શ્રી અરવિંદે પોતાની સાધના દ્વારા ૧૯૧૬ની ૨૯મી ફેબ્રુઆરીએ પોંડીચેરીની ધરતીને કેન્દ્રસ્થાને સ્થાપી જગતની માટીને માટે અને માનવજાતને માટે સ્થિર સ્વરૂપે પૃથ્વીની ચેતનામાં અવતરિત કરી છે.

ભગવાનશ્રી કૃષ્ણે દ્વાપરયુગમાં આજ સત-ચિત-આનંદની પરાપ્રકૃતિ જે વ્યક્તિગત સ્વરૂપે કંસની જેલમાં ધારણ કરેલા વાસુદેવ તરીકેના માનવીય પિંડમાં ધારણ કરેલી, જેને પોંડીચેરીના પૂ. માતાજી Divine Matter કહે છે, તે જ પ્રકૃતિના દેહને ૫૦૦૦ વર્ષો પછી પણ એ જ સ્વરૂપે એટલે કે શ્રી કૃષ્ણના ઘનશ્યામ સ્વરૂપે, આપણાં આ કળિયુગમાં ભક્ત નરસિંહ મહેતા, મીરાંબાઈ, શકુબાઈ, ગોરા કુંભાર, રઈદાસ ચમાર, પુનિત મહારાજ અને શ્રી અરવિંદ સમક્ષ અલીપોરની જેલમાં ૧૯૦૯ની સાલમાં પ્રત્યક્ષ પ્રગટ કર્યો. શ્રી કૃષ્ણ ચેતનાની વૈભવની વાટે વિચરતી આ પરાપ્રકૃતિ છે, જે ત્રિગુણાત્મક પ્રકૃતિમાં જીવન જીવતાં માનવીને એનાં આત્મતત્ત્વની ઊંચાઈના શિખરે પ્રાસાદિક સ્વરૂપે પ્રત્યક્ષ પ્રાપ્ત થાય છે. આ અવસ્થાની અનૂભૂતિને શ્રી અરવિંદ પોતાના પૂર્ણ યોગના દર્શનમાં Yoga of Ascent તરીકે પ્રબોધે છે. આવી અધિમનસની ચેતનાની ઊંચાઈએ જીવનની કોઈ પાવનક્ષણે પદાર્પણ કરનારને પોતાને ત્રિગુણાત્મક પ્રકૃતિનો દેહ હોવા છતાં પણ અધિમનસની આ ચેતના-કૃતિનાં દર્શન થાય છે. એ Ascentનાં ઊર્ધ્વગામી યાત્રી ઊપર અવતરતી પરમની કૃપા છે જેને શ્રી અરવિંદ Descent કહે છે. આ જ યાત્રા યોગી અતિમનસ પર્યંત જારી રાખી શકે, અને માનવ સાધ્ય ચેતનાની ઉત્ક્રાંતિનું શિખર તે આ અધિમનસ Over mind અથવા Krishna Consciousnessની અવસ્થા છે. પૂ. બાપજીએ નારેશ્વરની ભૂમિ પર આ અધિમનસની કૃષ્ણ ચેતનાને પોતાનાં આત્મતત્ત્વને ઉત્ક્રાંતિના

આ શિખરે ઉઠાવી આ જ જન્મમાં અને આયુષ્યમાં આત્મસાત કરી. એક જ જન્મમાં આ જીવન યાત્રાની સર્વોચ્ચ ઊંચાઈ આત્મસાત થવી અસંભવ છે પરંતુ પૂ. બાપજીની જીવનગાથા પાછળ પણ ભાગવત સંકલ્પ કાર્યાન્વિત થયો છે. વિઠ્ઠલ પંતને પંઢરીનાથે સ્વયં લગ્ન કરવાનો અને તે પણ પોતાને માટે નિર્માણ કરેલી માતાની કુખે અવતરવાનો સંકેત કર્યો અને પરિણામે પાંડુરંગ વળામે જે જન્મજાત Krishna Consciousness છે તેના અવતરણની ઘડી નિર્માણ પામી, આ સંકેત પછી વિઠ્ઠલ પંતે, કાશીની સાથે પંઢરીનાથના આદેશ પ્રમાણે લગ્ન કર્યાં, અને પૂ. બાપજીનો આ અવતાર ધરતીને માથે પ્રગટ થયો. પૂ. બાપજીએ કૃષ્ણ ચેતનાને આ માનવ આકૃતિની પંચમહાભૂતની કાયામાં ધારણ કરી, સ્વપ્રકૃતિને ચોથું પરિણામ આપવાની વિતરાગની અવધૂતી સાધના કરી જેને પૂ. બાપજીએ જ આ 'દત્તનામ સ્મરણ સ્તોત્રમ્'માં 'ત્રીશયોગ' કહ્યો છે. બ્રમ્હા, વિષ્ણુ અને મહેશની સત-ચિત-આનંદની એ પરાકૃતિને પૂ. બાપજીએ 'ત્રીશયોગ' દ્વારા નીપજાવી અને સ્વયં સદેહે શ્રી કૃષ્ણ સ્વરૂપને પામ્યાં.

માત્ર પૂ. બાપજીને આ માર્ગે પ્રસ્થાન કરવા જે સંકેતની જરૂર હતી તે સંકેત પૂ. સ્વામી વાસુદેવાનંદ સરસ્વતી મહારાજે આપ્યો. આઠ જ વર્ષનાં નાનાં બાળકે રુકમામ્બાની આંગળી છોડી પૂ. સ્વામી મહારાજના ચરણોમાં સર્વાંગી સમર્પણ 'સ્વામી મહારાજ હું તમારો જ' કહીને કરી દીધું. શ્રી અરવિંદે સમર્પણની આ અવસ્થાને Ascent ના યોગની Total surrender without reservationની અવસ્થા કહી છે, અને આઠ વર્ષથી જ પૂ. બાપજીએ પોતાનાં ત્રણે ગુરુવર્યોની આત્મપ્રસાદી, કૃપાપ્રસાદી અને ભગવાન દત્તાત્રેયની શાશ્વત પ્રકૃતિની પ્રસાદી Ex Gratia અનરાધાર કૃપા તરીકે મેળવી. પૂ. બાપજીને ત્યાર પછી નર્મદા તટે જ શ્રી અરવિંદની જેમ મહાકાળી માતાએ સ્વયં મંદિરની બહાર પધારી દર્શન આપ્યાં છે. સઈજમાં મહાદેવનાં મંદિરમાં મૃત્યુ સંજીવની એવી 'દત્તબાવની' સ્વયં ભગવાન દત્તાત્રેયે જ પર

કંડીકાઓમાં લખાવી, અને આમ પૂ. બાપજીની માનવદેહી આકૃતિનું Divine Matterમાં દત્તકૃપા થકી જ રૂપાંતરણ થવાનો પ્રારંભ થયો. પૂ. બાપજીએ ભગવાન દત્તાત્રેયનાં અહર્નિષ નામસ્મરણ થકી એ શાશ્વત પ્રકૃતિનાં સ્પંદનો સમગ્ર આયુષ્ય દરમ્યાન ઝીલ્યાં, ધારણ કર્યાં અને શ્રી કૃષ્ણ સ્વરૂપ આત્મચેતનાને ભગવાન દત્તાત્રેયની ત્રિમૂર્તિ સ્વરૂપ દિવ્ય, શાશ્વત પ્રકૃતિ, એવાં પોતાનાં જ દેહનાં સ્વરૂપે, યોગનાં સાધન તરીકે સમર્પિત કરી. અવધૂતી આનંદનાં ભજનો એ પૂ. બાપજીની સાધનાનાં આત્મમંત્રો છે. પૂ. બાપજીની શરીર, પ્રાણ અને મનની ત્રિવેણીને પૂ. બાપજીએ નામ સંકિર્તન દ્વારા - 'ત્રીશયોગ' દ્વારા સ્વયં ભગવાન દત્તાત્રેયની પ્રકૃતિ બનાવી અને Death at willની અમરત્વની, શાશ્વતીની ચોથા પરિમાણની, આત્મપ્રતિબદ્ધ જીવનગતિની, કૃપાવંત દિવ્ય અનુભૂતિ કરી, અને જગતને એની વૈજ્ઞાનિક પ્રતીતિ પણ કરાવી.

પૂ. બાપજીની આ સ્વપ્રકૃતિનાં રૂપાંતરણની સાધના એ અવધૂતી સાધના છે, વિતરાગની સાધના છે. જેની અનુભૂતિઓની અનુક્રમણિકા આપણને અવધૂતી આનંદના સ્વાનુભૂતિનાં ભજનોમાં માંત્રિક સ્વરૂપે દેખાઈ છે. પૂ. બાપજી શ્રી કૃષ્ણ સ્વરૂપ બની ગયા અને એ એમની ૬૧મી રંગજયંતિ, જે ડાકોરમાં રણછોડરાયજીનાં સાંનિધ્યમાં ઊજવવામાં આવી, અને પૂ. બાપજીનું ડાકોરનાં ઠાકોર સાથેનું ચૈતસિક તાદાત્મ્ય મનસ અને અધિમનસ ચેતનાનું સાયુજ્ય એ Krishna Consciousnessની જ પ્રગલ્ભ લીલા છે. પૂ. બાપજી દ્વારીકાધીશનાં દર્શને પણ આવ્યા અને ત્યાં બંને ચેતનાઓ વૈભવ સ્વરૂપી કૃષ્ણચેતના અને વિતરાગ સ્વરૂપી કૃષ્ણચેતનાનું મિલન એ દ્વૈત અને અદ્વૈતની ઊપરની કૈવલાદ્વૈતની અવસ્થા છે.

આ આખી માનવથી ભગવાનની લીલા સ્વરૂપ યાત્રા જ પૂ. બાપજીની અવધૂતી સાધના છે, જેનાં ૧૦૮ Mile Stones પૂ. બાપજીએ 'શ્રી દત્તનામ

સ્મરણ સ્તોત્રમ્'માં સંસ્કૃતમાં અને ગુજરાતીમાં પોતાનાં પરિવારજનોનાં શ્રેયાર્થે પ્રગટ કરી કળિયુગમાં 'ત્રીશયોગ'ની સાધનાનો આ રાજમાર્ગ, સ્મરણભક્તિનો સર્વશ્રેષ્ઠ રીતે માનવસાધ્ય અને સ્વયં સુલભ, એ પ્રગટ કરી આપ્યો છે. ડૉ. શ્રી જયેન્દ્રભાઈ દવે સાહેબે એકનિષ્ઠ ભાવે પોતાની આંતરચેતનામાં તપસીની જ અવસ્થા ધારણ કરી અહીં એની સાધનાગત વિવેચના પ્રગટ કરી છે. સંદર્ભો માત્ર સૂચક જ નથી, શ્રી રંગપરિવારના સાધકો માટે વ્યવહારના જીવનમાં જીવતાં જીવતાં તન અને મનની પવિત્રતા ધારણ કરતાં રહી પોતાનાં સ્વાત્માને ચોથા પરિણામમાં ગતિશિલ કરવાને માટેની તપશ્ચર્યા પણ સાહજિક રીતે નિપજાવી શકાય અને એ માટેની મનોગમ્ય અને નિજાનંદી ભક્તિ શી રીતે કરી શકાય તેનું ચૈતસિક વિજ્ઞાન પણ આ ગ્રંથ દ્વારા પ્રગટ કર્યું છે. સ્મરણભક્તિ એ જ પૂ. બાપજીનો 'ત્રીશયોગ' છે. જે આપણી સત્ત્વ, રજસ અને તમસ પ્રકૃતિને, ચૈતસિક એવાં ચોથાં પરિમાણને આત્મસાત કરવા માટેનું રાજદ્વાર બનાવી શકે, એવો આ આત્મવિજ્ઞાનનો પૂ. બાપજી પ્રેરિત અને પ્રમાણિત દસ્તાવેજ પણ પ્રગટ કર્યો છે. ત્રિગુણાત્મક પ્રકૃતિનાં આવેગો અને પ્રવેગોનાં શિકાર બનીને જીવતાં આપણને સર્વેને વ્યવહારનાં જીવનમાં જીવતાં તથા જીવનનાં આ પ્રાકૃતિક અને પ્રકૃતિજન્ય ધબકારને ધારણ કરતાં હોવા છતાં એક રોગી અને ભોગીની અવસ્થાથી ઉપર ઊઠી સાધક અને યોગીની અવસ્થા, આત્મસ્થ ચેતનાની ઊંચાઈ, અને ભગવાન દત્તાત્રેયની શાશ્વત પ્રકૃતિનો આસ્વાદ, અહેસાસ અને અનુભૂતિ જન્ય પ્રસાદ, શી રીતે દેહની પ્રકૃતિ અને આત્મ ચૈતન્ય તત્ત્વમાં સાકાર કરી શકાય, એવો સ્મરણભક્તિનો આ રાજમાર્ગ પારદર્શક શબ્દાવલીમાં પ્રગટ કરી ડૉ. શ્રી જયેન્દ્રભાઈએ પૂ. બાપજીની દત્તાત્રેય સ્વરૂપે જે સ્મરણભક્તિ કરી એ આત્માનાં ઓજસનો અર્ઘ્ય પૂ. બાપજીનાં જ ચરણોમાં સમર્પિત કર્યો છે. આ વિવરણ એ ગ્રંથ જ નથી પણ આ પ્રાસાદિક અવસ્થાનો સમર્પિત અર્ઘ્ય છે.

પૂ. બાપજીનાં ૧૦૮ સંસ્કૃત મંત્રો અને પૂ. બાપજી રચિત એનો ગુજરાતી ભાષાની ૧૦૮ કંડીકાઓમાંનો સ્વાનુભૂતિજન્ય અનુવાદ જે સ્વયં શ્રૃતિ છે, તેનું ડૉ. શ્રી જયેન્દ્રભાઈ રચિત આ ભાષ્ય એ સાચે જ અવધૂતી ઉપનિષદ છે. આપણી ભાવિપેઢી આ જપયજ્ઞનાં યાજ્ઞિક એવાં દવે સાહેબની સદૈવ ઋણી રહેશે. નામસ્મરણનું આટલું ઊંચી કક્ષાનું વિજ્ઞાન, સમયના એક સીમાડે વાલીયાને તામસિક પિંડના પિંજરામાંથી મુક્તિ અપાવી, ઋષિત્વના ઓજસને ધર્મ તરીકે ધારણ કરનાર મહર્ષિ બનાવી ગયેલું. આજ સનાતન સત્ય પૂ. બાપજીએ પણ આપણાં આ સમયના પટ પર યોગી તરીકે આત્મસાત કરી સ્વયં ભગવાનની, કૃષ્ણ ચેતનાની, આત્મસ્વરૂપે અને ભગવાન દત્તાત્રેયની શરીરની પ્રકૃતિનાં સ્વરૂપે, જે જીવનપીઠિકા નિપજાવી, એ આપણાં યુગની વિરલ ઘટના છે. શ્રી જયેન્દ્રભાઈએ પોતાની આગવી આત્મસંપત્તિ પૂ. બાપજીના આ 'ત્રીશયોગ'ની ભગવતગતિને સમર્પિત કરીને જ આ અર્ઘ્ય-ગ્રંથનું સર્જન કર્યું છે એની પ્રતીતિ દરેક વાચકને થયા વિના રહેશે નહિ.

આ સ્તોત્રનાં ૩૭થી ૬૨ શ્લોકોનું પ્રકરણ એ મુમુક્ષુ સાધકો માટેનું છે. જીવનમાં સદ્‌ભાગી અવસ્થાએ ગતજન્મોનાં પૂણ્યોના પ્રાગટ્યે, જેને અધ્યાત્મનો માર્ગ મળ્યો છે, એવા કોઈ પણ સમર્થ ગુરુના યથાર્થ અને સાત્ત્વિક શિષ્યો પણ આ સંપુટમાંથી જીવન પાથેય પામી શકે છે, એવું દ્રષ્ટાંત સહિતનું વિવેચન પૂ. બાપજીની આત્મચેતનાની ભાગીરથીને જાણે સ્થિર માનસરોવરનાં માનસપટ પર ઝીલતાં રાજા ભગીરથનાં ઋષિત્વની ઝાંખી કરાવી જાય, એવાં ચૈતસિક પગલાંઓ, પણ શ્રી જયેન્દ્રભાઈએ નામસ્મરણની આ યોગસાધનાની કેડી ઉપર પાડ્યાં છે.

શ્લોક ૬૩થી ૧૦૪નું પ્રકરણ પૂ. બાપજીએ સ્વયંઆત્મસાત અને દેહસ્થ કરેલી ભગવાન દત્તાત્રેયની શાશ્વતપ્રકૃતિની વૈજ્ઞાનિકતા પ્રગટ કરે

છે. મન, પ્રાણ અને શરીરની ત્રિગુણાત્મક પ્રકૃતિનાં પરિમાણોમાં જીવતા વહેવાર દક્ષ માનવીને પોતાનાં મનની ચંચળ ચેતનાને શી રીતે આત્મકેન્દ્રિત કરી શકાય, એનું ચૈતસિક વિજ્ઞાન અને વિધાન પૂ. બાપજીએ પ્રબોધ્યું છે. આ ગદ્ય ઉપનિષદમાં શ્રી દવે સાહેબે એમની વિવેચના દ્વારા આપણને પ્રકૃતિનાં રૂપાંતરણના પૂ. બાપજીનાં સ્વાનુભવી સત્યોનો પ્રસાદ પણ પીરસ્યો છે. છેલ્લા ચાર શ્લોકોમાં પૂ. બાપજીએ આ માર્ગે ચાલવાનો સંકલ્પ કરી સ્મરણભક્તિમાં પોતાનાં મનને એક આત્મકેન્દ્રિત Orbit આપવાનો, જાગ્રત પ્રયત્ન કરનાર સાધકોને, પોતાનાં અંતરના કૃપાવંત આશીર્વાદ પણ પાઠવ્યા છે. જેનું વિવેચન પણ આત્મસ્પર્શી છે. પૂ. બાપજીનાં આ સ્તોત્રના ૧૦૮ શ્લોકો, અને એમના દ્વારા જ ગુજરાતી ભાષામાં પણ અવતરિત થયેલાં એ ૧૦૮ શ્લોકો પૂ. બાપજીનું સમગ્ર ગુજરાતી સમાજને આગવું વરદાન છે. પોંડીચેરીના પૂ. માતાજી જેને Psychicisation કહે છે એ પ્રક્રિયા આ નામસ્મરણનાં માધ્યમ દ્વારા ધ્યાન - Meditationની અવસ્થા બની શકે છે, એવું પૂ. બાપજી આ સ્તોત્રમાં જે વૈજ્ઞાનિક રીતે પ્રતિપાદિત કરે છે, એ આખી વિભાવનાને શ્રી જયેન્દ્રભાઈએ આત્મવિજ્ઞાનીની અદાથી અત્રે પ્રમાણિકતા અને પૂ. બાપજી પરત્વેની ભક્તિ અને નિષ્ઠા થકી સુપેરે શબ્દદેહ આપ્યો છે. આ ઉપનિષદ યથાર્થ રીતે જ શ્રી રંગપરિવારનું અમૂલ્ય નજરાણું અને પૂ. બાપજીનું આપણાં સર્વે ઉપર અવતરિત થતું વરદાન બની રહેશે એવી મારી શ્રદ્ધા છે. શ્રી જયેન્દ્રભાઈ આ તપ માટે આપણાં સર્વેનાં આત્મવંદના સહિતના અભિનંદનના સાર્થક અને સાત્ત્વિક અધિકારી છે.

**– ડૉ. અશ્વિનભાઈ કાપડિયા**

ભૂતપૂર્વ કુલપતિશ્રી,

દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, - સૂરત (ભરૂચ)

# નિવેદન

સદ્‌ગુરુ ભગવાન શ્રી રંગ અવધૂત મહારાજશ્રીનાં અલપ-ઝલપ દર્શન ઈ.સ. ૧૯૬૮માં (તેઓશ્રી વલ્લભવિદ્યાનગરમાં પધાર્યા હતા. તે દિવસોના છેલ્લા વિદાયના દિવસે રસ્તે જતાં) થયાં આ વાતને આજે ઈ.સ. ૨૦૦૮માં ચાલીસ વર્ષ થવામાં છે. આ ચાર દાયકા દરમિયાન પૂજનીય સદ્‌ગુરુ ભગવાન પ.પ. શ્રી વાસુદેવાનન્દ સરસ્વતી સ્વામી મહારાજશ્રીના સંસ્કૃત અને મરાઠી ભાષાઓમાં રચાયેલા ગ્રંથો (સમગ્ર સાહિત્ય) તથા પૂજનીય શ્રીરંગ અવધૂત મહારાજશ્રીના ગુજરાતી અને સંસ્કૃત ભાષાઓમાં રચાયેલા ગ્રંથો (સમગ્ર સાહિત્ય)નું સતત-નિરંતર અનુશીલન થયા જ કર્યું. એની સાથોસાથ મારા વ્યવસાયનાં ક્ષેત્ર શિક્ષણશાસ્ત્ર (Education), પશ્ચિમી દર્શનશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને વ્યવસ્થાપન વિજ્ઞાનનું એટલુંજ સાતત્યપૂર્ણ અનુશીલન થઈ શક્યું તેને હું સદ્‌ગુરુ ભગવાનની મારા પરની અસીમ કૃપા સમજી મને પ્રાપ્ત થયેલા પરમ સૌભાગ્યની ધન્યતા અનુભવું છું.

પૂજ્યશ્રીની **સદ્‌બોધશતકમ્** પરની સંસ્કૃત ટીકા **બાલબોધિની**નો ગુજરાતીમાં અનુવાદ કરતાં મને પૂરાં છ વર્ષ લાગ્યાં. એ છ વર્ષમાં એમણે મને **અનુવાદની કળા** શીખવી દીધી, જેનાં પરિણામે હું એક બાજુ શિક્ષણનું દર્શનશાસ્ત્ર અંગ્રેજીમાંથી સમજી ગુજરાતીમાં મૌલિક સ્વરૂપે ઉતારી શક્યો તો બીજી બાજુ સ્વામી મહારાજના દત્તપુરાણની સંસ્કૃત ટીકા ૧૩૦ દિવસમાં, શ્રી દત્તચંપૂની સંસ્કૃત ટીકા બાવીસ દિવસમાં, શ્રી કૃષ્ણલહરીની સંસ્કૃત ટીકા અગિયાર દિવસમાં. પંચપાક્ષિકની સંસ્કૃત ટીકા સોળ દિવસમાં ગુજરાતીમાં ઉતારી શક્યો.

એમણે રચેલી **પ્રશ્નોત્તરમાલા** જેને મેં તેમના એક પત્રના આધારે **શ્રીરંગ પ્રશ્નોત્તરમાલા** નામ આપ્યું, તેનું વિવરણ લખતાં મને પૂરાં બાર વર્ષ લાગ્યાં. **બાર** વર્ષનો એ ગાળો ખરેખર મને એમની પાસેથી મળેલાં પ્રત્યક્ષ શિક્ષણનો ગાળો હતો, એટલે કે આવી રચના પર લખવું હોય તો કેવી રીતે લખાય ? એને માટે લખનારે શું શું વાંચવું જોઈએ ? એ વાચન સામગ્રી ક્યાં ક્યાંથી મળે ? એ બધું વાંચ્યાં પછી તેને પ્રશ્નોત્તરમાલાના શ્લોકોના અર્થઘટનમાં કઈ રીતે ઘટાવી શકાય ? આ બધું જ મને એમણે શીખવ્યું. એ પુસ્તકની સાહિત્ય જગતમાં ખૂબ કદર થઈ અને સાથોસાથ શિક્ષણશાસ્ત્રનાં મારાં પુસ્તકોની સાહિત્યજગતમાં કદર થઈ એ વાતનો ખૂબ ધન્યતા અને અંતરના અહોભાવપૂર્વક ઉલ્લેખ કરતાં મને આનંદ થાય છે.

એ ક્રમમાં આ **શ્રી દત્તનામ સ્મરણ સ્તોત્ર** પર વિવરણ લખવાનો યોગ બન્યો. આ આખું ય લખાણ એકતાલીસ દિવસમાં તૈયાર થઈ ગયું એ પેલાં બાર વર્ષનાં શ્રી અવધૂતી શિક્ષણનું પરિણામ છે.

આ વાંચીને કોઈકને એવો પ્રશ્ન થાય કે શ્રી અવધૂતજી તો ૧૯૬૮માં બ્રહ્મલીન થઈ ગયા તો તમને એમની પાસેથી આવું પ્રત્યક્ષ શિક્ષણ મળ્યું એવું કેવી રીતે કહી શકાય ? આ પ્રશ્નનો સીધો જવાબ ગીતામાં આપેલો જ છે - **"સ્વે સ્વે કર્મણ્યભિરતઃ સંસિદ્ધિં લભતે નરઃ"** જે માણસો પોતપોતાનાં કર્મમાં - મારે આ શરીરથી જે કાંઈ થઈ શકે એ સારામાં સારી રીતે કરવું જ છે, એવા શુભ સંકલ્પથી સતત મંડ્યા રહે **(અભિરતઃ)** તેને તેના કામમાં સિદ્ધિ અપાવવા માટે ભગવાન ચોવીસે કલાક ત્રણસો પાંસઠે દિવસ હાજરાહજૂર છે જ, એમાં વળી આશ્ચર્ય શું છે !!

માનનીય પ્રા. શ્રી અશ્વિનભાઈ કાપડિયાજીએ આ આખું પુસ્તક વાંચી તેની સાનંદ સ્વીકાર નોંધ લખી આપી તે બદલ તેમનો હૃદયપૂર્વક આભાર માનું છું.

આ પુસ્તક પ્રકાશિત કરવાનું ઉત્તરદાયિત્વ પરમ ગુરુભક્ત માનનીય ડૉ. શ્રી ઈન્દુભાઈ દવેએ સ્વીકાર્યું એ મારા માટે ખૂબ આનંદની વાત છે. ગીતામાં ભગવાન કહે છે **"ન હિ કલ્યાણકૃત્ કશ્ચિત્ દુર્ગતિં તાત ગચ્છતિ:"** જે હમેશાં કંઈકને કંઈક લોક કલ્યાણ, આત્મકલ્યાણનું કામ કરવામાં જ પોતાના તન, મન, ધનનો ઉપયોગ કરે છે; એમનું કલ્યાણ જ થાય એમાં આશ્ચર્ય શું !!

અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત.

**વલ્લભ વિદ્યાનગર** — **વિનીત**

**૩૦, જૂન, ૧૯૪૦** — **શાસ્ત્રી જયેન્દ્ર દવે**

# અભિવાદન

પરમપૂજ્ય રંગઅવધૂત બાપજીનું સમગ્ર સાહિત્ય, એમના બધા જ ગ્રંથો, સ્તોત્રો મને ખૂબ પ્રિય છે. હું મારી શક્તિ, સમજ અને મારી વ્યવસાયની અનુકૂળતા પ્રમાણે એ બધાનું વાચન, પાઠ, પારાયણ કરતો રહું છું. એમના આ બધા જ લખાણોમાં મને અંગત રીતે આ **શ્રી દત્તનામ સ્મરણ સ્તોત્ર** ખૂબ જ ગમે છે. એટલે હું એનો પાઠ તો અનુકૂળતાએ કરું જ છું. આ જ કારણે આ સ્તોત્રનો બને તેટલો વધારે પ્રચાર-પ્રસાર થાય એવી ભાવનાથી જ્યારે **શ્રી અવધૂત એકેડેમી**ની રચના થઈ ત્યારે તેના પહેલા અને પાયાના કાર્યક્રમ રૂપે આ સ્તોત્ર પર જ્યાં જ્યાં શ્રી અવધૂત પરિવાર સક્રિય હોય તે તે ગામ-શહેર કે સ્થાનમાં આ સ્તોત્ર પર પરિસંવાદો યોજાય, અવધૂત પરિવારના ગણ્યમાન્ય વિદ્વાનો આ સ્તોત્રની વિદ્વત્તાપૂર્ણ છણાવટ કરે અને એ રીતે આ સ્તોત્ર ગામેગામ લોકો સુધી પહોંચે એવી મારી ભાવના હતી. શ્રી ગુરુમહારાજની કૃપાથી તથા પૂજ્યશ્રી પ્રેમ અવધૂત મહારાજશ્રી અને પૂજ્ય ડૉ. શ્રી ધીરુભાઈ જોષી જેવાના આશીર્વાદથી એ કામ આગળ વધ્યું, તેમાં ઘણી સફળતા મળી તે બદલ હું અંગત રીતે તેમ જ એકેડેમી વતી સૌ પરિવારોનો, તેમાં પોતાના અમૂલ્ય જ્ઞાનનો લાભ આપનાર માનનીય વક્તાઓનો તેમ જ ખાસ તો જે તે પરિવારમાં લાભ લેનાર શ્રોતા ભાઈ-બહેનોનો આ તબક્કે આભાર માનું છું.

આ કાર્યક્રમ ચાલતો હતો તે દરમિયાન શ્રી જયેન્દ્રભાઈએ લખેલું **શ્રીરંગ પ્રશ્નોત્તર માલા** પરનું વિવરણ મારા વાંચવામાં આવ્યું. એ વાંચીને હું એટલો બધો પ્રભાવિત થયો કે, મને તરત જ, એ જ અરસામાં આ સ્તોત્ર પર પણ આવું વિવરણ લખાય તો કેવું સારું એવો વિચાર આવ્યો. તેથી હમણા શિવરાત્રીના દિવસે અમદાવાદ પરિવાર તરફથી યોજાયેલા આ સ્તોત્ર

પરના પરિસંવાદમાં શ્રી જયેન્દ્રભાઈ પણ આવ્યા હતા. મેં એમને મારા મનની આ વાત કરી અને એમણે એ સહર્ષ સ્વીકારી લીધી એટલું જ નહીં જોત જોતામાં લખીને મને ફાઈલ આપી દીધી તેથી મને ખૂબ આશ્ચર્ય અને આનંદ થયો. હું એમની આ ગુરુભક્તિ માટે એમનો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

પુસ્તક છપાતું હતું ત્યારે મને થયું કે આ પુસ્તક પર કોઈક વિદ્વાન વાંચીને આમુખ યા પ્રસ્તાવના લખી આપે તો સારું. મેં માનનીય વિદ્વાન પ્રા. શ્રી અશ્વિનભાઈ કાપડિયાને વાત કરી. તેમણે મારી વાતનો સ્વીકાર કરી ઉમળકાભેર આવકારરૂપ લખાણ લખી આપ્યું તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું. માર્ગદર્શન માટે શ્રી કુલીનભાઈ ઉપાધ્યાય અને સહકાર માટે શ્રી પદ્યુમ્નભાઈ પટેલ તથા ડૉ.પ્રેરાબેનનો આભારી છું.


આ કાર્ય ચાલતું હતું તે દરમિયાન મારાં પૂજ્ય માતુશ્રી બીમાર હતાં, એ દરમિયાન જ તેઓ પોતાનું શરીર છોડી શ્રીરંગ શરણ થયાં. મને જે કાંઈ સંસ્કાર મળ્યાં છે, હું જે કાંઈ છું તે માતુશ્રીનાં કારણે છું.

શ્રી સૂર્યા પ્રેસ, અમદાવાદના શ્રી મુદ્રેશભાઈ પુરોહિત સાથે પૂજ્ય બાપજીનાં, તેમના વિશેનાં પુસ્તકો મુદ્રિત કરાવવાનો અનુભવ ખૂબ જ આનંદદાયક રહ્યો છે. આ પુસ્તક પણ ઓછામાં ઓછા સમયમાં ખૂબ સારી રીતે તૈયાર કરી આપ્યું તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

**૨/૭/૨૦૦૮**
**શ્રીરંગ હોસ્પિટલ**
**મેડીકેર, અમદાવાદ-૬**

**શ્રીરંગ ગુરુચરણરજ**
**ઇન્દુભાઈ દવે**

# धर्मजग्रामे



यतिवर्य श्री. सच्चिदानन्दसरस्वती स्वामी महाराज, करनाळी.     पू. श्री. अवधूतजी, नारेश्वर.

[श्री. परसोत्तम मिस्त्री, राजपीपलाके सौजन्यसे]

दत्तानन्द स्वरूपाय शान्ताय गुरवे नमः ॥

# श्री सद्गुरुवन्दना

नामसङ्कीर्तनंयस्य तापत्रय प्रणाशनम् ।
भवरोगहरं देवं दत्तात्रेयं नमाम्यहम् ॥

दत्त दत्तेति भाषन्तं सुस्वरं सुमनोहरम् ।
रंगाख्यं सद्गुरुं दत्त–अवधूतं नामाम्यहम् ॥

श्री दत्त दत्त दत्तेति श्वासेश्वासे स्मरन्ति ये ।
तेषां मुक्तिश्च भुक्तिश्च भवति नात्रसंशयः ।

गायन्ति दत्तनामानि ये धूतकल्मशा जनाः ।
नमस्तेभ्यः नमस्तेभ्यः नमस्तेभ्यः पुनः पुनः ॥

रंगाय अवधूताय भेदाभेदपराय च ।
दत्तानन्द स्वरूपाय शान्ताय गुरवे नमः ॥

– शास्त्री जयेन्द्र दवे

वल्लभविद्यानगर
वैशाख पूर्णिमा २०६४,
२०–५–२००८

# નામ-સ્મરણઃ
# શાસ્ત્રીય પરિપ્રેક્ષ્ય

**(૧)**

નામનું માહાત્મ્ય લોકોત્તર છે. એ મહિમાનું સાંગોપાંગ વર્ણન શેષ મહેશ-ગણેશ આદિ દેવો પણ કરી શકતા નથી. શિવ-સનક-નારદ-હનુમાન-વિભીષણ-પ્રહ્લાદ વગેરે મહાભાગવત પ્રતિક્ષણ શ્રી હરિનામામૃત રસનું પાન કરવામાં તલ્લીન રહેતા હોવાનું પુરાણોમાં યત્ર-તત્ર નોંધાયું છે. આ નામ-સુધારસ અનુપમ-અનિર્વચનીય અને એટલું મધુર છે કે તેનો સ્વાદ ચાખ્યા પછી જીવન ધન્ય ધન્ય થઈ જતું હોવાનો દિવ્ય અનુભવ કરીને પૂજનીય શ્રી અવધૂતજીએ ગાયું છે :-

**નામ સુધારસ જે જન ચાખે, કાળ ન આવે પાસે રે;**
**સૂરજનું અજવાળું થાતાં, ઝટ અંધારું નાસે રે...**
(અવધૂતી આનંદ પૃ.૧૩૧)

પૂજનીય સ્વામી મહારાજશ્રીએ પોતાની એક મરાઠી ભક્તિ રચનામાં **'ચિત્તસદ્બોધનક્ષત્રમાળા'માં "ત્વરેં આદરેં તૂં સ્મરે નિત્ય દત્તા"** દ્વારા ચિત્તને નિરંતર નામસ્મરણમાં મગ્ન રહેવાનો સદ્બોધ આપ્યો છે. એ જ રીતે પૂજનીય શ્રી રંગ અવધૂતજીએ **"શ્વાસે શ્વાસે દત્ત નામ સ્મરાત્મન્"** અર્થાત હે આત્મન્ તું તારા પ્રત્યેક શ્વાસ-પ્રશ્વાસમાં નિરંતર શ્રીદત્ત નામનું સ્મરણ કર. એવો સદ્બોધ આપ્યો છે. શ્રી અવધૂતજીએ નામસ્મરણનું માહાત્મ્ય **"નામ-સુધા"** અર્થાત નામ-અમૃત સ્વરૂપે પ્રમાણ્યું છે. ઉક્ત ભજનનું તાત્પર્ય એ છે કે, જે મનુષ્ય જીવનમાં એકવાર પણ આ નામ સુધા રસનો સ્વાદ ચાખી લે છે પછી જેમ સૂર્યનો પ્રકાશ થતાં જ અધારું નાસી

જાય અને નજીક આવી જ ન શકે તેમ **"કાળ"** એ માણસ પાસે આવી શકતો જ નથી. જે મનુષ્યો નામ સુધારસ છોડીને દુન્યવી ષડ્ રસ-મીઠો-તીખો વગેરેનું સેવન જ કરીને પોતાની ભીતર કામ-ક્રોધ જેવા ષડ્રિપુઓને પોષે છે તેઓ અંતે રડી રડીને મરે છે. જ્યારે ભજન સુધા રસ બધાં જ દુઃખોને હરી લઈ આનંદ જ આનંદ પ્રદાન કરે છે. આવી નામ-સુધા સંત-મહંતોનું તો જીવન જ છે, દુઃખથી પીડાતાં જનોનું આશ્રયસ્થાન અને ભવરોગથી પીડાતાં જનો માટે અમોઘ-અમૂલ્ય ઔષધ છે. જે એકવાર એ પી લે છે તે ફરી આ સંસારમાં આવતાં જ નથી અને આ જીવનમાં જ્યાં સુધી રહે ત્યાં સુધી તેમને બીજો કોઈ રસ સ્વાદિષ્ટ લાગતો જ નથી.

**(૨)**

શ્રી ભગવન્નામ સંકીર્તન ભારત વર્ષમાં ક્યારે, કયે દિવસે, કઈ શુભ ઘડીએ આરંભાયું હશે તેનું અનુમાન થઈ શકે તેમ નથી. પ્રથમ દિવ્ય નામસ્મરણ સંકીર્તનની ભવ્ય નોંધ શ્રીમદ્ભાગવતમાં પ્રાપ્ત થાય છે. ભગવતી ભક્તિના જ્ઞાન અને વૈરાગ્ય નામના બે પુત્રોના લાભાર્થે સનકાદિ મહર્ષિઓ દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ અનુષ્ઠાનનાં સમાપનમાં મહાસંકીર્તન ઘટનાની નોંધ અતિદિવ્ય છે. સ્વયં ભક્તિ જ પોતાના બંને પુત્રો જ્ઞાન-વૈરાગ્ય સાથે વૃંદાવનમાં યોજાયેલા એ દિવ્ય કીર્તનમાં પ્રફુલ્લિત-આનંદિત થઈ નૃત્ય કરવા માંડી. આ અલૌકિક સંકીર્તન કળિયુગના આરંભે ભક્તિ-જ્ઞાન-વૈરાગ્યનાં દુઃખદાયી વાર્ધક્યની નિવૃત્તિ માટે યોજાયું હતું, જેમાં બધા જ સંકીર્તન મહારથીઓએ ભાગ લીધો. તેનું સ્રગ્ધરા છંદમાં નિબદ્ધ વર્ણન આ પ્રમાણે છે :-

**પ્રહ્લાદસ્તાલધારી તરલગતિતયા ચોદ્ધવઃ કાંસ્યધારી**
**વીણાધારી સુરર્ષિઃ સ્વરકુશલતયારાગકર્તાર્જુનોઽભૂત્ ।**
**ઈન્દ્રોઽવાદીન્મૃદંગં જય-જય સુકરાઃ કીર્તનં તે કુમારા**
**યત્રાગ્રે ભાવવક્તા સરસરચનયા વ્યાસપુત્રો બભૂવ ॥**

(શ્રીમદ્ભાગવત)

અર્થાત આ અલૌકિક સંકીર્તનમાં ભક્તરાજ પ્રહ્લાદ તાલ આપનારા, ભક્ત પ્રવર ઉદ્ધવજી તરલ (ચંચળ) ગતિથી કાંસાઝાંઝ-કરતાલ બજાવનારા હતા. દેવર્ષિ નારદજીએ સ્વયં વીણાવાદન કર્યું. રાગ આલાપવામાં કુશળ મહામના સ્વયં અર્જુનજીએ રાગ આલાપ કર્યો. આ સંકીર્તનમાં દેવરાજ ઈન્દ્રે મૃદંગ બજાવ્યું. સનક, સનાતન, સનંદન અને સનત્કુમાર ચારેય કુમારોએ જય-ઘોષ સાથે અદ્ભુત સંકીર્તન કર્યું અને ભાવ-અનુભાવ-સ્થાયીભાવ આદિથી રસ પરિલુપ્ત રચનાને કારણે વ્યાસ પુત્ર શ્રી શુકદેવજી મહારાજ સ્વયં વકતા (સંકીર્તનના વ્યાખ્યાતા) બન્યા.

## (૨.૧)

આ દિવ્યાતિદિવ્ય નામ-સંકીર્તનમાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય ત્રણેય યુવાન અને પરિપુષ્ટ-હૃષ્ટપુષ્ટ થઈ નૃત્ય કરવા લાગ્યા. આ અતિદિવ્ય સંકીર્તન જોઈને અતિપ્રસન્ન અને ભક્તજનવલ્લભ તેજઃપુંજ સમ્પન્ન શ્રીહરિ સ્વયં ત્યાં ઉપસ્થિત ભક્ત માનસ રંજિની દિવ્યવાણીનું ઉચ્ચારણ કરવા લાગ્યા. આ ભાગવતમાં નોંધાયેલી ઘટના (Recorded event) દ્વારા એ તથ્યનું સૂચન પ્રાપ્ત થાય છે કે, કળિયુગના મલિન તત્ત્વોથી ગ્રસ્ત જીવને માટે નામ-સંકીર્તન મહત્ત્વપૂર્ણ આધાર-અવલંબન છે. એનાથી આ કલિકાળમાં મોક્ષપ્રાપ્તિ સુલભ છે.

## (૩)

કીર્તન-સંકીર્તન શબ્દની સંકલ્પના ખૂબ જ વિલક્ષણ-વિશિષ્ટ છે. **કીર્તન** શબ્દ **'કૃત્-સંશબ્દને' (ચુ.પ.સે.)** ધાતુ દ્વારા **'કરણ'** અર્થમાં **'લ્યુટ્ પ્રત્યય'** દ્વારા નિષ્પન્ન થાય છે : **'કીર્ત્યતે યશઃ સમ્યગ્ વર્ણ્યતએઽનેનેતિ કીર્તનમ્.'** અર્થાત્ **'કૃત્'** ધાતુ **'સંશબ્દન્'** અર્થમાં છે. **'સંશબ્દન્'** એટલે **'શબ્દોચ્ચારણ'** - શબ્દનું ઉચ્ચારણ. **'સમ્'** ઉપસર્ગનો અર્થ છે **'સમ્યક્'** અથવા **'સમીચીન'.** આમ, સમ્યક્ - સમીચીન એવું શબ્દનું ઉચ્ચારણ એ કીર્તન શબ્દનો સમગ્ર અર્થ થયો.

## (૩.૧)

હવે, પ્રશ્ન એ છે કે એ શબ્દો કયા ? એનો ઉત્તર એ છે કે, અખિલ બ્રહ્માણ્ડનાયક સર્વેશ્વર સર્વશક્તિમાનનાં દિવ્ય ગુણ અને ગુણયુક્ત નામ. સ્વયં બ્રહ્માજીએ આ સંકલ્પના (Concept) સ્પષ્ટ કરી આપી છે. ષટ્-કુલ મુનિઓને પરમ તત્ત્વ સ્વરૂપ શિવજીને પ્રાપ્ત કરવા માટેનાં મહાસાધન - શ્રવણ, સ્મરણ (મનન) અને કીર્તનનો ઉપદેશ આપતાં શ્રી બ્રહ્માજીએ કહ્યું :-

**ગીતાત્મના શ્રુતિપદેન ચ ભાષયા વા**
**શમ્ભુપ્રતાપ ગુણરૂપ વિલાસનામ્નામ્ ।**
**વાચા સ્ફુટં તુ રસવત્ સ્તવનં યદસ્ય**
**તત્કીર્તનં ભવતિ સાધનમત્ર મધ્યમ્ ॥**

અર્થાત્ ભગવાન શંકરના પ્રતાપ-ગુણ રૂપ તેમજ વિલાસના વ્યંજક ગીતાત્મક શ્રુતિ (વેદ) અથવા ભાષામય લૌકિક શબ્દો દ્વારા વાણી સ્વરૂપે (બોલીને) સ્પષ્ટ રસમય અને ભાવપૂર્ણ એવું સ્તવન એટલે કીર્તન. આમ કીર્તન ઉચ્ચ સ્વરે - મોટા અવાજે થાય તે જ પ્રશસ્ત ગણાય. તેથી જ મહાપ્રભુ શ્રી ચૈતન્યજીના મહાન શિષ્ય પૂજ્યપાદ શ્રી જીવગોસ્વામીજી કહે છે : **"नामकीर्तनं उच्चैरेव प्रशस्तम्"** એ જ રીતે ભાગવતના **'नामान्यनन्तस्य हतत्रपः पठन्'** વગેરેમાં અનંત ભગવાનનાં નામોનું નિર્લજ્જ થઈ ઉચ્ચ સ્વરે થતું પઠન યા ગાન જ કીર્તન-સંકીર્તન હોવાનું કહેવાયું છે.

## (૪)

ભગવાન પતંજલિએ પોતાનાં યોગદર્શનમાં સમાધિની પ્રાપ્તિ માટે **'અધિમાત્ર તીવ્ર સંવેગ'** સ્વરૂપ સાધનનું પ્રતિપાદન કર્યા પછી તેના વિકલ્પે સૂચવેલું સાધન છે : **"ઈશ્વર પ્રણિધાના દ્વા"** (૧/૨૩) અર્થાત ઈશ્વર પ્રણિધાન-ભક્તિ દ્વારા સમાધિની પ્રાપ્તિ ખૂબ ત્વરાથી પ્રાપ્ત થાય છે. આ

ઈશ્વર એટલે - **"તસ્ય વાચકઃ પ્રણવઃ"** (૧/૨૭) એ ઈશ્વરનો વાચક-બોધક અર્થાત્ તેનું નામ પ્રણવ-ૐ (ઓ૩મ્) છે. ઈશ્વરનાં આ નામ અંગે કહે છે : **"તજ્જપસ્તદર્થભાવનમ્"** (૧/૨૮) એ પ્રણવ=ૐનો જપ તથા તેના અર્થસ્વરૂપ ઈશ્વરનું પુનઃ પુનઃ ચિંતન = અર્થની ભાવના = સ્વરૂપ ચિંતન કરવું. તેમ કરવાથી યોગીને શું પ્રાપ્ત થાય ? તો કહે છે : **"તતઃ પ્રત્યકચેતનાધિગમોઽ પ્યન્તરાયાભાવશ્ચ"** (૧/૨૯) એ ઈશ્વર પ્રણિધાનરૂપ સાધનથી જીવાત્માનો સાક્ષાત્કાર અને સંપૂર્ણ વિઘ્નોનો નાશ થાય છે.

**(૫)**

ઋગ્વેદના એક મંત્રમાં ભગવન્નામ કીર્તનનો સ્પષ્ટ ઉલ્લેખ છે : **"કીર્તેન્યમથવા નામ બિભ્રત"** (૧/૧૦૩/૪) અર્થાત્ પરમ ઐશ્વર્યશાળી ઈન્દ્ર પરમેશ્વરનું નામ અને તેનું શત્રુઓને પરાસ્ત કરનારું બળ સ્તવન યોગ્ય છે. તો વળી, વામદેવનાં ગોત્રમાં ઉત્પન્ન બૃહદુકથઋષિ કહે છે : **"તાં સુ તે કીર્તિં મઘવન્ મહિત્વા"** (ઋ.૧૦/૫૪/૧) અર્થાત્ હે પરમ ઐશ્વર્યશાળી ઈન્દ્ર પ્રભુ ! તારી મહિમાથી ગ્રથિત તારી કીર્તિનું હું ઉત્તમ રીતે કીર્તન કરું છું. વેદોમાં મોટે ભાગે ભગવન્નામ કીર્તન માટે **'કીર્તેન્ય'** તથા સંકીર્તન શબ્દ માટે **'કીર્તિ'** શબ્દનો પ્રયોગ થયો હોવાનું સમજાય છે. ચારેય વેદ તો વેદકાલીન ભાષામાં ભગવન્નામ સ્તોત્ર-સૂક્તોથી ભર્યા પડ્યા છે એમ કહેવામાં કશી અત્યુક્તિ નથી. ઋગ્વેદનો પ્રારંભ જ **"અગ્નિમીળે'** શબ્દોથી થાય છે. જેનો અર્થ છે : હું ઉપાસક પ્રકાશ સ્વરૂપ અગ્નિદેવનાં ગુણો અને કર્મોનું સ્તવન કરું છું. ત્યાર પછી એ આખાય સૂક્તમાં એ સન્માર્ગદર્શક અગ્નિદેવના ગુણો અને કર્મોનું સ્તવન કીર્તન જ કરવામાં આવ્યું છે. અહીં પ્રસંગોપાત્ત એક વાત નોંધવી અસ્થાને નહીં ગણાય કે, પ.પ. શ્રી વાસુદેવાનન્દ સરસ્વતી સ્વામી મહારાજ વિરચિત વરદ ગ્રંથ **'શ્રીમદ્ત્તાત્રેય પુરાણ યા શ્રીમદ્ત્ત પુરાણ'**ના પ્રથમ અષ્ટકનો પ્રથમ

અધ્યાય **'વેદપાદ સ્તુતિ'** છે; તેમાં તેમણે ઋગ્વેદનાં મંત્ર પ્રતીકો લઈને ભગવાન શ્રી દત્તાત્રેયનાં નામ-ગુણનું ભવ્ય-દિવ્ય કીર્તન કર્યું છે.* સામવેદ તો સવિશેષ ભગવાનનાં ગેય સ્તોત્રોનો જ વેદ છે, જે સામગાનમાં અનેક રીતે ગાઈ શકાય છે. ગેય મંત્રોને જ **'સામ'** કહેવાય : **ગીતિષુ સામાખ્યા (મીમાંસા દર્શન -૨/૧/૩૬)** ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં કહ્યું છે કે વેદોમાં સામવેદ મારી વિશેષ વિભૂતિ છે. તેનું કારણ એ છે કે, સામગાન દ્વારા ભગવાનનાં નામો, ગુણો, કર્મો અને ચરિતોનું ઉચ્ચસ્વરે (મોટા અવાજે) ગાન-કીર્તન કરી શકાય છે. કીર્તનથી ભગવાન પ્રગટ થાય છે અને ભક્તો તેમજ સમસ્ત જગતનું મંગલ કરે છે. સામવેદનો આ મંત્ર જુઓ :

**અર્ચત પ્રાર્ચત નરઃ પ્રિયમેધાસો અર્ચત ।**
**અર્ચન્તુ પુત્રકા ઉત પુરભિદ્ ધૃષ્ણ્વર્ચત ॥**
(સામ ૩-૬૨)

અર્થાત્ હે ઉપાસના યજ્ઞના પ્રેમી ભક્તજનો ! તમે પિણ્ડ અને બ્રહ્માણ્ડનું પાલન કરનારા, સર્વપ્રકાર ન્યૂનતાઓને દૂર કરનારા, સમસ્ત પાપ-તાપોનું ઘર્ષણ અને નિવારણ કરનારા પરમેશ્વરની અર્ચના કરો, તેનું સારામાં સારી રીતે ગુણ-ગાન કરો, સ્તુતિ-પ્રાર્થના-ઉપાસના કરો, ભજન-કીર્તન કરો. માત્ર તમે જ નહીં તમારા પુત્ર-પૌત્ર અને ભાવિ સંતાનો પણ તેનું વંદન, સ્તવન, કીર્તન કર્યા જ કરે. નોંધનીય છે કે, આ મંત્રમાં પૂજાના અર્થમાં **'અર્ચ્'** ધાતુનો પાંચ વાર પ્રયોગ કરવામાં આવ્યો છે; એના દ્વારા પૂજનના નાનાવિધ પ્રકારોનો સંકેત કરવામાં આવ્યો છે.

**(૫.૧)**

સંસારમાં કર્મનું મહત્ત્વ સર્વવિદિત છે. બધાં જ નામ કર્મજ=કર્મમાંથી ઉદ્ભવેલાં છે (રીટા, સ્વીટા, મોના, મુન્ના જેવાં આધુનિક નામોની અહીં વાત નથી). સંસાર આખોય પરમેશ્વરની લીલામયી ક્રિયા જ છે, જેને એ

* જુઓ - શ્રીમદ્દત્તપુરાણ - **સ્વોપજ્ઞ સંસ્કૃત ટીકાના ગુજરાતી અનુવાદ સાથે,** સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ, ૨૦૦૨ તથા **હિન્દી અનુવાદના આધારે ડૉ. વાસુદેવ દેશમુખે કરેલા મરાઠી અનુવાદ સાથે** 'વેદપાદ સ્તુતિ' **શ્રી વાસુદેવ નિવાસ, પૂણે.**

તટસ્થ ભાવે જોયા કરે છે. ક્યારેક એ એકમાંથી અનેક સ્વરૂપે પોતાના મનોવિનોદ માટે વિભિન્ન ક્રિયાઓનું સંચાલન કરે છે. **"યથોર્ણનાભિઃ સૃજતે ગૃહ્ણતે ચ"** - જેવી રીતે કરોળિયો પોતાનામાંથી જાળું રચી પાછું પોતાનામાં સમાવી લે છે. **"એકોઽહં બહુ સ્યામ"** - હું એક છું અનેક થાઉં આદિ ઉપનિષદ વાક્યો ઉક્ત કથનની પુષ્ટિમાં નોંધી શકાય. **"તસ્માદ્યજ્ઞાત્ સર્વહુતઃ"** આદિવાક્ય દ્વારા આ સમસ્ત સૃષ્ટિ યજ્ઞમય છે.

વાજસનેયી શાખાના **"શતરુદ્રિયમ્"** (તથા શુક્લ યજુર્વેદની **'રુદ્ર અષ્ટાધ્યાયી'**ના **અધ્યાય ૫**)ના **"નમો ભવાય ચ રુદ્રાય ચ"** આદિમાં પ્રયોજિત રુદ્રનાં નામોના આધારે વેદકાળ પછીના કાળમાં નામ-કીર્તનની પરંપરા શરૂ થઈ, જે **વિષ્ણુસહસ્રનામ, શિવ સહસ્રનામ, દત્તાત્રેય સહસ્રનામ,**** આદિ સ્તોત્ર ગ્રંથોની રચનાઓ થઈ.

**(૬)**

કીર્તન ભગવાનની સાકાર શબ્દોપાસના છે. સામાન્ય માણસ સામાન્ય રીતે ભૌતિક સુખ-સમૃદ્ધિ અને દુઃખ કષ્ટનાં નિવારણ માટે કીર્તન દ્વારા દેવરૂપે ભગવાનની ઉપાસના કરતાં હોય છે. એ જ ઉપાસના ચિત્ત-સંસ્કારની નિર્મળતાની અવસ્થાએ પહોંચતાં ક્રમશઃ બ્રહ્મોપાસનાનાં સ્તરે પહોંચી જાય છે; જ્યાં પછી સુખ-સમૃદ્ધિની કામના નિર્મૂળ થતાં આત્મદર્શન અને પરામુક્તિને પામવાની ક્ષમતા પ્રાપ્ત થઈ જાય છે. આવી સ્થિતિએ કીર્તન કરનારો સામાન્ય માણસ સાધકના સ્વરૂપમાં રૂપાંતરિત થઈ, નિમ્નસ્તર વટાવી ઊર્ધ્વસ્તરે પહોંચી જાય છે. આ જ કારણ છે કે, પૂ. શ્રી સ્વામી મહારાજશ્રીએ પૂર્વ નિર્દિષ્ટ વરદ ગ્રંથ **શ્રીમદ્દત્ત પુરાણ**ના સમગ્ર ઉપાસનાકાંડના નિરૂપણના અંતે **"અતઃ કોઽપ્યેક્યા ભકત્યા સકામોઽપિ ભજેત્પ્રભુમ્" (૩.૪.૬૮) તથા "નાધઃ પાતોઽપિ કામિનામ્" (૭.૮.૫૨)** અર્થાત્ - તેથી કોઈ એકાદ પ્રકારની ભક્તિ દ્વારા સકામ હોય

** અહીં ઉલ્લેખનીય છે કે, **શ્રીદત્તાત્રેય સહસ્રનામ સ્તોત્ર**ની રચના **ભગવત્પાદ આદિ શંકરાચાર્ય, સ્વામી વાસુદેવાનન્દ સરસ્વતી અને શ્રી રંગ અવધૂત મહારાજ** એમ ત્રણ ત્રણ જણે કરી છે.

તે પણ પ્રભુનું ભજન કરે તેમજ કામીજનોનો પણ અધ:પાત= અધ:પતન થતું નથી તેઓ પણ ઊર્ધ્વગતિને પ્રાપ્ત કરે છે એ સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું છે.

**(૬.૧)**

નામ-સંકીર્તન ભગવાનની અલૌકિક કૃપાદૃષ્ટિ પ્રાપ્ત કરવા માટેનું લૌકિક એવું સુગમ-સરળ સાધન છે. શબ્દ અને મનની વચ્ચે અભેદ-એકતા સાધવા માટે તે અતિશય સશક્ત એવું માધ્યમ છે. મન આત્માના ચૈતન્ય અંશનું પ્રકટીકરણ છે જ્યારે શબ્દ આત્માના જડ અંશનું પ્રકટીકરણ છે. બંને એકબીજા પર આધારિત છે. શબ્દ વિના મન તૃપ્ત થતું નથી, અને મન પર પૂરો અધિકાર પ્રાપ્ત કર્યા વિના શબ્દ સાર્થક થતો નથી. તેથી ઉપનિષદનો મંત્ર સમજવા જેવો છે. : **"વાઙ્ મે મનસિ પ્રતિષ્ઠિતા મનો મે વાચિ પ્રતિષ્ઠિતમ્" (ઐતરેય ૬.૧)** અર્થાત્ મારી વાણી મારાં મનમાં પ્રતિષ્ઠિત થયેલી છે અને મારું મન મારી વાણીમાં પ્રતિષ્ઠિત થયેલું છે. આનો અર્થ એ કે, મનમાં એકાગ્ર પ્રતિષ્ઠાથી જ ભગવન્ નામ સ્મરણવાળું શબ્દમય કીર્તન થયું કહેવાય. એટલે કે જેમ પાષાણમાં ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા થાય તે રીતે મનમાં શબ્દસ્વરૂપ ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા થાય પછી જે ઉચ્ચારણ થાય તે કીર્તન થયું કહેવાય. આમ, નામ-કીર્તન સાધ્ય=ભગવાન શ્રીદત્તની વિશિષ્ટ એવી શબ્દરૂપ સાધના છે.

**(૬.૨)**

ઉક્ત **૬.૧**ની વાત બીજી રીતે સમજી શકાય. કીર્તનમાં વિષ્ણુ, શિવ=દત્ત જેવા દેવતા વિશેષની દેહ=શરીર કલ્પના (**"માલા કમંડલુ લસે... અથવા "શાંત યોગીન્દ્ર"... વગેરે**) કરવામાં આવે છે. કારણ કે દેહની કલ્પના વિના નામની કલ્પના શક્ય જ નથી. વળી, રૂપાત્મક સ્થૂળ શરીરની ભીતરમાં નામાત્મક સૂક્ષ્મ શરીર રહેલું જ છે. જ્યારે નામાત્મક સૂક્ષ્મ શરીરનો વિકાસ થાય ત્યારે તેનું નામ પાડવું પડે. આ જ ભીતરનું રૂપ છે. બાહ્ય રૂપનો નાશ થઈ જાય પરંતુ આંતરિક રૂપ અર્થાત્ નામનો વિનાશ થાય જ નહીં. રામ, કૃષ્ણ, દત્ત, રંગ અવધૂત બધા ગયા પણ એ નામો હજી છે.

આ દૃષ્ટિએ શાશ્વત = ચિરંતન રૂપનું શાબ્દિક સ્મરણ એ જ કીર્તન છે. શાશ્વત યા આંતરિક રૂપ જ વિશુદ્ધ જ્ઞાનદેહ યા આનંદદેહ છે.

કીર્તનમાં શબ્દ-ઉચ્ચારણ અથવા સસ્વરનામ સ્મરણ મુખ્ય છે. **'ઉચ્ચારણ'** - એટલે આત્માનું ઊર્ધ્વ ઊંચે ઊડવું = **ઉત્+ ચારણ** = ઉપરની તરફ ચાલિત થવું = જવું. આત્માનું આ ઊર્ધ્વ-ઉત્થાન જ કુંડલિની જાગરણ પ્રક્રિયામાંની **ચક્રભેદન**ની પ્રક્રિયા છે; પણ અત્યારે આપણે એ ચર્ચામાં નથી પડતા.

**(૭)**

નામ-સ્મરણ-સંકીર્તન જેટલું સરળ છે તેટલી જ સરળ તેની વિધિ=પદ્ધતિ છે. આ કરનારે ધીમે ધીમે સાદા અભ્યાસ દ્વારા નીચે પ્રમાણે સંકીર્તન કરવા પ્રયત્ન કરવો :

- **ઈષ્ટ દેવનું ધ્યાન** - સુખાસનમાં બેસી, શરીરને સીધું રાખી, આંખો બંધ કરી પોતાના જે તે ઈષ્ટદેવના દેહની કલ્પના કરવી. જો ભગવાન શ્રી દત્તાત્રેય ઈષ્ટ હોય તો પૂજ્યસ્વામી મહારાજે દ્વિસાહસ્રીમાં તથા પૂજ્ય રંગ અવધૂતજીએ ગુરુલીલામૃત જ્ઞાનકાંડમાં ભગવાન શ્રી દત્તાત્રેયની દેહયષ્ટિનું શબ્દચિત્ર આપ્યું છે તેનું મનનપૂર્વક ધ્યાન કરવું.
- **નામના અર્થનું અનુસંધાન** - ઈષ્ટદેવનાં નામનો અર્થ શો છે ? દત્ત એટલે શું ? દત્તાત્રેય એટલે શું ? તે જાણી એ અર્થ મનમાં સતત સ્થિર રહે એવો પ્રયત્ન કરવો.
- **વ્યાકુળતાપૂર્વક** - એટલે પ્રેમપૂર્વક. ભગવાનનું નામ લેવામાં અને તન્મયતાની અવસ્થામાં નાચવામાં શરમાવાની જરૂર નથી. ડોલી ઊઠવાનું છે. પૂ.શ્રી અવધૂતજીનું ભજન **"દત્ત દત્ત બોલો આનંદ મસ્ત ડોલો"** એ વિધિનો નિર્દેશ જ છે.
- **તૈલધારાવત્** - અખંડ રૂપે એકધારું સતત ઉચ્ચારણ એ રીતે કીર્તન કરવાથી ધ્યાનાવસ્થા પ્રાપ્ત થઈ શકે છે.
- **પૂર્ણ શ્રદ્ધા** - અને દૃઢ વિશ્વાસપૂર્વક નામસ્મરણ કરવાથી જે ફળ મળે - આનંદ પ્રાપ્ત થાય તે અનુભવીને જ જાણી શકાય.

## (૮)

નામ-સ્મરણ-સંકીર્તનનું ભારતમાં ઘેલું લગાડનાર હતા નદિયા-વિહારી ચૈતન્ય મહાપ્રભુ. જ્યારે એમને ''નામ-સંકીર્તન કેવી રીતે કરવું ?'' એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે પોતાનાં શ્રીમુખે કહ્યું :

**તૃણાદપિસુનીચેન તરોરિવ સહિષ્ણુના ।**
**અમાનીના માનદેન કીર્તનીયો સદા હરિ : ॥**

પ્રત્યેક નામ-સ્મરણ કરનારે આ વાત ધ્યાનમાં રાખી જીવનમાં ઉતારવા માટે અભ્યાસ કરવાનો છે :-

(૧) **દીનતા** - પોતાને તૃણથી પણ નીચા(Grassroot level પર) હોવાનું માનવું. વિપરીત પરિસ્થિતિમાં વૃક્ષો ઊખડી જાય પણ તૃણ નમી જતાં હોવાને કારણે ટકી રહે છે. દીનબંધુને પામવા માટે દીન બનવું જરૂરી છે. દીનતાનું વિરોધી અભિમાન છે. અભિમાનીને બધું જ મળી શકે ભગવાન પ્રાપ્ત થઈ શકે નહીં.

(૨) **સહિષ્ણુતા** - નિત્ય સંકીર્તન એ જ કરી શકે છે જે પરમ સહિષ્ણુ હોય. સહિષ્ણુતા પણ જેવી તેવી નહીં, વૃક્ષના જેવી હોવી જોઈએ. વૃક્ષની સહિષ્ણુતાનાં કેટલાંક લક્ષણો સમજવા જેવાં છે :-

(ક) એ કોઈની પાસે પોતાનાં પોષણ માટે કે પાણી માટે પ્રાર્થના કરતું નથી.

(ખ) ટાઢ, તડકો, વર્ષા, આંધી બધું જ પ્રારબ્ધ પર આધાર રાખી ચૂપચાપ સહી લે છે.

(ગ) પોતાનું છેદન કરનારા - કાપનારને પણ જે રીતે પાણી પાનારને આપે તે જ રીતે ફળ, ફૂલ, છાયા આપે છે.

આના સંદર્ભમાં મહાકવિ સુરદાસજીનું **'વૃક્ષન સે મત લે'** પદ સમજવા જેવું છે.

(૩) **અમાની** - પોતાના ઉરમાં સંમાન પ્રાપ્ત કરવાની લેશમાત્ર કામના ન હોવી. ભગવત્પ્રેમ પ્રાપ્તિમાં સમ્માનને મહાન વિઘ્ન સમજવું. પોતે ગુણવાન હોય તો પણ ગુણહીનની જેમ વ્યવહાર કરવો, જેમ કે જડ-ભરત, વૈજનાથ આદિ- પ્રસિદ્ધિ (કીર્તિ) હંમેશાં હરિ-સંકીર્તનમાં સાધક માટે મોટું વ્યવધાન છે.

(૪) **માનદાતા** - પોતે અમાની થઈ સમસ્ત ચરાચર જગતને ભગવાન શ્રી દત્તનું સ્વરૂપ માની તેને સન્માન આપવું. સંત તુલસીદાસની જેમ **'સિયા-રામ મય સબ જગ જાની'** બધાંને પૂરાં સન્માન સાથે હાથ જોડી, મસ્તક નમાવી પ્રણામ કરવા.

પોતાનાં મનમાં સાધકે કયો ભાવ સ્થિર રાખવો ? આ ઘોર કલિયુગમાં સંકીર્તન સંસ્થાપક અને તેના અદ્વિતીય પ્રચારક મહાપ્રભુ ચૈતન્ય પોતાનાં વરદ **'શિક્ષાષ્ટક'**માં કહે છે :

**નયનં ગલદશ્રુધારયા વદનં ગદ્‌ગદરુદ્ધયા ગિરા ।**
**પુલકૈર્નિચિતંવપુઃ કદા તવ નામ ગ્રહણે ભવિષ્યતિ ॥**

અર્થાત્ સંકીર્તન કરતાં કરતાં આંખોમાંથી અશ્રુધારા વહે, વાણી ગદ્‌ગદ્ થઈ જાય અને શરીરમાં રોમાંચ = શરીર પુલકિત થઈ જાય હે પ્રભુ તારું નામ લેતા હું આવી સ્થિતિએ ક્યારે પહોંચીશ ? એવી તાલાવેલીનો ભાવ એ આ માર્ગના સાધકનું લક્ષણ છે.

**(૯)**

નામસ્મરણ સંકીર્તનાં આવા માહાત્મ્યને ચરિતાર્થ કરવા પૂજનીય સદ્‌ગુરુ ભગવાન શ્રી રંગ અવધૂતજીએ અનેક ભજન-સ્તોત્ર-ધૂનની રચનાઓ કરી છે.* જેથી ભક્તો તે પરમકૃપાળુ પરમાત્મા ભગવાન શ્રી દત્તનું આલંબન લઈ પોતાનું જીવન ધન્ય કરે. કઠવલ્લીમાં કહ્યું છે :-

* શ્રી અવધૂતજી વિરચિત **રંગ-પ્રશ્નોત્તરમાલા**ના શ્લોક ક્રમાંક-૨ના પ્રશ્ન પરનું વિવરણ દ્રષ્ટવ્ય જુઓ - **રંગ-પ્રશ્નોત્તરમાલા - એક વિવરણ,** અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વર, ૨૦૦૦, પૃ.૧૬-૧૯.

**એતદાલંબનં શ્રેષ્ઠમેતદાલંબનં પરમ્ ।**
**એતદાલંબનં જ્ઞાત્વા બ્રહ્મલોકે મહીયતે ॥ ૧.૨.૧૭ ॥**

અર્થાત્ આ જ આલંબન શ્રેષ્ઠ છે; આ જ પર (પરમ) આલંબન છે. આ આલંબનને જાણીને માણસ બ્રહ્મલોકમાં મહિમાવાળો થાય છે.

એ જ રીતે સદ્ગુરુ ભગવાન શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજશ્રી **શ્રીમદ્દત્ત પુરાણ**માં કહે છે :-

**અયં સર્વોત્તમોધર્મઃ... આદિ** (૭.૫.૧થી ૪)

અર્થાત્ ભગવાન શ્રી વિષ્ણુના પરમપદની સેવા એ વર્ણાશ્રમી લોકોનો સર્વોત્તમ ધર્મ છે. ભગવાન શ્રી વાસુદેવનું સ્મરણ બધાં જ પાપ સમૂહનાં પરિણામને હરનારું, હૃદયને સ્થિરતા આપનારું, જ્ઞાન આપનારું, વાસનાની જાળનો નાશ કરનારું, પ્રાયશ્ચિત કરવાથી જેનો નાશ થાય તેવાં સર્વ પાપ ભગવાન વિષ્ણુનાં સ્મરણથી જ નષ્ટ થાય અને ભવિષ્યમાં પાપ કરવાની ઈચ્છા થાય જ નહીં. જેણે શ્રી હરિનું સ્મરણ કર્યું તેણે તપ કર્યું, વ્રત કર્યું, દાન આપ્યું, (શ્રાદ્ધ જેવી) ક્રિયા કરી. આ બધું જ શ્રી હરિસ્મરણથી થઈ ગયું.

શ્રી ભગવન્નામસ્મરણ-સંકીર્તન પર ભારતમાં અનાદિકાળથી આજ સુધી એટલું વિશાળ-વિશદ ચિંતન થયું છે કે, એ બધું વાંચતાં જ એક જિંદગી પૂરી થઈ જાય. એમાં મારા જેવા સામાન્ય માણસનું શું ગજું; છતાંય અહીં જે કાંઈ લખી શકાયું તે સદ્ગુરુ ભગવાનની અસીમ કૃપા ! આ સંકીર્તનનું સંકીર્તન કરવાની ખૂબ મજા પડી. આ જે કાંઈ લખ્યું છે તેનાથી સદ્ગુરુ ભગવાન પ્રસન્ન થાય એવી પ્રાર્થના.

**॥ પ્રીયતાં અનેન સદ્ગુરુ ભગવાન શ્રી રંગાવધૂતઃ ॥**
॥ ઈતિ ॥

વલ્લભવિદ્યાનગર — **- શાસ્ત્રી જયેન્દ્ર દવે**
માર્ગ. શુ. ૯,
૧૮-૧૨-૨૦૦૭

# પ્રસ્તાવના :

**'નામ'** એક એવી બાબત છે; જેના પ્રત્યે એક બાજુ ઉપેક્ષા સેવાઈ છે, અને બીજી બાજુ તેની અનિવાર્યતા, તેની શક્તિમત્તા, તેની સર્વોપરિતા સ્વીકારાઈ છે. લૌકિક સ્તરે નામનું ઝાઝું મૂલ્ય નથી. પશ્ચિમમાં એમ કહેવાયું છે કે ''નામમાં શું ('શું બળ્યું છે' એ ભાવ છે) - "What is there in name". તો ભારતમાં પણ ''નામ-રૂપ જૂજવાં - અંતે તો હેમનું હેમ હોયે' જેવા વિચાર દ્વારા નામના નાશ, તેની નિરર્થકતા ધ્યાનમાં લેવાઈ છે. આની સામે બીજા છેડે **''નામ''** શબ્દ, નામનું મહત્ત્વ સ્વીકારાયું છે.

આ સંસ્કૃત શબ્દના અર્થઘટન બે રીતે થાય :

(૧) **नाम** – नामयति, नामयते, नाम्यते આદિ રૂપોમાં ''नाम्'' ધાતુ છે. એનો અર્થ થાય - સ્વીકારવું, પ્રકાશિત થવું, પ્રસિદ્ધ થવું. જેમ કે 'ફલાણાભાઈ સાહિત્યનાં ક્ષેત્રે બહુ મોટું નામ છે'', ''ફલાણા એ બાપનું નામ રાખ્યું'' વગેરે.

(૨) **नाम–नामन्**માં **म्ना** 'અભ્યાસ'ના અર્થમાં, અભ્યાસ કરવો, ટેવ પાડવી, વારંવાર રટણ કરવુંના અર્થમાં. આ નામનાં પાંચ પ્રકાર છે. ઉણાદિ, કૃદન્ત, તદ્ધિત, સમાસ, શબ્દાનુકરણ. આમ, આ નામની બાબતમાં ધર્મશાસ્ત્રનો નિયમ એવો છે કે, ''પોતાનું નામ, ગુરુનું નામ, ખૂબ કૃપણ - કંજૂસનું નામ, જયેષ્ઠ પુત્રનું નામ તથા પત્નીનું નામ પ્રાણાંતે પણ કોઈને કહેવું નહીં.''[૧]

વિવિધ શાસ્ત્રો, પુરાણો અને સાક્ષાત દેવ સ્વરૂપ દેહધારી સંતોએ ભારતની વિવિધ ભાષાઓમાં **ભગવન્નામ**નો અનુપમ મહિમા ગાયો છે. નામનું માત્ર ઉચ્ચારણ જ નહીં; પણ એ નામનું સંકીર્તન, ઉચ્ચસ્વરે મધુર આલાપ દ્વારા ગાન કરીને નામમાં રહેલી નામીની શક્તિને પ્રગટાવવાની


---

૧. आत्मनाम गुरोर्नाम नामातिकृपणस्म च ।
प्राणान्तेऽपि न वक्तव्यं ज्येष्ठपुत्रकलत्रयोः ॥

## वैचित्र्यम् ।

मोक्षार्थिनां गहनमार्गसहस्रभानो ! ।

दत्तारविन्दवरषट्पद ! तन्मय ! श्री–



आचार्यवर्यपदसिद्धिसमृद्धिसिन्धो !

रङ्गावधूत ! विजयस्व विचित्रलील ! ॥

[श्री. भालचन्द्र त्रिपाठी,
बडौदा के सौजन्यसे]

धमडाछा
३० अप्रील, १९५९

રીતોનું નિદર્શન પૂજ્યશ્રી રંગ અવધૂત મહારાજશ્રીએ પ્રસ્તુત સ્તોત્ર - શ્રીદત્તનામ સ્મરણમ્‌માં કર્યું છે.

આ સ્તોત્ર મૂળ સંસ્કૃતમાં રચાયું પછી ભક્તના આગ્રહને વશ થઈ તેમણે તેનું ગુજરાતીમાં ભાષાંતર કરી આપ્યું. આ ભાષાંતર શબ્દશઃ ન હોતાં મુક્ત છે, પરિણામે ઘણા શ્લોક એવા છે જેના ઘણા શબ્દો ગુજરાતી અનુવાદમાં ઊતર્યા નથી. પૂજ્યશ્રી અવધૂતજીની મૂળ સંસ્કૃત રચનાનો પણ આસ્વાદ માણી શકાય તેમજ તેમાં પ્રયુક્ત શબ્દોના વિશિષ્ટ અર્થનું મનન થાય તે હેતુથી અહીં લેખનની રીત નીચે પ્રમાણે યોજી છે :-

- ❑ મૂળ સંસ્કૃત શ્લોક
- ❑ મૂળ શ્લોકના શબ્દોના અર્થ-શબ્દાર્થ
- ❑ ગુજરાતી શ્લોક
- ❑ ગુજરાતીમાં વિવરણ - આ વિવરણમાં કેટલાક સંસ્કૃત શબ્દોની વિગતે છણાવટ કરી છે.
- ❑ પ્રત્યેક શ્લોકના પ્રારંભે જે તે અર્થની સૂચક એવી **સંગતિ** આપી છે.

**સંગતિ :-** લૌકિક સત્કર્મની અપેક્ષા શ્રીદત્તનામ સ્મરણની શ્રેષ્ઠતાના નિર્દેશ દ્વારા મંગલાચરણ કરે છે :

**शास्त्रं शस्त्रं मल्लविद्यादि सर्वं**
**स्नानं ध्यानं योग यागादिकं च ।**
**पूर्तेष्टादि प्राणवित्तापहारि**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ १ ॥**

**શબ્દાર્થ :- शास्त्रम्** = વ્યાકરણ, ન્યાય જેવાં શાસ્ત્ર, **शस्त्रम्** = ધનુષ-બાણ એટમબોંબ જેવાં શસ્ત્ર, **मल्लविद्यादि = मल्लविद्या–आदि** = મલ્લવિદ્યા વગેરે, **सर्वम्** = બધું જ, **स्नानं–ध्यानम्** = સ્નાન-ધ્યાન, **योगयागादिकम्** = યોગશાસ્ત્ર, યાગ-યજ્ઞશાત્ર વગેરે, **च** = વળી, **पूर्तेष्टादि = पूर्त इष्ट आदि** = વાવ, કૂવા બનાવડાવવા એ પૂર્તકર્મ અને યજ્ઞ-યાગાદી કરાવવા એ ઈષ્ટ

કર્મ, **प्राण–वित्त अपहारी** = જીવ અને વિત્ત-નાણાં હરનાર = અપહરણ કરનાર છે. **तेथी – श्वासे–श्वासे** = પ્રતિશ્વાસ, **दत्तनाम** = શ્રી દત્તનું નામ, **स्मरात्मन्–स्मर–आत्मन्** = હે આત્મન્ - હે જીવ, તું સ્મર-સ્મરી લે. ॥૧॥

**વૃથા શાસ્ત્ર ને શસ્ત્ર કૂટાવી મારે**
**વળી સ્નાન ને ધ્યાન યોગાદિ આ રે ।**
**હરે વાવ કૂવાદિ હા પ્રાણવિત્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧ ॥**

**વિવરણ :-** પૂજ્ય શ્રી અવધૂતજી કાંઈ પણ લખે યા બોલે તો તેનો પ્રારંભ મંગલમય જ હોય; કારણ કે સંસ્કૃતમાં એ પરંપરા છે. મંગલાચરણનું લક્ષણ છે : **आशीः नमस्क्रिया वस्तुनिर्देशोवाऽपि तन्मुखम्** - અર્થાત્ મંગલાચરણ આશીર્વાદ, નમસ્કાર, વસ્તુના નિર્દેશવાળું હોય. અહીં પ્રસ્તુત શ્લોકમાંનું મંગલ **आशीः** પ્રકારનું છે. આ 'આશી' એટલે -

**वात्सल्याद् यत्र मान्येन कनिष्ठस्याभिधीयते ।**
**इष्टावधारकं वाक्यमाशीः सा परिकीर्तिता ॥**

અર્થાત્ જ્યાં કોઈક માન્ય વ્યક્તિ પોતાનાથી નાનાને વાત્સલ્યથી ઈષ્ટ અને ધારણ કરવા જેવું - યાદ રાખી જીવનમાં ઉતારવા જેવું વાક્ય કહે એ વાક્ય **आशीः** આશીર્વાદ રૂપ કહેવાય. અહીં પહેલા શ્લોકથી જ શ્રી અવધૂતજી આપણને ઈષ્ટ-અવધારક = યોગ્ય અને યાદ રાખવા જેવું વાક્ય કહે છે માટે આ શ્લોક 'આશીઃ' પ્રકારનું મંગલાચરણ છે.

**'श्वासे श्वासे दत्तनाम स्मरात्मन्' – 'સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત'** શ્લોકનાં આ ચોથા ચરણની વિશેષતા એ છે કે, **૧૦૮** શ્લોકનાં આ સ્તોત્રમાં આ પંક્તિની પુનરાવૃત્તિ **૭૫** શ્લોકોમાં થઈ છે. જ્યારે **૩૩** શ્લોક એવા છે; જેમાં ચોથું ચરણ જુદા પ્રકારનું છે. જ્યારે બે શ્લોક : શ્લોક ૮૮ અને ૧૦૩નું ચોથું ચરણ વિશિષ્ટ છે; તેની ચર્ચા આપણે એ શ્લોકોનાં વિવરણમાં કરીશું. અહીં એક સ્પષ્ટતા કરવી જરૂરી છે, કારણ કે, ઉપર જણાવેલું ચોથું ચરણ બધા જ શ્લોકમાં પુનરાવૃત્ત થતું નથી, માટે તે ધ્રુવપદ

નથી, પરંતુ સ્તોત્રનું મુખ્યવાક્ય યા આપ્તવાક્ય છે. આપ્તવાક્ય એટલે કોઈક શ્રેષ્ઠ યા માન્ય વ્યક્તિ દ્વારા ખૂબ પ્રેમ, વાત્સલ્યથી કહેવામાં આવતું વાક્ય. કારણ કે, આ આપ્તવાક્ય છે માટે એ ઉપદેશ યા આદેશ નથી.

હે ચિત્ત ! તું પ્રતિશ્વાસ શ્રી દત્તનાં નામનું સ્મરણ કરી લે. એક બાજુ ભગવાન શ્રી દત્તાત્રેયનું નામ છે અને બીજી બાજુ આ જગતનો પ્રપંચ છે. અહીં અવધૂતજી એ પ્રપંચનું દર્શન કરાવવાનું શરૂ કરી દે છે. પ્રપંચ એટલે પાંચ ઈન્દ્રિયોની પાંચ ઈન્દ્રિયો દ્વારા સર્જાતી માયાજાળ. કારણ કે માયાજાળ છે માટે વૃથા - વ્યર્થ - નિરર્થક છે. ન સમજાય ત્યાં સુધી સાચા જેવી લાગે પણ જેવી સમજાઈ જાય કે તરત જ એ વૃથા - વ્યર્થ હોવાની ખાતરી થઈ જાય.

શું વૃથા છે ? શાસ્ત્ર અને શસ્ત્ર પોતે વૃથા નથી; પરંતુ શાસ્ત્ર અને શસ્ત્રની લોકોને કૂટાવી મારવાની કામગીરી વૃથા છે. બધાં જ શાસ્ત્રો તત્વતઃ સારાં, શુભ છે, કારણ કે બધાં જ શાસ્ત્રોનું પર્યવસાન=પરિણામ ભગવાન શ્રી દત્તાત્રેયના પરમાર્થ = પરમતત્ત્વ સ્વરૂપને પિછાણવાનું છે. તેથી જ તો કાર્તવીર્ય સહસ્રાર્જુને ભગવાન શ્રી દત્તાત્રેયની કૃપા પામી અનેક શાસ્ત્રોનો અભ્યાસ કર્યો અને થાક્યો, ત્યારે ભગવાન પાસે આવીને શરણભાવે નિવેદન કર્યું :

**''થાક્યો શાસ્ત્રો ખાળીને, વધ્યો તેટલો ભ્રમ,**
**નિષ્ઠાક્રમ ના સાંપડ્યો વૃથા ગયો સહુશ્રમ''**

(ગુ.લી. ૧૩/૧૩૬)

અને પછી તેણે ગુરુ મહારાજને સાંખ્ય-યોગ, ન્યાય-વૈશેષિક, પૂર્વ-ઉત્તર મીમાંસા દ્વારા તેનું અધ્યયન કરનારના મનમાં થતી ગડબડ કહી બતાવી. શાસ્ત્રનું તાત્પર્ય પામવાની પદ્ધતિ ભગવાને બતાવી ત્યારે જ તેના શાસ્ત્ર-જનિત વ્યામોહનું નિર્મૂલન થયું. એ જ રીતે શસ્ત્ર પણ મૂળભૂત રીતે માણસનું - દીન-હીન-નિર્બળનું રક્ષણ કરવાનાં સાધનરૂપ હોવા છતાં તે સંકુચિત સ્વાર્થ, લોભ, મોહ જેવી મનોદશાને કારણે આદિકાળથી આજ સુધી

માનવજાતને અનેક યુદ્ધોનાં સ્વરૂપે કૂટાવી મારવાનું કામ કરે એ વાત સુવિદિત છે. મહાભારતનાં યુદ્ધમાં ભાઈઓ કૂટાઈ મર્યા, હાથમાં શું આવ્યું ?

શાસ્ત્ર અને શસ્ત્રની જેમ જ સ્નાન અને ધ્યાન પણ વૃથા છે ! જો એ અંધશ્રદ્ધાથી યા કરવા ખાતર કરાય તો તેમાં ક્રિયાની પુનરાવૃત્તિ સિવાય કશું જ નથી. સ્નાન શરીરની શુદ્ધિ માટે છે અને ધ્યાન મનની શુદ્ધિ માટે છે. જો શરીર અને મન ભગવન્નામ સ્મરણથી શુદ્ધ થઈ જાય તો પછી સ્નાન અને ધ્યાન વૃથા છે. તેથી જ શ્રી અવધૂતજી એક ભજનમાં કહે છે :- **"વહે દિલ પ્રેમની ગંગા, અગર ન્હાયા ન વા તો શું"** (અ.આ.પૃ. ૧૯૦), હૃદયમાં શુદ્ધ પ્રેમની ગંગા વહેતી હોય તો પછી ન્હાવા ન ન્હાવાની વાત ગૌણ છે. એ જ રીતે ભજનના અંતે કહે છે :

**સહજ સાધન સુલભ છોડી, ન મર રંગે વૃથા દોડી**
**કરી લય વૃત્તિ રે' પોઢી ! પઢ્યો પોથાં ન વા તો શું.**
(અ.આ. પૃ. ૧૯૧)

અહીં શ્રી દત્તનામ સ્મરણને **સહજ સાધન** કહ્યું છે. એવું સાધન જે માણસ માત્ર માટે **સહજ** - એટલે **जन्मना सह जायते** - જન્મની સાથે જ મળેલું છે. જન્મની સાથે જ શ્વાસ-પ્રશ્વાસ શરૂ થઈ જાય છે. તેની સાથે જ **સોઽહં-હંસ = દત્ત દત્ત**નું સ્મરણ શરૂ થઈ જાય છે.[૨] તેથી સ્નાન-ધ્યાન વૃથા છે. તેની સાથે જ યોગ પણ વિજ્ઞાન સ્વરૂપે શ્રેષ્ઠ છે. સાધનાનો એક ઉત્તમ પ્રકાર છે. તેની પ્રક્રિયા પણ તત્ત્વતઃ નામસ્મરણ પ્રધાન જ છે. યોગસૂત્રમાં સમાધિ સિદ્ધિ માટેના ઉપાયો બતાવ્યા પછી એ ઉપાયોના વિકલ્પે ઈશ્વર પ્રણિધાનની વાત કરી છે. **ईश्वर प्रणिधानाद्वा (પા.યો.દ. ૧/૨૩)** અર્થાત્ ઈશ્વર પ્રણિધાન = પ્રભુની વિશિષ્ટ એવી ભક્તિથી સમાધિની સત્વરે પ્રાપ્તિ થાય છે. આવી ભક્તિ એટલે : **तज्जपस्तदर्थभावनम् (પા.યો.દ.૧/૨૮)** પ્રણવનો જપ અને તેના અર્થભૂત ઈશ્વરનું ધ્યાન એ યોગ છે. આ સિવાયનો માત્ર નર્યો ક્રિયાકાંડવાળો યોગ વૃથા છે.

---

૨. હંસોપાસના માટે જુઓ - **રંગ પ્રશ્નોત્તરમાલા - એક વિવરણ, નારેશ્વર પ્રકાશન, પૃ. ૧૧૮થી ૧૨૭ તથા પરિશિષ્ટ પૃ. ૧૬૭થી ૧૭૯.**

ગુજરાતી શ્લોકમાંના **'योगादि'** અને **વાવકૂવાદિ** એ બંને શબ્દો માટેનો સંસ્કૃત શ્લોકમાંનો શબ્દ **पूर्तेष्टादि - પૂર્ત-ઈષ્ટ આદિ** શબ્દ છે. કર્મના બે પ્રકાર છે : પૂર્ત કર્મ અને ઈષ્ટ કર્મ. પૂર્ત કર્મ એટલે તળાવ, વાવ, સભાગૃહ, મંદિર, ધર્મશાળા આદિ બંધાવવા જેવાં લોક કલ્યાણનાં કર્મ. ઈષ્ટકર્મ એટલે હવન, હોમ, યજ્ઞ-યાગ, બ્રહ્મભોજન, અતિથિ ભોજન આદિ. આવાં કર્મો પણ શ્રી દત્તનામ સ્મરણની અપેક્ષા વૃથા છે. આવાં શ્રેષ્ઠ કર્મ શાથી વૃથા છે ? તો તેનું કારણ આપ્યું છે - **પ્રાણ વિત્તાપહારિ** - પ્રાણ અને વિત્ત = પૈસાને હરી લેનાર છે. પૂર્ત કર્મની પાછળ પૈસાનો ખર્ચ કરો. વાવ, કૂવા બધું નાશવંત છે. એનો નિભાવ (maintence) થાય ત્યાં સુધી ઠીક છે નહીં તો ધર્મશાળાઓ, વાવ-કૂવા બિસ્માર હાલતમાં પડ્યાં હોય. બંધાવનારના અહંકારમાં વધારો થાય. એ જ રીતે યજ્ઞ-યાગાદિનાં ઈષ્ટ કર્મથી ફળ મળે - સ્વર્ગ મળે; પણ જેવું એ પુણ્ય નષ્ટ થાય કે તરત પાછા પૃથ્વી પર આવવાનું થાય. એવાં કર્મો જીવલેણ-પ્રાણને હરનારાં એટલે કે એ કર્મ કરનાર સતત પુરુષાર્થ કરીને મરણતોલ દુઃખ સહન કરીને કર્મ કરે પણ બધું દળી દળીને ઢાંકણીમાં ઉધરાવવાનું થાય.

આ બધાની સામે દત્તનામ સ્મરણ ચિરંતન, શાશ્વત શાંતિ આપનારું હોઈ અહીં આત્મન્ - ચિત્તને નામસ્મરણમાં જીવન વ્યતીત કરવા માટે સમજાવવાનો પ્રારંભ કર્યો છે. ॥ ૧ ॥

**સંગતિ :-** હવે, સાધન સ્વરૂપે શ્રી દત્તનામ સ્મરણની સુલભતા-વરિષ્ઠતાનું નિરૂપણ કરે છે :

**न त्वायासो क्तिहानिर्न चैवं**
**प्रत्यादेशो नो कवित्वाद्यपेक्षा**
**सर्वश्रेष्टं साधनानां वरिष्टं**
**श्वास श्वासे दत्तनाम स्मरात्मन् ॥ २ ॥**

**શબ્દાર્થ :- न त्वायासो – तु – आयासो** = કોઈ પણ પ્રકારના આયાસ-પ્રયાસની (જરૂરત જ નહીં), **वित्तहानिः–न** = વિત્તની હાનિ **च एवं** = તેમ વળી (નહીં), **प्रत्यादेशः न** = હરીફાઈ - પ્રતિસ્પર્ધા (પણ નહીં), **कवित्वाद्यपेक्षा – कवित्व – आदि – अपेक्षा** = કાવ્યરચના કરવાની કોઈ માથાકૂટ-મગજમારી રૂપ અપેક્ષા પણ નહીં, **सर्वश्रेष्ठं** = સૌથી શ્રેષ્ઠ, **साधनानां** = (આત્મોન્નતિનાં) બધાં જ સાધનોમાં, **वरिष्ठं** = સર્વોપરિ, **दत्तनाम्** = શ્રી દત્તાત્રેય ભગવાનનું નામ. (ચોથું ચરણ પૂર્વવત્) ॥૨॥

**નડે ના અહીં કષ્ટ ના વિત્તહાનિ**
**ન ખોવાપણું ના લગે કાવ્યવાણી;**
**સહુ શ્રેષ્ઠ આ સાધનોમાં વરિષ્ઠ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૨ ॥**

**વિવરણ :-** મનુષ્ય જન્મ, માનવ શરીરનું પ્રાપ્ત થવું એ ઘણું દુર્લભ છે. તેનું કારણ એ છે કે મનુષ્યદેહે આત્મ-ઉદ્ધારની મહાન તક પ્રાપ્ત થાય છે જે અન્ય કોઈ યોનિમાં શક્ય નથી. તેથી જ એક પ્રભાતિયામાં શ્રી અવધૂતજી કહે છે :

**કોટિ પુણ્યે કરી નરતનું આ મળી,**
**તાર ચિંતામણિ એહ જાણી...**
(મંગળવારનું પ્રભાતિયું)

અર્થાત્ આ મનુષ્ય શરીર ચિંતામણિ = ઇચ્છિત ફળ આપનાર મણિ જેવું હોઈ, હે મનુષ્ય તું તેને જાણી-ઓળખી તાર = તેનો ઉદ્ધાર કર. આવા આત્મ-ઉદ્ધાર માટે ઋષિ મુનિઓએ, સંતોએ દિવ્ય સાધના કરી, સાધનો શોધી એ સાધનો સિદ્ધ કર્યાં છે. **રંગ-પ્રશ્નોત્તરમાલા**માં શ્રી અવધૂતજીએ જે સાધનવાન હોય તે સાધુ એમ કહી, તરત જ **किं साधनं** = એ સાધન ક્યાં ? એવો પ્રશ્ન કરી તેના ઉત્તરરૂપે ચતુઃ સાધન બતાવી, તેનું નિરૂપણ કર્યું છે - વિવેક, વૈરાગ્ય, શમ વગેરે છ - શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન.

આ સાધનો સિદ્ધ કરવામાં આયાસ-પ્રયાસ કરવા જ પડે અને અનેક કષ્ટ વેઠવાં પડે. એવું એક પણ કષ્ટ વેઠવું ન પડે એવું જો કોઈ સાધન હોય તો તે શ્રી દત્તનામ સ્મરણ છે. આવું જ્યારે શ્રી અવધૂતજી કહે છે ત્યારે દેખીતી રીતે જ આ એમની અનુભવવાણી છે. પ્રશ્નોત્તરમાલામાં પોતે સિદ્ધ કરેલાં સાધનોનું નિરૂપણ કર્યું છે અને અહીં પોતે સિદ્ધ કરેલાં દત્તનામ સ્મરણરૂપ સાધન બંનેની તુલના કરીને કહે છે કે આ સાધનમાં કોઈ આયાસ જનિત કષ્ટ નથી. વળી, આ સાધન એવું છે, જેમાં પૂર્વે પ્રથમ શ્લોકમાં નિરૂપિત પૂર્તકર્મ = વાવ, કૂવા આદિ બંધાવવામાં થતી વિત્તહાનિ = નાણાંના દુર્વ્યયની કોઈ શક્યતા નથી. સાધકે એક પણ પૈસો ખર્ચ કરવાનો નથી. ગરીબમાં ગરીબ માણસ પણ સરળતાથી સિદ્ધ કરી શકે એવું સાધન છે - શ્રી દત્તનામ સ્મરણ.

આ સાધનની સાધનામાં કોઈ પ્રત્યાદેશ = હરીફાઈ- સ્પર્ધા સ્વરૂપ કશું **ખોવાપણું** નથી. સવિશેષ તો **ન લગે કાવ્યવાણી** - અહીં **લગે**નો પ્રયોગ ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ વિશિષ્ટ છે. એ **કેવળ પ્રયોગી અવ્યય લાગવું** ધાતુનું **લઘુતાદર્શકરૂપ** છે. **લગે** એટલે ઉત્તેજનાનો ઉદ્ગાર. કાવ્યાત્મક વાણીમાં ભગવાનનાં ગુણગાનરૂપ સ્તોત્રમાં વ્યક્ત થતી ઉત્તેજનાની અહીં જરૂર નથી. અહીં તો બસ **શ્વાસ-પ્રશ્વાસમાં દત્ત દત્ત** નામ સ્મરવાની જ વાત છે. તેથી તારણ રૂપે એમ કહ્યું છે કે આ સાધન સર્વશ્રેષ્ઠ સાધનોમાં વરિષ્ઠ છે. માટે હે ચિત્તસ્વરૂપ આત્મન તું તારા શ્વાસે-શ્વાસે શ્રી દત્તનામનું સ્મરણ કર. ॥૨॥

**સંગતિ :-** હવે, મનુષ્યની ઇચ્છા-કામનાના સંદર્ભમાં શ્રી દત્તનામ સ્મરણ રૂપ ઇચ્છા-કામનાની શ્રેષ્ઠતા દર્શાવે છે :-

**कामं क्रोधं जेतुकामो यदि स्या**
**शोकं मोहं त्यक्तुकामोऽथवा चेत् ।**
**रागद्वेषौ हातुकामोऽथ बन्धो**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ३ ॥**

**શબ્દાર્થ :- कामं क्रोधं** = કામ અને ક્રોધ, **जेतुकामः** - જીતવાની ઈચ્છાવાળો, **यदि** = જો, **स्याः** = હોય (**स्याः** अस् ધાતુનું વિધ્યર્થ બી.પુ.એ.વ.નું રૂપ છે), **शोकं मोहं** = શોક અને મોહ, **त्यक्तुकामः** = છોડવાની ઈચ્છાવાળો, **अथवा** = અથવા, **चेत्** = જો (અવ્યય છે), **रागद्वेषौ** = રાગ અને દ્વેષ, **हातुकामः** = ત્યજવાની ઈચ્છાવાળો, **अथ** = જો (અવ્યય છે), **बन्धो** = હે બંધુ, (ગુજરાતીમાં 'તાત' શબ્દ પ્રયોજાયો છે), તો તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કર. ॥ ૩ ॥

**ચહે કામક્રોધાદિ તું જીતવા જો**
**વળી શોકમોહાદિથી છૂટવા જો**
**થવા રાગદ્વેષાદિથી મુક્ત તાત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩ ॥**

**વિવરણ :-** સદ્‌ગુરુ સ્વરૂપે શ્રી અવધૂતજી **જગત્સુહૃદ** = જગતના પ્રાણી માત્રના સુહૃદ = મિત્ર, વડીલ છે. એમનો વાત્સલ્યપૂર્ણ ભાવ અહીં આ શ્લોકથી પ્રગટ થાય છે. આખો શ્લોક **બંધુ**ના સંબોધનથી રચાયો છે. સંસ્કૃતમાં પ્રયોજેલા બંધુ શબ્દ માટે ગુજરાતી શબ્દ પ્રયોજ્યો છે - તાત. આમ તો મનુષ્યના છ શત્રુઓ છે; પરંતુ શ્લોકની ત્રણેય પંક્તિઓમાં **આદિ** શબ્દ મૂકીને ત્રણ અન્ય શત્રુઓને સાંકળી લઈને કુલ નવ શત્રુઓની વાત કરી છે. પ્રથમ પંક્તિમાં કામ-ક્રોધ **આદિ** દ્વારા **લોભ**ને સાંકળી લેવાનો છે. બીજી પંક્તિમાંના **આદિ** દ્વારા **મદ (અભિમાન)** અને ત્રીજી પંક્તિમાંના **આદિ** દ્વારા **મત્સર (ઈર્ષ્યા-અદેખાઈ)**ને સાંકળી લેવાથી કુલ નવ શત્રુઓ થશે.

આ નવેનવ શત્રુઓ મનુષ્યના માનસ રોગ છે; જે લાંબે ગાળે શારીરિક રોગના રૂપે પણ દેખાતાં હોય છે. આમાંના પ્રથમ ત્રણ **કામ-ક્રોધ અને લોભ** પર માણસે વિજય મેળવવાનો છે; જીતવાના છે. એ જે મનુષ્ય શ્રેયઃ સાધક જીવન **(Good life)** જીવવા માગે છે તેને માટે ધ્યેય રૂપ છે. જ્યારે બાકી છ - **શોક-મોહ-મદ, રાગ-દ્વેષ-ઈર્ષ્યા (મત્સર)**થી માણસે છૂટવાનું યા મુક્ત થવાનું છે. એ માનવજીવનનું ધ્યેય છે.

એટલે આખી વાત **જીતવાની** અને **છૂટવાની** યા **મુક્ત થવાની** છે. દેખીતી રીતે જ જીતવા માટે યુદ્ધ કરવું પડે, અને છૂટવા માટે ઝપાઝપી કરવી પડે - તરફડિયા મારવા પડે. જીતવાની અને છૂટવાની રીતો શાસ્ત્રોમાં બતાવી છે.

કામ-ક્રોધ અને લોભ ત્રણેય એક જ છે. ભગવાને ગીતામાં કહ્યું છે :- **काम एष क्रोध एष** (ગીતા-૩/૩૭) = આ કામ જે મનુષ્યનો શત્રુ છે તે જ કોઈક કારણથી બાધિત થતાં = અટકાવાય તો **ક્રોધ** સ્વરૂપે બદલાઈ જાય છે. એ જ કામ ઈચ્છિત વસ્તુ હાથમાં આવી જતાં તેને બને તેટલી ઝડપથી, છાનામાના વાપરી નાખવાની, લઈ લેવાની વૃત્તિ એ **લોભ** છે.

આ ત્રણેયનો ઉદ્ભવ માણસનાં મનમાં થાય છે. એટલે એમને જીતવાની યુદ્ધભૂમિ માણસનું મન છે. જે ભૂમિ પર શત્રુઓ ઊભા હોય એ ભૂમિમાં સુરંગો ધરબી દો તો ભૂમિમાંની સુરંગો ફાટતાં પેલા શત્રુઓ ખતમ થઈ જાય એવા એક શાસ્ત્રીય તર્કનો આધાર લઈ શાસ્ત્રોએ, સંતોએ **મનને મારવાની** રણનીતિ વિકસાવી છે. એ રણનીતિ સ્વયં અવધૂતજીએ પણ સૂચવી છે; જુઓ :-

**મનકો બિન મારે ગોસાંઈ ઐસો મિલે ન કબહું ભાઈ ! (ધ્રુ)**
**પરસ્ત્રી પરધન હટા ન મન સે, કીચડ નાવ ફંસાયા.... ૨**
(અવધૂતી આનંદ પૃ. ૧૭૯)

મનમાં ઘર કરી ગયેલાં બે તત્ત્વો એક તો કામ - પરસ્ત્રી, બીજું લોભ-પરધન અને મનને પંપાળે રાખવાથી -

**મન માર્યા વિના મુક્તિ નવ સાંપડે**
**ભવ-વ્યથા ના શમે કો ઉપાયે... (૪)**
(ઉષઃ પ્રાર્થના, પૃ. ૨૪)

કામ-ક્રોધ-લોભનાં કીચડમાં ફસાયેલી મનરૂપી નાવને બહાર કાઢવાનું ઘણું દુષ્કર છે. મનને મારીને આ શત્રુઓ પર વિજય મેળવવાની, તેમના

ચક્કરમાંથી છૂટવાની યા મુક્ત થવાની એક રીત **અસંગ** બનવાની અસંગ સાધવાની છે. ગીતામાં કહ્યું છે :- **असङ्ग, शस्त्रेण दृढेन छित्त्वा (१५/३)** અર્થાત્ **સંગ = સ્પૃહા, અસંગ = સંગ વિરોધી વૈરાગ્ય** એ જ રાગ-દ્વેષ આદિ આ શ્લોકમાં દર્શાવાયેલા નવ શત્રુમય સંસારનો નાશ કરનાર દૃઢ એવા શસ્ત્રથી અર્થાત્ પરમાત્મ જ્ઞાન પ્રાપ્તિની ઉત્સુકતા = તત્પરતાથી દૃઢ થયેલા વળી વિવેક, શમ-દમ દ્વારા તીક્ષ્ણ થયેલા શસ્ત્ર વડે એ શત્રુઓને મહાત કરવાની રીત ભગવતી મદાલસાએ અલર્કને સૂચવી હતીઃ-

**સંગ છોડવો સર્વથા, બને ન જો કદિ એમ**
**સંત સંગ કરવો સદા; તારે સંતો તેમ**
(ગુ.લી. ૧૩૩/૧૧)

આ શત્રુઓને પરાસ્ત કરવાની બીજી રીત યોગશાસ્ત્રમાં દર્શાવી છે. યમ, નિયમ, આસન સિદ્ધ થયા પછી પ્રત્યાહારના સોપાને મનને - ઈન્દ્રિયોને ગમે ત્યાં જતું વારી-અટકાવી ધ્યેયમાં સ્થિર કરવું એટલે કે **ચિત્ત વૃત્તિ નિરોધ.** એ જ રીતે યોગવિજ્ઞાનના અનુપમ ગ્રંથ **શિવસંહિતા**માં **વજ્રોલી** જેવી સાધના દ્વારા આ પ્રકારની સિદ્ધિ પ્રાપ્તિની યુક્તિ-પ્રયુક્તિ દર્શાવવામાં આવી છે.[૩] આ બધી શાસ્ત્રીય પદ્ધતિઓના વિકલ્પે શ્રી અવધૂતજી અહીં આ નવેનવ શત્રુઓને જીતવાની, તેમાંથી છૂટવાની, મુક્ત થવાની સરળ છતાંય શાસ્ત્ર શુદ્ધ રીત બતાવે છે : હે ચિત્ત, તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ **કરી લે.** અહીં એક બાબત નોંધવા જેવી છે : સંસ્કૃત શ્લોકમાં સ્મર = સ્મરણકર એવો આજ્ઞાર્થક પ્રયોગ છે. જ્યારે ગુજરાતીમાં **સ્મરી લે**માં સમજાવટનો ભાવ છે. માતા-દીકરાને કહે - ''જમી લે'', હેડકી આવતી હોય તો બહેન ભાઈને કહે - ''થોડું પાણી પી લે'' એના જેવો આ ''સ્મરી લે'' પ્રેમ-વાત્સલ્ય દર્શાવતો પ્રયોગ છે. ॥ ૩ ॥

---

૩. **શિવસંહિતા** - મરાઠી વિવરણ - ડૉ. કેશવ રા. જોષી, સિદ્ધયોગ પ્રકાશન, પૂણે, પૃ. ૧૧૧-૧૧૨.

**સંગતિ :-** જેને ઉદ્દેશીને આ શ્લોકો કહેવાઈ રહ્યા છે તે મનુષ્યના વર્તમાનની વાસ્તવિકતા ખુલ્લી કરે છે :-

**बाल्यं खेलौ कामिनीषु प्रकामं**
**तारुण्यं ते मूढ व्यर्थं गतं भोः ।**
**वृद्धत्वं हा मृत्युमार्गानुसारि**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ४ ॥**

**શબ્દાર્થ :- बाल्यं** = બાળપણ, **खेलौ** = રમતમાં (खेलનું સ.એ.વ. છે.), **कामिनीषु** = કામિનીઓમાં (બહુવચનનો પ્રયોગ નોંધપાત્ર છે), **प्रकामं** = કામુક - વિષયીપણામાં, **तारुण्यं** = તરુણાવસ્થા - યુવાની, **मूढ** = હે મૂઢ, **ते** = તારી, **व्यर्थ** = વ્યર્થ, **गतं** = વીતી, **भोः** = અરે - ઓહ (ખેદસૂચક ઉદ્‌ગાર છે), **वृद्धत्वं** = વૃદ્ધાવસ્થા, **हा** = અરેરે (ખેદ, હતાશા, દુઃખ, ક્રોધ દર્શાવતો ઉદ્‌ગાર છે.), **मृत्युमार्गानुसारि** = **मृत्युमार्ग–अनुसारि** = મૃત્યુના રસ્તે જનારું છે., માટે હે ચિત્ત ! તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કરી લે. ॥ ૪ ॥

**ગયું ખેલતાં બાલ્ય વીતી જુવાની**
**વૃથા સંગતે મૂઢ હા કામિનીની**
**બતાડે બૂઢાપો અહા મૃત્યુવાટ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૪ ॥**

**વિવરણ :-** પ્રથમ ત્રણ શ્લોકમાં જે ચિત્તને સંબોધન કર્યું છે, અહીં હવે એ ચિત્તનું વિશેષણ આપ્યું છે. આ માણસનું ચિત્ત કેવું છે ? ઉત્તર છે : મૂઢ = મોહગ્રસ્ત. **मुह्** કર્મણી ભૂતકૃદન્ત છે. મૂઢ એટલે **इदमर्थसाधनमिद मनर्थसाधनमितिविवेकशून्यः** - આ અર્થ - સુખનું સાધન છે અને આ અનર્થ - દુઃખનું સાધન છે એવો વિવેક ન કરી શકે તેને મૂઢ કહેવાય.[૪] હે મૂઢ ચિત્ત, તારું બાળપણ રમતમાં, આખી યુવાની કામિની-સ્ત્રીની સંગતમાં વૃથા-વ્યર્થ વીતી ગઈ છે. તેથી જ ઉષઃપ્રાર્થનામાં પણ અવધૂતજી કહે છે :-

૪. श्रीमदभगवुदीता - મધુસૂદન સરસ્વતીની ટીકા. ૭/૧૫

**બાળપણ ખેલમાં, તરુણપણ મેલમાં**
**કલેશમાં કામિની સંગ ખોયું**
**દામ ને ચામમાં વ્યર્થ એળે ગયું**
(ઉ.ષઃ પ્રાર્થના પૃ. ૧૯)

અહીં ખરેખરી જે યુવાવસ્થા છે એ શામાં ખોઈ તે સ્પષ્ટ કર્યું છે - કામિનીના સંગમાં **'મેલ'** અને **'કલેશ'**. મૂત્ર-ઈન્દ્રિયનો વ્યાપાર ચીતરી-સુગ ચડે એટલી હદે મેલયુક્ત છે. એ મેલ-મલીનતામાં અને સંયોગના અંતે ઊર્જા તત્ત્વ ક્ષીણ થવાથી થતા કલેશ-માનસિક ગ્લાનીમાં યુવાની વીતી ગઈ. એક સંતાન પ્રાપ્તિ માટેના ધન્ય એવા ગૃહસ્થાશ્રમની આ નિંદા નથી. મૂઢ માણસની આખી યુવાની આવી વ્યર્થ બાબતમાં ખર્ચી નાખવાની મૂઢતાનું ભાન કરાવવાની વાત છે. પરિણામે **"વિષયની વાડીમાં જીવ ભૂલો પડ્યો. વિષયપુષ્પે ભમે મૂઢ ઘેલો" (ઉષ : પ્રાર્થના પૃ.૨૭)** મૂઢ જીવ ઘેલો ઘેલો થઈ ઈન્દ્રિયોના વિષય સુખની વાડીમાં અટવાઈ જાય અને વૃદ્ધાવસ્થા આવી જાય - **રંગ શિરનો ફર્યો ચિત્તમળ ના ગળ્યો (ઉષ : પ્રાર્થના પૃ.૪)**. એવા મૂર્ખ ચિત્તને - મનુષ્યને તેના વર્તમાનની વાસ્તવિકતા કહે છે - **આવી આખર જરા કાળ દૂતી (ઉષ પ્રાર્થના પૃ.૪)** તું જો આ વૃદ્ધાવસ્થા - કાળ - મૃત્યુની દૂતી એવી જરા આવી પહોંચી છે. એ અવસ્થા હવે તો મૃત્યુની વાટ-રસ્તો બતાવી રહી છે.

આનો અર્થ એ થાય કે હવે મનને મારવાની, કામ જેવા નવ નવ શત્રુઓને મહાત કરવાની, અસંગ શસ્ત્ર સિદ્ધ કરવા જેવી કે યમ-નિયમથી શરૂ થતી યોગની કે વજ્રોલી જેવી યૌગિક પ્રક્રિયાઓ સિદ્ધ કરવાની અવસ્થા હવે નથી. હવે તો -

**ચાર દિવસની શ્વાસ સગાઈ, મોત સાથ છે બાથ**
**જાગ જીવડા મોહનિંદથી, નહિ તો ઘસશે હાથ.**
**સંત ચરણમાં મસ્તક મૂકી, નિત હરિનું ધર ધ્યાન,**
(અવધૂતી આનંદ પૃ. ૧૯૪)

આ વાસ્તવિકતા સ્વીકારી, મોહનિદ્રામાંથી જાગી, સંતચરણમાં માથું મૂકી, હરિનું ધ્યાન ધરી હે ચિત્ત તું શ્રી દત્તનામ તારા શ્વાસે શ્વાસે સ્મરી લે. ॥ ૪ ॥

**સંગતિ :-** મૂઢ મનુષ્યની ચિંતન રીતિ શાથી વૃથા છે; એ દર્શાવે છે-

**जायापुत्र क्षेत्रवित्तादि सर्वं**
**अश्वस्थं तद् ध्यायते मूढ कस्मात् ।**
**आदावन्ते दुःखमूलं च मध्ये**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ५ ॥**

**શબ્દાર્થ :- जाया** = ભાર્યા (जायते पुत्ररूपेण आत्मा अस्यां – જેમાં પતિનો આત્મા પુત્રરૂપે અવતરે તે - પત્ની), **पुत्र** = પુત્ર, **क्षेत्र** = ખેતર, **क्ति आदि** = ધન વગેરે, અહીં **આદિ** દ્વારા **ધાન્ય** પણ આવી જાય. **सर्वं** = બધું - બધી સ્થાવર-જંગમ સંપત્તિ, **अश्वस्थं** = અસ્થિર (**श्वः अपि स्थास्यति इति विश्वास अनर्हत्वात् मायामयः** – કાલે પણ હશે ખરું ? એવું વિશ્વાસપૂર્વક ન માની શકાય તેવું માયામય સંસારવૃક્ષ), **तद्** = તેનું, **ध्यायते** = (તારા વડે) ધ્યાન કરાય છે, **मूढ** = હે મૂઢ, **कस्मात्** = શાથી - કયા કારણે, **आदावन्ते–आदि–अन्ते** – આદિ - શરૂઆતમાં અને અંતે, **दुःखमूलं** – દુઃખનું મૂળ (કારણ), **च** - ને વળી, **मध्ये** - વચ્ચે, તેથી હે આત્મન્ તું તારા શ્વાસે શ્વાસે શ્રી દત્તનામનું સ્મરણ કરી લે. ॥ ૫ ॥

**ધનક્ષેત્ર દારા ન પુત્રાદિ સ્થાયી**
**મરે ચિંતને એ વૃથા કેમ ભાઈ,**
**ત્રણે કાળમાં દુઃખદે એ સમસ્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૫ ॥**

**વિવરણ :-** મૂળ સંસ્કૃત શ્લોક મૂઢ ને ઉદ્દેશીને કહેવાયો છે; ગુજરાતીમાં તેને માટે 'ભાઈ' શબ્દ પ્રયોજ્યો છે. 'વૃથા' - 'વ્યર્થતા'નું દર્શન આગળ વધે છે. ધન-ક્ષેત્ર-દારા અર્થાત્ પત્ની પુત્ર આદિ (આદિના પ્રયોગ

દ્વારા પૌત્રનો સમાવેશ થઈ જાય છે.) આ બધું જ વૃથા-વ્યર્થ એટલે કે **અશ્વસ્થ** - 'શ્વ:' એટલે આવતી કાલે હશે કે કેમ તે વિશ્વે વિશ્વાસપૂર્વક કશું કહી ન શકાય એવા આ માયામય સંસારને ગીતામાં અશ્વત્થ - પીપળાનાં વૃક્ષ સમાન ગણ્યો છે. તેથી તે વૃથા છે. જે આવું અનિશ્ચિત - અશાશ્વત છે તેને અંગે માણસ - મૂઢ મનુષ્ય વિચારવામાં આખું જીવન ખર્ચી નાખે છે. **आयुः कल्लोल लोलं कतिपय दिवस स्थायिनी यौवन श्रीः** - આયુષ્ય સમુદ્રના તરંગ જેવું ક્ષણભંગુર અને યુવાનીનું સૌંદર્ય થોડા દિવસનું છે; તેનું ધ્યાન રાખવામાં, તેનું ચિંતન કરવામાં જીવન આખું વીતી જાય, એ મૂઢતા છે. આ તો બરાબર છે; પણ આ બધું પત્ની, પુત્ર, ખેતર, ધન-ધાન્ય બધું જ ત્રણેય કાળમાં એટલે પ્રારંભે - આદિમાં, મધ્યમાં અને અંતે અથવા ભૂત-વર્તમાન અને ભવિષ્ય ત્રણેય કાળમાં માનવીય દુઃખનું મૂળ આ બધું છે. તેથી આયુરાજાના પુત્ર નહુષનું હુંડે અપહરણ કર્યું ત્યારે પુત્રવિયોગથી શોક સંતપ્ત રાજાને નારદજીએ આવીને સમજાવતાં કહ્યું : **'ત્વત્સમ મૂઢ ન માન' (ગુ.લી.૪૭/૪૯)** તારા જેવો મૂઢ બીજો કોઈ નથી કારણ કે ભગવાન દત્તાત્રેયની પૂરાં સો વર્ષ આરાધના કરીને ગૌણાત્મા રૂપ પુત્ર માગ્યો !! પછી એ પુત્ર સુખ કઈ રીતે છે તે એમણે સમજાવ્યું : જેવી રીતે આ દેહ ક્ષણભંગુર છે તેવી રીતે પુત્ર-સ્ત્રી આદિ પણ ક્ષણભંગુર છે તેને શાશ્વત માની તેની જ ચિંતામાં રાત-દિવસ વીતાવી દેવા એ મૂઢતા છે. તેથી જ શ્રી અવધૂતજી એક ભજનમાં કહે છે : **મનુવા, ધરી લે ધરથી, પ્રભુનું પ્યારું ધ્યાન,** હે મનુષ્ય આવાં દુઃખ મૂળ ધન ક્ષેત્ર પુત્ર આદિનું ધ્યાન ધરવાનું છોડી, પ્રભુનું પ્યારું ધ્યાન ધરી લે; કારણ કે -

**દામ દીકરા દાર ન આવે, અંત સમે કો કામ**
**વાડી વજીફા બંગલા મેડી, આખર ખાલી હરામ.. મનુવા.**
**ચાર દિવસની શ્વાસ સગાઈ, મોત સાથ છે બાથ**

(અ.આ. પૃ. ૧૯૪)

આ બધું આદિ-મધ્યમાં અને અંતે દુ:ખદાયી છે, એમાંનું કશું સાથે આવતું નથી, કારણ તેમની સાથેની સગાઈ-સંબંધ શ્વાસ ચાલે ત્યાં સુધીનો જ છે. માટે હે આત્મસ્વરૂપ ચિત્ત, તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કરી લે. ॥ ૫ ॥

**સંગતિ :-** નાશવંતનું ચિંતન કરવાનું છોડી, શું ચિંતન કરવા જેવું છે તે દર્શાવે છે :-

**जातं कस्माद् गम्यते कुत्र बन्धो**
**स्थानं कस्माच्चिन्तयाहर्निशं तत् ।**
**सर्वं ह्यार्तं त्रीशनामैव सत्यं**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ६ ॥**

**શબ્દાર્થ :- जातं** = જન્મ્યો (આવ્યો), **कस्मात्** = ક્યાંથી (અથવા શાથી), **गम्यते** = જાય છે (તું), **कुत्र** = ક્યાં, **बन्धो** = હે બન્ધુ, **स्थानं** = સ્થિતિ (જીવતા માણસનું હોવાપણું), **कस्माच्चिन्तयाहर्निशं** = **कस्मात्–चिन्तय–अहर्निशं** = શાથી (શેં) ચિંતન કર, સદા, **तत्** = તે-એ, **सर्वं** = બધું જ, **ह्यार्तं** = **हि–आर्तं** = બધું દુ:ખદાયી છે. (અહીં **हि**નો પ્રયોગ નક્કીના અર્થમાં છે.), **त्रीशनामैव** – **त्रीश–नाम–एव** = શ્રી દત્તાત્રેય (હરિ)નું નામ જ, **सत्यं** = સત્ય છે. તેથી હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે. ॥૬॥

**કહાં જાય તું ક્યાં થકી આવિયો રે**
**વળી જીવતો શેં સદા ચિંત એ રે.**
**બધું દુ:ખદાયી હરિનામ સત્ય**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્તદત્ત. ॥ ૬ ॥**

**નોંધ :** અહીં પહેલી અને બીજી પંક્તિમાંનો 'રે'નો પ્રયોગ પાદપૂરણ માટે, છંદ સાચવવા માટે છે.

**વિવરણ :-** ચિંતન ધન-ધાન્ય, પુત્ર-પત્ની, વાડી-વજીફાનું કરવાની જરૂર નથી. કારણ કે તે ક્ષણભંગુર છે. ઠીક છે; વ્યવહાર કાળે તે અંગે આવશ્યક વિચાર-વિમર્શ થાય; પરંતુ ચિંતન કરવામાં અમૂલ્ય જીવન ખોઈ નાખવું એ મૂઢતા-મૂર્ખતા છે. માણસે ખરું ચિંતન જે કરવાનું છે તે પોતાનાં આત્મતત્ત્વ = 'હું' કોણ છું - **Who am I ?** જીવનનાં તાત્વિક પ્રશ્નો છે; ભજનમાં બતાવ્યા છે - **કોણ જીવડા, ક્યાંથી આવ્યો, આખર જાવું ક્યાંય ? જીવતાં પ્રાણી શોધ કરી લે અંતર ઊજળું થાય (અ.આ. પૃ. ૧૯૪).** આ જીવ - જીવાત્મા છે શું ? આ પ્રશ્ન સમગ્ર વેદાંત શાસ્ત્રમાં કેન્દ્રવર્તી છે. તેના ઉત્તર શોધવાનું કામ શાસ્ત્રોએ કર્યું છે; પણ શાસ્ત્રોએ કે બીજા કોઈ સંત મહાત્માએ શોધેલા ઉત્તર મને વ્યક્તિ તરીકે ખપ લાગે તેમ નથી. દરેકે પોતે પોતાના ઉત્તર શોધવાના છે; તેથી ઉષ : પ્રાર્થનામાં પણ આ પ્રશ્નોથી શ્રી અવધૂતજી માણસને સભાન કરે છે :-

**કોણ તું જીવડા શેં થકી આવિયો,**
**મરણ પછી શી ગતિ જો વિચારી**
**આદિ ને અંતમાં નાહીં, તે મધ્યમાં**
**શેં હશે કાય તું જ આ વિકારી ?**

(ઉષ : પ્રાર્થના, પૃ.૨૦)

ખરી ખૂબી અહીં છે. ચિંતન શાથી કરવું આવશ્યક છે ? તો મારું આ શરીર જન્મ પૂર્વે ન હતું, મૃત્યુ પછી પણ નહીં જ હોય. હવે જે આદિ અંતમાં ન હોય તે મધ્યમાં હોઈ શકે ખરું ? જો હોય તો તે વિકારી જ હોય. એટલે કે છ વિકારવાળું હોય -

(૧) **जायते** - જન્મે-જન્મ લે આ પ્રથમ વિકાર છે. માતા-પિતાના રક્ત-રેતનો વિકાર.

(૨) **अस्ति** - છે. દેખાય, બોલે, હરે ફરે એવી હયાતિ.

(૩) **वर्धते** - વધે - ખોરાકના વિકારથી શરીર વધતું જાય.

(૪) **विपरिणमते** - એક અવસ્થામાંથી બીજી અવસ્થામાં પરિણમે. શિશુ-બાલ્ય-કૌમાર-યુવાન વગેરે.

(૫) **अपक्षीयते** - વૃદ્ધાવસ્થામાં ક્ષય શરૂ થાય. સૂકાવા માંડે.

(૬) **नश्यति** - છેવટે નાશ પામે, મૃત્યુ પામે.

મધ્યમાં જો આટલા બધા વિકારો થતાં હોય તો તે નથી એમ જ કહેવાય.

આમ, આ બધું જ **આર્ત** - દુઃખદાયી છે; માત્ર હરિસ્વરૂપ ત્રીશ- શ્રી દત્તનું નામ જ સત્ય છે. માટે : **સંતચરણમાં માથું મૂકી, નિત હરિનું ધર ધ્યાન (અ.આ. પૃ. ૧૯૪);** કારણ કે સદ્ગુરુ માણસને સાનમાં લાવે છે. એ રીતે હે ચિત્ત, તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કર. ॥ ૬ ॥

**સંગતિ :-** વ્યર્થતાની પ્રતીતિ પાયાની બાબત છે; તેથી હવે ધર્મ અને માર્ગની વ્યર્થતા દર્શાવે છે :-

**नाना धर्मा भ्रान्तिमूलाश्च सर्वे**
**ह्येकं सत्यं नाशवत्सर्वमन्यत् ।**
**नाना मार्गाः कष्ट मूलाश्च सर्वे**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ७ ॥**

**શબ્દાર્થ :- नाना** = અનેકવિધ, **धर्माः** = ધર્મો પંથ, **भ्रान्तिमूलाश्च** – **भ्रान्ति – मूलाः–च** = ભ્રાંતિ જેનાં મૂળમાં છે તેવા, **सर्वे** = બધા, **ह्येकं – हि एकं** = એક જ, **सत्यं** = સત્ય (છે), **नाशवत्सर्वमन्यत्** – **नाशवत् सर्वं अन्यत्** = બીજું (અન્ય) બધું જ નાશવત્ (છે), **नाना** = અનેકવિધ, **मार्गाः** = માર્ગો (છે), **कष्टमूलाश्च** – **कष्टमूलाः च** = પણ (અહીં **च**- 'પણ' ના અર્થમાં છે) એ મૂળે કષ્ટદાયી છે), **सर्वे** = બધા માટે હે આત્મસ્વરૂપ ચિત્ત તું શ્વાસે શ્વાસે શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૭ ॥

**ભમાવે જગે પંથ ઝાઝા અનેક**
**બધું નાશવત્ અન્ય છે સત્ય એક**
**વળી માર્ગ નાના અથાડે સમસ્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૭ ॥**

**વિવરણ :-** સમગ્ર સ્તોત્રનો પ્રારંભ વૃથા શબ્દથી થયો છે. માણસને પ્રાપ્ત જ્ઞાનેન્દ્રિયો (આંખ, કાન, નાક, સ્વાદ, સ્પર્શ)થી એને આ જગતનું સીધું પ્રત્યક્ષ જ્ઞાન થાય છે. સૂર્ય પૂર્વમાં ઊગતો દેખાય છે અને પશ્ચિમમાં આથમતો દેખાય છે. આંખે જોનાર માણસ માત્રની આ હજારો વર્ષથી દૃઢ થયેલી પ્રતીતિ **(Conviction)** હવે, વૈજ્ઞાનિકો એમ કહે કે ''સૂર્ય ઊગતો પણ નથી અને આથમતો પણ નથી તમે જેને પૂર્વ કહો છો એ પૂર્વ નથી, એને જ બીજા પશ્ચિમ કહે છે,'' તો આ વાત કોણ માને ? આવી તો અસંખ્ય પ્રત્યક્ષીકૃત **(Perceived)** પ્રતીતિઓ છે.

આવી પ્રતીતિઓને બદલવાનો ઉપક્રમ અવધૂતજીએ અહીં શરૂ કર્યો છે. શાસ્ત્ર, શસ્ત્ર, સ્નાન, ધ્યાન, યોગ-યાગ આ બધું સાચું લાગે છે, પણ એ વૃથા છે. અત્યાર સુધી વીતેલી જિંદગી બહુ સારી રીતે વીતી એવું લાગે છે, પણ વીતેલું જીવન વૃથા છે; એ સાચું નથી; એવું સમજાવ્યા પછી હવે થોડા વધારે ઊંડા ઊતરવા પ્રેરે છે - **અનેક પંથો અને માર્ગો પણ વૃથા** છે.

અહીં સંસ્કૃતમાં પ્રયોજેલા **ધર્મ** શબ્દ માટે ગુજરાતીમાં **પંથ** શબ્દ છે. એટલે સૌથી પહેલી સ્પષ્ટતા એ કરવાની કે **ધર્મ** ભ્રાંતિમૂલક નથી. ધર્મ એક જ છે. તે સ્પષ્ટ છે. **धारणात् धर्म उच्यते –** જે માનવમાત્રને ધારણ કરે તથા માનવમાત્ર જેને ધારણ કરે તે ધર્મ છે. જ્યારે **પંથ** એટલે સંપ્રદાય - **पंथः** - શબ્દ સંસ્કૃત **पथिन्**નું પ્ર.વિ.એ.વ.નું રૂપ છે. મૂળ **पथ्** - ધાતુ ગતિના અર્થમાં છે. **પંથ-સમ્પ્રદાય सम्प्रदीयते अनेन पारंपर्योपदेशः** - પરંપરાગત ઉપદેશ જેમાં અપાતો હોય તે અથવા **शिष्टपरम्परा अवतीर्ण उपदेश** - જે તે સમાજ (પછી એ સમાજ ગુરુઓ, સાધુઓનો પણ હોય) શિષ્ટ માન્ય વ્યક્તિઓએ પ્રસ્થાપિત કરેલી પરંપરાનો સમાજમાં ઊતરી આવેલો ઉપદેશ એટલે સંપ્રદાય-પંથ.

અત્યારે આવા સંપ્રદાયોની સંખ્યા, માત્ર ભારતમાં, વીસ હજારની છે. આ સંપ્રદાયો **ભમાવનારા - ભ્રાંતિમૂલક** છે. એમાં ભ્રાંતિનું તત્ત્વ કયું છે ? તેમાં ભ્રાંતિઓ અનેક પ્રકારની છે; જેમ કે :-

- શ્રી અવધૂતજીએ કહ્યું છે : **મુંડને મોક્ષ એ સૂત્ર સોંઘું થયું** (ઉ.પ્રા. ૧૨) તથા **આપપંથી બધા... દેવને ભૂલિ મંદિર પૂજે (એજન).** આ ભ્રાંતિ છે. માણસોને મંદિર-મંદિર ભમતા કરી દીધા. ચેલાઓ મુંડવાનું ષડયંત્ર ચાલ્યું. આત્માને ઓળખવાની વાત જ ના રહી.
- આત્મ-બોધ બાજુ પર રહી જાય વસ્તુતઃ પરબ્રહ્મ પરમાત્મા કણ-કણમાં વ્યાપ્ત છે એ જોવાની દૃષ્ટિ પ્રાપ્ત કરવાને બદલે -

**પ્રેતને પ્હાણને પૂજી પાખંડને**
**પોટલાં પાપનાં કેમ છૂટે ?**
**વ્હેમ-બાધા થકી બોધ થાયે નહીં,**
**બોધ વિણ બંધ જનિ કેમ તૂટે**
(ઉષ : પ્રાર્થના. પૃ. ૧૩)

પ્રેતની પૂજા, પથ્થરની પૂજા અને પાખંડની પૂજા, વ્હેમ અને બાધા-આખડીથી આત્મબોધ થાય નહીં અને બોધ વિના જન્મ-બંધન તૂટે નહીં.

આવી ભ્રાંતિમાં ભમાવનારાં આ પંથો-સંપ્રદાયો છે; જ્યારે વાસ્તવિકતા એક જ છે. આ બધું નાશવંત છે; પરમાત્મા અને તેનું નામ માત્ર સત્ય છે.

એક બાજુ પંથો-સંપ્રદાયો છે તો બીજી બાજુ નાનાવિધ માર્ગો છે. અહીં સામાન્યતયા પંથ-પથનો અર્થ થાય છે તો માર્ગ-રસ્તો જ; પરંતુ અહીં પંથ-સંપ્રદાયના અર્થમાં છે. પુષ્પદંત કૃત પ્રસિદ્ધ **મહિમ્ન** સ્તોત્રમાં **रुजुकुटिलनानापथजुषाम्** - સરળ અને વાંકા અનેક માર્ગે જનારાઓમાં ... વગેરેમાં પથ શબ્દનો પ્રયોગ અહીં પ્રજાયેલા માર્ગ માટે પ્રયોજાયો છે.

**માર્ગ** એટલે એક તો **मार्ग्यते संस्क्रियते पादेन** - ચાલવા માટે પગથી જેનો સંસ્કાર કરાય - કેડી બનાવાય તે કેડી-રસ્તો તથા બીજો અર્થ - **मृग्यते – गमनाय अन्विष्यते** - કશેક જવા (પહોંચવા) માટે શોધવામાં આવે તે - અન્વેષણ - માર્ગણ. જોકે પંથ-સંપ્રદાય અને માર્ગ-પ્રસ્થાનમાં મોટો તફાવત નથી. સમ્પ્રદાયમાં પરંપરાગત ઉપદેશનું અનુયાયીઓ પર થતું સહેતુક

મતારોપણ અથવા **સિદ્ધાન્ત-આરોપણ (indoctrination)** છે; જ્યારે માર્ગમાં કોઈ એક જ ધ્યેય સુધી પહોંચવાની **વિચારધારા** અથવા **વિચારસરણી (School of thought)** છે. જેમ કે જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, ભક્તિમાર્ગ, યોગમાર્ગ પ્રસિદ્ધ છે. તો વળી, **મહિમ્ન**માં પાંચ માર્ગ બતાવ્યા છે - **त्रयी सांख्यं योगं पशुपतिमतं वैष्णवमिति (શ્લો.૭)** અર્થાત્ ત્રયી-ત્રણ વેદ-ઋક્, યજૂસ્, સામ. સાંખ્યમત, યોગમત, પશુપતિમત, વૈષ્ણવમત એ પાંચ માર્ગ **રુજુકુટિલ** - કેટલાક સીધા તો કેટલાક વાંકા. આ માર્ગો કેવા છે એનો નિર્દેશ આગળ **શ્લોક ૩૭-૩૮**માં આવશે.

આ માર્ગો **कष्टमूलाः** = કષ્ટ વેઠવું પડે તેવા અર્થાત્ **અથાડે** - માર્ગ શોધનારને અથડાવી મારે, જેમ શસ્ત્ર-શાસ્ત્ર કુટાવી મારે તેમ આ માર્ગો અથડાવી મારે. ઉપર જે જ્ઞાન, કર્મ, ભક્તિ માર્ગ બતાવ્યા છે તે ત્રણેયનો સમાવેશ પુણ્યશ્લોક કવિ મહામના પુષ્પદંતે **મહિમ્ન** સ્તોત્રમાં સૂચવેલા પાંચ પ્રસ્થાન માર્ગમાં થઈ જાય છે; તેથી એ પાંચ માર્ગોનો સંક્ષિપ્ત પરિચય અહીં મેળવી લેવો જરૂરી :-

**(૧) ત્રયી :** વેદમાર્ગ. ઋક્, યજુસ્, સામ, અર્થવ એ ચાર વેદ, તેનાં છ અંગો, ચાર ઉપાંગો, ચાર ઉપવેદ મળીને કુલ અઢાર વિદ્યાનો સમાવેશ **ત્રયી**માં થાય છે. વેદો અનાદિ, પરબ્રહ્મના શ્વાસ સ્વરૂપ - અપૌરુષેય છે. તેમાં કર્મકાંડ અને જ્ઞાનકાંડ એવા મુખ્ય બે ભાગ છે. કર્મકાંડમાં ઉપાસનાનો સમાવેશ થઈ જાય છે. વર્ણાશ્રમને વિહિત કર્મ કરવાથી ચિત્ત શુદ્ધ થાય, ચિત્ત શુદ્ધ થતાં વૈરાગ્ય અને તત્ત્વજ્ઞાનની જિજ્ઞાસા થાય એ આ માર્ગનું પાયાનું ગૃહીત **(assumption)**. પૂજનીય સ્વામી મહારાજશ્રી (શ્રી વાસુદેવાનંદ સરસ્વતી) અને પૂજનીય અવધૂતજીનાં સમગ્ર કર્તૃત્વના પાયામાં આ ગૃહીત છે. વેદનો જ્ઞાનકાંડ ઉપનિષદોમાં પથરાયેલો છે.

શ્રી ગુરુમુખથી તેનું અર્થયુક્ત શ્રવણ થતાં જગત, જીવ અને ઈશ્વર (શ્રી દત્ત)નું સ્વરૂપ સમજાય છે. ઉપાસનાનું સંયોજન આ તત્ત્વજ્ઞાનને દૃઢ કરે છે. (ગુરુલીલામૃતના ઉપાસનાકાંડનો આ સાર છે.) સંશય-વિપર્યયરહિત તત્ત્વબોધ મનુષ્યને જન્મ-મરણથી મુક્ત કરાવે છે. એનું નામ મુક્તિ અથવા મોક્ષ. અધિકારીને શ્રી ગુરુમુખથી વેદપ્રતિપાદિત જ્ઞાન થાય છે તે આ પ્રમાણે છે : આ જગત આખુંય નશ્વર છે - માત્ર દેખાવા પૂરતું જ છે; અને તેનાં મૂળ રૂપે આકાશતુલ્ય, સૂક્ષ્મ, સર્વવ્યાપી, અનંત, અવિનાશી, જ્ઞાનમય તત્ત્વ છે. એમાં જ આ જગત અવલંબી રહ્યું છે; તેમાં જ લય પામે છે. આ જે પરમતત્ત્વ **(untimate reality)** તે જ બ્રહ્મ-પરબ્રહ્મ, આત્મા-પરમાત્મા, ઈશ્વર સ્વરૂપ ભગવાન શ્રી દત્તાત્રેય છે. શ્રી અવધૂતજી વિરચિત પ્રસ્તુત શ્રી દત્તનામસ્મરણની આ મુખ્ય સ્થાપના **(Thesis)** છે. આપણે અહીં અટકી જઈએ છીએ, કારણ કે પછી જબરજસ્ત મોટી **અથડામણ** છે.

**(૨) સાંખ્યમત :** સાંખ્યશાસ્ત્રના પ્રણેતા ભગવાન કપિલ મુનિ (એટલે લૌકિક દૃષ્ટિએ ભગવાન શ્રી દત્તાત્રેયના સગા મામા). તેમણે જગતનાં **પુરુષ** અને **પ્રકૃતિ** એવાં બે તત્ત્વો માન્યાં છે. પુરુષ - શ્રી દત્તાત્રેય શુદ્ધ, નિષ્ક્રિય, નિર્ગુણ છતાંય અનંત છે. બ્રહ્માથી માંડી ઝીણામાં ઝીણા કીટ પર્યંતના આત્મા-જીવાત્મા આ પુરુષ છે. તેથી જ શ્રી અવધૂજી **'અંદર ગોતા લગાવ પ્યારે !' (અ.આ. પૃ. ૧૭૭)** અંદર ડૂબવાની વિનંતી કરે છે. પ્રકૃતિના યોગથી જ પુરુષ સર્વક્રિયા કરે છે. પ્રકૃતિ ત્રિગુણાત્મિકા

સત્ત્વ, રજસ્, તમસ્‌વાળી છે. મન, બુદ્ધિ, અહંકાર, ભૂતો તેના વિકારો છે. એ વિકારો પુરુષના યોગથી જ થાય છે. પુરુષ (આત્મા) પ્રકૃતિ (માયા)ના યોગથી જ બદ્ધ થાય છે અને સંસાર-દુઃખ ભોગવે છે. તે પોતાનું ખરું સ્વરૂપ ઓળખે અને કર્મથી મુક્ત થાય એટલે તેનો મોક્ષ થયો કહેવાય. બસ, આ માર્ગે આપણે અહીં અટકી જઈએ. અવધૂતજીએ પણ આટલું જ **સાંખ્ય** ખપમાં લીધું છે. પછી માર્ગ છે પણ અથડામણ છે.

(૩) **યોગમત :** ભગવાન પતંજલિ આના આદિ પ્રણેતા. અહીં પણ પ્રકૃતિ અને પુરુષ બે તત્ત્વ તથા પ્રકૃતિના અધિષ્ઠાતા તરીકે ઈશ્વર. ચિત્તવૃત્તિનો નિરોધ એ યોગ અને એ જ મોક્ષનું સાધન. તે સાધવા માટે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ અષ્ટાંગ - આઠ અંગની સાધના. આ સાધના અલબત્ત ગુરુગમ્ય છે છતાંય કઠિન છે. આની સાથે જ **હઠયોગ**ની સાધના પ્રમાણમાં દુષ્કર છે. આપણે તેની વિશેષ ચર્ચા અહીં કરતા નથી છતાંય અષ્ઠાંગ યોગની સાધના કોઈપણ મતના તર્ક-વિતર્કથી પર છે.

(૪) **પાશુપતમત :** આ મત - માર્ગમાં જીવને **પશુ** સંજ્ઞા તથા તેના નિયંતા ઈશ્વરને **પશુપતિ** સંજ્ઞા અપાઈ છે. ભગવાન પશુપતિ=શિવજી પ્રોક્ત આ દર્શન ઘણું વિશાળ, તેના અનેક ભેદ તથા તેનું સ્વતંત્ર શાસ્ત્ર છે. **પાશબદ્ધ** જીવને **પાશમુક્ત** શિવમાં એટલે કે **જીવની શિવમાં** રૂપાંતરની પ્રક્રિયા ઘણી વિશદ. આપણા યુગમાં ભગવાન રજનીશ - **ઓશોએ** શિવસૂત્રો પર બાર પુસ્તક ભરાય એટલાં પ્રવચનો કર્યાં છે.

**(૫) વૈષ્ણવમત :** આ માર્ગ પ્રાચીન છે. વ્યાસ-નારદ-શાંડિલ્ય આદિએ આ **પાંચરાત્ર** માર્ગની સ્થાપના કરી. માર્ગ ઘણો પ્રબળ અને સમસ્ત ભક્તિમાર્ગનાં મૂળ તેમાં રહેલાં હોઈ શ્રી અવધૂતજીએ **"વ્યાસશાંડિલ્ય ગમ કોણ દોડે ?" (ઉ.પ્રા. પૃ. ૧૨)**[૫]. આ મત પ્રમાણે ભગવાન વાસુદેવ સર્વનું મૂળ કારણ, તેનાથી સંકર્ષણ નામે જીવ ઉત્પન્ન થાય, જીવથી પ્રદ્યુમ્ન નામે મન અને મનથી અનિરુદ્ધ નામે અહંકાર ઊપજે છે. ઘણું વિશદ અને પ્રબળ એવું વૈષ્ણવ તંત્ર છે.

ટૂંકમાં આ બધા પંથો, માર્ગો અને મતોના તાત્ત્વિક વિશ્લેષણના અંતે મુખ્ય બે માર્ગો ઉપસી આવે - **દક્ષિણ માર્ગ** અને **વામમાર્ગ.** આ માર્ગો **નાશવંત્-નાશવાન** અને સાધકને **અથડાવી** મારનારા **કષ્ટદાયી** છે; એમ કહી પરમતત્ત્વ સ્વરૂપ **ભગવાન શ્રી દત્તાત્રેય** એકમાત્ર **સત્ય** છે. માટે હે આત્મન, હે ચિત્ત ! તું પ્રતિશ્વાસ દત્તનામનું સ્મરણ કર.

**જપી લે હરિનું નામ રસાળ, સ્મરી લે સુંદર રૂપ વિશાળ**
**જેથી નડે ન આ કળિકાળ.**
**સઘળે એહ જ રંગ નિહાળ, બીજો ઝઘડો વ્યર્થ અસાર**
**અંધાને રવિનો શો ખ્યાલ ?**

(અ.આ. પૃ.૫૯-૬૦)

ઉપર જે માર્ગોનો પરિચય આપ્યો છે એ માર્ગો **વ્યર્થ અસાર એવા ઝઘડાથી** ભરેલા છે; જે સૂર્ય સ્વરૂપ પરમતત્ત્વને જોઈ જ નથી શકતા એમણે સૂર્યની મીમાંસાઓ કરી છે. ॥ ૭ ॥

**સંગતિ :-** કારણ કે તથ્ય શ્લોક-૦૭માં કહ્યું એવું સ્પષ્ટ છે; માટે દિવસનો એક પણ સમય ખંડ વ્યર્થ ન જાય તે માટે સભાન કરે છે :-

**૫.** આના વિશદ, સ્પષ્ટીકરણ માટે જુઓ - **રંગ-પ્રશ્નોત્તરમાલા - એક વિવરણ** પૃ.૪૨થી ૪૬ તથા પૃ. ૬૯થી ૭૨

**प्रातः पूर्वाह्ले पराह्ले च सायं**
**रात्रावेवं पूर्वरात्रे निशीथे ।**
**प्रत्यूषेऽपि त्रीशमेकं वदार्भ**
**श्वासे श्वासे दत्तानाम स्मरात्मन् ॥ ८ ॥**

**શબ્દાર્થ :- प्रातः** – પ્રભાત, **पूर्वाह्ले** - બપોર પૂર્વેનો સમય **(forenoon)**, **च** - અને, **पराह्न** - અપરાહ્ન **(afternoon)**, **सायं** - સાંજે, **रात्रावेवं–रात्रौ एवं** - તેમ રાત્રે, **पूर्वरात्रे** - રાતના પૂર્વ ભાગે, **निशीथे** - મધ્ય રાત્રે, **प्रत्यूषेऽपि – प्रत्यूषे अपि** = પરોઢિયે પણ, **त्रीशमेकं** = **त्रीशं एकं** - એકમાત્ર ત્રીશ (શ્રી દત્તાત્રેય)ને, **वदार्भ – वद – अर्भ** = બોલ-હે બાળક ! તું તારા પ્રતિશ્વાસે શ્રી દત્તનામનું સ્મરણ કરી લે. ॥ ૮ ॥

**સ્હવારે બપોરે વળી તેમ સ્હાંજે**
**વળી રાતમાં મધ્યરાતે ય સહેજે.**
**પરોઢે ય ઊઠી તથા એક તાત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્તદત્ત ॥ ૮ ॥**

**વિવરણ :-** પહેલી વાત તો એ છે કે પૂર્વે જેને મૂઢ કહીને સંબોધન કર્યું છે; તેને માટે અહીં સંસ્કૃતમાં **अर्भ = હે બાળ !** અને ગુજરાતીમાં **તાત - હે પુત્ર !** શબ્દ પ્રયોજ્યો છે. માતા પ્રેમ-વહાલથી બાળકને બોલવા પ્રેરે, બોલતાં શીખશે - બેટા બોલ, તેમ અહીં **त्रीशं એકં વદ -એક માત્ર ત્રીશ એમ બોલ**-બોલતાં શીખવે છે.

ચોવીસ કલાકના દિવસના આઠ ભાગ - આઠ પહોર છે :- **પ્રાતઃ - સવાર** - સૂર્યોદયથી શરૂ કરી ત્રણ કલાક (આશરે છથી નવ વાગ્યા સુધી) **પૂર્વાહ્ન** - નવથી બારનો સમય, બારથી એક મધ્યાહ્ન, **અપરાહ્ન**- - બારથી ત્રણ, **સાયં** ત્રણથી છ(૬), **પૂર્વરાત્રિ** - છથી નવ, **રાત્રિ** - નવથી બાર, **નિશીથ** - બારથી ત્રણ, **પ્રત્યૂષ** - પરોઢ-ત્રણથી છ આવી કાળ-ગણના છે. આ આઠેય પહોર એક માત્ર **ત્રીશ** - બ્રહ્મા-વિષ્ણુ-મહેશ એમ બોલ.

સાતમાં શ્લોકમાં પંથો અને માર્ગોની વ્યર્થતા બતાવ્યા પછી લાગલા જ આઠમા શ્લોકમાં આઠે પહોર શ્રી દત્તનામસ્મરણની યાદ તાજી કરવાનું કારણ એ છે કે, ઉપર્યુક્ત માર્ગોના રવાડે ચડી ન જવાય તેની કાળજી રાખવાની છે. આ માર્ગો વસ્તુતઃ ચેલા મુંડનારા છે :-

**ગુરુતણો રાફડો ચોદિશે ફાટિયો**
**જેહને જે ગમે તેને મુંડે,**
**મુંડને મોક્ષ એ સૂત્ર સોંઘું થયું...**
(ઉ.પ્રા. પૃ.૧૨)

બધા પંથો અને માર્ગો ગુરુકેન્દ્રી છે. એમાં ફસાતા બચવા માટે સાવધાની રાખવાની છે. એ જ રીતે નામસ્મરણનો અભ્યાસ જેમ જેમ વધતો જાય, તેમ તેમ કર્મમાર્ગ-ભક્તિમાર્ગ આદિમાં સૂચવેલી ચિત્તશુદ્ધિ આપોઆપ, કોઈ પણ પ્રકારના ક્રિયાકાંડ, યુક્તિ-પ્રયુક્તિ યોજ્યા વિના સિદ્ધ થાય છે. માટે હે બાળક તું આઠે પહોર શ્રી દત્તનામ સ્મરણ કર. ॥ ૮ ॥

**સંગતિ :-** ઉક્ત આઠ પહોર દરમિયાન થતી મનોશારીરિક ક્રિયાઓ દરમિયાન પણ એકમાત્ર ત્રીશનું જ ચિંતન કરવાનું કહે છે :-

**स्नाने पाने भोजने यान काले**
**कार्येऽकार्ये ह्युत्थितं चोपविष्टम् ।**
**सुप्तौ स्वप्ने चिन्तय त्रीशमेकं**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ९ ॥**

**શબ્દાર્થ :- स्नाने** - સ્નાન કરતાં, **पाने** - પાણી વગેરે પીતી વખતે, **भोजने** - જમતાં જમતાં, **यानकाले** - જતાં-આવતાં, **कार्येऽकार्ये– कार्ये अकार्ये** - કશુંક કરતાં હો ત્યારે કે કશું ન કરતા હો ત્યારે, **ह्युत्थितं – हिउत्थितं =** ઉઠતાં - ઊભતા **चोपविष्टम् चउपविष्टम् =** તો વળી બેસતાં, **सुप्तौ** – ઊંઘતા હો ત્યારે, **स्वप्ने** - સ્વપ્નમાં પણ, **चिन्तय** - (હે બાળ) ચિંતન કર, **त्रीशमेकं– त्रीश एकं** -એક માત્ર ત્રીશ - શ્રી દત્તનામનું શ્વાસે શ્વાસે સ્મરણ કર. ॥૯॥

**જતાં આવતાં સ્નાન કે ખાનપાને**
**વળી ઊઠતાં બેસતાં કામટાણે**
**સદા ઊંઘતાં તેમ સ્વપ્નેય મસ્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ થ્હે ચિત્ત દત્ત. ॥ ૯ ॥**

**વિવરણ :-** આઠેય પહોર દત્તનામ સ્મરણ કરવું એનો અર્થ એવો ન થવો જોઈએ કે આઠેય પહોરની પહેલી દસ મિનિટ અને છેલ્લી દસ મિનિટ એમ ૨૦×૮=૧૬૦ મિનિટ દત્તનામ સ્મરણ કરીએ તો પતી ગયું. આવું ગણિત આપણે ન ગણીએ તે માટે આઠેય પહોરમાં થતી ક્રિયાઓ અહીં ગણાવી છે. જવું-આવવું, સ્નાન, ખાવું, પીવું, ઊઠવું-બેસવું આ બધી શારીરિક ક્રિયાઓ, એ ક્રિયાઓ કરવાના અભ્યાસને કારણે શરીર એની મેળે કરતું હોય છે. ત્યાં સુધી કે વાહનનું ડ્રાઈવિંગ પણ શરીર એની મેળે કરતું હોય છે. હાથ અને પગ આપોઆપ ગિયર અને એક્સિલરેટર પર કામ કરતા હોય છે. આમ થાય છે તે મનોવિજ્ઞાનના સિદ્ધાંત પ્રમાણે થાય છે - **અભિસંહિત પ્રતિચાર (Conditioned Reflexaction)**ના સિદ્ધાંત પ્રમાણે બ્રેટ લીના હાથમાંથી ૧૫૧ કિ.મી. ઝડપે છૂટતા બોલની સામે સચિન તેંડુલકરનું બેટ એની મેળે વીંઝાતું હોય છે. શરીર-મનના સંયોજનની જરૂર નવું કૌશલ શીખતી વખતે તત્પૂરતી જ છે; જેવું ચાલતાં આવડી ગયું કે તરત મન ત્યાંથી ખસી બીજી રવાડિયે ચડી જાય છે. ત્યાં સુધી કે આ લખાણ વાંચનારની આંખ વાંચવાનું કામ કરતી હશે, પાના-પર પાના ફરતાં જશે ને મન ક્યાંય છટકી ગયું હશે !! (બોલો - સાચી વાત છે ને ?) અવધૂતજીએ આ મુદ્દો પકડીને આ વાત કરી છે :- તારા પગ જવાનું કામ કરશે, નહાવાનું, ખાવાનું વેપાર-ધંધાનું કામ થશે તું તારે દત્તનામનું સ્મરણ ચાલુ રાખ. આ જ શ્લોકનું વિસ્તૃત નિરૂપણ સુંદર ગેય ભજનમાં કર્યું છે :-

**દત્ત દિગંબર એક અધારા, યહ બિન જગમેં નહિ નિસ્તારા... ટેક**
**ઉઠત દત્તહિ બૈઠત દત્ત, ચલતે ફિરતે સુમરો દત્ત... દત્ત. ૧.**
**જાગત દત્તહિ સોવત દત્ત, સુપને માંહિ સુમરલો દત્ત... દત્ત. ૨.**
**ખાવત દત્તહિ પીવત દત્ત, ઠૌર કઠૌર સુમરલો દત્ત... દત્ત. ૩.**
**જહાઁ દેખો વહાઁ દત્ત હિ દત્ત, તપસી ! દૂજો રંગ ન દત્ત... દત્ત. ૪.**
(અ.આ. પૃ.૪)

કેમ શ્રી દત્તનામ સ્મરણ કરવાનું છે ? એનું કારણ આ ભજનમાં આપ્યું છે. એ જ એક માત્ર આધાર છે - અવલંબન છે. એવું અવલંબન જે લીધા પછી બીજા કોઈ અવલંબન-આધારની જરૂર રહેતી જ નથી. એ સિવાય બીજો કોઈ **નિસ્તાર=ઉપાય** છે જ નહીં. માટે શ્રી દત્તનામનું સ્મરણ કર એમ કહ્યું છે. ॥ ૯ ॥

**સંગતિ :-** હવે, નામ સ્મરણમાં બાધક એવાં બે તત્ત્વોથી સાવધ કરી, તેને ત્યજવાનો અનુરોધ (આગ્રહ) કરે છે :

**त्यकत्वालस्यं तामसं पापमूलं**
**जन्माभ्यासं राजसं कर्म सर्वम् ।**
**भक्तिप्राप्यं त्रीशमेकं प्रायाहि**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ १० ॥**

**શબ્દાર્થ :- त्यकत्वालस्यं – त्यकत्वा आलस्यं** = આળસ છોડીને, **तामसं** = તમોગુણી, **पापमूलं** = પાપનાં મૂળ સ્વરૂપ, **जन्माभ्यासं** = અનેક જન્મ લેવડાવવાના અભ્યાસ (ટેવ)વાળા = જન્મદાયી, **राजसं** = રજોગુણી, **कर्म** -કર્મ, **सर्वम्** = સકલ, **भक्तिप्राप्यं** – ભક્તિથી પ્રાપ્ત થનાર, **त्रीशमेकं** - એકમાત્ર ત્રીશ - શ્રી દત્તપાદ, **प्रयाहि** – વિધિપૂર્વક જા=ગ્રહણ કર, એ રીતે હે ચિત્ત, પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરણ કર. ॥ ૧૦ ॥

**ત્યજી પાપનું મૂળ આલસ્ય ભાઈ**
**વળી રાજસી કર્મ જે જન્મદાયી**
**ગ્રહે એક ભક્તિથી તે દત્તપાદ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૧૦ ॥**

**વિવરણ :-** ભગવન્નામ સ્મરણ એકદમ સરળ છે. મોટે ભાગે ભગવન્નામ બે અક્ષરના જ શબ્દ છે - રામ, કૃષ્ણ, શિવ, હરિ, દત્ત, અંબા, પ્રભુ, ગુરુ જેવા સરળ શબ્દોનું ઉચ્ચારણ કરવાનું તત્ત્વતઃ જરાય મુશ્કેલ નથી. એટલું જ નહીં, પણ અજાણતાં, અભાનપણે, બેધ્યાનપણે પણ નામ સ્મરણ થાય તો તેનું માહાત્મ્ય અદ્ભુત છે. સંત તુલસીદાસજી કહે છે :-

**राम राम कहि जे जमुहाहीं ।**
**तिन्हहि न पापपुंज समुहाहीं ॥**

અર્થાત્ જે માણસ બગાસું ખાતાં ખાતાં ''હે રામ'' એમ બોલી જાય તેને પાપોનો મોટો સમૂહ સ્પર્શી શકતો નથી. આટલું સરળ હોવા છતાંય માણસ બધું જ કરી શકે છે; માણસ શું નથી કરી શકતો ? માત્ર ભગવાનનું નામ લઈ શકતો નથી; આ નક્કર હકીકત છે.

શું કારણ છે ? આ શ્લોકમાં તેનાં બે કારણ બતાવ્યાં છે. પહેલું કારણ છે - **આળસ.** આ આળસ બધાં જ પાપનું મૂળ છે; તેથી આળસ વિશે કહેવાયું છે - **आलस्यं हि मनुष्याणां शरीरस्थो महान् रिपुः** = માણસોનાં શરીરમાં રહેલી આળસ તેમનો મહાન શત્રુ છે. શ્લોક ત્રીજામાં કુલ નવ શત્રુઓની વાત કરી છે. અહીં આ આળસરૂપ દસમાં શત્રુની વાત કરી છે. આળસનું સ્વરૂપ **(Nature)** કેવું છે ? તેનાં બે સ્વરૂપ લક્ષણો આપ્યાં છે - **તામસી** - તમો ગુણવાળી તથા પાપમૂલ = પાપનાં મૂળવાળી.

આ જ વાત **રંગ પ્રશ્નોત્તરમાલા** તેરમાં શ્લોકમાં જુદી રીતે કરી છે. અહીં પાપનાં મૂળ તરીકે ઓળખાવી છે ને ત્યાં પાપનાં લક્ષણ તરીકે ઓળખાવી છે, પ્રશ્ન કર્યો છે - **किं पापं तु ?** પાપ શું છે ? ઉત્તર આપ્યો છે

- आलस्यं – આળસ. આ મુદ્દાની ખૂબ વિશદ ચર્ચા **રંગપ્રશ્નોત્તરમાલા - એક વિવરણ (પૃ.૯૪થી ૯૮)**માં કરી છે; માટે અહીં તેનું પુનરાવર્તન કરતાં નથી. સુજ્ઞ-જિજ્ઞાસુ વાચકે એ જોઈ-વાંચી લેવું. આજ વાત **ઉષઃ પ્રાર્થના**માં આ રીતે કરી છે :-

**ઊઠને મૂઢ આલસ્ય નિદ્રા ત્યજી,**
**સમરી લે શ્રીહરિ ભાવભૂખ્યા... (પૃ. ૩૧)**

આમ, એક બાધક છે તમો ગુણ અને બીજું રજોગુણ એટલે કે, માણસને જન્મોના ફેરામાં ફેરવવાના અભ્યાસ (ટેવ)વાળાં રજોગુણી કર્મ ગીતામાં કામને **रजोगुणसमुभ्दवः (૩/૩૭)** અર્થાત્ રજોગુણથી ઉત્પન્ન કામ = વિષયોના ઉપભોગની પ્રબળ ઈચ્છા રૂપે નિરૂપ્યો છે. એ જ સંસારનું કારણ છે. રજોગુણથી ઉત્પન્ન રજનો ગુણ તે **રાગ** છે; અર્થાત્ મનને રંજન કરાવનારી ઉપભોગ સંબંધી ઈચ્છા, ઉપભોગની વસ્તુ (જેમકે - સ્ત્રી, શરાબ, નાણાં) સામે આવતાં કામ ઉત્પન્ન થાય. તેથી જ્ઞાનીજનોએ કહ્યું છે તે પ્રમાણે :- **''પ્રજ્ઞા સાત્ત્વિકી છે; વિચિત્તતા = બેહોશી તામસી છે તથા ક્રિયા રાજસી છે''.**[૬] આ કથન પ્રમાણે **ક્રિયા** રજોગુણ છે; તેની ઉત્પત્તિ જેનાથી થાય છે તે **રજોગુણ સમુદ્ભવકામ** જ પ્રવૃત્તિનો હેતુ - મૂળ કારણ છે, જેને માટે અહીં અવધૂતજીએ **રાજસી કર્મ** શબ્દ પ્રયોજ્યો છે. એવા રાજસી કર્મ એટલે ગીતામાં કહ્યા પ્રમાણે - **''यत्तु कामेप्सुना कर्म...'' (૧૮/૨૪),** અર્થાત્ જે કર્મ ખૂબ પરિશ્રમયુક્ત હોય, ભોગવવાની આકાંક્ષાવાળા, અહંકારી દ્વારા આચરવામાં આવતાં કર્મ રાજસી છે.[૭] એવાં કર્મ બંધનરૂપ હોઈ માણસને જન્મ-મરણનાં ચક્કરમાં ફસાવનારાં હોઈ, અહીં શ્લોકમાં **ત્યજવાનું** કહ્યું. એ કર્મો અને આળસ ત્યજી ભક્તિથી શ્રી દત્તના ચરણ પકડ એમ ગુજરાતીમાં કહ્યું છે; જ્યારે સંસ્કૃતમાં **भक्ति प्राप्यं** = ભક્તિથી પ્રાપ્ત થનાર અર્થાત્ કર્મથી પ્રાપ્ત ન

---

૬. **श्रीमद्‌भगवद्गीता** – शंकरानन्दीटीका, दिल्ली, पृ. 200

૭. गीता – तत्त्वविवेचनीटीका, गीताप्रेस, पृ. 627

થતાં જેની પ્રાપ્તિ ભક્તિથી જ શક્ય છે, એવા **એકમાત્ર ત્રીશ - શ્રી દત્ત**ના પાદ ચરણ ગ્રહે=ગ્રહણ કર એમ ગુજરાતીમાં કહ્યું છે; જ્યારે સંસ્કૃતમાં **પ્રયાહિ = વિધિપૂર્વક-સંકલ્પપૂર્વક** જા એમ કહ્યું છે.

ત્રીશ-ભગવાન શ્રી દત્તાત્રેય ભક્તિપ્રાપ્ય છે; અર્થાત્ એક ભજનમાં કહે છે તેમ :-

**ભક્તિથી ચિતડું ખેંચાતા હરિગમ, વિષયૈષણા જાય નાસી**
**વાસના વામતાં આપે હરિ ભાસે ! મરે મન દ્વૈત વિલાસી**
**ભક્તિ-વિભક્તિ નાશિની સ્હેજે, શેષે એ રંગ ઉદાસી**
**ભક્તિની મુક્તિ છે દાસી.**
(અ.આ. પૃ. ૧૪૬)

ભક્તિથી ત્રીશનાં ચરણ પકડતાં જ વિષય-એષણા-ઉપર જેની વાત કરી તે રાજસી કર્મ ખતમ થાય અને એ વાસનાઓનું વમન (ઊલટી) થતાં જ હરિ પોતે જ દેખાવા માંડે, દ્વૈત-વિલાસી-જગતના દ્વૈતમાં રમમાણ મન મરે. આમ, પ્રભુની સાથેની વિભક્તિ = વિયોજનનો નાશ કરનારી ભક્તિથી માણસ જન્મમરણનાં દુ:ખમાંથી મુક્ત થાય એ આ શ્લોકનું ગૂઢ તાત્પર્ય છે. માટે હે ચિત્ત, હે આત્મન, તું તારા શ્વાસે શ્વાસે શ્રી દત્તનામનું સ્મરણ કરી લે એમ કહું છું. ॥ ૧૦ ॥

**સંગતિ :** જીવનની એક બીજી વાસ્તવિકતા દર્શાવે છે - કશું સાથે આવતું નથી, બધું અહીંનું અહીં જ રહે છે :-

**वित्तं भूमावश्वयानादि गोष्ठे**
**मैत्रं मार्गे बान्धवादि स्मशाने ।**
**देहो वह्नौ देहलिस्थं कलत्रं**
**श्वासे याते कोऽपि सार्धं न याति ॥ ११ ॥**

**શબ્દાર્થ : वित्त** - ધન, **भूमावश्वयानादि – भूमौ अश्व–यान आदि** – ભૂમિમાં, અશ્વ-યાન વગેરે, **गोष्ठे** – કોઢમાં, **मैत्रं** – મિત્ર (મિત્રતા),

**मार्गे** – માર્ગમાં (ફરે), **बान्धवादि – बान्धव आदि** – સગાંવહાલાં, **स्मशाने** – સ્મશાનમાં, **देह** – શરીર (તનુ), **वह्नौ** – અગ્નિમાં (દેવતામાં), **देहलिस्यं** – દ્વારે (ડેલીએ), **कलत्रं** – ભાર્યા - પત્ની, **श्वासे** – શ્વાસ, **याते** - જતાં (જાય ત્યારે), **कोऽपि–कः अपि** – કોઈપણ, **सार्धं** – સાથે, **न याति** – ન આવે. ॥ ૧૧ ॥

**રહે ભૂમિમાં વિત્ત અશ્વાદિ ગોષ્ઠે**
**ફરે મિત્ર માર્ગે સ્મશાને સગાં તે.**
**તનુ દેવતામાં દુવારે કલત્ર**
**જતાં શ્વાસ કોઈ ન આવે પરત્ર ॥ ૧૧ ॥**

**વિવરણ :** બધું મૂકીને જવાનું છે; કોઈ સાથે આવતું નથી એ આ જીવનની નક્કર વાસ્તવિકતા છે. સામાન્ય માણસ મરે તો એની સાથે કશું ન જાય એ તો સમજાય, પણ મોટા મોટા માંધાતા, મહિપતિ, સત્યયુગના અલંકાર સ્વરૂપ દેહધારી ભગવાન રામ, ભગવાન કૃષ્ણ જેવા પણ જ્યારે લીલા સંકેલી સ્વધામ ગયા ત્યારે સાથે કોઈ ન ગયું.

આપણે ત્યાં જ્યારે નાણાં સાચવવાની બેંકો જેવી સગવડ ન હતી ત્યારે એટલે કે શ્રી અવધૂતજીએ આ બધું રચ્યું ત્યારે, ઈ.સ. ૧૯૨૬ પૂર્વે લોકો ધન જમીનમાં દાટી રાખતા. ઘરના વડીલ મરી જાય ત્યારે પઈ-પૈસો કરીને, ધાઈ-ધૂતીને કમાયેલું એ ધન જમીનમાં જ રહે. હવે, બેંક, જુદા જુદા શેરો, પોસ્ટ ઑફિસ વગેરેમાં રહે. ઘોડા વગેરે તબેલામાં, હવે ગાડીઓ ગેરેજમાં રહે. મિત્રો માર્ગમાં ફરતા રહે. સગાં-વહાલાં સ્મશાને આવે, પત્ની ડેલી સુધી આવે, આ મારું મારું કહીને પંપાળેલું શરીર આગમાં બળે. આમ, શ્વાસ જતાં કોઈ સાથે ન આવે - પરત્ર = પરલોકમાં સાથે ન આવે :-

**ધન જન દારા અરુ પરિવારા,**
**સાથ ન કો પરધરકા**

(અ.આ. પૃ. ૧૮)

માત્ર એટલું જ નહીં આ વાસ્તવ વધારે ભયાનક છે. **મનનસાર**માં કહે છે; તે સમજી, વિચારી, આત્મસાત્ કરવા જેવું છે :-

**તપસી જાગ્યા ત્યાં જ સ્હવાર, હાથે કરી કયમ થાવું ખ્વાર ?**
**દો દિનની છે શ્વાસ સગાઈ, આખર બેલી કોઉ ન ભાઈ,**
**ઘરની નારી બીજે જાય, સગા-સહોદર શીરો ખાય.**
**કંઠી વાળા કોરે રહે, દાનપૂન કરવાનું કહે**
**દેવદેવી મંદિર માંહ્ય, આખર જીવડો એકલ ત્યાંય,**
**જીવતાં જાણી લેવું સાર, મૂવા પછી થાશે અંધકાર**
(અ.આ. ૨૩૫-૨૩૬)

એટલે, જાગ્યા ત્યાંથી સવાર ગણીને આ વાત સમજી લેવી, કે આ જગત સાથેની સગાઈ-શ્વાસની સગાઈ છે. કલત્ર ડેલી સુધી આવે એટલું જ નહીં, ભલું હોય તો બીજે જાય. સગા-સહોદર સ્મશાને આવે એટલું જ નહીં, બારમાનું જમે ટેસથી. અને ખાસ આ ને તે સંપ્રદાયવાળા કંઠી બાંધી ભમાવનારા સાધુ-ગુરુઓ મરનારની પાછળ દાન-પૂન કરવાની સલાહ આપે. વળી, જે દેવ-દેવીઓનાં મંદિરે આખી જિંદગી ધક્કા ખાધા હોય, પૂનમો ભરી હોય એ બધા મંદિરમાં જ રહી જાય ને જીવડો બિચારો એકલો અગોચરમાં આથડે. આ સાર જીવતાં જાણી લઈ હે ચિત્ત તું આજથી - અત્યારથી જ દત્તનામ સ્મરણમાં લાગી જા. ॥ ૧૧ ॥

**સંગતિ :** જેને જેમ કરવું હોય તેમ ભલે કરતાં, તું તારું કામ કર એવા ભાવથી કહે છે :-

**वेदं वादं वाद शूरेषु हित्वा**
**काव्यं भाणं भण्डवीरे विहाय ।**
**नृत्यं गीतं नादलुब्धे समर्प्य**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ १२ ॥**

**શબ્દાર્થ : वेदं** – ચારેય વેદ, **वादं** – વાદ-વિવાદ, **वादशूरेषु** – વાદ-પ્રતિવાદ કરવામાં શૂરા=વેદિયા, **हित्वा** – સોંપી દઈને, **काव्यं** – કાવ્ય-કવિતા, **भाणं** – નાટકનો એક પ્રકાર, **भण्डवीर** – વિદૂષક-ચેટક-ભવાયો, **विहाय** – છોડીને, **नृत्यं–गीतं** – નાચ-ગાન, **नादलुब्धे** – નાદસક્ત-ગીતરસિયાઓને, **समर्प्य** – સોંપીને, હે ચિત્ત તું શ્વાસે શ્વાસે શ્રી દત્તનામનું સ્મરણ કર.

**દઈ વાદ સોંપી બધા વેદિયાને**
**વળી ભાંડને નાટકો ચેટકોને**
**ભલે નાચતાને રમે નાદસક્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૧ ૨ ॥**

**વિવરણ :** અહીં આ શ્લોકમાં વેદ-વાદશૂરા-વેદિયા શબ્દ પ્રયોજ્યો છે, તેને માટે ગીતામાં **वेदवादरताः – વેદનો આધાર લઈ અનેક પ્રકારના વાદ-વિવાદ કરનારા - વેદિયા** (ગીતા-૨/૪૨-૪૩-૪૪) અર્થાત્ વેદોમાં આ લોક અને પરલોકના ભોગોની પ્રાપ્તિ માટે અનેક પ્રકારનાં કામ્ય કર્મોનાં અનેક ફળ બતાવ્યાં છે; એમાં જેમની આસક્તિ છે તેવા લોકોને માટે અહીં આ શ્લોકમાં વાદશૂરા-વેદિયાને એમના વાદ હે ચિત્ત તું સોંપી દે. જાત-જાતની કવિતાઓ - મનગઢંત કલ્પનાઓવાળાં કાવ્યો, અને ભાંડ ભવાઈ પ્રકારના વિકૃત ઉપદેશ આપનારાં નાટકો બધાં વિદૂષકોને-ચેટકોને સોંપી દે. નૃત્યગીત-નાચગાન ગાયનરસિયાઓને સોંપી દે, એ અર્થ છે. કારણ કે એ બધું વ્યર્થ-એકડા વિનાના શૂન્ય જેવું છે; જુઓ -

**શું થયું વેદવાણી બક્યાથી ઘણી ?...૪**
**શું થયું લોક અચરજ પમાડી...૫**
**શું થયું ગદ્ય ને પદ્યરચના થકી**
**શું થયું કાવ્યરસ ભૂરિ પીધે...૬**
**વેદનાં મૂળને શાસ્ત્રના સૂરને**
**જગત કરતારને જો ન જોયો...૮**
(ઉ.પા. ૧૮)

બધા જ વેદોનો વાસ્તવિક અભિપ્રાય પરમાત્માનાં સ્વરૂપનું પ્રતિપાદન કરવાનો છે. વેદો દ્વારા જાણવાયોગ્ય એક પરમેશ્વર જ છે; ભગવાને શ્રીમુખે કહ્યું છે - **वेदैश्चसर्वैरहमेव वेद्यः (ગીતા ૧૫/૧૫)** બધા જ વેદો દ્વારા હું જ જાણવાયોગ્ય છું. તેથી મનુષ્યે વિવેકપૂર્વક પોતાનાં કર્તવ્યનો નિશ્ચય કરવાનો છે.

એ જ રીતે કાવ્યરચના ભગવાનના પરમપદની પ્રાપ્તિ માટે છે - **काव्याध्दर्मप्राप्तिस्तु भगवन्नारायण चरणारविन्दस्तवादिना** – માણસને કાવ્યથી ધર્મની પ્રાપ્તિ ભગવાન નારાયણના ચરણકમળનું સ્તવન કરવાથી થાય છે. મહર્ષિ ભરત મુનિએ નાટ્યશાસ્ત્રની રચના કરી, **नाट्यः पंचमो वेदः** નાટક પાંચમો વેદ છે; પણ એ કલા વિષયલોલુપ લેખકો અને ભજવનારાઓના હાથે અવનતિને પામી તેથી અહીં તેના **भाण** – નિકૃષ્ટ નાટ્ય સ્વરૂપની તથા ભાંડ - નિકૃષ્ટ પ્રકારના અભિનેતા સ્વરૂપની વાત કરી છે. નાટકની સાથે તિરસ્કારસૂચક **ચેટક** શબ્દ જોડાઈ ગયો. કહેવાનું તાત્પર્ય એ બધી અમૂલ્ય જીવન વેડફવા માટેની પ્રવૃત્તિઓ છે. નાદ-અનાહતની ઋષિઓની સાધનામાંથી **સંગીત**શાસ્ત્રનો ઉદ્ભવ થયો. આખો સામવેદ સંગીતમય છે. એ જ સંગીતશાસ્ત્ર રોજી-રોટી રળનારાઓના હાથે મ્યુઝિકના સ્તરે અવનતિ પામ્યું. માટે એ બધું છોડી શ્રી દત્તનામ સ્મરણમાં જીવન વ્યતીત કરવાની અહીં હૃદયપૂર્વકની ભલામણ કરાઈ છે. ॥ ૧૨ ॥

**સંગતિ :** "પૂજ્ય બાપજી ! આપ કહો છો તેમ અમે આવી બધી પ્રવૃત્તિઓ ત્યજી દઈએ તો ખાઈએ શું, પહેરીએ - ઓઢીએ શું ?" એવી શંકાના સમાધાનરૂપે કહે છે :-

**स्वाद्वस्वादू सत्कदन्नादि भुकत्वा**
**हीने हर्म्येऽहीरघोषे शयित्वा ।**
**चीरं चेलं क्षौमवल्कादि धृत्वा**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ १३ ॥**

**શબ્દાર્થ : स्वाद्वस्वादू – स्वादू अस्वादू** – સ્વાદિષ્ટ કે સ્વાદ વિનાનું યા ખરાબ (ન ભાવે) એવા સ્વાદવાળું, **सत्कदन्नादि – सत् कदन्न आदि** – સત્ - સારું - બાસમતી ચોખા, ભાલિયા ઘઉં વગેરે, કદન્ન - ખરાબ અન્ન - કોદરાં - બાવટો - મકાઈ વગેરે, **भुक्त्वा** – ખાઈને, **हीने** – તુચ્છ (ખરાબ), **हर्म्ये** – મહેલમાં, **अहीरघोषे** – માલધારીયોના પડાવ - વાડ વગેરે, **शयित्वा** – પડ્યા રહીને, **चीरं** – ચીંથરા ફાટેલાં વસ્ત્ર, **चेलं** – ચીરની સાથે આવતો વસ્ત્રસૂચક શબ્દ, **क्षौम** – શણનું બનેલું વસ્ત્ર અથવા રેશમી વસ્ત્ર બંને અર્થ થાય, **वल्कादि – वल्क आदि** – વલ્કલ-ઝાડની છાલમાંથી બનાવેલું વસ્ત્ર, **धृत्वा** – ધારણ કરીને, પહેરીને, હે ચિત્ત, પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કર. ॥ ૧૩ ॥

**મળે તે ખઈ મિષ્ટ હો કે કદન્ન**
**રહેવું પડી વાડમ્હેલે અસન્ન**
**ભલે ચીંથરાં રેશમી વસ્ત્ર સૂત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૩ ॥**

**વિવરણ :** શ્રી ભગવન્નામ સ્મરણ - શ્રી દત્તનામ સ્મરણ એકદમ સરળ છે. એમાં જો કોઈ અઘરી બાબત હોય તો તે જે પ્રભુનું નામ સ્મરણ કરવામાં આવે છે એ પ્રભુમાંની શ્રદ્ધા. આમ તો માણસમાત્ર કહો પ્રાણીમાત્રની મૂળભૂત આવશ્યકતા **(Basicneeds)** માત્ર ત્રણ જ છે - રોટી, મકાન, કપડા. પણ માણસ સ્વભાવે રાજસી અને તામસી હોવાથી એણે આવશ્યકતાઓ માટેના વિશિષ્ટ શબ્દો બનાવ્યા છે; જેમ કે - **ખાવું-પીવું** - ખાવું જરૂરી છે તેની સાથે પાણી આવી જ જાય છે. માણસને ખાવા સાથે **પીવાનું** - છાશ, શરબત (વગેરે) જોઈએ. એ જ રીતે **પહેરવું-ઓઢવું** - પહેરવું બરાબર છે, નગ્નતાના નિવારણ માટે જરૂરી છે, પણ ઓઢવું એ વિલાસ છે, માણસને સરસ શાલ, દુશાલ, ચુંદડી ઓઢવા જોઈએ વગેરે. આ વૃત્તિને કારણે માણસ ભગવાનમાં શ્રદ્ધા રાખી શકતો નથી. બાકી જે

સતત ભગવન્નામ સ્મરણ અને ભગવદ્ શરણમાં રહે છે; તેને માટે ભગવાને વચન આપેલું છે :- **तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्** (ગીતા-૯/૨૨) અર્થાત્ નિત્યનિરન્તર મારું (ભગવાનનું) ચિંતન કરનારના યોગક્ષેમનું વહન હું કરું છું. હું (ભગવાન) તેમને પ્રાપ્ત કરાવી દઉં છું. અપ્રાપ્તની પ્રાપ્તિ એટલે યોગ અને પ્રાપ્તની રક્ષા એટલે ક્ષેમ. તેથી નિશ્ચયપૂર્વક સમજવું જોઈએ કે, જે લોકો ભગવાન શ્રીદત્ત પરાયણ થઈને અનન્યચિત્તે=ચિત્તને અન્ય બાજુ ન જવા દઈને તેમનું પ્રેમપૂર્વક નિત્ય-નિરન્તર ચિંતન કરે છે, એવું ચિંતન કરતાં કરતાં જીવનનાં બધાં જ કર્મો કરે છે; અન્ય કશાની કામના, અપેક્ષા રાખ્યા વિના, તેની ચિંતા ન કરતાં દત્તમાં જ ચિત્ત સ્થિર રાખે છે; તેમના જીવન-નિર્વાહનો સંપૂર્ણ ભાર ભગવાન શ્રી દત્તાત્રેય પર છે. આનું કારણ એ છે સર્વશક્તિમાન ભગવાને માનવ અને તેનાં જીવનની સંપૂર્ણ રચના સ્વયં કરી છે; જુઓ :-

**દિવ્ય રચના કરી માનવી તનુ રચી**
**અંગ ઉપાંગથી પૂર્ણ કેવી;**
**દુગ્ધ પેદા કરી જનનીના સ્તન વિષે**
**જન્મ પહેલાં લીધી સૂધ કેવી એવી... !!**

(ઉ.પ્રા. પૃ. ૧૭)

મનુષ્યના આ શરીરની ભીતરની રચના જોઈને ભલભલા વૈજ્ઞાનિકો આશ્ચર્યચક્તિ થઈ જાય છે. બીજી વાત જવા દઈએ પણ માત્ર આ શરીરમાં મૂકવામાં આવેલાં વિવિધ **આશય** (કોથળીઓ-Bags) પિત્તાશય, મૂત્રાશય, વીર્યાશયની રચના કેટલી આશ્ચર્યકારક છે ! વળી, બાળક જન્મે ત્યારે તેને પહેલામાં પહેલો ખોરાક કયો આપવો ? એ તદ્દન નિર્દોષ અને છતાંય દિવ્ય એવા ખોરાકરૂપ માતાના દૂધની રચના જન્મ પૂર્વે જ જેણે કરી છે એ મારી કઈ સંભાળ નહીં લે ? એ માણસે સમજવાનું છે.

પ્રારબ્ધવશ જ્યારે જે મળ્યું તે ખાધું - ક્યારેક મિષ્ટાન્ન, ક્યારેક કોદરા, જ્યાં સૂતા ત્યાં હરિ હરિ !! એ બધા પ્રારબ્ધના ખેલ-તમાશા છે; મનને

પ્રારબ્ધનો સ્વીકાર કરતાં શીખવવાનું છે. માણસનું મન જે નથી, તે પામવા ઉધામા કરે છે; જે છે તેનો આનંદ લઈ શકતું નથી; તેથી શ્રી અવધૂતજી એક ભજનમાં કહે છે :-

**રે મન ! મસ્ત સદા દિલ રહેના**
**આન પડે સો સહના... ધ્રુ.**

**કોઈ દિન કંબલ કોઈ દિન અંબર, કભુ દિગંબર સોના**
**આત્મનશે મેં દેહ ભૂલા કે, સાક્ષી હોકર રહના... રે મન. ૧.**

**કોઈ દિન ધીગુડ મૌજ ઉડાના, કોઈ દિન ભૂક સહાના**
**કોઈ દિન વાડી, કોઈ દિન ગાડી, કભુ મસાણ જગાના... રે મન. ૨.**

**કોઈ દિન ખાટ પલંગ સજાના, કોઈ દિન ધૂલ બિછૌના;**
**કોઈ દિન શાહ બને શાહોં કે, કભુ ફકીરા દીના... રે મન. ૩.**

**કડુઆ મીઠા સબકા સુનના, મુખ અમૃત બરસાના,**
**સમજ દુઃખ સુખ નભ બાદલ સમ, રંગ સંગ છૂડાના... રે મન. ૪.**

જે મળ્યું તે સદ્‌ગુરુ ભગવાનની કૃપાથી જ મળ્યું છે; આ દેખાતાં સુખદુઃખ આકાશી વાદળ = વાયુનાં દળ છે - ઘેરાય ને વિખરાય એ સમજી; રંગરૂપ માયા મમતાના સંગથી છૂટી, હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કરી લે. એ આ શ્લોકનું તાત્પર્ય છે. ॥ ૧૩ ॥

**સંગતિ :** કામના પૂર્તિ માટે બીજાં પણ સાધનો છે - શાસ્રો છે; માણસ સુખની શોધમાં એ તરફ વળે છે, એ ત્યજવાની ચેતવણીરૂપે કહે છે :-

**मन्त्रं तन्त्रं यन्त्र विद्यादि सर्वं**
**त्यकत्वा दूरे तीर्थयात्रादिकं च ।**
**पाठं पूजां पुण्ड्रमेवापि कष्टं**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ १४ ॥**

**શબ્દાર્થ : मन्त्रं** – મંત્રશાસ્ર (**मननात् त्रायते इति** – મનન કરવાથી માણસને તારી દે તે), **तन्त्रं** – તન્ત્રશાસ્ર (**तन्यते अनेन वा – तनु विस्तारे** – જે શાસ્ર દ્વારા પ્રયોગ કરનારના સામર્થ્યનો વિસ્તાર થાય તે), **यन्त्रविद्यादि – यन्त्र विद्या आदि (આદિ દ્વારા ઉપાસનાનો સમાવેશ થાય)** - યંત્ર વિદ્યા - સાધન - તાવીજ આદિનું શાસ્ર, **त्यकत्वा** – છોડીને, **दूरे** – દૂર જ, **तीर्थयात्रादिकं – तीर्थयात्रा आदि** – (**आदि** દ્વારા **व्रत - અર્ચન**નો સમાવેશ થાય), **च** – વળી, **पाठंपूजां** – પાઠ-પૂજા, **पुण्ड्रमेवापि – पुण्ड्रं एव अपि –** ટીલાં ટપકાં પણ (ચ), **कष्टं** – કષ્ટદાયી, હે ચિત્ત પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૧૪ ॥

**બધું મંત્રતંત્રાદિ યંત્રાદિ જે જે**
**તજી તીર્થ યાત્રાદિ રે' જે સહેજે.**
**વળી પાઠપૂજાદિ ટીલાંય કષ્ટ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૪ ॥**

**વિવરણ :** પૂર્વે શ્લોક-૭માં વિવિધ પંથો અને માર્ગોના સામાન્ય પરિચયના અંતે એવો નિષ્કર્ષ તારવ્યો કે માર્ગ બે છે - દક્ષિણ અને વામ. અહીં આ શ્લોકમાં એ બીજા વામમાર્ગી સાધના છોડવાની યા તે તરફ ન ફંટાતાં નામસ્મરણરૂપ સરળ-નિર્દોષ પદ્ધતિ અપનાવવા સૂચવ્યું.

ત્રણ ખૂબ મોટી વિદ્યાઓ અને તેનાં ખૂબ મોટાં શાસ્રો છે - મંત્રવિદ્યા - મંત્રશાસ્ત્ર, તંત્રવિદ્યા-તંત્રશાસ્ર, યંત્રવિદ્યા-યંત્રશાસ્ર. લગભગ બધા જ **સંપ્રદાયો** (શ્લોક-૭ પ્રમાણે - **પંથો**)ની બધા જ પ્રકારની સાધનાઓનાં ગૂઢ રહસ્યો જે તે સંપ્રદાયના તંત્રશાસ્ત્રમાં છૂપાયેલાં છે. તંત્ર બધા જ પ્રકારની સાધનાઓનું અનિવાર્ય અંગ છે. તેમાં અતિસ્થૂળ એવી સાધન પદ્ધતિથી માંડીને અતિગુહ્ય **મંત્રશાસ્ર** તથા તેનાથી પણ વધારે ગુહ્યતર-**યંત્રસાધનાદિ** બધા જ ક્રિયાકૌશલોનું વિગતપૂર્ણ વર્ણન છે. જેવી રીતે મનુષ્યની પ્રકૃતિ સાત્ત્વિક, રાજસી, તામસી ભેદથી ત્રણ પ્રકારની હોય તેવી રીતે સાધના પ્રણાલી પણ ગુણભેદે ત્રણ પ્રકારની હોય. અહીં શ્રી અવધૂતજી રાજસી મંત્ર

- ઉપભોગની પ્રાપ્તિ માટેનાં મંત્ર, તામસી મંત્ર - કોઈકના મારણ-ઉચ્ચાટન માટેના મંત્ર, તંત્ર, યંત્રથી દૂર રહેવાનું કહે છે.

એજ રીતે વ્રત, તીર્થ અર્ચન પણ જો એક રોગની જેમ કરવા ખાતર કરાય તો તે દેખાડોમાત્ર છે. માટે **રંગ પ્રશ્નોત્તરમાલા**માં **તીર્થ, દેવ અને મંત્ર**ની સંકલ્પના સ્પષ્ટ કરી છે -

**किं तीर्थं** – તીર્થ એટલે શું - તીર્થ કયું ? **स्वस्वांतं –** માણસનું પોતાનું શુદ્ધ અંતઃકરણ જ તીર્થ છે. **को मंत्रः** – મંત્ર કયો ? **श्वासकृतो हंसः – सोऽहं –** શ્વાસ-પ્રશ્વાસમાં જપાતો **हंस–सोऽहं** મંત્ર છે.

ખરું તીર્થ માણસના 'સ્વ'ની બહાર ક્યાંય નથી. તીર્થયાત્રા એટલે દત્તનામસ્મરણ સાથે પોતાનાં ભીતરની યાત્રા. તેથી તેઓ એક ભજનમાં કહે છે -

**મન મેં મંદિર મન મેં મૂરત, મન પૂજા એક હિ સે**
**મન મેં કાબા મન મેં કાશી, ભેદ દૂહી મન હિ સે - આતમ.**
**આતમ જાન લિયો મૂલ હિસે.**
(અ.આ. ૧૬૯-૧૭૦)

એ જ રીતે પૂજા-પાઠ જો વેઠની જેમ દેખાડવા ખાતર થાય તો એનો કશો અર્થ નથી. તેમ ટીલાં-ટપકાં પણ માત્ર દેખાડવા માટેના જ બની રહે તો એનાથી પ્રભુ-સદ્‌ગુરુ ભગવાનની પ્રાપ્તિ થતી નથી, એ તો ઊલટાનું અન્યને છેતરનારું થઈ પડે; માટે બહુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે :-

**ઠાઠ ઉપર કર્યો મેલ માંહે ભર્યો, ખેલ ખેલાડીનો પેટ ભરવો**
**હરિ હરિ રાતદિન મુખ થકી ઓચર્યો આંસુ પાડી મૂંવો ભાંડ ભાવો,**
**કૂડ ને કપટ કુકર્મ માંહે ભર્યા, બહારથી તિલકને છાપ દીધા,**
**માળને ટાળથી મૂઢ જન છેતર્યાં મીઠડી વાણીથી કવન કીધાં.**
**ભજન અમૃતતણું અશન વિષનું ઘણું...** (ઉ.પ્રા. ૨૬-૨૭)

આ છેતરપિંડી છે. ઉપર વાઘા-ગેરુઆ વીંટ્યા અંદર મેલ, દિવસરાત હરિ હરિ બોલવાનું મનમાં કૂડ કપટ, ગળામાં માળા, હાથમાં કરતાલ, માથે તિલક, અમૃતનું ભજન-ભોજન વિષનું, મુખથી રામ-રામનું ગાન અને ધ્યાન દામ-પૈસા અને ચામ-પરસ્રીનું - આમ આવી રીતે મુક્તિ મળતી નથી. એક ચિત્તે શ્રી દત્તનામ સ્મરણથી મુક્તિ પ્રાપ્ત થાય. ॥ ૧૪ ॥

**સંગતિ :** તો વળી, મનુષ્યને પ્રાપ્ત થયેલું જીવન-આયુષ્ય સ્વલ્પ છે, એ વાસ્તવના સંદર્ભનો વિચાર કરવા માટે પ્રેરે છે :-

**आयुः स्वल्पं स्वल्पमत्यन्तमेव**
**कालव्याध्रो मर्त्यमेषं निहन्ति ।**
**तारुण्यं ते वारिपूरप्रकल्पं**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ १५ ॥**

**શબ્દાર્થ : आयुः** – આયુષ્ય, **स्वल्पं** – ટૂંકું (ઓછું), **स्वल्पमत्यन्त मेव – स्वल्पं अत्यन्तं एव** – ટૂંકું એટલે અત્યંત ટૂંકું, **कालव्याघ्रः** – કાળરૂપ વ્યાઘ્ર-વાઘ, **मर्त्य** – મરણશીલ, **मेषं** – ઘેટાંને, **निहन्ति** – હણે છે, **तारुण्यं** – યુવાની, **ते** – તારી, **वारिपूर प्रकल्पं** – નદીના પૂર જેવી (ક્ષણિક) છે, માટે હે ચિત્ત, તું શ્વાસે શ્વાસે શ્રી દત્તનામનું સ્મરણ કરી લે. ॥ ૧૫ ॥

**અરે આયુ ટૂંકું કરે કાળ હાસ્ય**
**હણે કેસરી જેમ મેંઢો મનુષ્ય**
**જુવાની નદીપુર પેરે ક્ષણસ્થ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૧૫ ॥**

**વિવરણ :** અહીં ગુજરાતીમાં **આયુ ટૂંકું** એમ કહ્યું છે; ટૂંકું એટલે કેટલું ટૂંકું ? એ બતાવવા માટે સંસ્કૃતમાં **સ્વલ્પ** બે વાર પ્રયોજી તેને માટે **અત્યંતં એવ** - અતિશય જ, અર્થાત્ ટૂંકાથી પણ ટૂંકું આયુષ્ય છે. તેથી જ સંસ્કૃતના કવિએ **आयुः कल्लोललोलं** - આયુષ્ય જલના તરંગ જેવું અસ્થિર છે એમ કહ્યું છે. એની સામે કાળ-મૃત્યુરૂપ કાળ હાસ્ય કરતો ઊભો છે; જેવી રીતે વ્યાઘ્ર-વાઘ યા કેસરી-સિંહ મેંઢાને-ઘેંટાને હણે ઝપટ મારીને જોતજોતામાં

દબોચે તેમ આ મૃત્યુરૂપ કાળ જોતજોતામાં માણસને દબોચે છે. તારુણ્ય-યુવાની છે; પણ તે નદીના પૂર જેવી સડસડાટ પૂરી થઈ જનારી, ચાર દિવસની ચાંદની જેવી છે. તેથી સંસ્કૃતના કવિએ કહ્યું :- **कतिपय दिवस स्थायिनी यौवनश्री** :– યુવાની સુંદર તો છે પણ તે થોડાક દિવસ પૂરતી જ છે. એ અર્થમાં જ અવધૂતજી એક ભજનમાં કહે છે :-

**વર્ષાકાળે વારિ ઊછળે, નહેર નદી ઊભરાય**
**જોતજોતામાં વારિપુર એ, કો જાણે ક્યાં જાય...**
**જે જાયું તે જાય. ૪.**
**ધન જોબન અભિમાન નકામો કાળ સર્વને ખાય...**
(અ.આ. પૃ. ૬૬-૬૭)

વર્ષાકાળે જેવી રીતે પૂર આવે તેમ યુવાનીનું પૂર આવે ને જોતજોતામાં ઓસરી જાય તેથી :-

**જુવાની દિવાની, પ્રાણી, જુવાની દિવાની**
**અંતે જવાની જવાની, પ્રાણી જુવાની દિવાની**

એ આજે નહીં કાલે જવાની જ છે એમ સમજી, મનમાં પાકો નિશ્ચય કરી લેવો ઘટે કે **સગપણ એક હરિનું સાચું, બીજું સઘળુંયે કાચું** - **(અ.આ. પૃ.૧૬૦).** આવી દૃઢ સમજ કેળવીને હે ચિત્ત તું શ્રી દત્તનામનું તારા શ્વાસે શ્વાસે સ્મરણ કર. ॥ ૧૫ ॥

**સંગતિ :** આયુષ્ય અને યુવાની નાશવંત છે તો દ્રવ્ય અને કીર્તિ પણ નાશવંત છે તેથી અન્યના નચાવ્યા નાચવાનું વ્યર્થ છે એમ કહે છે :-

**इष्टद्रव्यं दृष्टनष्ट स्वरूपं**
**कीर्तिः का सा पद्मपत्राम्बुकल्पा ।**
**त्यक्त्वा व्यर्थं लोकनृत्यानुनृत्यं**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ १६ ॥**

**શબ્દાર્થ : इष्टद्रव्यं** – પ્રિય એવું ધન, **दृष्टनष्टस्वरूपं** – જોતજોતામાં નષ્ટ થનારું, **कीर्तिः का** – કીર્તિ શું છે ? **सा** – તે (કીર્તિ), **पद्मपत्राम्बुकल्पा** – કમળનાં પાંદડાં પર પડેલાં જળનાં ટીપાં જેવી, **त्यक्त्वा** – છોડીને, **व्यर्थं** – વૃથા, **लोकनृत्यानुनृत्य** – લોકો નચાવે તેમ નાચવું... તું હે ચિત્ત પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કરી લે. ॥ ૧૬ ॥

**થતું જોતજોતાં અહા નષ્ટ દ્રવ્ય**
**ખરે પદ્મપત્રાંબુ શું કીર્તિ ભવ્ય.**
**નચાવે જનો નાચવું તેમ વ્યર્થ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૧૬ ॥**

**વિવરણ :** માત્ર આયુષ્ય અને યુવાની જ વહી જાય છે એવું નથી, માણસ જેને ખૂબ ચાહે છે તે ધન પણ દૃષ્ટ-નષ્ટ-જોતજોતામાં વરાળની જેમ ઊડી જાય છે. સંસ્કૃતના એક સુભાષિતમાં કહ્યું છે - **लक्ष्मीस्तोय तरंगभंग चपला विद्युच्चलं जीवितम्** - લક્ષ્મી જળના તરંગ-મોજાંની જેમ પ્રતિક્ષણ નષ્ટ થનારી ચપલા-ચંચળ છે અને આ જીવન વીજળીના ચમકારા જેવું ઝબકારામાં નષ્ટ થનારું છે. તેથી **लक्ष्मीः स्थिरा न भवति इति किमत्र चित्रम्** - લક્ષ્મી સ્થિર નથી હોતી. એમાં આશ્ચર્ય શું ? અહીં સંસ્કૃત અને ગુજરાતી બંનેમાં ધનને માટેનો **द्रव्य** શબ્દ પ્રયોજાયો છે. **द्रवति इति** - જે દ્રવી જાય - પૈસા પાણીની જેમ વપરાઈ જાય માટે તે **द्रव्य** કહેવાય. ભગવાનની કૃપા હોય તો જ ટકે અને સન્માર્ગે વપરાય. તેથી તેને સંસ્કૃતમાં પ્રયોજેલા વિશેષણ પ્રમાણે **इष्ट** – પ્રિય-વહાલું ન કરવું એ ભાવ છે.

જો દ્રવ્ય નાશવંત છે તો કીર્તિ વળી કઈ ટકનારી હતી ? કમળનાં પાંદડાં પર પડેલાં જળનાં ટીપાંની જેમ તરત જ ખરી પડનારી છે. સામાન્ય રીતે સમાજમાં અને સાહિત્યમાં કીર્તિ-યશની પ્રશંસા જ થાય - **दानादि प्रभवा कीर्तिः शौर्यादि प्रभवं यशः** અર્થાત્ દાન-ધર્મનું પાલન કરવાથી માણસને કીર્તિ મળે છે અને શૌર્ય-શૂરતા બતાવવાથી યશ મળે છે. **કીર્તિ કેરાં કોરડાં પાંડ્યા નવ પંડત** અર્થાત્ પ્રાપ્ત કરેલી કીર્તિ સામાન્ય રીતે નષ્ટ થતી નથી.

આમ છતાં યશ કે કીર્તિ પ્રાપ્ત કરવામાં એ પ્રાપ્ત કરનારે જેટલું કષ્ટ વેઠવું પડે, જેટલાં વર્ષો લાગે તેટલી વાર કીર્તિ નષ્ટ થવામાં લાગતી નથી, માણસે મહામહેનતે પ્રાપ્ત કરેલી **"આબરૂના ધજાગરા"** થતાં વાર લાગતી નથી. ચારિત્ર્યની એક નાની સરખી ચૂક, સાધારણ પતન માણસની **આબરૂનાં કાંકરાં** કરવા પૂરતું છે. ગુજરાતીના એક કવિશ્રી અમૃત ઘાયલે કહ્યું છે તે નજર સામે રાખવા જેવું છે :

**અમે કૈંક જોયા નજરની જ સામે ચમકતા હતા જેમના ભાગ્ય તારા,**
**પરંતુ પતન જ્યાં થયું ત્યાં બિચારા કફન માપસરનું ન પામ્યા દુલારા.**

આ વાત આજના મીડિયાના જમાનામાં તો ખાસ મહત્ત્વની છે. યશ મેળવવા જતાં શ્રમ પડે છે; યશ ગુમાવતાં વાર નથી લાગતી.

આ બે તથ્યોના સંદર્ભમાં લોકો નચાવે-પ્રશંસા, યશના ગુણગાન ગાય, માન-સન્માન આપે એટલે ફુલાઈને નાચવું, ટોળામાંના સભ્ય બની રહેવું વૃથા છે, વ્યર્થ છે. તેનું કારણ એ છે કે **गतानुगतिको लोकः** લોકસમાજ ગતાનુગતિક-ચાલ્યું આવતું હોય તેમ ચાલવા દેવામાં માનનારો છે. તેમાં ભળીને આત્માર્થીએ પોતાનું આત્મિક ગર્થ-સત્ત્વ ખોઈ ન બેસતાં શ્રી દત્તનામનું પ્રતિશ્વાસ સ્મરણ કરવું એ તાત્પર્ય છે. ॥ ૧૬ ॥

**સંગતિ :** લોકો નચાવે તેમ નાચવું વ્યર્થ શાથી છે; તે દર્શાવે છે :-

**सार्थं सर्वे मानयन्ति प्रकामं**
**निःस्वं कोऽपि प्रेक्षते नैव लोके ।**
**स्वार्थः प्रेष्ठो दुर्लभो यः परार्थी**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ १७ ॥**

**શબ્દાર્થ : सार्थं –स – अर्थं** – અર્થવાન-શ્રીમંત, **सर्वे** – બધા (બધે), **मानयन्ति – (मान् १० ગ.ઉ.પ.)** - માન આપે છે, **प्रकामं** – ખૂબ, **निःस्वं** – ધનરહિત-દ્રરિદ્ર, **कोऽपि – कः अपि** – કોઈપણ, **प्रेक्षते** – જુએ (દૃષ્ટિપાત કરે), **नैव – न एव** – નહિં જ, **लोके** – આ લોકમાં, **स्वार्थः** – સ્વાર્થ,

**प्रेष्ठः** – પ્રિય-વહાલો, **दुर्लभः** - દુર્લભ, **यः** - જે, **परार्थी** – પરોપકારી, માટે હે ચિત્ત, તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૧૭ ॥

**બધે માન દે ખૂબ શ્રીમંત દેખી**
**ન નાખે જ દૃષ્ટિ દરિદ્રી વિલોકી**
**ગણે સ્વાર્થ પ્રેષ્ઠ કરે કો પરાર્થ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૭ ॥**

**વિવરણ :** પૂર્વે શ્લોક-૧૬મા ''લોકોના નચાવ્યા નાચવું નહીં'' એમ જે કહ્યું છે તેનું અહીં પ્રસ્તુત શ્લોકમાં સ્પષ્ટીકરણ કર્યું છે. ઈહ લોકમાંનો માનવ સમુદાય ગતાનુગતિક **(Stereotyped)** છે; કારણ કે અહીં ધનસંપત્તિ-શ્રીમંતતાનું મોભાનું મૂલ્ય **(Statusvalue)** સ્વીકારાયેલું છે, **धनमर्जय काकुत्स्थ धनमूल मिदं जगत** - હે કાકુત્સ્થ - શ્રી રામચન્દ્ર તમે ધન કમાઓ, કારણ કે આ જગતનું મૂળ ધન છે; એવું શ્રી રામચંદ્રજીને પણ કહેવામાં આવેલું. પાત્ર ગમે તેવું હોય, પણ જો તે ધનાઢ્ય હોય તો સમાજમાં પૂજાય, એનું સન્માન થાય, કારણ કે **सर्वेगुणाः काञ्चनमाश्रयन्ति** - બધા જ ગુણ-સદ્ગુણ કાંચનને આશ્રિત છે; એટલે કહેવાતી કામિની પણ કાંચનને જ વરેલી છે. જો ધન ન હોય તો તે ગમે તેવો રૂપાળો, વિદ્વાન, સદ્ગુણની ખાણ હોયતો પણ એ દરિદ્રી સામું કોઈ જુએ પણ નહીં - **''નાણાં વિનાનો નાથિયો ને નાણે નાથાલાલ''.** આ પરિસ્થિતિ પૂર્વે હતી તેના કરતા આપણા સમાજમાં વીસમી અને હવે એકવીસમી સદીમાં તો માણસે **આર્થિક સાક્ષરતા (Financial literacy)** હાંસલ કરવાની છે. આ લોક સ્વાર્થ **(selfish motive)** - પોતાના જ અહંને સંતોષનારા આશયને **પ્રેષ્ઠ** - સૌથી પ્રિય- વહાલામાં વહાલું **(પ્રેયસ-પ્રેષ્ઠ-પ્રિયતર-પ્રિયતમ)** ગણે છે. અહીં બીજાનો વિચાર કરનાર, બીજાના હિતને ખાતર પોતાનું હિત જતું કરનાર - **પરાર્થી** દુર્લભ છે. આ લૌકિક વાસ્તવિકતા છે. સદ્ગુરુ ભગવાનની કૃપાથી માણસને આ વાસ્તવિકતા જેટલી વહેલી સમજાઈ તેટલું તેનું સદ્ભાગ્ય, તો હવે, આ વાસ્તવ -આ પ્રપંચની વચ્ચે કરવું શું ?

જવાબ સરળ છે; પોતાની જાતને તેમાંથી ખેંચી લેવી, ખેંચવાનો પ્રયાસ - અભ્યાસ કરવો, એને જ યોગવિજ્ઞાનમાં **પ્રત્યાહાર** કરે છે; પણ અહીં, પ્રત્યાહારમાંથી **ધારણા - ધ્યાન** તરફ જવાની વાત નથી; માત્ર શ્રી દત્તનામ સ્મરણ માટે મનને સમજાવવાની વાત છે. માન-અપમાન, સ્તુતિનિંદા, સુખદુઃખની વ્યર્થતા સમજી હે ચિત્ત પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે. ॥૧૭॥

**સંગતિ :** જ્યાં સુધી આ શરીર સ્વસ્થ છે ત્યાં સુધીમાં જાગૃત થઈ જવાનું કહે છે :-

**यावत्स्वस्थं रोगहीनं वपुः स्याद्**
**यावत्कालो नेक्षते सेर्ष्यमत्र ।**
**तावत्काले जागृहि त्वं प्रमादिञ्**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ १८ ॥**

**શબ્દાર્થ : यावत्स्वस्थं – यावत् – स्वस्थं –** જ્યાં સુધી સ્વસ્થ (છે), **रोगहीनं** - રોગરહિત - નિરોગી, **वपुः** – શરીર, **स्यात्** – કદાચ, **यावत्कालंः** – જેટલો સમય, **नेक्षते – न – इक्षते–** જોતો નથી, **सेर्ष्यमत्र – स ईर्ष्यं अत्र –** ઈર્ષ્યાથી અહીં, **तावत्कालः तावत्–कालः –** એટલો સમય, **जागृहि** – જાગૃત થઈ જા, **त्वं** –તું, **प्रभादिन्** - હે પ્રમાદી (આળસુ) અને શ્વાસે શ્વાસે શ્રી દત્તનામનું સ્મરણ કર. ॥૧૮॥

**અરે દેહ નિરોગી ને સ્વસ્થ જ્યાં આ**
**પડી દૃષ્ટિના કૂડી જ્યાં કાળની હા.**
**હજુ કાળ છે જાગ મૂકી પ્રમાદ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૧૮ ॥**

**વિવરણ :** રાંધેલું અન્ન છ કલાકમાં બગડી જાય. એ ન ખાવું જોઈએ એમ વિજ્ઞાન ભારપૂર્વક કહે છે. એ અન્ન માતા-પિતાએ ખાધું. તેમાંથી વીર્ય અને રજ બન્યા અને એમાંથી આ શરીર જન્મ્યું. જે શરીરનો મૂળ પાયો - મૂળ ઘટક જ આવું છે; એ શરીર ક્યાં સુધી ટકે ? એનો અપક્ષય નક્કી જ

છે. તે કાળક્રમે રોગગ્રસ્ત થવાનું જ છે. વૃદ્ધ થવાનું જ છે. તેનો નાશ થવાનો જ છે. કાળની દૃષ્ટિ-વિષ-ઈર્ષ્યાભરી દૃષ્ટિ એના પર પડવાની જ છે એ હકીકતનો સ્વીકાર કરવો જ રહ્યો. વૈરાગી રાજા ભર્તૃહરિનો એક શ્લોક છે :

**यावत्स्वस्थमिदं शरीरमरुजं यावज्जरा दूरतो**
**यावच्चेन्द्रियशक्तिरप्रतिहता यावत्क्षयो नायुषः ।**
**आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्**
**प्रोद्दीप्ते भवने तु कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥**

અર્થાત્ જ્યાં સુધી આ શરીર રોગવિહીન, સ્વસ્થ છે, જ્યાં સુધી વૃદ્ધાવસ્થા દૂર છે, જ્યાં સુધી ઈન્દ્રિઓની શક્તિ અંકુઠિત છે. જ્યાં સુધી આયુષ્યનો ક્ષય થયો નથી, ત્યાં સુધીમાં વિદ્વાન માણસે સખત પ્રયત્ન કરીને આત્મશ્રેય સાધવું જોઈએ; કારણ કે ઘરમાં આગ લાગે ત્યારે કૂવો ખોદવા બેસવાનો ઉદ્યમ શા ખપનો.[૮] આ શ્લોકની ટીકામાં શ્રી અવધૂતજીએ ઉદ્ધૃત કરેલા શ્લોકના સમશ્લોકી ભાષાંતર જોવા જેવા છે :-

**૧. કૌમારે આચરે પ્રાજ્ઞ ધર્મો ભગવત્પ્રાપ્તિના**

- અર્થાત્ ડાહ્યો માણસ કિશોર અવસ્થામાં જ ભગવત્પ્રાપ્તિના ધર્મોનું આચરણ શરૂ કરે. સ્વયં અવધૂતજીએ કિશોર અવસ્થામાં જ મામાશ્રી પાસેથી મળેલી **'શ્રી ગુરુચરિત્ર'** મરાઠી પોથીનું પારાયણ શરૂ કરી દીધું હતું.

**૨. "પુણ્યનાં મૂલ્યથી - મોટાં મળી આ કાય-નાવડી**
**દુઃખાબ્ધિ પાર કરવા, તૂટેના ત્યાં સુધી તરો."**

અર્થાત્ સમુદ્રના ખારવાને **કાઠની નાવ** મળે તેમ માણસને તેના પૂર્વ મોટાં પુણ્યનાં કારણે આ **કાય-નાવડી** દુઃખાબ્ધિ તરવા માટે મળી છે. એ તૂટવાની જ છે; તૂટે નહીં ત્યાં સુધી આ સાગર તરો.

---

૮. જુઓ - **सद्बोधशतकम्** - શ્રીરંગ અવધૂતજી મહારાજશ્રી વિરચિત **બાલબોધિની** સંસ્કૃત ટીકાનો ગુજરાતી અનુવાદ (શાસ્ત્રી જયેન્દ્ર દવે), સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, ૧૯૮૪, પૃ. ૧૮૩-૧૮૪.

**૩. "આવેના જ્યાં સુધી રોગ, આક્રમે ના જરા તથા,**
**બુદ્ધિના બગડે, મૃત્યુ દેખાયે જ્યાં સુધી નહીં**
**ત્યાં સુધી સ્વસ્થ ને સાર ગ્રાહે તત્પર માનવે**
**વિવેકે યતવું સદ્ય છૂટવા ભવ બંધને."**

જ્યાં સુધી રોગ અને વૃદ્ધાવસ્થાનું આક્રમણ ન થાય, બુદ્ધિ બગડે નહીં, મૃત્યુ નજીક દેખાય નહીં ત્યાં સુધી માણસે સાર ગ્રહણ કરવા તત્પર રહી, વિવેકપૂર્વક ભવબંધનથી છૂટવા પ્રયત્ન કરવો. આ પ્રયત્ન એટલે એકાગ્ર ચિત્તે ભગવાનશ્રી દત્તનાં નામનું સ્મરણ કરવું એ અર્થ છે; એમાં પ્રમાદ ન કરવો. ॥ ૧૮ ॥

**સંગતિ :** આ પ્રમાદ શું છે ? કેવા પ્રકારનો છે તે દર્શાવે છે :-

**निद्रासि त्वं निर्भरं देहगेहे**
**चोराश्चान्तः सर्वतो हा विशन्ति ।**
**मुष्य[९]न्त्येते ह्यात्मवित्तं प्रधर्ष्य[१०]**
**ह्युत्तिष्ठात्मन् स्वापमेतं जहीहि ॥ १९ ॥**

**શબ્દાર્થ : निद्रासि त्वं** - તું ઊંઘે છે, **निर्भरं –** ઘસઘસાટ-ઘોર, **देहगेहे –** શરીરરૂપી ઘરમાં, **चोराश्चान्तः चोराः च अन्तः –** અને ચોરો અંદર, **सर्वतः** - બધી બાજુથી, **हा** – અરે (ખેદસૂચક અવ્યય છે), **विशन्ति –** પ્રવેશે છે, **मुष्यन्त्येते – मुष्यन्ति एते –** એ બધા હરી લે છે - ચોરી લે છે, **ह्यात्मवित्तं–हि–आत्मवित्तं –** આત્મશક્તિરૂપી ધન, **प्रधर्ष्य –** મહાત કરીને - જોરજુલમથી (માટે), **ह्युत्तिष्ठात्मन्– हि उत्तिष्ठ आत्मन्** - (માટે) હિ-સત્વર હે આત્મન્ તું ઊઠ, **स्वापमेतं – स्वापम् – एतम्** - આ ઊંઘને, **जहीहि –** છોડ-ત્યજ. ॥ ૧૯ ॥

---

૯. બધી જ પ્રતોમાં આ શબ્દ ખોટો છપાયો છે - મુદ્રણદોષ છે - मृष्णन्त्येते એમ નથી - मुष्यन्त्येते છે. मुष् - ધા.૯મો ગણ પ.પ. - मुष्यन्ति – ચોરવું-પકડવુંના અર્થમાં છે.

**૧૦.** બધી પ્રતોમાં प्रधृष्य છપાયું છે તે ખોટું છે, धृष्‌નું ૧૦ ગણ.ઉ.પ.નું સંબંધક ભૂતકૃદન્ત प्रधर्ष्य થાય.

**પડ્યો ઘોર ઊંઘે તું આ દેહ ગેહે**
**મહીં સર્વ દ્વારે જ જો ચોર પેહે**
**હરે જુલ્મ જોરે ધસી આત્મવિત્ત**
**ત્યજી ઊંઘ આ જીવ તું શીઘ્ર ઊઠ ॥ ૧૯ ॥**

**વિવરણ :** જેને અત્યાર સુધીના શ્લોકોમાં **મૂઢ** અને **પ્રમાદી** કહીને સંબોધન કર્યું છે તે **જીવ**ને અહીં સીધું જ સંબોધન થયું છે. વાત **જીવાત્મા**ની છે. જીવ એટલે શું ? જીવ એટલે - જીવાત્મા, વ્યક્તિગત આત્મા, કર્તા-ભોકતા, સંસારી. જે તેના અસલ સ્વરૂપે શુદ્ધ બ્રહ્મ છે; પરંતુ અજ્ઞાનને લીધે પોતાને કર્તા-ભોકતા, સુખી-દુઃખી વગેરે માને છે. શરીર જેવા અનિત્ય પદાર્થમાં 'હું-મારું' એવું કલ્પીને નાહક પીડામાં પડે છે. પાપપુણ્યની ભ્રમણામાં પડીને કર્મમાં મગ્ન રહીને જન્મમરણની ઘટમાળમાં ભમ્યા કરે છે. જે ખરેખર બ્રહ્મ સ્વરૂપ છે છતાંય વાસનાઓની ગાંઠ રૂપ અંતઃકરણમાં ચૈતન્યની છાયા પડતાં તેનાથી સ્ફૂર્તિમાન થઈને પ્રારબ્ધ ભોગ માટે જે તે શરીર ધારણ કરીને સંસારમાં ભટકે છે. માયા યા અવિદ્યાના વળગાડને કારણે પોતાને અસમર્થ, જાડો-પાતળો, બ્રાહ્મણ-શૂદ્ર માની વિના કારણ દુઃખી થાય છે તે **જીવ**. આ જીવ **દેહગેહ** - શરીરરૂપી ઘરમાં ઘસઘસાટ ઊંઘે છે. એને જગાડવાની વાત છે. એની આવી ઘોર નિદ્રાનો લાભ લઈ, ચારે બાજુથી - દશેય ઈન્દ્રિયોનાં દ્વારમાંથી ચોર પેસી જાય છે. આ ચોર એટલે શ્લોક-૦૩માં ગણાવેલા નવ શત્રુઓ, ઈન્દ્રિયોનાં બારણાઓથી પેસી જોરજુલમથી બધું **આત્મવિત્ત** - આત્મશક્તિ હરી જાય છે. આત્મવિત્ત એટલે જીવાત્માનું અસલ પરબ્રહ્મ સ્વરૂપ. અહીં આ જગતમાં છડેચોક લૂંટાય છે; પણ એને એની ખબર નથી. આ ઊંઘ ઊડે અને જીવ ઊઠીને બેઠો થાય, જાગી જાય તો જ કંઈક અર્થ સરે. માટે ઉષઃ પ્રાર્થનામાં કહે છે :

**ઊઠને જીવ ઉદ્યોગ અદકો કરી**
**જનમનાં પાપ સહુ નાખ ધોઈ**
**ભક્તિ ભગવાનની, પ્રાપ્તિ નિર્વાણની**
**આપથી આપને લેને જોઈ...**
(ઉ.પ્રા. પૃ. ૨૦)

આ ઊંઘ એમ તો ના ઊડે, તે માટે ઘણો **ઉદ્યોગ** - પ્રયત્ન કરવો પડે. આવો ઉદ્યોગ કરનાર - **લાખોં મેં કોઈ બિરલો હિ ઐસો હૈ,** લાખોમાં કોઈક વિરલો જ હોય છે; જે **નિરાલંબ મેં કરે નિવાસા, છોડ દેહ અધ્યાસ,** જે દેહ - અધ્યાય - શરીરની મમતા - શરીરનો સંગ છોડીને નિરાલંબમાં - આલંબન રહિત એવી જગ્યામાં એટલે કે ચિત્તમાં - મનની અનમની અવસ્થામાં નિવાસ કરે છે. **જગત તમાસા દેખે ઉદાસા, સદા સ્વયંપ્રકાશ** - જે આ જગતને જુએ તો ખરો - તેના તમાસા જુએ પણ તે ઉદાસ ચિત્તે - ઉદાસ આંખે. એ જાગતિક તમાસાથી એ લેપાય નહીં, પ્રભાવિત થાય નહીં, કારણ કે તે પોતે સદાય સ્વયંપ્રકાશ સ્વરૂપમાં નિરંતર રમમાણ રહી, પોતે જ સ્વયંપ્રકાશ બની ગયો છે. હવે આ **ઉદ્યોગવીરની** લાક્ષણિકતાઓ જુઓ :-

**નીંદ જાગ બિન અખંડ જાગે કરે મૌત સે કુસ્તી**
**આઠોં પાશ ન સુપને સ્પર્શે બાંધો સંયમ કિસ્તી... લા. ૨**
(અ.આ. પૃ. ૧૭૮)

જાગવા-ઊંઘવાની - **નિંદ જાગ**ની વચ્ચે ઝોકાં ખાવાનું મૂકી એ અખંડ જાગરણ કરે છે અને કારણ કે નિતાંત જાગૃત છે માટે મોતની સાથે કુસ્તી કરે છે. આ મોતની સાથે કુસ્તી કરવી એટલે શું ? મોત એટલે **અસત્** (Non-Being) - મિથ્યામાં રચ્યાપચ્યા રહેવું; તથા મોત એટલે **તમસ્** - બૌદ્ધિક અંધકારમાં રચ્યાપચ્યા રહેવું. જે **અસત્** મહાત કરી **સત્**ને પામવાની તથા તમસને મહાત કરી **આત્મજ્યોતિ**ની આરાધના કરે છે; તે મોતની સાથે

કુસ્તી કરે છે એમ કહેવાય. આ કુસ્તીમાં વિજય એટલે મૃત્યુમાંથી **અમૃતની** પ્રાપ્તિ.[૧૧] એણે સંયમની કિસ્તી (**ધર્યો સંયમ લંગોટ**) બાંધી હોવાને કારણે આઠેય પ્રકારના પાશ સપનામાંય સ્પર્શી શકતા નથી, માટે જીવને શીઘ્ર ઊંઘ ત્યજી ઊઠવા અને પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કરવા સમજાવવામાં આવ્યું છે. ॥ ૧૯ ॥

**સંગતિ :** ''જીવ તું ઊંઘમાંથી ઊઠ, અને બીજા જાગીને પંથે પળેલાને જો'' એમ દૃષ્ટાંત દ્વારા અન્ય રીતે સમજાવે છે :-

**केचिद्याता ह्यर्धयाताश्च केचित्**
**केचिन्मार्गे नीयमानाः पुरस्ते**
**निद्रासि त्वं केन सौख्येन मूढ**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ २० ॥**

**શબ્દાર્થ : केचिद्याता – केचित्–याता –** કેટલાક ગયા, **ह्यर्धयाताश्च – हि–अर्ध याता** - તો વળી જઈ રહ્યા - અડધે સુધી પહોંચ્યા છે, **केचित्** - કેટલાક - **केचिन्मार्गे – केचित् – मार्गे –** કેટલાક, **नीयमानाः** - જઈ રહેલા, **पुरस्ते – पुरः ते** - તારી નજર સામે, **निद्रासि त्वं –** તું ઊંઘે છે, **केन सौख्येन –** કયા સુખે-શે સુખે, **मूढ –** હે મૂઢ, ઊઠ અને શ્વાસે શ્વાસે દત્તનામનું સ્મરણ કર. ॥ ૨૦ ॥

**ગયા કેટલા કેટલા અર્ધવાટે**
**વળી કેટલા જાય જો દેખ હાટે**
**પડ્યો ઊંઘમાં શેં સુખે મૂઢ હન્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૨૦ ॥**

---

**૧૧.** અહીં નીચેની વૈદિક પ્રાર્થનાનો સંદર્ભ છે :-
असतो मा सद्गमय – तमसो मा ज्योतिर्गमय
मृत्यो र्मा अमृतं गमय
અસતમાંથી સતમાં જવું અને તમસમાં જ્યોતિમાં જવું એટલે એનો અર્થ જ મૃત્યુમાંથી અમૃતમાં જવું.

**વિવરણ :** આ આખું જગત ઊંઘે છે; બધા જ ઊંઘે છે એવું નથી. આળસ અને પ્રમાદમાં સપડાયેલા આ જગતમાં ઘણાં પોતાનાં પૂર્વજન્મ કે આ જન્મનાં સુકૃતના પુણ્યપ્રતાપે જાગી જાય છે; જગાડી દેનાર ગુરુના શરણે જઈ, યાત્રા શરૂ કરે છે. એવા **આત્મકામ-આપ્તકામ** મનસ્વીઓ તરફ અંગૂલીનિર્દેશ કરીને કહે છે - મૂઢ જો. કેટલાય મોહનિદ્રામાંથી જાગીને ચાલતા થયા - ગયા. પરમહંસ શુકદેવજી તો જનમતાની સાથે જ દોડવા માંડ્યા હતા. તેમના પિતાશ્રી મહર્ષિ વેદવ્યાસ તેમને ઊભા રાખવા પાછળ દોડે. બિલ્વમંગલ, સંત તુલસીદાસજી. આપણા યુગમાં શ્રી રામકૃષ્ણ પરમહંસ, શ્રી અરવિંદ, શ્રી રમણ મહર્ષિ જેવાં અનેક ઉદાહરણો તો છે જ, પૂજ્યશ્રી રંગ અવધૂત મહારાજશ્રીનું ઉદાહરણ નોંધપાત્ર છે. આ બધા જાગી ગયા અને આત્મપ્રતીતિ **(Self realization)**ના માર્ગે ગયા અને કેટલાય જઈ રહ્યા છે. હે મૂઢ તું કયા સુખે ઘોરે છે ? આ અર્થ છે આ શ્લોકનો. તેથી જ ઉષઃ પ્રાર્થનામાં ગાયું છે :-

**કંઈક પંથે પળ્યા, કંઈક તુજમાં ભળ્યા**
**કંઈકના ગાન તે દેવ ગાતા...**

આત્મ-ઉદ્ધારના માર્ગે ઘણા ગયા છે. જે ગયા છે તેમાંના અનેક પ્રભુમાં સમરસ થઈ ભગવત સ્વરૂપ થઈ ગયા તો વળી કેટલાક તો એવી ઊંચી કક્ષાએ પહોંચ્યા કે સ્વયં દેવો પણ એમની સ્તુતિ કરે. આમ, આવા સંત મહાત્માના દૃષ્ટાંત દ્વારા મૂઢ જીવને માર્મિક પ્રશ્ન કર્યો છે - તું કયા સુખે સૂતો છે - ઊંઘે છે. તું જાગ. જાગીને શ્રી દત્તનામ સ્મરણ - પ્રભુનામ સ્મરણ કર, તારા આત્માનો તું સ્વયં ઉદ્ધાર કર. ગીતામાં કહ્યું છે - **उद्धरेदात्मनात्मानं** - માણસે સ્વયં પોતાનો ઉદ્ધાર કરવાનો છે. એ આત્મોદ્ધારનું પ્રથમ સોપાન જાગી જવું - અદકો ઉદ્યોગ કરી જાગ્યા ત્યાંથી સવાર ગણી એ રસ્તે ગતિશીલ બનવું. ॥ ૨૦ ॥

**સંગતિ :** શ્લોક-૧૭માં જે સ્વાર્થીજનોનો સંદર્ભ છે; એવી જ હવે દૂષિત સ્વભાવના જનોની સ્વભાવગત લાક્ષણિકતા દર્શાવે છે :-

**कामी भोगे ब्रह्म चर्येऽतिक्लीबो**
**मूर्खो दाने दानशून्ये कदर्यः ।**
**भक्तावन्धो नास्तिको भक्त्यभावे**
**सर्वं त्वेवं दुर्जनैर्दूषितं स्यात् ॥ २१ ॥**

શબ્દાર્થ : **कामी भोगे (भोगे सतिकामीः)**[૧૨] – જો ભોગ ભોગવતો હોય તો તે કામી ગણાય, **ब्रह्मचर्येऽतिक्लीबः (ब्रह्मचर्ये सति अति क्लीबः)** - જો નૈષ્ઠિક બ્રહ્મચર્યનું પાલન કરતો હોય તો તે, **क्लीब** – ષંઢ - હીજડો ગણાય, **मूर्खोदाने (दाने सति मूर्खः)** - જો દાન આપ આપ કરતો હોય તો તે મહામૂર્ખ ગણાય, **दानशून्येकदर्यः (दान शून्ये सति कदर्यः)** - દાન ન આપતો હોય તો ક્ષૂદ્ર - કંજુસ ગણાય, **भक्तावन्धो – (भक्तौसति अन्धः)** - બહુ ભક્તિ કરતો હોય તો અંધ - અંધશ્રદ્ધાળુ ગણાય, **नास्तिको भकत्यभावे (भक्ति अभावे सति नास्तिक)** - જો ભક્તિ ન કરતો હોય તો તે નાસ્તિક ગણાય. सर्वं – આ બધું, तु एवं – આમ, આ રીતે, **दुर्जनैर्दूषितं – दुर्जनैः दूषितं** – દુર્જનોને દૂષિત ઠરાવ્યું છે, **स्यात्** - હન્ત, અરેરે ॥ ૨૧ ॥

**વદે સંયમી ષંઢ, કામી જ ભોગે**
**મહામૂર્ખ દાને, ન દે ક્ષુદ્ર લાગે.**
**કરે ભક્તિ અંધો, ન નાસ્તિક તાત**
**જુએ દોષ દુષ્ટો બધે આમ હન્ત ॥૨૧॥**

**વિવરણ :** શ્લોક-૧૭માં સ્વાર્થી લોકોની સ્વાર્થ પરાયણતા બતાવી છે અને શ્લોક-૧૬માં **નચાવે જનો નાચવું તેમ વ્યર્થ** - લોકો નચાવે તેમ નાચવું ફોગટ છે એમ કહ્યું છે. કોઈપણ સમાજ, કોઈપણ કાળે, પછી તે ભગવાન રામચન્દ્રજીનો સત્યુગ હોય કે આપણો ઘોર કળિયુગ હોય, ક્યારેય ભરોસાપાત્ર

૧૨. વ્યાકરણશાસ્ત્રની દૃષ્ટિએ આ શ્લોક વિશિષ્ટ છે. પ્રથમ ત્રણ પંક્તિના છ એ છ પ્રયોગ **સતિસપ્તમીના** છે.

રહ્યો જ નથી. એ ક્યારેય સો ટકા સજ્જનોનો રહ્યો નથી. સમાજમાં સજ્જનોના કરતાં દુષ્ટ-દુર્જનોની સંખ્યા યા તો વધારે રહી છે અથવા ઓછી સંખ્યા હોય તો પણ તે બલવત્તર રહી છે. એ જ રીતે સમાજોમાં સત્કર્મ, સૌજન્ય, સચ્ચાચિત્ર્યની સ્તુતિ કરનાર કરતાં તેની નિન્દા કરનારની સંખ્યા યા તો વધારે અથવા ઓછી હોય તો પણ બલવત્તર રહી છે.

દુર્જનના સ્વભાવની લાક્ષણિકતા સમજવાનો પ્રયત્ન સદ્‌ગુરુ ભગવાનને ભજનાર ભક્તે સવિશેષ કરવો જ જોઈએ. એ સજ્જનનાં વ્રત, સન્માર્ગને વળગી રહેવાના પ્રયત્ન તથા સત્કર્મનિષ્ઠાને અવળી દૃષ્ટિથી જુએ છે. અવળી દૃષ્ટિ - વાંકદેખાપણું **(Cynicism)** અર્થાત્ માણસની ભલાઈ, સારું-શુભ કરવાની વૃત્તિ પ્રત્યે શંકાની નજરે જોઈને તેનો અવળો જ અર્થ કરવો એ દૂષિત સ્વભાવ છે. એ સ્વભાવે બધા જ સદ્‌ગુણ-શુભ વૃત્તિને દૂષિત કરી છે. જેમ કે જો માણસ સ્વકષ્ટાર્જિત પોતાના પુરુષાર્થથી પ્રાપ્ત કરેલા ભોગને પ્રારબ્ધવશ ભોગવતો હોય તો તેને કામી - લંપટમાં ખપાવી તેની નિંદા કરવી. જો તે ઈન્દ્રિયોનો નિગ્રહ કરી સંયમ પાળવા પ્રયત્ન કરતો હોય તો તેને ષંઢ-હીજડાની કક્ષાએ મૂકી તેની હાંસી ઊડાવવી, જો માણસ પોતાની આપકમાઈમાંથી પ્રામાણિકપણે દીન-દુઃખિયા, સત્પાત્રને દાન કરતો હોય તે મહામૂર્ખ, ધન આ રીતે વેડફી નાખે છે; ''ગાઈને દોહીને કૂતરીને પાય છે'' એવી કહેવતનો ઉપયોગ કરી તેની નિંદા કરવી, હાંસી ઉડાવવી, તો વળી જો એ ક્યારેય દાન કરતો જ ન હોય, તેની સ્થિતિ સાધારણ હોય તો તેને કંજૂસમાં ખપાવી તેની નિંદા કરે. જો માણસ સમજીને, સદ્‌ગુરુના સદ્‌બોધથી પ્રેરાઈને ભક્તિ કરતો હોય તો દુર્જનો તેને **ભગતડા**માં ખપાવી તેને અંધ-અંધશ્રદ્ધાળુ ગણી તેની નિંદા કરે, અને જો તેને પોતાનું પેટિયું રળવામાં, કૌટુંબિક જવાબદારીઓમાં ભક્તિ કરવાનો સમય જ ન મળતો હોય તો એવા માણસને નાસ્તિક ગણી તેની નિંદા કરે. આ બધા દુર્જનોના સ્વભાવ છે. ॥ ૨૧ ॥

**સંગતિ :** ઉક્ત શ્લોક-૨૧માં નિર્દિષ્ટ-લોકાપવાદ સહન કરી, દુર્જનોનો સંગ તજી નામામૃત પાનમાં મસ્ત રહેવું એમ કહે છે :-

**क्षन्तव्योऽस्माल्लोकजल्पोऽनिवार्यो**
**नो हातव्यो धर्ममार्गः कदाचित् ।**
**ग्राह्यं नित्यं दत्तनामामृतं सत्**
**त्याज्यः सङ्गो दुःसहो दुर्जनानाम् ॥ २२ ॥**

**શબ્દાર્થ : क्षन्तव्यः** [૧૩] – સહેવાયોગ્ય, **अस्मात्** – માટે (શ્લોક-૧૬ના સંદર્ભે), **लोकजल्पः** - લોકોમાં થતી નિંદા (બબડાટ), **अनिवार्यः** – અનિવાર્ય, **न** – નહીં, **हातव्यः** - ત્યજવો, **धर्ममार्गः** – ધર્મમાગ, **कदाचित्** - કદીય, **ग्राह्यं** – ગ્રહણ કરવું, લેવું, **नित्यं** – નિત્ય, **दत्तनामामृतं** – સત્ સ્વરૂપ શ્રી દત્તનામ - અમૃત, **सत्** – સત્ય સ્વરૂપ, **त्याज्यः** – ત્યજવું (ત્યજવાયોગ્ય), **सङ्गः** – સંગ-સોબત, **दुःसह** – ન સહી શકાય તેવો - આકારો, **दुर्जनानाम्** – દુર્જનોનો. ॥ ૨૨ ॥

**અનિવાર્ય માટે સહે લોકજલ્પ**
**કદીયે ન આંહી ત્યજે ધર્મ અલ્પ.**
**ગ્રહે નિત્ય સત્‌નામ પીયૂષ ચંગ**
**ત્યજે દુર્જનોનો અકારો જ સંગ. ॥ ૨૨ ॥**

**વિવરણ :** લોકનાં મુખે, ખાસ કરીને દુર્જનોનાં મુખે થતી વાતોનો સ્પષ્ટ નિર્દેશ કર્યા પછી અહીં **માટે (अस्मात् – આ કારણે)** એ લોકજલ્પ - લોકમુખે થતાં બડબડાટ અનિવાર્ય છે. લોકોની આવી જલ્પના સત્યયુગમાં ભગવાનશ્રી રામચન્દ્રજીના સમયમાં પણ હતી. એવા લોકોએ શ્રીરામની પણ ટીકા નિંદા કરી છે. **માટે** અનિવાર્ય - ન નિવારી શકાય એવી છે. લોકોનાં

**૧૩.** વ્યાકરણ અને ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ અહીં **क्षन्तव्य**નો પ્રયોગ વિશિષ્ટ છે. **क्षन्तव्य** - **(વિ.)**નો અર્થ ક્ષમા કરવી એવો થાય, અહીં જે પ્રયોગ છે; તે **क्षन्तृ - સહનશીલ** - ક્ષંતાનું **हेत्वर्थकृदन्त** છે. દુર્જનોને ક્ષમા કરવાની વાત નથી, પોતે સહીં લેવાની વાત છે.

મુખે તાળાં મારી શકાય નહીં **માટે** ગુરુભક્ત સજ્જન તેને સહી લે તથા પોતાનો **નિજધર્મ** ક્યારેય ત્યજવો નહીં. પોતાનાં ધર્મ-કર્મનું અડગ રીતે પાલન કરવું. અહીં ભક્તે જે ધર્મ સ્વીકાર્યો છે તેનું નામ છે - **શ્રી દત્તનામ સ્મરણ ધર્મ :** આ મુખ્ય ધર્મ છે. બીજા ધર્મો - (બ્રાહ્મણના) અધ્યયન, અધ્યાપન, યજન, યાજન, દાન, પ્રતિગ્રહ - એ ષટ્ધર્મ ઉક્ત મુખ્ય ધર્મના આનુષંગિક (**પૂરક - Complementary**) છે. એનું કારણ એ કે અધ્યાપકે પોતાના ઉક્ત ધર્મો બજાવતી વખતે પણ **દત્ત-દત્ત** સ્મરણ ચાલુ જ રાખવાનું છે. સત્ સ્વરૂપ દત્તનામ રૂપ અમૃત - પીયૂષ ગ્રાહ્ય છે - તે ગ્રહણ કરી દુર્જનોનો દુઃસહ-અકારો સંગ ત્યજવાનો છે. સદ્ગુરુ ભગવાનને નમ્ર પ્રાર્થના કરવાની છે.

**છો સુખે નિંદતા નિંદકો હરિ મને**
**લાજ મારી તને દેવદેવા;**
**ભક્તિમાં ભ્રષ્ટતા દેખશે દુરિજનો**
**ઊલટ આણી કરું તુજ સેવા...**

(ઉ.પ્રા. પૃ.૪૦)

નિંદા કરનારા ભલે સુખેથી નિંદા કરે, હે દેવાધિદેવ - દેવોનાય દેવ મારી લાજ તારે હાથ છે. ભક્ત ભક્તિ કરે તો, શ્લોક-૨૧માં કહ્યું છે તેમ, તેમાં દુર્જનોને અંધશ્રદ્ધા દેખાય, આચાર પાલનની ક્ષતિ દેખાય. તો પણ ઊલટથી - ઊમળકાથી સદ્ગુરુ ભગવાનની સેવા જ કરવાની છે. આમ, આવું કહેવા પાછળનું કારણ સમજવા જેવું છે. પ્રશ્ન લોકાપવાદ કે સમાજમાંના દુર્જનોનો નથી. પ્રશ્ન ભક્તની પોતાની ભીતરમાં રહેલા, પેલા બહારના દુર્જનો કરતાં અનેકગણા ખતરનાક દુષ્ટ ત્રિગુણ-સત્વ-રજસ-તમસમાંથી જન્મતા **હું - મારું - અહંતામમતા** સ્વરૂપ દુર્જનને હરણવાનો છે.

**ત્રિશૂલ કરમાં ગ્રહી ત્રિગુણ મમ સંહરી**
**'હું અને માહરું' નાખ છેદી**
**જ્ઞાનજલ ઘૂંટડો પાઈ કરતુંબીથી**
**ચક્રથી ચક્રભવ નાખ ભેદી...**
(ઉ.પ્રા. પૃ.૪૦)

એ છેદવા માટે તથા ભક્તના **ભવચક્ર**ને ભેદવા માટે ભગવાનને પ્રાર્થના કરવાની છે. ॥ ૨૧ ॥

**સંગતિ :** "તારે બીજા તરફ જોવાની જરૂરત જ ક્યાં છે" તારું સર્વસ્વ તારી પાસે જ છે; એને જ જો ને ! :-

**माता दत्तस्त्वत्पिता दत्त एव**
**स्वामी दत्तस्ते सखा दत्त एव ।**
**त्यक्त्वा ह्येनं वीक्षसे कुत्र चान्यं**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ २३ ॥**

**શબ્દાર્થ : माता** – માતા, **दत्तस्त्वत्पिता – दत्तः त्वत् पिता** – દત્ત (અને) તારા પિતા, **दत्त एव** – દત્ત જ, **स्वामी** – સ્વામી, **दत्तस्ते – दत्तः ते** – દત્ત તારા, **सखा** – મિત્ર, **दत्त एव** – દત્ત જ, **त्यक्त्वा** – છોડીને, **ह्येनं – हि एनं** – એ પ્રસિદ્ધને, **वीक्षसे** – જુએ છે, **कुत्र** – ક્યાં, **चान्यं – च अन्यं** – અન્યને વળી, હે ચિત્ત શ્વાસે શ્વાસે શ્રી દત્તનામનું સ્મરણ કરી લે. ॥૨૩॥


**અહા દત્ત માતા પિતા દત્ત એક**
**ખરે દત્ત સ્વામી સખા દત્ત દેખ**
**ત્યજી એહને ક્યાં જુએ અન્ય તાત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૩ ॥**

**વિવરણ :** બીજા શું કહે છે ? લોકો આમ કહે છે ને તેમ કહે છે; એ બાજુ જોવાની તારે જરૂરત જ શી છે ? કારણ કે તારું સર્વસ્વ માતા, પિતા, સ્વામી, સખા બધું શ્રીદત્ત જ છે. પછી અન્યત્ર દૃષ્ટિ કરવાની જરૂરત જ નથી.

## कारुण्यसिन्धुः ।

न निम्बवृक्षो मधुरत्वमेती–

त्येतद्वचो नास्ति सदैव सत्यम् ।



श्रुतं हि नारेश्वर–रङ्गसङ्गा–

न्निम्बोऽपि माधुर्यमुपागतोऽस्ति ॥

**त्वमेव माता च पिता त्वमेव त्वमेव बन्धु च सखा त्वमेव ।**
**त्वमेव विद्या द्रविणं त्वमेव त्वमेव सर्वं मम देव देव ॥**

આ અત્યંત પ્રસિદ્ધ પ્રાર્થનાના અર્થમાં જ ઉક્ત શ્લોક કહેવાયો છે. માણસની જે મર્યાદા છે તે એ કે પોતાના નિત્ય આત્મ-સ્વજન સ્વરૂપ પરમકૃપાળુ પરમાત્મા શ્રી દત્તાત્રેયનું વિસ્મરણ કરી દુન્યવી સંબંધો બાંધવા મથે છે. પાંચ ભૌતિક જગતના માતા-પિતા દેવ સમાન છે; પરમાત્મ સ્વરૂપ જ છે; છતાં માત-પિતા સાથેનો પુત્રનો સંબંધ શરીરનો સંબંધ છે અને તે નાશવંત છે. જ્યારે સ્વામી અને સખા-મિત્રના સંબંધો આકસ્મિક છે. આ બધા જ સંબંધોમાંનો **સંબંધ** શબ્દ **સમ્-બંધ** સમાન રીતે બંધનકારક છે. માણસ બંધાય છે. એ જે બંધન છે તે ઋણાનુબંધ છે. જ્યારે જીવ અને સદ્ગુરુ ભગવાનશ્રી દત્તાત્રેયનો સંબંધ વસ્તુતઃ સંબંધ ન હોતાં એકાત્મકતા - તત્ત્વમસિનો જ છે. આ તથ્યના સંદર્ભમાં અહીં એ સર્વસ્વ-સ્વાત્મ સ્વરૂપ શ્રી દત્તને ત્યજીને તું અન્યત્ર ક્યાં જુએ છે ? એવો આશ્ચર્યમય પ્રશ્ન પૂછ્યો છે. તારા માત-પિતા, સખા તારી ભીતર જ છે તું એના તરફ જ જો. શ્રી દત્તનામ સ્મરણના અભ્યાસ દ્વારા એ દેખાય - જોઈ શકાય એ આ શ્લોકનો ભાવ છે. ॥ ૨૩ ॥

**સંગતિ :** અલ્પ સુખથી છેતરાઈને યાત્રા અટકાવી ના બેસે તે માટે પ્રેરે છે :-

**गन्तव्यं ते दूरमत्यन्तमेव**
**मार्गे मा गाः सौख्यमल्पेन तुष्टः ।**
**सर्वे ह्येते धूर्तपाटश्चरास्ते**
**हृत्वा सर्वं त्वां बहिष्कासयन्ति ॥ २४ ॥**

**શબ્દાર્થ : गन्तव्यं** – જવાનું (પહોંચવાનું), **ते** – તારે, **दूरमत्यन्तमेव – दूरं–अत्यन्तं–एव** – દૂર-સુદૂર, **मार्गे** – માર્ગમાં, **मा** – નહિ, **गाः** (૧.આ.૩.૫) કોઈ સ્થિતિ કે દશાને પામવું, **सौख्यमल्पेन – सौख्यं अल्पेन** – થોડા ઘણા સુખથી, **तुष्टः** – સંતુષ્ટ, **सर्वे** – બધા, **ह्येते – हि एते –**

આ જ, **धूर्त** – ધૂતારા, **पाटश्चरास्ते – पाटः चराः (पाटश्चराः)** - ચોરડાકુ, **ते** – તારું, हृत्वा – હરી લઈને, **सर्वं – બધું, त्वां – તને, बहिष्कासयन्ति – बहिः कासयन्ति (निस + कस् या बहिः + कस् धातु १.५)** - હાંકી કાઢવું - ખેંચી કાઢવું - બહાર ધકેલવું. ॥ ૨૪ ॥

**જવાનું ઘણું દૂર તારે સુદૂર**
**રહે ના પાડી માર્ગમાં દેખી ધૂળ.**
**મળ્યા સર્વ આ ચોરડાકુ જ આહીં**
**હરી સર્વ જો દે તને છેહ ભાઈ. ॥ ૨૪ ॥**

**વિવરણ :** શ્રી દત્તનામ સ્મરણનો આધાર લેનારની અંતરયાત્રા ઘણી લાંબી છે. એણે ઘણે દૂર જવાનું છે. પ્રભુમિલન - ભગવત્ સાક્ષાત્કાર પ્રભુ કૃપાથી જ્યારે થાય ત્યારે; એ સિદ્ધ ન થાય ત્યાં સુધી સાધકે પોતાની યાત્રા ચાલુ જ રાખવાની છે. વળી, બીજું કે શ્રી દત્તનામ સ્મરણના પ્રતાપે મુક્તિ-મોક્ષ મળે ત્યાં સુધી માણસે લખચોર્યાશીના ફેરામાં ફરવાનું છે. એ ફેરામાંથી માણસને છોડાવનાર શ્રી દત્તનામ સ્મરણ જ છે. છતાંય સાધના રત માણસની સામેની અનેક સમસ્યાઓમાંની મુખ્ય સમસ્યા માર્ગમાં સહેજ અમસ્તું સુખ મળતાં ગાત્રો લંબાવીને પડ્યા રહેવાની ઈચ્છા થઈ આવે તે છે. સંસ્કૃતમાં પ્રયોજેલા **अल्प सौरव्य**ને માટે ગુજરાતીમાં **ધૂળ** શબ્દ પ્રયોજ્યો છે. અર્થાત્ માર્ગમાં ધૂળ જેવું અલ્પ સુખ મળતાં પડ્યો ના રહીશ, કેમ ? થોડો આરામ કરવામાં શો વાંધો છે ? કારણ એ છે કે માર્ગમાં ચોરડાકુઓ છે. યાત્રી સહેજ સાજ ગાફેલ રહે તો લૂંટાઈ જાય. પૂજ્યશ્રી અવધૂતજીએ નર્મદા પરિક્રમા કરેલી. સ્થૂળ અર્થમાં તે યાત્રાના પ્રત્યક્ષ અનુભવનો અહીં નિર્દેશ છે. ઝાડી-ઝાંખરાવાળા ગીચ વિસ્તારમાં પરિક્રમાવાસી લૂંટાઈ જતા હોય છે. એ સ્થૂળ વાત છે. એ જ વાત આત્મ-યાત્રા - ભીતરની યાત્રામાં પણ સાચી છે. સાધના કરનાર માણસને સિદ્ધિરૂપી મંઝિલ સુધી પહોંચતો અટકાવવા માટે અનિષ્ટ તત્ત્વો તેને સુખના અનુભવો - પ્રલોભનો દ્વારા લલચાવી છેતરે. એ છેતરામણે તેનું બધું જ હીર હરાઈ, લૂંટાઈ જાય અને તે બહાર ફેંકાઈ જાય. ઉષઃ પ્રાર્થનામાં માર્ગમાંની વિપત્તિની વાત કરી છે.

**વિષય ધૂલી ઊડે સૂઝ કંઈ નવ પડે**
**આંખ ચોળી રડે જીવ હારી.**

અનેક પ્રકારના લોભાવનારા વિષયોની ડમરી-ધૂળની ડમરીમાં કશું સૂઝે નહીં વિષમ પરિસ્થિતિમાં જીવને માટે રડવાનો વારો આવે. એવાં વિઘ્નોથી બચવું અઘરું તો છે જ, પણ તેનો ઉપાય પણ માણસે જ કરવાનો છે. ॥ ૨૪ ॥

**સંગતિ :** ઉક્ત શ્લોકમાંની સમસ્યાના ઉકેલને આંખ ખોલી, જોઈ, અંતઃ ચક્ષુથી પ્રમાણવા પ્રેરે છે :-

**लब्ध्वा साङ्गं मानुषं जन्म मूढ**
**विक्रीणीषे धिग्वराटार्थमेतत् ।**
**प्राप्यं नैतत्पुण्यकोटिं विनान्ध**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ २५ ॥**

**શબ્દાર્થ : लब्ध्वा** – લાભીને - મેળવીને, **साङ्गं – स अङ्ग –** અંગ ઉપાંગ સહિત - સંપૂર્ણ એટલે મોઘો, **मानुषं** – મનુષ્ય સ્વરૂપ, **जन्म** – જન્મ, **मूढ** – હે મૂઢ, **विक्रीणीषे** – વેચી મારે છે - વેડફે છે, **धिग्वराटार्थमेतत् – धिक् वराट – अर्थम् एतत्** - અરે રે (ધિક્કાર છે તને) (તું તેને) કોડીના મૂલે, **प्राप्य** – લભ્ય, **नैतत्पुण्य कोटिं – न एतत् पुण्यकोटिं** – કરોડો પુણ્ય (વિના) તે, **विनान्ध – विना – अन्ध –** (વિના) હે અન્ધ, માટે હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૨૫ ॥

**મળ્યો જન્મ મોંઘો તને માનવી આ**
**વૃથા કોડી મૂલે તું એ વેડફે હા,**
**વિના પુણ્યકોટિ ન એ લભ્ય અંધ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૫ ॥**

**વિવરણ :** મૂળ સંસ્કૃત શ્લોકમાં જીવને માટે **મૂઢ** અને **અંધ** બે સંબોધનોનો પ્રયોગ થયો છે. **મૂઢતા** વસ્તુતઃ **મોહાન્ધતા** જ છે, તેથી ગુજરાતીમાં સંબોધન છે - **હે અન્ધ !**

આ અંધતા શું છે ? અંધતાના અનેક પ્રકાર છે. તેમાં જન્માંધતા- જન્મથી જ માણસ અંધ હોય અથવા જન્મ્યા પછી કોઈક રોગને કારણે અંધતા આવી જાય તો હવે વિકસિત વિજ્ઞાનના યુગમાં તેને અંધતા ન ગણતા તે માણસ માટે શારીરિક પડકાર **(Physical challange)** રૂપ ગણાય. અંધતાના બીજા પ્રકારમાં **કામ, રાગ, સ્વાર્થ** જેવા આંતરિક કારણસર આવતી અંધતા-**કામાંધતા** અંધતાનું સ્વરૂપ થયું. કેટલાક દૃષ્ટિની ખામીને કારણે રંગ ન કળી શકે તે **Colour Blindness.**

અહીં પ્રસ્તુત શ્લોકમાં અંધમાં જે અંધતાની વાત છે; તે ઘણી વિશિષ્ટ છે. તેમાં માણસ જીવનની વાસ્તવિકતા જોઈ જ ન શકે તેને **Reality Blindness** - વાસ્તવ પ્રત્યેની અંધતા કહેવાય. જીવનમાં બે પ્રકારની વાસ્તવિકતા છે. એક તો એવી કે જે ઊડીને આંખે વળગે; જેમ કે નોકરીએ જવા માટે મારે સવારે ૭.૫૦ની બસ પકડવાની છે. હું ગરીબ છું, હું બીમાર છું વગેરે. બીજી એવી વાસ્તવિકતા છે જે આમ તો ન દેખાય, મારે ચહાઈને જોવી પડે અથવા કોઈક મને બતાવે તો દેખાય.

અહીં પ્રસ્તુત શ્લોકમાં વાસ્તવ પ્રત્યે જે અંધ છે તેવા મૂઢને એવી વાસ્તવિકતા આંગળી મૂકીને બતાવે છે :-

- ❑ તને જે જન્મ મળ્યો છે તે **માનુષ જન્મ** છે. તું **મનુષ્ય** છે. મનુષ્ય પોતાનાં **મનુષ્ય** સ્વરૂપને જોઈ શકતો નથી, એ તકલીફ છે.
- ❑ તને મળેલો આ મનુષ્યદેહ **મોંઘો** એટલે સંસ્કૃતમાં કહ્યું છે તેમ **સાંગ** - બધા જ અંપ-ઉપાંગ સાથેનો છે. બધી જ જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો સાથેનો પૂર્ણ દેહ મળ્યો છે. પશુઓમાં સિંહ જેવા ખૂબ જ બળવાન હોવા છતાંય તેમને હાથ નથી, ઝાઝી બુદ્ધિ પણ નથી, કાન છે પણ વિભિન્ન સૂરની લીલા માણી શકાય એવા કાન નથી, સાપ આટલો ઝેરી છે. પણ તેને હાથ, પગ, કાન કશું જ નથી, માણસને ખબર નથી તેને મળેલો દેહ - જન્મ કેટલો મોંઘો છે. પૂર્વના અનેક જન્મોનાં

પુણ્યપ્રતાપે, જે ઘરમાં જન્મ લીધો છે તે માતા-પિતા અને પૂર્વજોનાં સત્કર્મોના પુણ્યપ્રતાપે માનવજન્મ મળે છે. આ વાત - આ વાસ્તવની માણસને છેક સુધી ખબર જ નથી પડતી. એ અંધતા છે.

❑ જન્મ લીધા પછી માણસ પોતાનાં આ શરીર, મન, ઈન્દ્રિયો આ બધાનો શો ઉપયોગ કરે છે ? કેવો ઉપયોગ કરે છે ? એ જોવા જેવું વાસ્તવ છે. શું કર્યું ? અથવા માણસ શું કરે છે ? -

* નામના થાય - નામ થાય તે માટે આખી જિંદગી ભટક્યા, એટલે કે **તૂપ** (ઘી) મેળવવા માટે **તોય** (પાણીને) વર્ષોથી વલોવ્યું. **(ઉ.પ્રા. પૃ.૧૨).**
* આ જિંદગી જૂઠાણામાં પાણીના પૂરની જેમ વહી જાય અને છેવટે દરિયા જેવા મૃત્યુમાં મળી જાય -
* શઠ માણસોની સંગતે ચડી સંત-સાધુજનોની નિંદા-કુથલી, દેવ-ધર્મની ઠેકડી ઉડાવી. એમ કરીને ખૂબ મોજ માણી.
* દામ-નાણાં કમાવા ચારેબાજુ દોડાદોડ કરી અને થાક્યા ત્યારે કામિની-સ્ત્રીની સોડમાં ભરાઈ, નામ કમાવાના ધ્યેય સાથે જીવતર ખોયું.
* પારકું ધન અને પારકી સ્ત્રીને પામવા - મેળવવાના ઉધામા કર્યા. **(ઉ.પ્રા. પૃ. ૨૪).**

આમ, આખું જીવન - આવું અમૂલ્ય માનવજીવન કોડીના મૂલે વેડફી માર્યું, એટલે કે - **રાખની આશમાં લાખ ખોયા (ઉ.પ્રા. પૃ. ૨૩).** ઉક્ત બધી ક્રિયાઓના વળતર રૂપે હાથમાં શું આવ્યું ? - **રાખ**, ગુમાવ્યું - ખોયું શું ? **લાખ** દેતાંય - કરોડો પુણ્યોના અંતેય ન મળે તેવું ઉત્તમ માનવજીવન વેડફી નાખ્યું. આ થઈ માણસની વાસ્તવ પ્રત્યેની અંધતા **(Reality Blindness)**. માટે હજી સમય છે - **આખર આકરી, ચેત મન વાઘરી** - હે વાઘરી મન ! (મનને વાઘરી કહ્યું છે) અંતકાળ આકરો છે; ચેતી જા અને પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે એ સદ્ગુરુ મહારાજનો સદ્બોધ છે. આ ઉપદેશ નથી, સદ્બોધ છે. ॥ ૨૫ ॥

**સંગતિ :** ઉત્તમ માનવજન્મ - જીવનને ધૂળનાં મૂલે વેડફી નાખવાનું મૂલ્ય કેટલું છે તે દર્શાવે છે :-

**यावद्वित्तं ह्यर्ज्यते पुष्कलं ते**
**सौख्यं तावत्पृच्छ्यते मूढ सर्वैः ।**
**नष्टे सारे लोक्यते सर्वतोऽज्ञं**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ २६ ॥**

**શબ્દાર્થ : यावद्वित्तं – यावत् – वित्तं –** જ્યાં સુધી વિત્ત-ધન, **ह्यर्ज्यते – हि अर्ज्यते –** ચોક્કસપણે કમાય - અર્જિત કરે, **पुष्कलं** – પુષ્કળ - ભૂયિષ્ટ, **ते (त्वया)** - તું - તારા વડે, **सौख्यं** – સુખસંબંધી ખબર-અંતર-ભાવ, **तावत्पृच्छ्यते – तावत् – पृच्छ्यते** – ત્યાં સુધી પૂછવામાં આવે, **मूढ** – હે મૂઢ, **सर्वैः** – બધા, **नष्ट सारे (सारे नष्टे सति)** - ધન નષ્ટ થતાં-જતાં, **लोक्यते –** જોવામાં આવે, **सर्वतोऽज्ञं – सर्वतः अज्ञं इव** (અહીં ‘इव’નો પ્રયોગ અધ્યાહાર છે), અર્થાત્ અજાણ્યાની જેમ જુએ - સામુંય ન ભાળે. માટે હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૨૫ ॥

**વિવરણ :** માનવજીવનની ખરી વિડંબણાનું અહીં નિરૂપણ છે. એક બાજુ જીવ પોતાનો જન્મારો શ્લોક-૨૫માં કહ્યા પ્રમાણે વેડફી રહ્યો છે તો બીજી બાજુ શ્લોક-૧૧માં દર્શાવ્યા પ્રમાણે કહેવાતાં સ્વજનો છે તેમનો સંબંધ શરીર પૂરતો જ છે - **જતાં શ્વાસ કોઈ ન આવે પરત્ર (શ્લો.૧૧);** જ્યારે શ્લોક-૧૭માં દર્શાવ્યા પ્રમાણે આ માણસની સામાજિક પ્રતિષ્ઠા તેની આર્થિક સ્થિતિ પર જ આધારિત છે. એ જેવી શિથિલ થઈ કે માણસ કોડીનો થઈ જાય છે. એ જ પરિસ્થિતિનું અતિશય વરવું સ્વરૂપ આ માણસની વિત્તાર્જનની ક્ષમતા - કમાવાની શક્તિ જ્યાં સુધી હોય ત્યાં સુધી જ આપ્ત - સ્વજન પોતાનાં કુટુંબીજનો સાથેનો સંબંધ રહે છે. જ્યાં સુધી એ કમાતો હોય ત્યાં સુધી બધા જ આવી આવીને **સૌખ્ય વિષયક પૃચ્છા** - કુશળ-ક્ષેમ ના ખબરઅંતર પૂછે - કેમ છો ? કેમ રહે છે સ્વાસ્થ્ય ? કેમ હમણાં ઘણા દિવસથી દેખાતા ન હતા ? અને જેવી આ શક્તિ ગઈ, કમાવાનું બંધ

થયું કે કોઈ ભાવ પણ ન પૂછે એ તો ઠીક; પણ સંસ્કૃતમાં અહીં ખૂબ સરસ પ્રયોગ કર્યો છે - **सारे नष्टे सति सर्वतः अज्ञं इव लोक्यते –** સારભૂત ધન નષ્ટ થતાં બધી બાજુથી જાણે અજાણ્યાં હોય-ઓળખતાં જ ન હોય એ રીતે બધા તેના ભણી જુએ છે.

ભગવત્પાદ આદિ શંકરાચાર્ય મહારાજશ્રી તેમનાં પ્રસિદ્ધ **શ્રીચરપટ પંજરિકાસ્તોત્ર**માં કહે છે :

**यावद्वित्तोपार्जनशक्तस्तावन्निजपरिवारो रक्तः ।**
**पश्चाज्जर्जरीभूते देहे–वार्तां कोऽपि न पृच्छति गेहे ॥**

અર્થાત્ માણસ જ્યાં સુધી ધન મેળવવામાં સમર્થ છે; ત્યાં સુધી તેનું પોતાનું કુટુંબ પ્રીતિ રાખનારું રહે છે.પછી શરીર વૃદ્ધ થયે ઘરમાં કોઈ વાત સરખી પૂછતું નથી. તે જ રીતે શ્રી અવધૂતજી કહે છે - **નાતી ગોતી સગાંસંબંધી યે સબ ચલતી કે સાથી (અ.આ. પૃ. ૧૭૫)** આ બધા ચલતીના સાથી છે. માટે હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે. ॥૨૬॥

**સંગતિ :** આમ, જે સ્વાર્થનાં સગાં છે તેને મારાં કહીને મૂઢ ! તું શાથી મરે છે ? એવો વેધક પ્રશ્ન પૂછે છે :-

**हास्यं दृष्ट्वा हस्यते सर्वलोकै –**
**दुःखाश्रूणी हा न कोऽपि प्रमार्ष्टि ।**
**कुर्वन्मे मे किं मृतिं यासि मेष**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ २७ ॥**

**શબ્દાર્થ : हास्यं –** હાસ્ય, **दृष्ट्वा** – જોઈને, **हस्यते** – હસે, **सर्वलोकैः** – બધાં લોકો, **दुःखाश्रूणी** – દુ:ખનાં અશ્રુ, **हा** – અહા, **न** – ન, **कोऽपि – कः अपि** – કોઈપણ, **प्रमार्ष्टि** – લૂછનાર, **कुर्वन्** – કરીને - કરતાં કરતાં, **मे मे** – મારું-મારું, **किं** – શાથી, **मृतिं** – મરણ તરફ, **यासि** – જાય છે, **मेष** – હે મેષ - હે ઘેંટા, એનાં કરતાં હે ચિત્ત પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૨૭ ॥

**હસંતા વિલોકી હસે સર્વલોક**
**ન દુઃખાશ્રુ કોઈ જ લૂંછે વિલોક ।**
**મરે કેમ મેં મેં કરી મેષ વ્યર્થ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૭ ॥**

**વિવરણ :** અહીં આ મૂઢને **મેષ - ઘેંટો** કહીને સંબોધન કર્યું છે. જેવી રીતે માણસ જ્યાં સુધી ધન કમાવા સમર્થ હોય ત્યાં સુધી જ તેના સગાં તેની સામે જુએ તે રીતે જ કમાતો-ધમાતો સુખી હોય તે સ્વાભાવિક રીતે પ્રસન્ન હોય, હસતો હોય તો તેવા સુખી હસતાંને જોઈ બધા તેની પ્રસન્નતાનાં હાસ્યમાં સહભાગી થઈ, તાળી દઈ દઈને હસે. પછી જ્યારે દુઃખ આવી પડે ત્યારે જે રડવું આવે તે દુઃખનાં આંસુ લૂંછવા કોઈ ન આવે. તેથી એક ભજનમાં કહ્યું છે - **હઁસતે કે સાથ હઁસે દુનિયા રોતે કો કૌન બુલાવે રે... (અ.આ. પૃ.૧૮૨).** એ હસાવનારું સુખ મૃગજળ જેવું મિથ્યા, ચાર દિવસનું જ છે. છતાં એવાં સ્વારથના સગાંને પોતાનાં ગણવા એ વસ્તુસ્થિતિને સ્પષ્ટ કરવા માટે અહીં **મેષ**-ઘેંટાનો આધાર લીધો છે. ઘેંટાનો બોલવાનો અવાજ મે-મે પ્રકારનો છે. પશુઓમાં ભોળું પ્રાણી અને એટલે મૂર્ખ પ્રાણી પણ આ ઘેટું છે. એ જે રીતે **મે-મે** કરે તેમ આ મનુષ્ય જે પોતાનાં છે જ નહીં, પરમેશ્વર-પરમકૃપાળુ પરમાત્મા સિવાય આ માણસનું કોઈ છે જ નહીં. જે છે તે યા તો શરીરનાં યા ધન-દોલતનાં, સ્વાર્થના સગાં છે. એવા માટે મે - મે - મારા-મારા કરીને મરવા ભણી જઈ રહેલા જીવને કહે છે તું **મે-મે** કરીને શાથી મરે છે ? આ મે-મે એટલે જ તદ્દન ક્ષણભંગૂર-નાશવંત છે તેને માટેની માણસની મમતા, માતા મદાલસાએ હાલરડારૂપે પુત્રને બોધ આપતાં કહ્યું :

**કોણ માતા કોણ તાત છે ? કોણ સ્ત્રી પરિવાર ?**
**વણ વિચારે કાં કહે મારું મારું હે બાળ... ઝૂલો. ૧૩.**
(ગુ.લી.અધ્યાય.૩૧)

પોતાનું કહી શકાય એવું આ જગતમાં શું છે એ ન જાણનાર આ મેષ જેવો ભોળો અને તેથી જ મૂર્ખ માણસ મારું મારું કરી વૃથા મરે છે; કોઈ એનું હોતું નથી ને થતું પણ નથી. એક માત્ર પરમાત્મા સદ્‌ગુરુ ભગવાનશ્રી દત્તાત્રેયનું નામ જ તારનાર આપ્ત છે માટે હે ચિત્ત તું એ નામનું સ્મરણ કરી લે. ॥ ૨૭ ॥

**સંગતિ :** શ્લોક-૧૩માં યથાપ્રારબ્ધ જે મળે તેનો સ્વીકાર કરવાનું કહ્યું છે; અહીં હવે કરુણા સાગર ભગવાનની અગમ્ય લીલાને સમજી અન્ય ઈચ્છા ન કરવા સમજાવે છે :

**क्षुद्व्याध्यर्थं ह्यौषधं भैक्ष्यमुक्तं**
**शीताद्यार्तिध्वंसहेतोस्तु वासः ।**
**अन्यस्वेच्छा तन्यते मूढ कस्मा –**
**च्छ्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ २८ ॥**

**શબ્દાર્થ : क्षुद्व्याध्यर्थं – क्षुत् – व्याधि अर्थं** – ભૂખ અને વ્યાધિ - બીમારી માટે, **ह्यौषधं – हि औषधं** – દવા (મળે જ છે), **भैक्ष्यमुक्तं – भैक्ष्यं उक्तम्** - ખોરાક (મળે જ છે), **शीताद्यार्तिध्वंसहेतोस्तु – शीत– आदि– आर्ति ध्वंस – हेतोः तु** – તથા (તુ) ઠંડી વગેરે દુ:ખના નાશ માટે, **वासः** – વસ્ત્ર (પૂરતાં છે), **अन्यस्वेच्छा – अन्य–सु–इच्छा**[14] - બીજાની સ્મૃદ્ધિની (ધનની) ઈચ્છા, **तन्यते –** કરે છે; **मूढ** – હે મૂઢ, **कस्मात्** - શાથી ? એવી ઈચ્છા કરવાનું છોડો શ્રી દત્તનામ સ્મરણ કર એ ભાવ છે. ॥ ૨૮ ॥

**ક્ષુધા વ્યાધિ માટે દવા ભૈક્ષ્ય આપી**
**તથા વસ્ત્ર શીતાદિ દુ:ખાર્થ કાફી**
**કરે અન્યસ્વેચ્છા તું તોયે કિમર્થ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૮ ॥**

---

**૧૪.** અહીં સ્વેચ્છાનો પ્રયોગ વિશિષ્ટ છે. સામાન્ય રીતે **સ્વેચ્છા - સ્વ - ઈચ્છા** - પોતાની ઈચ્છા એવો થાય, પણ અહીં **સુ-ઈચ્છા**માં સુનો અર્થ ધનસમૃદ્ધિ ની ઈચ્છા એવો થાય. મેદિનીકોષ પ્રમાણે - सु पूजायां भूशार्थेऽनुमति कृच्छ्र समृद्धिषु.

**વિવરણ :** આમ તો પરમકૃપાળુ પરમાત્માની આ સૃષ્ટિમાં કીડીને કણ અને હાથીને મણ - પ્રાણીમાત્રને તેના પુરુષાર્થ અને સવિશેષ પ્રારબ્ધ પ્રમાણે મળી રહે એવી દિવ્ય અને અતિરહસ્યમય વ્યવસ્થા છે. ક્ષુદ-રોગ-ક્ષુધારૂપી રોગના ઉપચાર માટે કુદરતે અન્નની વ્યવસ્થા કરી છે. જ્યાં સુધી ભારતમાં અંગ્રેજો અને અંગ્રેજી શિક્ષણ આવ્યું ન હતું, ત્યાં સુધી આ આખોય દેશ નિર્વિવાદપણે ખેતીપ્રધાન હતો. દરેક કુટુંબ પોતાને જોઈતું અન્ન પોતાની જાતે ઉત્પન્ન કરી લેતું હતું. ગૃહઉદ્યોગ, ગ્રામઉદ્યોગ હતા. ખેતીમાંથી જ કપાસ અને તેના દ્વારા હસ્ત અને ગૃહઉદ્યોગ દ્વારા વસ્ત્ર મળી જ રહેતાં હતાં.

જ્યાં માંદગી માટે કુદરતી ઉપચાર છે, ત્યાં આયુર્વેદનું એક મહાસૂત્ર છે - **नास्ति वृक्षं अनौषधम्** - ભારતની ભૂમિમાં થતું એવું એક પણ વૃક્ષ નથી, જે માણસને થતા કોઈ ને કોઈ રોગની દવા ન હોય. દરેક વૃક્ષનાં, છોડનાં પાન, ફૂલ, ફળ, છાલ, મૂળ કોઈક ને કોઈક રોગની દવા છે જ. અને સૌથી મોટી દવા તો કુદરતી જીવન છે.

આ શ્લોકમાં મૂઢ માણસને ઉદ્દેશીને કહે છે - હે મૂઢ તને માતા પૃથ્વી અન્ન આપે છે. દવા આપે છે, વસ્ત્ર આપે છે. તો પણ તું બીજાનાં ધન-સમૃદ્ધિ હડપ કરી લેવાની ઈચ્છા શાથી કરે છે ? એ બધું એની મેળે મળી જતું હોય તો માણસે નિશ્ચિંત થઈ પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરણ કરવું જોઈએ. એ તાત્પર્ય છે. ॥ ૨૮ ॥

**સંગતિ :** માણસ શાથી **અન્યસ્વેચ્છા** - અન્યની ધનસમૃદ્ધિ મેળવી લેવાની ઈચ્છા કરે છે ? એ પ્રશ્નના ઉત્તરરૂપ કારણનું વિશદીકરણ હવે બે શ્લોક (૨૯, ૩૦) દ્વારા કરે છે :-

**काष्ठांश्चग्नीन् यो मृतस्यापि दत्ते**
**किं वृत्ति नो जीवयुक्तस्य तेऽसौ ।**
**श्रद्धायुक्तं तस्य पादौ गृहाण**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ २९ ॥**

**શબ્દાર્થ : काष्ठांश्चग्नीन् – काष्ठान् – अग्निन्** - કાષ્ઠ અને અગ્નિ, **यः** - જે, **मृतस्यापि – मृतस्य अपि** – મૃતકને પણ, **दत्ते** – આપે છે. (અહીં **दा** ધાતુ ૩.ગ.ઉ.પ. છે), **किं – શું, वृत्तिं** - જીવન-યાપન માટેનો ધંધો, **न – ન, जीवयुक्तस्य** – જીવતાને, **तेऽसौ – ते असौ –** તે તને, **श्रद्धायुक्तं** – શ્રદ્ધાપૂર્વક, **तस्य** – તેના, **पादौ** – ચરણ, **गृहाण** – ઝાલ, પકડ અને તે માટે હે ચિત્ત પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કર. ॥ ૨૯ ॥

**અરે કાષ્ઠ અગ્ન્યાદિ દે જે મૃતોને**
**ન અન્નાદિ એ શું તને જીવતાને,**
**જઈ ઝાલ શ્રદ્ધાથી તત્પાદ તાત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૨૯ ॥**

**વિવરણ :** પરમકૃપાળુ પરમાત્માની અકલ્પ્ય સર્વશક્તિમત્તા અને અકલ્પ્ય કરુણામાં માણસને શ્રદ્ધા નથી; એ પાયાની વાત છે. કોઈનીયે લાશ સંસ્કાર થયા વિનાની રહેતી નથી. આજે ભારત જેવા દેશમાં પર્યાવરણની સમસ્યાને કારણે લાકડાની અછત દેખીતી છે. જેટલા મોટા પ્રમાણમાં વસતી વધે છે તેટલા જ મોટા પ્રમાણમાં માણસો કુદરતી કે અકુદરતી રીતે મૃત્યુ પામે છે. તેમના અગ્નિસંસ્કારમાં લાકડા વપરાય છે; છતાં એ ક્રિયા ચાલુ છે. જે પરમકૃપાળુ પરમાત્મા મરેલાને માટે તજવીજ કરતો હોય તે જીવતાનું જીવન ટકી રહે તે માટે કશું નહીં કરે ? એ માણસને સાધારણ ખોરાક પૂરો નહીં પાડે ? આજે ગરીબી છે. લાખો માણસો ગરીબીરેખાની નીચે **(BPL)** જીવે છે. એનાં અનેક આર્થિક, સામાજિક અને સવિશેષ રાજકીય કારણો છે. એ કારણોની જોર-શોરથી ચર્ચાઓ પણ થાય છે, પણ એના આધ્યાત્મિક કારણ **(Spiritual reason)** તરફ કોઈનું ધ્યાન જતું નથી એ સાંપ્રત સમાજની લાક્ષણિકતા છે. એનું એક કારણ માણસની પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યેની અશ્રદ્ધા તો નહીં હોય ને ? એવી શંકા કોઈને થતી નથી એ આશ્ચર્યની વાત છે. જો માણસ પરમકૃપાળુ પરમાત્માની દિવ્ય કામગીરી તરફ સહેજ અમથી નજર નાખે તો તેને સમજાય કે મારી વૃત્તિ-

જીવનયાપનને પોષનાર કોઈક છે. શ્લોક-૧૩ના વિવરણમાં આપણે ગીતામાં ભગવાને આપેલા વચનની ચર્ચા કરી છે. અહીં એક સુભાષિત જોઈએ -

**येन शुक्लीकृता हंसा शुकाश्च हरितीकृता ।**
**मयूराश्चित्रिता येन स ते वृत्तिं विधास्यति ॥**

અર્થાત્ જે પરમાત્માએ હંસોને શ્વેત-સફેદ રંગના બનાવ્યા છે, પોપટને હરિત (પોપટીયા રંગ)ના બનાવ્યા છે. મોર અનેક રંગો અને ચિત્રોથી સજાવ્યા છે તે પરમાત્મા તારી **વૃત્તિ** પોષશે.

આવી શ્રદ્ધાથી હે તાત-મિત્ર તું તેના ચરણ પકડ, તેમનાં શરણે જા. તારું કલ્યાણ થશે. માટે હે ચિત્ત તું શ્રદ્ધાપૂર્વક પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કર. ॥ ૨૯ ॥

**સંગતિ :** મનુષ્ય શ્રદ્ધાયુક્ત થઈ શ્રી દત્ત પ્રભુનાં શરણે જઈ શકતો નથી, તેનાં કારણનું નિરૂપણ કરી તેનું વિશિષ્ટ રીતે નિરસન કરે છે :-

**मिथ्याऽयं ते मोहमूलोऽभिमानो**
**यानश्वानस्येव कर्तृत्वमूलः ।**
**त्रीशादन्यः कः प्रभु स्यात्त्रिलोक्यां**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ३० ॥**

**શબ્દાર્થ : मिथ्याऽयं – मिथ्या अयं** – વૃથા આ, **ते (तव)** - તારું તિહારો[૧૫], **मोहमूलोऽभिमानः – मोहमूलः अभिमानः** – મોહનાં મૂળરૂપ અભિમાન, **यानश्वानस्येव – यान–श्वानस्य इव–** શ્વાન (કૂતરા)ના યાન (શકટ) જેવો, **कर्तृत्वमूल –** કતૃત્વનાં મૂળ, **त्रीशादन्यः – त्रीशात् अन्यः** – ત્રીશ-ભગવાન શ્રી દત્તાત્રેય સિવાય બીજું અન્ય, **कः** - કોણ, **प्रभु** – સમર્થ, **स्यात्त्रिलोक्यां** – ત્રિલોક (બ્રહ્માંડ)માં (છે), માટે એ અભિમાન મૂકી હે ચિત્ત શ્રી દત્તનામ પ્રતિશ્વાસ સ્મરી લે. ॥ ૩૦ ॥

**૧૫. અભિમાન શબ્દ** સંસ્કૃતમાં પુલ્લિંગ અને ગુજરાતીમાં નપુસકલિંગ છે; પૂજ્યશ્રીએ સંસ્કૃત લિંગ સ્વીકારી **તિહારો અભિમાન** કહ્યું છે.

**કરું હું કરું હું જ મોહાભિમાન**
**વૃથા એ તિહારો વહેશ્વાનયાન**
**વિના ત્રીશ બ્રહ્માંડમાં કો સમર્થ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૦ ॥**

**વિવરણ :** શ્લોક-૨૯માં **જઈ ઝલ શ્રદ્ધાથી તત્પાદ તાત** - શ્રદ્ધાયુક્ત થઈ, ત્યાં જઈ, અર્થાત્ એ ભગવાનનાં મૂળ સ્થાન માહૂરગઢ, ગાણગાપુર, કુરવપુર, માણગાંવ, વાડી, ગરૂડેશ્વર કે પછી જ્યાં નજીક હોય ત્યાં જઈ, તેમનાં ચરણ પકડવા કહે છે. શ્રદ્ધાપૂર્વક ચરણ પકડવા એટલે -

**ભટક ભટક ચરનન મે આયો,**
**લાજ દાસકી રાખો રે... અબ.**
(અ.આ. પૃ.૪).

અર્થાત્ હે નાથ, સદ્ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેય મહારાજ, હું ચારેકોર ભટકી ભટકીને આપના ચરણમાં આવ્યો છું. હવે, આપ આ દાસની લાજ રાખો. એવા પ્રણિપાતપૂર્વક જવાની વાત કરી છે. આ શ્રદ્ધા છે. માણસમાં આવી પ્રણિપાતપૂર્વકની શ્રદ્ધા નથી. કારણ કે, શ્રદ્ધામાં નમ્રતા છે. ઝૂકી જવાનું છે. માણસે **ઈમાનથી સ્વમાન** સુધીના બધાં જ **અભિમાન** કોરે મૂકી, પગે ચાલીને ત્યાં જવાનું છે; પોતાની કાયાને તેમનાં ચરણમાં પછાડવાની છે. કઈ રીતે ? ભરતજીની જેમ. શ્રીરામચન્દ્રજીના વનવાસ માટે ગયા પછી શ્રી ભરજી એમની પાછળ ગયા, ત્યાં પહોંચતાં જ

**"नाथ पाहि कही पाहि गोसाईं**
**पडे भरत लकुटकी नाई ॥"**

લાકડી પછડાય એમ ભરતજી શ્રીરામનાં ચરણમાં પડ્યા. આ શ્રદ્ધા છે. આવી શ્રદ્ધા માણસમાં નથી. તેનું કારણ છે - **મોહાભિમાન** મોહજનિત અભિમાન. એ અભિમાન પણ કેવું ? વૃથા - મિથ્યા, મિથ્યા કેવી રીતે ? - **"હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જયમ શ્વાન તાણે".**

ગાડાની નીચે ચાલતું શ્વાન મનમાં એમ સમજે કે આ ગાડું હું જ ખેંચું છું. એવી રીતે મનુષ્ય એમ સમજે કે આ બધું જે કાંઈ થાય છે તે હું જ કરું છું. આ છે માણસનું કર્તાપણાનું અભિમાન.

માણસને પોતાનું અભિમાન છે; પોતાના કર્તાપણાનું અભિમાન છે - **"આપ બળે માર્ગ શોધીને ચાલવા હામ ધરી મૂઢ બાળ"** શ્રી નરસિંહરાવ દીવેટિયાનાં કાવ્યની આ પંક્તિમાં કવિ કહે છે કે મેં મૂઢ એવાં બાળકે આપબળે માર્ગ શોધીને ચાલવાની હામ - હિંમત કરી જોઈ. આ અભિમાન મોહનું મૂળ છે; તે નષ્ટ થાય તો જ શ્રદ્ધાનો ઉદય થાય; તેને ખાતરી થાય કે **વિના ત્રીશ બ્રહ્માંડમાં કો સમર્થ** - ત્રણેય લોકના નાથ ભગવાનશ્રી દત્તાત્રેય વિના બ્રહ્માંડમાં બીજું કોઈ સમર્થ નથી. આવી ખાતરીપૂર્વક હે ચિત્ત, તું પ્રતિશ્વાસથી શ્રી દત્તનામ સ્મરણ કરી લે. ॥ ૩૦ ॥

**સંગતિ :** એ ત્રીશની પ્રભુતા - સામર્થ્યનું બે શ્લોક ૩૧-૩૨માં દર્શન કરાવે છે :-

**भीषास्यैवार्कोऽपि प्रातर्ह्युदेति**
**नक्तं चेन्दुर्निर्मलं खे विभाति ।**
**ऊर्ध्वं क्षिप्तं वस्तु निम्नं प्रयाति**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ३१ ॥**

**શબ્દાર્થ : भीषास्यैवार्कोऽपि – भीषा – अस्य – एव – अर्कः – अपि –** આની (એની) બીક (ભીષા)થી જ સૂર્ય પણ, **प्रातर्ह्युदेति – प्रातः – हि – उदेति –** પ્રભાતે અવશ્ય ઊગે છે (દોડે છે), **नक्तं –** રાતે, **चेन्दुर्निर्मलं च इन्दुः निर्मलं** – અને સ્વચ્છ ચંદ્ર, **खे** – આકાશમાં - નભે, **विभाति** – શોભે છે - પ્રકાશે છે, **ऊर्ध्वं** - ઊંચે (ઊંચી), **क्षिप्तं** - ફેંકેલી (નાખેલી), **वस्तु –** વસ્તુ (શબ્દ વસ્તુ જ છે; પણી અહીં ચોથી પંક્તિના ચિત્ત દત્તની સાથે પ્રાસ મેળવવા **वस्त** કર્યું છે; એમ સમજવું), **निम्नं** - નીચે, **प्रयाति –** જાય છે - પડે છે. આવું સામર્થ્ય છે; માટે હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કરી લે. ॥ ૩૧ ॥

**ડરી એ થકી સૂર્ય દોડે પ્રભાતે**
**પ્રકાશે નભે ઇંદુ એ સ્વચ્છ રાતે**
**પડે નાંખતાં ઊંચી નીચે જ વસ્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૩૧ ॥**

**વિવરણ : વિના ત્રીશ બ્રહ્માંડમાં કો સમર્થ** - ભગવાન ત્રીશ-ત્રિલોકના નાથ શ્રી દત્તાત્રેય વિના આ સમસ્ત બ્રહ્માંડમાં બીજું કોણ સમર્થ છે ? શ્લોક-૩૦ની આ પંક્તિનું ઉપનિષદના આધારે વિષદ વિવરણ કર્યું છે.

**તૈત્તિરીય ઉપનિષદ**નો મંત્ર છે :-

**भीषोस्माद्वातः पवते । भीषोदेति सूर्यः । भीषास्मादग्नि –**
**श्चेन्द्र श्च । मृत्युर्धावति पञ्चमः ॥ (तै.उ. २.८.१)**

અર્થાત્ આની ભીતિથી - ભયથી વાયુ વાય છે. આની જ ભીતિથી સૂર્ય ઊગે છે અને આની જ ભીતિથી અગ્નિ, ઇન્દ્ર અને પાંચમું મૃત્યુ દોડાદોડ કરે છે. સૂર્ય-ચન્દ્ર જેવા દેવગણ પરમપૂજનીય અને સ્વયં સમર્થ હોવા છતાંય ચાલવા, પ્રકાશવા જેવા અતિ શ્રમસાધ્ય કાર્યમાં નિયમ પ્રમાણે લાગ્યા જ રહે છે; એ વાત એમનાય કોઈક શાસક - માથે કોઈક ઉપરી હોય તો જ શક્ય બને. કારણ કે એ બધા નિયમિત પોતાનું કામ કરે છે માટે એમના ભયનાં કારણરૂપ, એમના પર શાસન કરનાર બ્રહ્મ-સ્વરૂપ શ્રી દત્તાત્રેય - બ્રહ્મા - વિષ્ણુ - શિવ સ્વરૂપ છે. જે રીતે રાજા યા ઉપરી - અધિકારીના ભયથી સેવકો પોતપોતાનાં કામોમાં મંડ્યા રહે તેમ આ પૂજનીય દેવો પરબ્રહ્મ સ્વરૂપ શ્રી દત્તાત્રેયના ભયથી નિયમિતપણે પોતાનું કામ કરે છે. અલબત્ત, એમનો આ ભય આનંદમય છે; કારણ કે ભગવાન દત્તાત્રેય સ્વભાવે અભયદાતા છે. એ આ ઉપનિષદ વાક્યનો સાર છે.

એ જ રીતે અહીં ઉપનિષદનાં આ વાક્યની સાથે શ્રી અવધૂતજીએ સાંપ્રત યુગની વૈજ્ઞાનિક તથ્યશોધને વણી લીધી છે. એ વાત તો પ્રસિદ્ધ જ છે કે ન્યૂટને ગુરુત્વાકર્ષણના નિયમની શોધ કરી. તેમણે એક દિવસ સફરજનને વૃક્ષ પરથી પડતું જોયું ને વિચાર આવ્યો કે આ સફરજન ઉપર

કેમ ના ગયું નીચે જ કેમ આવ્યું ? પછી એમણે પથરા વગેરે ઉછાળી અનેક નિરીક્ષણોના અંતે ''પૃથ્વીમાં ગુરુત્વાકર્ષણ'' હોવાનું તથ્ય શોધી કાઢ્યું. એ બરાબર છે; પણ પૃથ્વીમાં ગુરુત્વાકર્ષણ ક્યાંથી આવ્યું ? એ પ્રશ્નનો જવાબ નથી તો ન્યૂટને વિચાર્યો કે નથી કોઈ બીજાએ વિચાર્યો. શ્રી અવધૂતજી એનો ઉત્તર આપે છે - **भीषा अस्मात् – ડરી એ થકી.** આનાથી ડરીને પૃથ્વી બધાને પોતાના તરફ ગુરુત્વાકર્ષણથી ખેંચી રાખે છે. આમ, આ શ્લોકની ત્રીજી પંક્તિ દ્વારા શ્રી અવધૂતજીએ **તૈત્તિરીય ઉપનિષદના** ઉક્ત મંત્રમાં એક વાક્ય ઉમેરી આપ્યું છે - **भीषाऽस्मात् पृथिवी कर्षति** આનાથી ડરીને પૃથ્વી ખેંચે છે, આકર્ષે છે. તો બીજી બાજુ ન્યૂટનના ગુરુત્વાકર્ષની શોધમાંથી ઊભી થતી જિજ્ઞાસા - **પૃથ્વીમાં ગુરુત્વાકર્ષણ આવ્યું ક્યાંથી ?** આધ્યાત્મિક ઉત્તર દ્વારા સંતોષી છે. ભગવાન ત્રીશના આ સામર્થ્યને સમજી હે ચિત્ત, નતમસ્તક થઈ, શ્રદ્ધાપૂર્વક તેમની પાસે જઈ, તેમનાં ચરણ, પકડ અને પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરણનો સંકલ્પ કર. ॥ ૩૧ ॥

**સંગતિ :** શ્લોક-૩૧નું વિસ્તરણ છે; ઉત્તરાર્ધ છે :

**इन्द्रः काले वर्षति त्यक्तगर्वं**
**भूमिः शुष्का सस्यपूर्णा विभाति ।**
**जंग्धं ह्यन्नं पच्यते जाठरेण**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ३२ ॥**

**શબ્દાર્થ : इन्द्रः –** ઈન્દ્ર જળ-વર્ષાના દેવ, **काले –** સમયે - યથા સમયે સુકાળે, **वर्षति –** વરસાવે, વરસે છે, **त्यक्तगर्वं –** નમીને, પોતે મેઘરાજ હોવાનો ગર્વ છોડીને, **भूमिः –** ભૂમિ, **शुष्का –** સૂકી **सस्यपूर्णा –** ધાન્ય (ફાલ)થી પૂર્ણ (હરી-લીલી), **विभाति –** શોભે, હરિયાળી થાય, **जग्धं –** (**अद्** અને **जक्ष्** ધાતુનું ક. ભૂ.કૃદન્ત છે) - ખાધેલું - ખાધેલ, **ह्यन्नं – हि–अन्नं** - અન્ન પણ, **पच्यते** – પચે, **जाठरेण – जठर** - ખાધેલું પચાવનાર, **जाठर –** જઠરાગ્નિ દ્વારા, માટે હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૩૨ ॥

**નમી મોકલે ઈન્દ્ર વર્ષા સુકાળે**
**ક્ષણે શુષ્ક ભૂમિ હરી થાય કાળે,**
**પચે અન્ન ખાધેલ પેટે સુરીત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૩૨ ॥**

**વિવરણ :** શ્લોક-૩૧માંનો ઉપનિષદનો શબ્દપ્રયોગ **भीषा अस्य – भीषोअस्मात्** - આનાથી ડરીને - એ અહીં આ શ્લોકમાં ચાલુ રહે છે. એનાથી ડરીને ઈન્દ્ર-મેઘનો રાજા યથાસમયે વર્ષા વરસાવે છે. એને ડર છે જો નહીં વરસું તો પેલા મને વઢી નાખશે. સૂકી ભૂમિ પણ ડરની મારી વર્ષાની ક્ષણે હરિયાળી થઈ જાય છે. એ જ રીતે જઠરાગ્નિ દેવરૂપે રહેલા અગ્નિદેવ પણ જે કાંઈ ખાધું હોય તે ડરના માર્યા પચાવી દે છે. ભગવાને ગીતામાં કહ્યું છે -

**अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।**
**प्राणापान समायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥**
(ગીતા- ૧૫/૧૪)

હું જ બધા જ પ્રાણીઓનાં શરીરમાં સ્થિત પ્રાણ-અપાનયુક્ત અગ્નિરૂપ થઈ ચાર પ્રકારનાં (ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય, ચોષ્ય) અન્નને પચાવું છે. આ હું એટલે પૂજ્યશ્રી સ્વામી મહારાજશ્રી દ્વિસાહસ્રી કહે છે તેમ ભગવાન શ્રી દત્તાત્રેય -

**वैश्वानरात्माखिल देहसंस्थः**
**पचत्यसौ प्राणसख; सदान्नम्**
(द्विसाहस्री श्री गुरुस्तुति –१०१)

અર્થાત્ વૈશ્વાનર જઠરાગ્નિ આત્મસ્વરૂપે જે અખિલ વિશ્વમાં તેમજ પ્રાણ-અપાન સ્વરૂપે દેહમાં રહીને અખિલ કર્મના સાક્ષી સ્વરૂપે સ્વપ્રકાશથી સમગ્ર વિશ્વને સૂર્ય સ્વરૂપે પ્રકાશિત કરે છે. જે રસાત્મા એવા ચંદ્ર સ્વરૂપે બધી જ ઔષધિઓનું સંવર્ધન કરે છે. જે તાપહર હોવાને કારણે સર્વસ્તુત્ય છે. જે ક્ષેત્રોમાં - દેહોમાં પ્રાણ, અપાન, સમાન, વ્યાન, ઉદાન, નાગ, કૂર્મ,

કૃકલ, દેવદત્ત, ધનંજય એમ દશ સ્વરૂપે સૂત્રત્વથી અખિલાત્મા સ્વરૂપ છે એવા ભગવાન શ્રી દત્તાત્રેયનું હે ચિત્ત તું પ્રતિશ્વાસ સ્મરણ કરી લે એ આ શ્લોક ૩૧-૩૨નું દ્વિસાહસ્રી (શ્રી ગુરુચરિત) નિરૂપિત તાત્પર્ય છે. ॥૩૨॥

**સંગતિ :** હવે, ચાર શ્લોક (૩૩, ૩૪, ૩૫, ૩૬)માં શ્રી અવધૂતજી સદ્‌ગુરુ સ્વરૂપે આ મૂઢ જીવને ગાંઠે બાંધવા જેવો સદ્‌બોધ આપે છે :-

**सत्यं शौचं ब्रह्मचर्यादिकं च**
**श्रद्धा क्षान्तिस्तोष एतच्चिनुष्व ।**
**दूरीकृत्यान्यत्प्रतीपं यदस्य**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ३३ ॥**

**શબ્દાર્થ : सत्यं –** સત્ય, **शौचं –** શુદ્ધિ - પવિત્રતા, **ब्रह्मचर्यादिकं –** બ્રહ્મચર્ય વગેરે (અહીં **आदिकं** દ્વારા પાંચ યમ - સત્ય (આવી ગયું) અહિંસા, અસ્તેયનો સમાવેશ થાય છે તેમ સમજવું), **श्रद्धा – શ્રદ્ધા, क्षान्ति –** ક્ષમા-સહનશીલતા, **तोषः –** તૃપ્તિ-સંતોષ, **एतच्चिनुष्व एतत् चिनुष्व –** એ બધું ભેગું કર, **दूरी कृत्य –** દૂર કરીને, **अन्यत् –** બીજું બધું, **प्रतीपं –** (આ બધાથી) વિરુદ્ધનું, **यदस्य – यत् अस्य –** જે કાંઈ (આનું વિરોધી છે તે). હે ચિત્ત તું શ્વાસે શ્વાસે દત્તનામનું સ્મરણ કર.

**સદા બ્રહ્મચર્યાદિ સત્ શૌચ પોષ**
**વળી, ક્ષાન્તિ શ્રદ્ધાદિ સદ્‌ગુણ તોષ.**
**કરી દૂર દુર્ગુણ જે જે વિરુદ્ધ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૩૩ ॥**

**વિવરણ :** સંસ્કૃતમાં શ્લોકનું ક્રિયાપદ છે - **चिनुष्व – चि**. ધાતુ. પ.ગ.ઉ.પ. છે. તેનો અર્થ એકઠું કરવું, સંગ્રહ કરવો, શોધવું એવો થાય. પૂજ્યશ્રીએ તેને માટે ગુજરાતીમાં પોષ - પોષણ કર. આજ્ઞાર્થ છે. શું પોષવાનું, શોધવા યા એકઠું કરવાનું છે ? તો અહીં કેટલાક સદગુણો બતાવ્યા છે. સદગુણોમાં પ્રથમ છે બ્રહ્મચર્યાદિ - પાંચ યમ છે. અહિંસા, સત્ય,

અસેત્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ. આ પાંચ યોગ વિજ્ઞાનની દૃષ્ટિએ મહાવ્રત છે. માણસે પાળવાનાં છે - પોષવાનાં છે. એ સદગુણ અહીં સંક્ષેપમાં સમજી લઈએ.

**(૧) યમ : સત્ય** - પદાર્થ જેવો છે તેવી જ વાણી અને મન હોવું એ સત્ય છે. જે રીતે જોયું, સાંભળ્યું, અનુમાન કર્યું એ જ રીતનું મન અને એવી જ વાણી તે સત્ય છે.

**અહિંસા** - બધા જ સમયે સમસ્ત ચરાચરને પીડા ન પહોંચાડવી અહિંસા છે. **अहिंसा परमो धर्मः** અહિંસા પરમ ધર્મ છે. યમ, નિયમ બધા જ અહિંસા પર આધારિત છે.

**અસ્તેય** - બીજાના પદાર્થ - ખાસ કરીને પરસ્રી અને પરધનની લેશમાત્ર, ભૂલે ચૂકેય ઈચ્છા ન કરવી તે અસ્તેય છે. સ્તેય - ચોરી, અસ્તેય - ચોરી ન કરવી.

**બ્રહ્મચર્ય** - સ્રી અને પુરુષ બંને માટે ઉપસ્થનો સંયમ; એટલે સ્રીના ઋતુકાળ સિવાયના સંભોગનો ત્યાગ એ બ્રહ્મચર્ય છે. આ સંયમ પાળવાની-પોષવાની વાત છે.

**અપરિગ્રહ** - કમાવું બરાબર છે. કમાયેલા ધનને સાચવવું - ચોરાઈ ન જાય - વેડફાઈ ન જાય તેની કાળજી રાખવી એ બરાબર છે, પણ ધન કે બીજી કોઈ પણ વસ્તુનો સંગ્રહ ન કરવો. દસ જોડી બૂટ, પંદર જોડી કપડા, બે જણના કુટુંબમાં વીસ મણ ઘઉં વગેરે સંગ્રહાખોરી છે.

**(૨) નિયમ** - શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વર પ્રણિધાન એ પાંચ નિયમો માણસે પાળવાના - પોષવાના છે. આમાંથી તપની વાત હવે પછીના શ્લોકમાં કરી છે. **સ્વાધ્યાય** - અત્યારે આવું બધું સમજવા પ્રયત્ન કરતા હોઈએ ત્યારે સ્વાધ્યાય ચાલે જ છે. **ઈશ્વર પ્રણિધાન** માટે અહીં કહેવાઈ જ રહ્યું છે - શ્વાસે... શ્વાસે... આદિ.

**તોષ-સંતોષ** - પુરુષાર્થથી પ્રારબ્ધ પ્રમાણે જે કાંઈ પ્રાપ્ત થાય તેનાથી સંતુષ્ટ રહેવું; તેથી વધારેની ઈચ્છા ન કરવી તે તોષ.

**શૌચ** - શુદ્ધિ - બે પ્રકારની - બાહ્ય અને આંતરિક. શરીર, મન, વસ્ત્ર, સ્થાન, પાત્ર, ભોજન વગેરે શુદ્ધ રાખવાં. ધનસંપત્તિ ન્યાય સંગત માર્ગે, પ્રામાણિકપણે ઉપાર્જિત કરેલી હોય તે બાહ્ય શૌચ. મિથ્યાભિમાન, કામ, ક્રોધ, લોભ, મોહ,માન, દ્વેષને દૂર કરવા તે આંતરિક શૌચ. માટે જ શ્રી અવધૂતજી એક ભજનમાં કહે છે :

**સંયમ સ્નાન સોહામણું કાપેકોટિ જન્મ પાપજી.**
**સ્નાનથી મેલ શરીરનો, મનનો ધ્યાનથી જાયજી.**
**ઉભય મેલ નાશ પામતાં, મુક્તિ કરતલ આપજી.**
(અ.આ. પૃ.૬૮)

(૩) **श्रद्धा** - ધા ધાતુની પૂર્વે શ્રત્ ઉપસર્ગ લાગવાથી આ શબ્દ બને છે. આ માનવજીવનની અમૂલ્ય મૂડી હોઈ, તે જન્મજાત છે. સહજ છે. તેથી જ બૃહદારણ્યક ઉપનિષદમાં ભગવાન મહર્ષિ યાજ્ઞવલ્કયજી કહે છે - **श्रद्धामयोऽयं पुरुषः** – આ પુરુષ (જીવ) મૂળથી જ શ્રદ્ધામય છે. **स यत् श्रद्धते तत्कर्म कुरुते यत् कुरुते तत् भवति** – તે જેવી શ્રદ્ધા સેવે તેવું કર્મ કરે, જેવું કર્મ કરે તેવો થઈ જાય. આમ, માણસના સ્વભાવ ઘડતરનો પાયો તેની શ્રદ્ધા છે.

(૪) **क्षान्ति** - રંગ પ્રશ્નોત્તરમાલામાં શ્રી અવધૂતજીએ ક્ષાન્તિને સાધુજનો માટે ઉચિત એવું શસ્ત્ર કહ્યું છે. શ્લોક પહેલામાં ‘‘શસ્ત્ર વૃથા કૂટાવી મારે છે’’ એમ કહી શસ્ત્રની વ્યર્થતાનો નિર્દેશ કર્યો છે. અહીં ઉપયોગી - સાચા શસ્ત્રની વાત કરે છે. તોષ, શ્રદ્ધા, ક્ષાંતિ આ બધી માણસની મનઃ સ્થિતિઓ **(State of Mind)** છે. ક્ષાંતિની મનઃસ્થિતિ તિતિક્ષા, સહિષ્ણુતા અને ક્ષમાની મનઃસ્થિતિ જેવી જ છે. **क्षम+भावे+क्तिन्**થી બનતા **क्षांति** - શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે છે - **सत्यपि सामर्थ्ये अपकारिषु अपि**

**अपकार अचिकीर्षा क्षांतिः** - સમજવા જેવું છે, અપકાર કરનારના અપકારનો બદલો લેવાનું સામર્થ્ય - શક્તિ હોવા છતાંય અપકારીના અપકાર પ્રત્યેનો ઉપેક્ષાભાવ એ ક્ષાંતિ છે.[૧૬]

આ બધાને આ શ્લોકમાં **સદ્‌ગુણ** સ્વરૂપે આલેખ્યા છે તથા તેને પોષવા-પાળવાનું કહ્યું છે. અલબત્ત, **પોષવા** માટે સંસ્કૃત શ્લોકમાં પ્રયોજેલો **चिनुष्व** શબ્દ ખરેખર અદ્‌ભુત છે. તેના અર્થ - એકઠું કરવું, સંગ્રહ કરવો, **શોધવું,** સમૃદ્ધ થવું જેવા થાય છે. માણસો આ સદ્‌ગુણો લઈને જન્મતા નથી, જન્મ્યા પછી વિકાસના ક્રમમાં શોધી-શોધી એકઠા કરવાના હોય છે.

હે મૂઢ, અન્ધ તું આ સદ્‌ગુણોને શોધીને અપનાવ. એને પાળી પોષીને આત્મસાત્ કર અને સાથે જ આ સદ્‌ગુણની વિરુદ્ધના (પ્રતીપ) જે જે દુર્ગુણો હોય તેને દૂર કર. - આ પ્રસ્તુત શ્લોકનો આદેશ છે માણસ સદ્‌ગુણો મેળવતો જાય અને પોતાનામાં રહેલા દુર્ગુણોને દૂર ના કરે તો ચિત્તમાં સદ્‌ગુણો અને દુર્ગુણોનો ખીચડો થાય અને એ બેયની વચ્ચે સંઘર્ષ થાય. આવા સદ્‌ગુણ-દુર્ગુણના ખીચડાવાળા માણસો નર્યા દુર્ગુણી કરતાં વધારે ખતરનાક હોય છે; જેમ કે રાવણ, દુર્યોધન, હિરણ્યકશીપુ, સ્ટેલિન, હિટલર વગેરે. આ લોકોમાં સદ્‌ગુણ-દુર્ગુણોનું મિશ્રણ અદ્‌ભુત હતું. તેથી અવધૂતજી ભારપૂર્વક કહે છે - આવા સદ્‌ગુણો ભેગા કરી અપનાવ અને સાથોસાથ તેના વિરોધી દુર્ગુણો દૂર કરતો જા. તો જ સદ્‌ગુણ કંઈક ઉપયોગી થશે. આ વિરોધ સંક્ષેપમાં સમજી લઈએ :

**(૧) સત્ય-અસત્ય** - સત્યની વિરુદ્ધે અસત્ય છે. આ અસત્ય ખૂબ વ્યાપક છે. જે માણસના મનમાં અસત્ય ઘર કરી જાય તેની બધી જ ક્રિયાઓ જૂઠાણાંવાળી થઈ જાય. **શ્રીરામચરિતમાનસ**માં ઉત્તરકાંડમાં શ્રી રઘુનાથજી શ્રીમુખે કહે છે :-

---

**૧૬.** શ્રી અવધૂતજીએ રંગપ્રશ્નોત્તરમાલામાં આ બધાશબ્દો પ્રયોજ્યા છે; અને તેની ખૂબ વિશદ અને વિગતપૂર્ણ છણાવટ રંગપ્રશ્નોત્તરમાલા - એક વિવરણ પુસ્તકમાં કરી હોઈ, અહીં તેનું પુનરાવર્તન કરવાનું ટાળ્યું છે. જિજ્ઞાસુને ઉક્ત પુસ્તક જોઈ લેવા વિનંતી.

**झूठइ लेना झूठइ देना ।**
**झुठइ भोजन झूठ चबेना ॥**
**बोलहि मधुर बचन जिमि मोरा ।**
**खाईं महा अहि हृदय कठोरा ॥**

અર્થાત્ અસત્યના દુર્ગુણમાં લેવા દેવાનો બધો વ્યવહાર જૂઠાણા પર જ આધારિત, ખાવામાંય જૂઠાણું - થાળી ભરીને ખાતા હોય અને ડોક્ટરને કહે કે હું તો એક જ રોટલી ખાઉં છું. ચાવવાનુંય જૂઠું. ચણા ચાવતા હોય ને કોઈ પૂછે તો કહે કાજુ ખાઉં છું. માણસને નાનપણથી જૂઠું બોલવાની ટેવ પડી જાય છે.

(૨) **શૌચ-અશૌચ** - શુદ્ધિ-અશુદ્ધિ. અંદર અશુદ્ધિ ખદબદતી હોય ને બહાર નર્મદામાં નહાતા હોય. તેથી અવધૂતજી એક ભજનમાં કહે છે :

**તન રંગાયા મન ના ધોયા ધરા ગેરુઆ કપરા**
**માન-મિજાસ ગયા ન મનસે, આખર જમને પકરા.. મનકો.**
(અ.આ. પૃ.૧૭૯)

તનની સાથે મનના મેલને ધોતા જવાનું છે.

(૩) **બ્રહ્મચર્ય - વિલાસ** - વાતો બ્રહ્મચયની કરવાની અને નજર હમેશાં પરાઈ સ્રી પર. અકુદરતી-સજાતીય સંબંધો દ્વારા, મુષ્ટિમૈથુન દ્વારા વાસના સંતોષવાની.

(૪) **શ્રદ્ધા-અશ્રદ્ધા** - શ્રદ્ધા સમજવી જેટલી જરૂરી છે; તેટલી જ અશ્રદ્ધા પણ સમજવા જેવી છે. માણસનો અહંકાર એને અશ્રદ્ધાળુ બનાવે છે. અશોક વાટિકામાં શ્રી હનુમાનજી અને મેઘનાદ વચ્ચે યુદ્ધ જામ્યું. મેઘનાદ કંટાળ્યો અને એણે બ્રહ્માસ્ત્ર છોડવાનું નક્કી કર્યું. હનુમાનજીએ જોયું કે તે બ્રહ્માસ્ત્રનું સંધાન કરે છે. તેઓ મહાયોગી હતા. ધારે તો બ્રહ્માસ્ત્રને ત્યાં ને ત્યાં જ રોકી શકે એવું યોગબળ હતું. એમણે વિચાર્યું કે એમ કરવાથી બ્રહ્મા અને બ્રહ્માસ્ત્રનું અપમાન થશે. એમણે મેઘનાદને પ્રયોગ કરવા દીધો.

બ્રહ્માસ્ત્રથી હનુમાન મૂર્છિત થઈ ગયા છે એવું જોયા જાણ્યા પછી મેઘનાદે એમના પર બીજું બ્રહ્માસ્ત્રથી ઘણું હલકું નાગપાશશસ્ત્ર ચલાવ્યું. આનો અર્થ કે મેઘનાદને બ્રહ્માસ્ત્ર પર શ્રદ્ધા ન હતી. કોઈક મોટા સર્જ્યન ડોક્ટરને પૂછો - દર્દીને ક્લોરોફોર્મ આપ્યા પછી સિકવીલનું ઇંજેક્ષન આપવાની જરૂર ખરી ?

આ જ રીતે તોષ-અસંતોષ, ક્ષાંતિ-અધીરાઈના વિરોધને સમજી શકાય. એ સમજી, દુર્ગુણો દૂર કરી, સદ્‌ગુણો અપનાવી હે ચિત્ત, તું શ્રી દત્તનામનું તારા શ્વાસે શ્વાસે સ્મરણ કર. ॥ ૩૩ ॥

**સંગતિ :** શ્લોક-૩૩માં શરૂ થયેલો ઉપદેશ આગળ ચાલે છે :-

**त्याज्यः सङ्गः सर्वथा दुःखमूलः**
**नो चेच्छक्यः सद्भिरेव प्रकार्यः ।**
**त्यक्त्वा निन्दां योषितोऽन्यस्य चर्चां**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ३४॥**

**શબ્દાર્થ** : **त्याज्यः** - ત્યજે (ત્યજવાયોગ્ય), **सङ्गः** - સંગત-સોબત, **सर्वथा** – સર્વ રીતે - સારોય, **दुःखमूलः** - દુઃખનાં મૂળરૂપ, **नो चेत् –** (જો તેમ કરવું શક્ય) ન હોય તો - ન તો, **शक्यः** – શક્ય (ન હોય તો), **सद्भिरेव – सद्भिः– एव** – સંત-સજ્જનો સાથે જ, **प्रकार्य –** કરવો (તેમના સંગે રહેવું), **त्यक्त्वा –** ત્યજીને-છોડીને, **निन्दां –** નિન્દા, વગોવણી (શબ્દ **નિન્દા** જ છે; પણ ગુજરાતી શ્લોકમાં ચોથી પંક્તિના **દત્ત** સાથે પ્રાસ મેળવવા માટે નિન્દ શબ્દ મૂક્યો છે.), **योषितोऽन्यस्य –योषितः अन्यस्य** – અન્ય સ્ત્રીની, **चर्चां –** વૃથા વાત. હે જીવ પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે. ॥૩૪॥

**ત્યજે સંગ સારોય જે દુઃખમૂળ**
**ન તો સંત સંગે જ રે' સર્વકાળ.**
**ત્યજી અન્ય સ્ત્રીની વૃથા વાત નિંદ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૩૪ ॥**

**વિવરણ :** શ્લોક-૩૩માંના સદ્‌ગુણો કેવી રીતે પ્રાપ્ત કરવા અને દુર્ગુણો કેવી રીતે દૂર કરવા તેની રીત શીખવે છે. હવે આ ગુરુજી પોતાનું કામ શરૂ કરે છે. એમનું કામ માત્ર ઉપદેશ આપવાનું નથી, શીખવવાનું છે. સદ્‌ગુણો પ્રાપ્ત કરવા અને દુર્ગુણો દૂર કરવા એ માત્ર જે તે મુદ્દાની માહિતી **(Information)** ભેગી કરવાની આવડત પૂરતું મર્યાદિત નથી. **બ્રહ્મચર્ય** વિશે હું સો પાન ભરીને લખી શકું ને બે કલાક પ્રવચન કરી શકું; પણ તેથી હું મારા પોતાનાં વીર્યને મારા **વીર્યાશય** (વીર્ય ભરી રાખવાની કોથળી)માં ધારણ **(Retain)** કરી શકું એવું માનવાની જરૂર નથી; કારણ કે **બ્રહ્મચર્યપાલન** એ માહિતીનો વિષય નથી, એ કૌશલ **(Skill)**નો વિષય છે. અહીં હવે, કૌશલની તાલીમ **(Skill training)** શરૂ થાય.

આ બહુ પ્રસિદ્ધ વાત છે. ભગવતી સતી મદાલસાએ પોતાના પુત્ર અલર્કને ચિઠ્ઠીમાં લખીને બે શ્લોક આપ્યા હતા. તેમાંનો પહેલો શ્લોક આ પ્રમાણે છે : **सङ्गः सर्वात्मना त्याज्यः** – સર્વાત્મના-સર્વ રીતે સંગ (સોબત) છોડવો. કોઈનાય સંગમાં પડવું નહીં. કેમ ના પડવું ? એનું કારણ અહીં આ શ્લોકમાં બતાવ્યું છે - કોઈ પણ સ્વરૂપનો સંગ **દુઃખમૂળ** - દુઃખનું મૂળ છે. એટલે કે સંગમાંથી દુઃખો ઉદ્‌ભવે છે; દુઃખોની પરંપરા સર્જાય છે. માણસ સંગ શરૂ થયા પછી એકમાંથી બીજા દુઃખની ગર્તામાં હડસેલાતો જાય છે. સંગજનિત આ દુઃખ પરંપરાનું મનોવૈજ્ઞાનિક સ્વરૂપ શ્રીમદ્ ભગવદ્ગીતામાં સમજાવ્યું છે : સંગ એટલે આસક્તિ. માણસનો સંગ કરો તો માણસમાં આસક્તિ થાય. તેના વિના ના ચાલે. વિષયોનો સંગ કરો તો પછી તેમાં આસક્તિ થાય, પરિણામે -

**सङ्गात्सञ्जायते कामः कामात्क्रोधोऽभिजायते ॥**
**क्रोधाभ्दवति सम्मोहः सम्मोहात्स्मृतिविभ्रमः ।**
**स्मृतिभ्रशांद बुद्धि नाशो बुद्धिनाशात्प्रणश्यति ॥**

(ગીતા ૨/૬૨-૬૩)

વિષયો-વિષયી મનુષ્યોમાં સંગથી કામ-કામના ઉત્પન્ન થાય અને કામનાની તૃપ્તિમાં વિઘ્ન આવતાં ક્રોધ ઉત્પન્ન થાય. ક્રોધને કારણે મૂઢતા-વિવેકનો અભાવ-આવી જાય. પરિણામે તેની સ્મરણશક્તિ ભ્રમિત થઈ જાય. તેને કારણે બુદ્ધિ અર્થાત્ જ્ઞાનશક્તિ - કર્તવ્ય - અકર્તવ્યનો નિર્ણય કરવાની શક્તિનો નાશ થતાં માણસનો નાશ થાય. એટલે કે એ પોતાનાં કર્તવ્યને ભૂલી અકર્તવ્ય - જે કરવા જેવું નથી એ દિશામાં - કટુતા - કઠોરતા - કાયરતા - હિંસા - પ્રતિહિંસા - હીનતા - જડતા જેવી મૂઢતામાં ક્રમશઃ અથવા એક સાથે ધકેલાતો જાય. આમ, સંગ દુઃખનું મૂળ છે. આ સંગ છોડવો. આમ છતાંય **(नो चेत्)** સંગ કરવો જ હોય, ચાલે એવું જ ન હોય તો કોઈક સારા સંતને શોધીને એ સંતનો સંગ કરવો. કેમ ? કારણ કે **सन्तः दुःसंग भेषजम्** - સંત પુરુષ દુઃસંગનું ઓસડ છે. સંત એટલે જેને પરમાત્માની પ્રાપ્તિ થઈ ગઈ છે; અને જે **ગાય** છે -

**(૧) દેખ લિયો મોહન મૈં માઈ**
**વો કાલા તો બહુ મતવાલા, દશ્ય-દર્શન સે હૈ વો નિરાલા... વગેરે**
(અ.આ. પૃ.૧૬૩)

**(૨) છોડું ન મૈં દિલસે અબ સાંઈ !**
**ભટકત ભટકત સહજ મિલા હૈ, છટકત છટકત થિર રહા હૈ.**
**જાને ન દૂં અબ પ્રાણ હિ જાઈ... (વગેરે)**
(અ.આ. પૃ. ૧૬૨)

આવા સંતને વિષય ચિંતનથી આસક્તિ થવાનો કોઈ પ્રશ્ન જ રહેતો નથી, કારણ કે ભગવાને ગીતામાં કહ્યું છે - **परं दृष्ट्वा निवर्तते (ગીતા ૨/૫૯)** આવા સંતની આસક્તિ પરમાત્માનો સાક્ષાત્કાર થવાથી નિવૃત્ત થઈ જાય છે. પરમાત્મા એક એવી અદ્‌ભુત, અલૌકિક, દિવ્ય, આકર્ષક વસ્તુ છે કે જે પ્રાપ્ત થતાં જ એવી તો તલ્લીનતા, મુગ્ધતા, તન્મયતા સધાઈ જાય કે માણસ પોતાનું પોતાપણું જ ગુમાવી બેસે, પછી એ વળી કોઈ બીજી બાબતનું ચિંતન શું કરવા કરે ? આવા સંતનો સંગ કરવો એમ કહ્યું છે.

સંગ છોડવો અને તેમાંય સવિશેષ **અન્ય સ્રી** - પારકી સ્રીની ચર્ચા - વૃથા - અમસ્તી વાત, તેની નિંદા ત્યજવી. એ જ રીતે સ્રીએ પણ **અન્ય પુરુષ** - પારકા - પરપુરુષની વૃથા વાત-ચર્ચા ત્યજવી. સ્રી-પુરુષ બંને એકબીજાને માટે આસક્તિનું મૂળ છે. **વિષય-આસક્તિ** - આંખ જેવી ઈન્દ્રિયો દ્વારા જોવાથી થતી આસક્તિ. તેથી જ શ્રી અવધૂતજીએ **રંગ પ્રશ્નોત્તરમાલા**ના બીજા જ શ્લોકમાં **હરિણાક્ષી સ્ત્રી** કોઈનેય માટે ક્યારેય ધ્યેય રૂપ નથી એમ કહ્યું છે. એનું વિવરણ એ પુસ્તકમાં જોઈ લેવું. શાસ્રમાં સ્રી પુરુષના મૈથુનના આઠ પ્રકારના ગણાવ્યા છે, તેમાં અન્ય સ્રીની ચર્ચા પણ મૈથુન સ્વરૂપ જ છે. તેનાથી જ આસક્તિ જન્મતી હોવાનું સ્પષ્ટ અને સુવિદિત છે. આ આખીય વાત ગઈકાલે જેટલી વિચારીને સમજવા જેવી હતી તેના કરતાં અનેકગણી વધારે આજે સુરક્ષિત ઉપભોગ **(Safe sex)**ના યુગમાં વિચારીને સમજવા જેવી છે. એ ન ભૂલવું જોઈએ કે આજના યુગના મહારોગ **HIV+** અને **એઈડ્સ**નું મૂળ પુરુષોની દિવસે દિવસે વધતી જતી પરસ્રીમાંની આસક્તિ અને સ્રીઓની પરપુરુષોમાંની આસક્તિ છે. એનો ઉકેલ સંરક્ષિત ઉપભોગ **(Safe sex)**નાં નિરોધક **(Contraceptive)** સાધનોમાં નથી; તેનો ખરો ઉકેલ પૂજ્યશ્રી અવધૂતજી કહે છે તેમાં છે. માણસે મનને કાબૂમાં રાખવાના, મનને મારવાનાં, મનને સમજાવવાનાં કૌશલો **(Skills)** શીખવાં જ રહ્યાં. માટે હે ચિત્ત તું શ્રી દત્તનામ પ્રતિશ્વાસ સ્મરી લે. એમ કરવાથી ઉક્ત કૌશલો શીખી શકાશે. ॥ ૩૪ ॥

**સંગતિ :** શ્લોક-૩૩થી શરૂ થયેલો સદ્‌બોધ આગળ ચાલે છે :-

**त्याज्यः कामः सर्वथा जन्ममूलं**
**नो चेच्छक्यस्त्रीश प्राप्त्यै विधेयः ।**
**त्रीशो दत्तो ह्यौषधं दुःख व्याधेः**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ३५ ॥**

**શબ્દાર્થ : त्याज्य** : ત્યજવા યોગ્ય, **कामः –** કામના, **सर्वथा –** સર્વરીતે - બધી, **जन्ममूलं –** અનેક જન્મો લેવાનાં ચક્કરમાં નાખનારી,

**नो – न**, **चेच्छक्यस्त्रीशप्राप्त्यै – चेत् – शक्यः – त्रीश प्राप्त्यै –** (એ જો) શક્ય (ન) હોય તો ત્રીશ - ભગવાન શ્રી દત્તની પ્રાપ્તિ માટે, **विधेयः –** કરવા યોગ્ય (આને માટે ગુજરાતી શ્લોકમાં **પોષ –** શબ્દ મૂક્યો છે; તે યોગ્ય જ છે), **त्रीशः –** ત્રિલોકના ઈશ, **दत्तः –** ભગવાન શ્રી દત્તાત્રેય, **ह्यौषधं – हि – औषधं –** દવા જ, **दुःखव्याधेः –** દુઃખ અને વ્યાધિ (રોગ)ની અથવા વ્યાધિનાં દુઃખની, માટે હે ચિત્ત શ્વાસે શ્વાસે શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૩૫ ॥

**ત્યજી કામના દે બધી જન્મમૂળ**
**ન તો ત્રીશ પ્રાપ્ત્યર્થ એ પોષ બાળ**
**દવા દત્ત છે દુઃખની સર્વ તાત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૩૫ ॥**

**વિવરણ :** સંગ સર્વથા ત્યાજ્ય છે; તે જ રીતે ભગવતી સતી મદાલસાએ અલર્કને બીજા શ્લોકમાં લખી આપ્યું હતું :- **कामः सर्वात्मना हेयः** કામ-કામના સર્વરીતે હેય-ત્યજવા યોગ્ય છે. શાથી ત્યજવા યોગ્ય છે ? તેનું કારણ શ્રી અવધૂતજીએ અહીં દર્શાવ્યું છે. **जन्ममूलं –** જીવ જે જન્મ લે છે તે જન્મ લેવડાવનારું, જીવને જે તે યોનિમાં જ્યાં ત્યાં ધકેલનારું તત્ત્વ તેનો **काम** એટલે કે તેની કામના છે. બૃહદારણ્યકમાં ભગવાન મહર્ષિ યાજ્ઞવલ્ક્ય કહે છે : **काममय एवायं पुरुषः स यथाकामो भवति तत्क्रतुर्भवति यत्क्रतुर्भवति तत् कर्म कुरुते यत् कर्म कुरुते तदभिसम्पद्यते (बृ.४/४/५)** અર્થાત્ આ પુરુષ **(જીવ)** કામમય જ છે, એ જેવી કામનાવાળો હોય તેવા જ સંકલ્પ કરે, જેવા સંકલ્પવાળો થાય તેવાં જ કર્મ કરે અને જેવાં કર્મ કરે તેવાં જ ફળ પ્રાપ્ત કરે. **કામના જ સંસારનું મૂળ છે,** તેથી જ આથર્વણશ્રુતિ - **મુણ્ડકઉપનિષદ**માં કહ્યું છે - **कामान् यः कामयते मन्यमानः स कामभिर्जायते तत्र तत्र – (मुण्डक. ३/२/२)** અર્થાત્ જે મનુષ્ય પુત્ર-પશુ વગેરે કામનાઓને જ શ્રેષ્ઠ માની સતત તેની કામના - તે તે વસ્તુ મેળવવાની ઈચ્છા કર્યા કરે તે જે તે કામનાઓને કારણે તે તે સ્થાનોમાં જન્મે-જન્મ્યા કરે. આમ, શ્રુતિના-ઉપનિષદના આ સિદ્ધાંતને આધારે અહીં શ્રી અવધૂતજી

કહે છે કે હે જીવ તું કામનાઓ અર્થાત્ આ મેળવવાની ઈચ્છાને તે મેળવવાની ઈચ્છાનો સર્વથા - સર્વરીતે ત્યાગ કર કારણ કે કામના **જન્મમૂળ**- જન્મ-મરણના ચકરાવાનું મૂળ છે.

કામના ત્યજવા જેવી છે; આમ છતાંય (**નો ચેત્** - કામના છોડવી **શક્ય** જ ન હોય તો) **માણસે ત્રીશ પ્રાપ્તિ માટેની** - કામના કરવી. એવી કામના કરવાથી માણસ **પર્યાપ્તકામ, આત્મકામ, આપ્તકામ** બની તત્ત્વતઃ **પરબ્રહ્મમય** થઈ જાય છે, એમ શ્રુતિએ કહ્યું છે; તેનાથી અવધૂતજીનો ઉત્તર જુદો સામાન્ય માણસને સમજાય એવો છે. તેઓ કહે છે હે તાત, મિત્ર તું ત્રીશ-ભગવાન શ્રી દત્તાત્રેયને પ્રાપ્ત કરવાની કામના કર :-

**મોહે દત્ત દરસકી આસ, કોઈ મિલાવો રે !**
**સિરપે કેસ જટિલ અબધૂત જ્ઞાન પિલાવત જો...**
(અ.આ. પૃ. ૧૮૧)

તું શ્રી દત્તને મેળવવાની આશા કર કારણ કે તે મહાભિષક - મહાન વૈદ્ય છે. એમની પાસે તને બધાં જ દુઃખમાંથી, ખાસ કરીને જન્મ-મરણના ફેરામાંથી છોડાવવાની અમોઘ દવા પ્રાપ્ત થશે :-

**ઔષધિ કૌન પિલાવે ?**
**ગુરુબિન, ઔષધિ કૌન પિલાવે ?**
(અ.આ.પૃ.૩૫)

માણસનો ખરો રોગ ક્ષય કે કેન્સર નથી, ખરો રોગ **ભવવ્યાધિ** - જન્મ-મરણના ફેરાનો રોગ જ માણસને અતિશય **સતાવે** તે એટલી હદે કે માણસ સુધબુધ બધું ભૂલી જાય. આ ભવમાં - ભવરોગનાં બે મુખ્ય ચિહ્ન-લક્ષણ **(Symptom)** છે - એક વિષય-વાસનારૂપ વિષમ જ્વર **(An intermittent fever** અથવા **A remittent fever)** આ તાવમાં મોં-ગળું સૂકાય એટલે બીજું **તૃષ્ણાપ્યાસ** તૃષ્ણારૂપી તરસ. હવે આ જગતમાં એવો કયો દાકતર, વૈદ્ય, હકીમ છે; જે માણસને **આવાગમન** - જન્મ-મરણરૂપ ફેરામાંથી છોડાવે ? હવે, કેટલાક દાક્તર છે જે પોતે તો

દવા જાણે છે ને બતાવે - ભૂલી જવાની દવા, માણસ-દર્દી પોતાને ભૂલી જાય અને આખા જગતને ભૂલી જાય. તદ્દન અચેતન-ઘેનમાં રહે, પણ તેનાથી આ ભવરોગ ના મટે, મારે તો એવા **કામિલ**-અનુભવી વૈદ્યની જરૂર છે જે મારી **નબ્ઝ**-નાડી તપાસી **અમૃતરૂપી** દવા પીવડાવે ને મને આ ભવબાધામાંથી છોડાવે. એવી કામના કરવાનું અહીં સૂચવાયું છે. માણસનાં મનમાં જન્મજન્માંતરી વાસનાઓને કારણે થતી આવી તેવી કામના થાય, થયા કરે એ એક વાત છે અને માણસ મનુષ્ય જન્મ ધારણ કરી કામના કરતાં શીખે એ બીજી વાત છે. અહીં શ્રી અવધૂતજી કામના કરતાં શીખવે છે. કામનાનું કૌશલ **(The Skill of desiring)** શીખવે છે. ગુરુમહારાજની કૃપાથી પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરણ કરતાં કરતાં એ શીખી જવાય. ॥ ૩૫ ॥

**સંગતિ :** ઉપદેશ-સદ્બોધનો છેલ્લો શ્લોક છે :-

**क्रोधस्त्याज्यः सर्वथा पापमूलं**
**नो चेत्कार्यस्तीव्रपाप प्रकोषे ।**
**त्यकत्वा व्यर्थं ह्यन्यदोषेक्षणं च**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ३६ ॥**

**શબ્દાર્થ : क्रोधस्त्याज्यः – क्रोधः त्याज्य–** ક્રોધ ત્યજવો - ત્યજવાયોગ્ય છે, **सर्वथा** – બધી રીતે, **पापमूलं –** પાપનું મૂળ છે. **नो चेत् –** જો (તે શક્ય) ન હોય તો, **तीव्र –** કરાળ, **पाप प्रकोषे –** પાપના પ્રકૃષ્ટ કોષ = ભંડાર સામે, **कार्यः –** કરવો, **त्यक्त्वा –** ત્યજીને, **व्यर्थं –** વ્યર્થ, **ह्यन्य–हि–अन्य** – બીજાના જ, **दोषेक्षणं–दोषं–ईक्षणं –** દોષ જોવા, **च –** વળી, હે ચિત્ત પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૩૬ ॥

**ત્યજે ક્રોધ જો સર્વથા પાપમૂળ**
**કરે કોપ કોપે જ ના તો કરાળ**
**ત્યજી દેખવા અન્ય દોષો જ વ્યર્થ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૬ ॥**

**વિવરણ :** સંગ દુઃખ મૂળ છે. કામ જન્મમૂળ છે અને ક્રોધ પાપમૂળ છે. દુઃખનાં મૂળ કારણરૂપ સંગનો ત્યાગ કરવો. જન્મનાં મૂળ કારણરૂપ કામનો ત્યાગ કરવો અને હવે કહે છે - પાપનાં મૂળકારણરૂપ ક્રોધનો ત્યાગ કરવો. ક્રોધમાંથી જ બધાં પાપ ઉદ્‌ભવે છે. ક્રોધ એટલે - **प्रतिकूले सति तैक्ष्ण्यस्य प्रबोधः** પોતાની ઈચ્છાથી વિરુદ્ધ, ધાર્યું હોય તેનાથી સહેજપણ પ્રતિકૂળ થતાં જ એકદમ તીક્ષ્ણતા ભભૂકી ઊઠે, પિત્તો હટી જાય તે ક્રોધ, ક્રોધના આવેશમાં માણસ ન કરવાનું કરી બેસે છે. મહાન સંત પુરુષો માટે પણ ક્રોધ સર્વથા ત્યાજ્ય છે, પછી સાધારણ માણસની તો વાત જ ક્યાં ? **શ્રી ગુરુલીલામૃત-ઉપાસનાકાંડ**માં આંજરેકર બુવા જેવા સિદ્ધ સંતપુરુષ પાડગાંવના જાગીરદાર પર ક્રોધે ભરાયા ત્યારે પૂજ્ય શ્રી શાસ્ત્રી બુઆએ તેમને ક્રોધ ત્યજવા સમજાવ્યા -

**મહારાજ ! આજે અહીં આપ શરીરે એક**
**ક્રોધરૂપી ચાંડળ આ પેઠો સુદુષ્ટ છેક**
**કરો સ્નાન માટે પ્રભો !....**
(ગુ.લી. ૧૧૧/૧૦૮-૧૦૯)

ક્રોધ ચાંડાળસ્વરૂપ એટલે મહાભયંકર છે. માણસ માત્રે તેનો ત્યાગ કરવો ઘટે. તેનાથી પાપની પરંપરા સરજાય તે એ રીતે કે, આપણે પૂર્વે જોયું છે તેમ; ગીતામાં દર્શાવ્યા પ્રમાણે કામથી ક્રોધ - ક્રોધથી - મૂઢતા-મૂઢતાથી સ્મૃતિનાશ-સ્મૃતિનાશથી બુદ્ધિનાશ-તેનાથી છેવટે વિનાશ સર્જાય છે. આધુનિક તબીબી વિજ્ઞાન પ્રમાણે પણ ક્રોધની અસર માણસના રુધિરાભિસરણ પર થતાં તેની વિકૃત અસરથી માણસ હાઈપરટેન્શન જેવા રોગનો ભોગ બની જાય છે.

આમ છતાંય ક્રોધ-કોપ કરવો જ હોય તો - કરવો જ પડે તો પાપ સમાન **ક્રોધની સામે ક્રોધ કરવો એવો ગુજરાતી શ્લોકની બીજી પંક્તિનો અર્થ ઘટાવવો પડે છે. અહીં મૂળ સંસ્કૃત શ્લોકની બીજી પંક્તિ તથા ગુજરાતી શ્લોકની બીજી પંક્તિ વચ્ચેની વિસંગતિ નોંધવી અનિવાર્ય થઈ**

**પડે છે. સંસ્કૃત શ્લોકની બીજી પંક્તિમાં तीव्र पाप प्रकोषे – પાપ શબ્દ છે; જ્યારે ગુજરાતી શ્લોકની બીજી પંક્તિમાં બધી જ પ્રતોમાં કરે કોપ કોપે જ એમ કોપ શબ્દ છપાયો છે. મને લાગે છે; કે ત્યાં : કરે કોપ પાપે જ ના તો કરાળ એમ પાપે શબ્દ હોવો જોઈએ.**

બીજી પંક્તિમાં **કોપે**ની જગ્યાએ **પાપે** શબ્દ જ હોવો જોઈએ, કારણ કે શ્રી **ગુરુલીલામૃત જ્ઞાનકાંડ**માં મહર્ષિ જમદગ્નિજીએ ભગવતી સતી રેણુકાજીના લેશમાત્ર સ્ખલનથી ક્રુદ્ધ થઈ તેમનું મસ્તક પોતાના પુત્ર ભગવાન શ્રી પરશુરામજી દ્વારા છેદાવી નાખ્યું. બધું પતી ગયા પછી ભગવતી સતી રેણુકાએ પોતાના શંકર સ્વરૂપ પતિદેવની સ્તુતિમાં કહ્યું :-

**દયામૂર્તિ કેવળ તમે, કરી ક્રોધ નિમિત્ત**
**બાળ્યાં મમ ક્રિયમાણ હા, કર્યાં ભસ્મ સંચિત.**
**શાપ નહિ અનુગ્રહ નકી, માનું એ સાક્ષાત**
**ધોઈ સઘળું પાપ એ કરી નિષ્પાપ નાથ.**

(ગુ.લી. અ.૨૪/૧૦૬-૧૦૭)

આમ દેવસ્વરૂપ સંત કે ગુરુનો ક્રોધ એ વસ્તુતઃ ક્રોધ ન હોતાં **પુણ્યપ્રકોપ** છે; તેથી સંસ્કૃત શ્લોકની બીજી પંક્તિમાં **तीव्र पाप प्रकोषे कार्यः** – તીવ્ર પાપના કોષરૂપ **प्रकोष** – ઉત્તેજના, બળવા સ્વરૂપે કોપ કરવો એમ કહ્યું હોવાનું સમજાય છે.

અન્યના દોષ જોવાની વૃત્તિ વ્યર્થ હોઈ ત્યાજ્ય છે. અન્યના દોષ જોવાનું કામ ઘણું સહેલું છે. મનોવૈજ્ઞાનિક દષ્ટિએ માણસ પોતાના દોષ ઢાંકવા માટે બીજાના દોષ જોતો હોય છે; ક્યારેક તો પોતાના જ દોષનું બીજા પર આરોપણ **(Projection)** કરતો હોય છે. તેથી જ સંસ્કૃતમાં **ખલ-દુષ્ટ** માણસની લાક્ષણિકતા દર્શાવતાં કહેવાયું છે કે :-

**खलः सर्षपमात्राणि पर छिद्राणि पश्यति ।**
**आत्मनः विल्वमात्राणि पश्यन्नपि न पश्यति ॥**

અર્થાત્ દુષ્ટ માણસ અન્યના સરસવના દાણા જેવા ઝીણામાં ઝીણા દોષ જુએ છે; પરંતુ પોતાના બીલા જેવડા મોટા દોષ જોતો નથી. વસ્તુતઃ માણસે બીજાના ગુણ અને પોતાના દોષ જોતાં શીખવું જોઈએ. આ રીતે ક્રોધનો ત્યાગ કરી, અન્ય દોષનું દર્શન કરવાનું છોડી, હે ચિત્ત, તું તારું સમગ્ર ધ્યાન શ્રી દત્તના ચરણમાં કેન્દ્રિત કરી, પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે એ તાત્પર્ય છે. ॥ ૩૬ ॥

**ઉપસંહાર :** અહીં સુધી શ્લોક ૧થી ૩૬ એક પ્રકરણ પૂરું થાય છે. શ્રી અવધૂતજી વીસમી સદીના ખૂબ ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત આધુનિક પશ્ચિમી પદ્ધતિથી વિચારનાર ચિંતક હતા. ઘણાને કદાચ ખબર ન પણ હોય કે ઈ.સ. ૧૯૨૦-૨૧માં વિદ્યાપીઠના સ્નાતક (આ બહુ ઊંચું શિક્ષણ કહેવાય) થતાં સુધીમાં તેમણે મહાત્મા ટોલ્સટોયની બે અમર કૃતિઓ - **ત્યારે કરીશું શું** અને **આવું કેમ સૂઝ્યું**નો ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો, તથા **ટોલ્સટોય અને શિક્ષણ**[૧૭] નામનું પુસ્તક લખી, મહાત્મા ટોલ્સટોયની શિક્ષણ વિચારણા (Educational thinking)ને પ્રકાશમાં લાવવાનું પહેલું અને પાયાનું કામ કર્યું હતું. એટલે એમનું ચિંતન ભારતીય છે અને ચિંતન પદ્ધતિ પશ્ચિમની છે.

અહીં શ્લોક ૧થી ૩૬માં એમણે એક પ્રકારના જીવાત્માઓ - મનુષ્યોને લક્ષ્યમાં રાખીને આ શ્લોકોની રચના કરી છે. જીવોના એક **લક્ષ્યજૂથ (Target Group)**ને ધ્યાનમાં રાખીને આ શ્લોકો કહ્યા છે. આ જૂથના સભ્યો આવા છે :-

* એ જીવો કાં તો **શાસ્ત્ર (શ્લોક-૧)** એટલે **બુદ્ધિબળ - માનસિક વિકાસ** અથવા **શસ્ત્ર (શ્લોક-૧)** એટલે **બાહુબળ** પર જીવનારા છે. એ જ રીતે **શસ્ત્ર** એટલે **સાધન** - ધન-દોલત, માલ-મિલકત એ પણ એક જાતનું શસ્ત્ર છે.

**૧૭.** પ્રસંગોપાત્ત જણાવવાની રજા લઉં તો તે આત્મશ્લાઘા નહીં ગણાય કે, પૂજ્યશ્રીના આ પુસ્તકનો આધાર લઈ મેં મારા એમ.એડ્.ના એક વિદ્યાર્થી પાસે એંશીના દાયકામાં ટોલ્સટોયની શૈક્ષણિક વિચારધારા પર શોધનિબંધ (Dissertation) તૈયાર કરાવેલો.

* **શાસ્ત્ર અને શસ્ત્ર**માં વિભાજિત આ **લક્ષ્યજૂથ (Target Group)**નાં સભ્યોનું જીવન - બાળપણ રમતમાં, યુવાની એશારામમાં ઘડપણ રોગ - ભોગમાં, પત્ની, પુત્ર, ધન-દોલત, વાવકૂવા કરાવવા, પરબો બેસાડવી, નામના થાય તેવાં દાન-ધરમ, અહંકાર પોષાય એવા પાઠ-પૂજા, તિલક-છાપા, જપ-જાપમાં વીતે છે. આવા મનુષ્ય માટે **ગરુડપુરાણ**માં કહ્યું છે :

**मातृपितृ मयो बाल्ये यौवने वनितामयः ।**
**पुत्र–पौत्र मयो वार्ध्ये मूढः नात्ममयः कवचित् ॥**

અર્થાત્ બાળપણ મમ્મી-પપ્પા, મમ્મી-પપ્પામય, યુવાની વનિતા-વહાલી દિલદારામય, વૃદ્ધાવસ્થા પુત્રો અને પૌત્રોમય વીતે તેથી આ **મૂઢ** જીવનમાં ક્યારેય આત્મમય થતો જ નથી.

* માટે શ્રી અવધૂતજીએ આ શ્લોકોમાં આ લક્ષ્ય-જૂથના સભ્ય માટે **મૂઢ, અંધ,** જેવાં સંબોધનોનો પ્રયોગ કર્યો છે. આ એવા જીવો છે; જેમને આ જગતમાં **પ્રભુ, ભગવાન, પરમાત્મા, પરમતત્ત્વ સ્વરૂપ ભગવાન દત્તાત્રેય** છે અને એકદમ હાથવગા **(always at hand)** છે, એની ખબર જ નથી. મરી જાય ત્યાં સુધી ખબર પડતી પણ નથી. એમનું આખું જીવન-જન્મથી મરણ સુધી આવી ખૂબ ઉપયોગી માહિતી **(Information)** વિના જ પૂરું થઈ જાય છે.

* આ અકર્મીઓને આખી જિંદગી સુધી એ વાતની ખબર સુદ્ધાં પડતી નથી કે -

* **પોતે કોણ છે ?** અને **ક્યાંથી આવ્યા છે ? પોતે ક્યાં સુધી જવાનું છે ?** મંઝિલની એને ખબર નથી તેથી પુરુષ સ્ત્રીને પોતાની મંઝિલ માને છે અને સ્ત્રી પુરુષને મંઝિલ માને છે.

* પોતાનું આવું અમૂલ્ય જીવન પાણીના મૂલે વેચાઈ રહ્યું છે.

* **સત્ય, શૌચ. બ્રહ્મચર્ય, શ્રદ્ધા, ક્ષાંતિ** જેવા શબ્દો એણે સાંભળ્યા જ નથી.
* પોતાના શત્રુ કોણ છે ? એ શત્રુઓના સરનામાં ક્યાં છે ? એ ખબર ન હોવાને કારણે ઓફિસમાં કામ કરતો જીવ પોતાના **બોસ** - સાહેબને શત્રુ માને છે. હિન્દુ-મુસલમાન પરસ્પરને શત્રુ માને છે કારણ કે **કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર** એટલે શું એની એને ખબર જ નથી.
* એ પોતાને અરીસા સિવાય જોઈ જ નથી શકતો, એટલે બીજાને જુએ છે; બીજાના દોષ જુએ છે. પરમકૃપાળુ પરમાત્માની આ અખિલાઈને જોવાની એની પાસે દૃષ્ટિ જ નથી.

આ લક્ષ્યજૂથના સભ્યો ઘણા-અસંખ્ય છે. દરેકે પોતે આ જૂથના સભ્ય છે કે નહીં તે પોતાની મેળે નક્કી કરી, **પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરણ**માં લાગી જવું જોઈએ. આ જૂથના સભ્યોએ જીવનમાં કશું કર્યું જ નથી. એમનું જીવન મોટે ભાગે **એળે** અને કોઈક સંજોગોમાં **એળે** નહીં તો બેળે જાય છે.

પ્રસ્તુત કૃતિમાં શ્રી અવધૂતજીએ આ જૂથના સભ્યોને જગાડી તેમને શ્રેયને માર્ગે વાળવાનો પ્રયત્ન કર્યો છે. વિચારવાની આ પદ્ધતિ વિશિષ્ટ છે. પશ્ચિમના ચિંતકોએ આવી પદ્ધતિનો ઉપયોગ કર્યો છે. આ પદ્ધતિની લાક્ષણિકતા આ પ્રમાણે છે :-

* ચિંતક **હેતુપૂર્વક** ચિંતન કરે છે.
* હેતુના સંદર્ભમાં પોતાને જે કહેવું ઈષ્ટ છે તેનું વિશ્લેષણ કરે છે.
* વિશ્લેષણના આધારે પોતાના ચિંતનનું **સંશ્લેષણ** કરી, તેને તાર્કિક ક્રમમાં ગોઠવી, ચિંતનને અભિવ્યક્ત કરે છે.
* ચિંતનના અંતે નક્કર તારણો (નિષ્કર્ષ) પર આવે છે, જેમ કે શ્લોક-૧થી ૩૬ના પ્રકરણના તારણો આ પ્રમાણે છે; હે જીવ, જો તારે તારાં જીવનને વેડફાતું બચાવી લેવું હોય તો -

(૧) દુઃખનાં મૂળરૂપ એવા **સંગનો ત્યાગ કર** તથા એ સંગમાં **પરસ્ત્રી સંગ** - તેની વાત સુદ્ધાં ત્યજી દે.

(૨) જન્મનાં મૂળરૂપ કામનો ત્યાગ કર. એ કામથી ઉત્પન્ન થતાં દુઃખ વ્યાધિની દવા ત્રીશનાં શરણ સિવાય બીજી એકેય નથી.

(૩) પાપનાં મૂળરૂપ **ક્રોધનો ત્યાગ** કર. ક્રોધનું મૂળ ઉદ્ભવ સ્થાન અન્યદોષદર્શન છે. તેનો ત્યાગ કર.

આ રીતે શ્લોક-૧થી ૩૬નું એક પ્રકરણ અહીં પૂરું થાય છે.

**પ્રસ્તાવના :** શ્લોક-૩૭થી ચિંતનનું મુખ્ય સૂત્ર - સ્મરી લે **પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત** - તો સમાન જ રહે છે; પણ જેમને ઉદ્દેશીને એ કહેવાઈ રહ્યું છે તે **લક્ષ્યજૂથ (Target Group)** બદલાય છે. અહીં આ જૂથનાં સભ્યો જીવનમાં કશુંક કરે છે ખરા. એમનું જીવન માત્ર જન્મ-મૃત્યુના કૌંસથી બદ્ધ થયેલું **(Bracketed)** જ નથી. એ કૌંસમાં રહેવા છતાં તેઓ કંઈક ધમપછાડા કરે છે; કૌંસમાંથી છૂટવાના. જોઈએ શ્રી અવધૂતજી શું કહે છે તે :-

**સંગતિ :** યોગ માર્ગે વળેલાને ઉદ્દેશીને કહે છે :-

**प्राणायामं पीडनं नासिकायाः**
**पञ्चाग्न्याद्युत्तापनं देहवल्लेः ।**
**वृक्षस्कन्धोब्दन्धनादि प्रहाय**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन्** ॥ ३७ ॥

**શબ્દાર્થ : प्राणायामं – प्राण–आयामं –** પ્રાણનું-શ્વાસનું નિયમન, **पीडनं** – પીડા, **नासिकायाः –** નાકની, **पञ्चाग्न्याद्युत्तापनं – पञ्च–अग्नि–आदि–उत्तापनं** – પંચાગ્નિ-ગાર્હપત્ય, આહવનીય, દક્ષિણ, સભ્ય અને આવસ્થ્ય એ પંચાગ્નિ તેમાં **आदि –** વગેરે શબ્દથી ઉનાળામાં ચાર બાજુ અગ્નિ અને ઉપર સૂર્યના તાપ દ્વારા થતી સાધનાનો સમાવેશ થાય, **उत्तापनं –** સંતાપવું-સતાવવું, **देहवल्लेः –** શરીરરૂપી વલ્લી - લતાનું,

**वृक्षस्कन्धोब्दन्धनादि –वृक्ष–स्कन्ध–उद्बन्धन–आदि –** વૃક્ષની ડાળ પર ટીંગાઈ રહેવું વગેરે - અહીં **आदि** શબ્દથી માત્ર ઊભા રહેવું, માત્ર જમણા પગ પર જ ઊભા રહેવું જેવી ક્રિયાઓનો સમાવેશ થાય, **प्रहाय –** ત્યાગીને, છોડી દઈને હે ચિત્ત, તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૩૭ ॥

**વૃથા નાક પીડ્યું કરી પ્રાણરોધ**
**તપી દેહ ધૂણે ગયો તો ન ક્રોધ.**
**રહ્યો વૃક્ષપે વ્યર્થ ટીંગાઈ તાત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૭ ॥**

**વિવરણ :** શ્લોક-૦૧ની જેમ જ શ્લોક-૩૭ પણ વૃથા શબ્દથી શરૂ થાય છે. કેટલાક નસીબદાર કે કમનસીબ માણસોને કોઈ ને કોઈ ગુરુ અથવા હિતેચ્છુ ભટકાઈ જાય છે. જો ગુરુ હોય તો ચેલા-ચેલી સ્વરૂપે ને હિતેચ્છુ હોય તો બીજાનું ભલું કરવાની પોતાની પવિત્ર ફરજ સમજી પોતે જે માર્ગે વળ્યા હોય તે બાજુ ખેંચી જાય છે. એ માર્ગોમાંનો સૌથી આકર્ષક માર્ગ યોગમાર્ગ છે. એના અતિઆકર્ષણની પાછળ કેટલાંક કારણો છે; જેમ કે :-

(૧) સાંખ્ય-યોગ, ન્યાય-વૈશેષિક, પૂર્વમીમાંસા-ઉત્તર મીમાંસા. આ છ શાસ્ત્ર પ્રણાલીઓ **(Systems)**માં યોગવિજ્ઞાન સૌથી નાનું-સંક્ષિપ્ત છે; તેમાં ભગવાન પતંજલિના માત્ર ૧૯૫ સૂત્રો અને તે પણ ખૂબ નાના-સંક્ષિપ્ત છે.

(૨) યોગ-વિજ્ઞાનમાં લેશમાત્ર બેમત છે જ નહીં; કારણ કે તે સર્વાંશે અનુશીલન **(Practice)** પર જ આધારિત હોઈ સર્વથા પ્રાયોગિક **(Practical)** છે.

(૩) પ્રાયોગિક હોવાને કારણે પ્રયોગ કરતાંની સાથે જ તેનાં પરિણામ નક્કર સ્વરૂપે દેખાવા માંડે. જેમ કે, શરીરમાં સ્ફૂર્તિનો સંચાર થાય, મુખની કાંતિ બદલાવા માંડે, ભૂખ લાગવા માંડે. માણસ બરાબર મંડ્યો રહે અને સદ્ભાગ્યે શ્રી રામકૃષ્ણ પરમહંસ જેવા ગુરુ મળી જાય તો નરેન્દ્રનાથને મળવા માંડી હતી એવી સિદ્ધિઓ પણ મળવા માંડે.

આવાં બધાં કારણો હોઈ લોકો એ માર્ગ તરફ ખેંચાય છે. લોભી ગુરુઓ પ્રાણાયામથી શરૂ કરવા કહે છે. તો વળી, અતિલોભી ગુરુઓ તો સીધા ધ્યાનથી શરૂ કરાવે છે. **ભાવાતીત ધ્યાન** અને સહજધ્યાન તરફ વાળી દે છે. ફેક્ટરીઓ-હોસ્પિટલોમાં જઈને મેડીટેશન કરાવે. સમૂહધ્યાન કરાવે. વસ્તુતઃ યોગ અષ્ટાંગ-યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર ધારણા, ધ્યાન અને સમાધિ. આ એનો ક્રમ છે. પાંચ યમ - અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ. (કેટલાક તે સંખ્યા દસની હોવાનું કહે છે) નિયમ-તપ, શૌચ, સ્વાધ્યાય, આસ્તિકય-શ્રદ્ધા, ઈશ્વરપ્રણિધાન. (કેટલાક તે સંખ્યા દસની હોવાનું માને છે) યમ-નિયમ સિદ્ધ થયા પછી આસન છે. આસન સિદ્ધિ થયા પછી પ્રાણાયામ છે. અર્થાત્ પ્રથમ ત્રણ સોપાન સિદ્ધ કર્યા વિના સીધા જ પ્રાણાયામનાં ચોથાં સોપાને કૂદકો મારવાથી પ્રાણનું નિયમન થતું નથી, પરંતુ તેના એ પ્રકારના સતત અભ્યાસથી **નાક પીડાય** - નાકને પીડ્યું એમ કહેવાય. તત્ત્વતઃ પ્રાણાયામ અતિગુરુગમ્ય છે. તેથી આવા નિરર્થક અભ્યાસથી આત્મલાભ થતો નથી.

એ જ રીતે હઠયોગની કેટલીક સાધનાઓ જેવી પંચાગ્નિ સાધના. તેમાં સાધકે વૈશાખ-જ્યેષ્ઠ માસમાં જ્યારે ગરમીનો પારો તેની પરાકાષ્ઠાએ હોય ત્યારે રોજ સવારે ૯/૧૦ વાગ્યાથી બહાર ખુલ્લામાં ચાર બાજુ અગ્નિ પ્રગટાવી, ઉપર સૂર્ય (૪૨થી ૪૫ ડિગ્રી સેલ્સિયસ) આમ પંચાગ્નિ સાધના દ્વારા દેહરૂપી વલ્લી-લતાને તપાવવા છતાં, **ક્રોધ ગયો નહીં** એમ ગુજરાતી શ્લોકની બીજી પંક્તિમાં કહ્યું છે. (અલબત્ત, સંસ્કૃત શ્લોકમાં આ ઉલ્લેખ નથી). પોતાને તપસ્વી માનનાર વૃક્ષ પર ટીંગાઈને, મહિનાઓ સુધી ઊભા રહીને, એક પગે ઊભા રહીને જાતજાતનાં તપ કરે; પણ તેનાથી તપનું અભિમાન, સાધનાનું અભિમાન વધે, આત્મજ્ઞાન-સ્વરૂપનું જ્ઞાન ન થાય, આવું બધું છોડી હે ચિત્ત તું શ્રી દત્તનામ સ્મરણ કર. ॥ ૩૭ ॥

**સંગતિ :** ઉક્ત યોગ-તપ જેવા માર્ગમાંની વિભીષિકા **(Predicaments)**નો નિર્દેશ કરે છે :-

**मार्गे मार्गे पर्वतप्राय विघ्ना**
**विघ्ने विघ्ने धैर्यसारच्युतिः स्यात् ।**
**नो चेद्दत्तालम्बनं वज्रसारं**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ३८ ॥**

**શબ્દાર્થ : मार्गे मार्गे** – રસ્તે જતાં જ્યાં ને ત્યાં, **पर्वतप्राय** – મોટા ડુંગરાઓ જેવાં, **विघ्नाः** – વિઘ્નો, **विघ्नेविघ्ने** – પ્રત્યેક વિઘ્ને, **धैर्यसारच्युतिः** – ધૈર્ય-ધીરજના સત્ત્વનું સ્ખલન, **स्यात्** – થાય, **नो चेत्** – ન થાય માટે, **दत्तालम्बनं – दत्त–आलंबनं** – શ્રી દત્તનું આલંબન - આશરો, **वज्रसारं** – વજ્ર જેવો ગ્રહણ કરી હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કરી લે. ॥૩૮॥

**જહાં ને તિહાં માર્ગમાં ડુંગરાઓ**
**પડ્યા વિઘ્નના જો ન રે' ધૈર્ય ધાઓ,**
**ગ્રહી વજ્ર શું આશરો દત્તપાદ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૩૮ ॥**

**વિવરણ :** સામાન્ય પ્રજાજન જે માર્ગ તરફ જવા આકર્ષાય છે તે છે એક તો યોગમાર્ગ અને બીજો તપમાર્ગ. ભારતના સાંસ્કૃતિક અને સામાજિક ઈતિહાસમાં **યોગી** અને **તપસ્વી** હંમેશા પૂજનીય રહ્યા છે. યોગમાં યોગસિદ્ધિ અને તપમાં બ્રહ્મવર્ચસ દેખીતું છે. તપ શબ્દ **सन्ताप**ના અર્થમાં છે. એની વિશેષતા એ છે કે, **तपति तापयति वा** અર્થાત્ પોતે તો તપે જ, બીજાને તપાવે પણ ખરા. એટલે મહર્ષિ દુર્વાસા જેવા તપસ્વીઓથી, ભગવાન પરશુરામ જેવા તપસ્વીઓથી બધા જ ડરીને ચાલ્યા છે. શ્રી ગુરુલીલામૃતમાં મહર્ષિ દુર્વાસાના શાપવચનથી ભગવાન શ્રી વિષ્ણુને અનેક જન્મ લેવાં પડ્યાં એ પૌરાણિક આખ્યાન અત્રે નોંધપાત્ર છે. એ જ રીતે **तैत्तिरीय उपनिषद**માં ભૃગુએ પિતા વરુણને બ્રહ્મવિદ્યા શીખવવા કહ્યું તો પિતાએ કહ્યું

- **तपसा ब्रह्म विजिज्ञासस्व –** અર્થાત્ પુત્ર, તું તપ દ્વારા, તપ કરીને બ્રહ્મને જાણવાની ઈચ્છા કર, કારણ કે **तपो ब्रह्मेति (तैत्ति–३/२/५)**. તપ જ બ્રહ્મ છે.

આમ, યોગ અને તપ ઉત્તમ શ્રેષ્ઠ માર્ગ હોવા છતાં તે માર્ગમાંની તકલીફો, મુશ્કેલીઓ એ માર્ગના પ્રવાસીએ, એ માર્ગ લેતાં પહેલા સમજી લઈ, પોતાની ઓકાત (સામર્થ્ય)નો વિચાર કરી લેવો જોઈએ એવા શુભ આશયથી આ શ્લોક અહીં કહેવાયો છે. આ બંને માર્ગે જવા થનગનતા જીવ - આ જીવોને જગત સુહૃદ શ્રી અવધૂતજી કહે છે ભાઈ, **જહાં ને તિહાં માર્ગમાં ડુંગરાઓ** આમ કરવું જ એમના જેવા સદ્ગુરુ માટે ઈષ્ટ છે. **મત્સ્યપુરાણમાં** કથા છે કે, ભગવતી જગજ્જનની ઉમા પોતાની **ગૌરી-વયે** (આઠ વર્ષની ઉંમરે) ભગવાન શંકરને પતિસ્વરૂપે પામવા માટે ઉગ્ર તપ કરવા ઉદ્યત થયાં ત્યારે ત્યાં ઉપસ્થિત દેવર્ષિ નારદજી, દેવર્ષિ અથર્વા અંગિરસ, પિતા હિમવાન આદિએ કહ્યું :-

**उमेऽतिचपले पुत्रि ! न क्षमं तावकं वपुः ।**
**सोढुं कलेशस्वभावस्य तपसः सौम्यदर्शने ॥**

હે અતિસુંદર દર્શન (દેખાવ)વાળી, ખૂબ ચંચળ એવી દીકરી ઉમા, તારું આ (નાજુક) શરીર કલેશમય સ્વભાવવાળા તપને સહન કરવા સક્ષમ નથી. આ જ વાત અહીં અવધૂતજી કહે છે. અહીં આ બંને માર્ગમાં - યોગ અને તપના માર્ગમાં વિઘ્નના ડુંગરાઓ ડગલે ને પગલે પડ્યા જ છે.

યોગ અને તપના માર્ગમાં વિઘ્નોની વાત કરતાં ભગવાનશ્રી દત્તાત્રેયે અલર્કને કહ્યું :-

**યોગાભ્યાસ ન એ ગમે દેવોને તું જાણ**
**જાળ સિદ્ધિની પાથરી કરે વિઘ્ન એ માન.**

(ગુ.લી.અ.૩૫/૫૮)

પાયાની વાત આ છે કે કોઈ માણસ આત્મોન્નતિ માટે મથતો હોય તો તે એના સગાં-સંબંધી, મિત્રોને ના ગમે, તેમ દેવોને પણ ના ગમે. કેમ ના ગમે ? કારણ કે એ રીતે મથનાર માણસ કદાચ સફળ થઈ જાય તો દેખીતી રીતે જ દેવત્વને પામી જાય. એટલે દેવો તેનાથી ડરીને તેને ફસાવવા, તેને એ માર્ગથી ચ્યુત કરવા સિદ્ધિની જાળ પાથરે. પરિણામે પેલા સાધકને એની લાલચ લાગતાં યોગ-તપ તરફથી ખસી ભોગની ઈચ્છા વધવા માંડે -

**ઊઠે નાના કામના, કરે દેવ એ પૂર્ણ (૬૨)**

જેમ કે ઈચ્છા કરતાં જ ધન મળે, કોઈ પણ સંકલ્પ તરત જ ફળ આપે, વગર ભણ્યે બધી વિદ્યાઓ આવડી જાય, જાદુટોણ, યંત્ર, મંત્ર, તંત્રની જાળ બધું સફળ થવા માંડે અને સાધકની મહાયોગી - મહાતપસ્વી તરીકેની કીર્તિ ચારે તરફ ફેલાવા માંડે. ઔષધ, ધાતુ, કીમિયા બધું જ હસ્તગત થઈ જાય. પછી એ સાધક લોકોમાં પૂજ્ય થવા જાતજાતના ધતિંગો કરે, એણે કરવા જ પડે.

**ભલે ભોગ એથી મળે, થાએ નિષ્ફળ યોગ**
**થાય તપસ્યા ભંગ ને વધે વૃથા હૃદ્રોગ**
(ગુ.લી. ૭૧)

એ વિઘ્નોમાં ફસાવાથી ભોગ મળે - યોગી ભોગી બની જાય, તપસ્વી વિષયી બની જાય, પણ તેનાથી તપસ્યાનો ભંગ થાય. પરિણામે હૃદયરોગ વધી જાય. સાધકનાં ધૈર્યની ધીરજની પ્રતિક્ષણ કસોટી થાય. એ ધીરજ રાખી શકે નહીં અને આવા ડુંગરા જેવા ભયંકર વિઘ્નોમાં ફસાય. તેથી અવધૂતજી આવા જીવને વિકલ્પ બતાવે છે. **नो चेत् –** આ સંસ્કૃત શબ્દનો અર્થ થાય - ''જો તારે એમ ન કરવું હોય, જો આવાં વિઘ્નોની લપમાંથી બચવું હોય તો'' શ્રી દત્તના વજ્ર જેવા ચરણનો આશરો - આલંબન ગ્રહણ કર. આલંબન શબ્દ ખૂબ જ મહત્ત્વનો છે; સદ્‌ગુરુ ભગવાન શ્રી દત્ત ઓમકાર વાચ્ય છે. **कठोपनिषद**માં કહ્યું છે :-

**एतदालम्बनं श्रेष्ठमेतआलम्बनं परम् ।**
**एतदालम्बनं ज्ञात्वा ब्रह्मलोके महीयते** ॥ १/२/१७ ॥

અર્થાત્ આ જ શ્રેષ્ઠ આલંબન છે; આ જ પરમ આલંબન છે. આ આલંબનને જાણીને માણસ બ્રહ્મલોકમાં મહિમાન્વિત થાય છે. એ જ રીતે આશરો શબ્દ પણ ખૂબ જ મહત્ત્વનો છે. શ્રી અવધૂતજી ઉષઃ પ્રાર્થનામાં કહે છે :-

**એક આધાર કિરતારનો જગતમાં એ વિના શૂન્ય સમશાન ઠાલું**
**દીપ વિણ ગેહજ્યમ સ્નેહ વિણ દીપ જ્યમ પ્રાણ વિણ દેહ જ્યમ કુણપ મેલું**
(અ.આ. પૃ.૯)

દીવા વિનાનું ઘર, તેલ વિનાનો દીવો, પ્રાણ વિનાનો દેહ જે રીતે ઠાલું મડદું જ ગણાય તેમ કિરતારના આધાર-આશ્રય વિના આ જગત સ્મશાન જેવું ભેંકાર ભાસે. માટે હે ચિત્ત, તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરણ કરી લે. પછી કોઈ વિઘ્ન નહીં રહે એ ભાવ છે. ॥ ૩૮ ॥

**સંગતિ :** એક બાજુ માર્ગમાંના વિઘ્નો તો છે જ અને બીજી બાજુ એ માર્ગે જઈ રહેલા પ્રવાસીની પોતાની ભીતરમાં ઉઠતાં વિઘ્નો છે તેનું દર્શન કરાવે છે :-

**यामिन्येषा बद्धभीमान्धकारा**
**भूता ह्येतभ्दीषयन्तो भ्रमन्ति ।**
**भीमारालैस्तर्जयन्तः समन्ता –**
**च्छ्वाश्वासे श्वासे दत्तनाम स्मरात्मन्** ॥ ३९ ॥

**શબ્દાર્થ : याभिन्येषा – यामिनी–एषा –** આ યામિની - રાત્રિ, **बद्ध –** રચાયેલી-છવાયેલી, **भीमान्धकारा–भीम–अन्धकारा –** ભીષણ-ઘોર અંધકાર, **भूता –** ભૂત-ભૂતો, **ह्येतभ्दीषयन्त – हि – एतद् – भीषयन्तः –** ડરાવી રહેલા આ, **भीमारालैस्तर्जयन्तः – भीम –** ભયંકર, **अरालैः –** અંતરાળો વડે - વળાંકોથી, **तर्जयन्त : –** ડરાવી રહ્યાં છે, **समन्तात् –** ચારે બાજુથી. માટે હે ચિત્ત, તું શ્રી દત્તનામ પ્રતિશ્વાસ સ્મરી લે. ॥ ૩૯ ॥

**છવાઈ બધે રાત ઘોરાંધકારે**
**ભમે ભૂત જ્યાં ત્યાં જ જો અંતરાળે**
**ડરાવે કરી નૃત્ય હા ભીમ હન્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૩૯ ॥**


**વિવરણ :** જે માણસો જીવો કશું કરતાં જ નથી અને અમૂલ્ય એવું જીવન પાણીનાં - ધૂળનાં મૂલે વેડફી નાખે છે; તેમની અપેક્ષા, પોતાની મેળે, કોઈના કહેવાથી, કોઈક ગુરુઓના ખેંચવાથી યોગ કે તપના માર્ગે જાય છે. તેમને માટે જે તે માર્ગનાં ભીષણ વિઘ્નોનો ખ્યાલ હોતો નથી. તો વળી, તેમને એવા બીહડ માર્ગના કરતાં શ્રી ભગવન્નામ સ્મરણ - શ્રી દત્તનામ સ્મરણ જેવું વજસાર - વજ જેવું આલંબન ઉપલબ્ધ છે તેની પણ ખબર હોતી નથી.

આ જગત અને આ જીવન માયામય છે. માયાનું મોટું સ્વરૂપ મોહ છે. માણસની સામે ભયંકર **મોહરાત્રિ** છે. સામાન્ય દિવસ પછી આવતી રાત પણ કેટલી ડરામણી હોય છે !! તો પછી મોહગ્રસ્ત માણસની રાત બિહામણી હોય તેમાં શી નવાઈ ! તેથી અહીં શ્રી અવધૂતજી આવા જીવને કહે છે - બધે ઘોર અંધારી રાત છવાઈ છે. રાત મોહની છે અને તેમાં વ્યાપેલો અંધકાર અજ્ઞાનનો છે. અજ્ઞાન વશ ભૂત ભમે છે. આ ભૂત વસ્તુતઃ અજ્ઞાનમાં સબડતાં મનના જ પ્રક્ષેપ **(Projections)** છે - **અંછા ભૂત અને મંછા ડાકણ.** માણસની ઈચ્છાઓ અને મનીષાઓ અર્થાત્ વિવિધ પ્રકારની વાસનાઓ ભૂત થઈ ડરાવે છે. માણસ ભયગ્રસ્ત - અનેક ભયમાં જીવતો થઈ જાય છે. ભર્તૃહરિ મહારાજ કહે છે - **भोगे रोग भयं कुले च्युति भयं वित्ते प्रमादाद्भयम् —** ભોગ ભોગવવામાં રોગનો ભય, ઊંચા કુળના હોય તો પતનનો ભય, પૈસા હોય તો પ્રમાદી બની જવાનો ભય. **सर्वंएव भयावहं** — બધું જ ભયાવહ છે. એ પરિસ્થિતિમાં ભગવાન શ્રી દત્તનું નામ સ્મરણ માણસને નિર્ભય - ભયરહિત બનાવનારું છે. માયાજનિત આ જગતના ભયાનક અનુભવોના ડરમાંથી મુક્ત થવા માટે હે જીવ - હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૩૯ ॥

## विरक्तिः ।

दत्तध्वनिं पावनमुच्चरन्तम् ।

कौपीनवन्तं करुणैकसिन्धुं



छायाश्रितं निम्बतरोर्यतीन्द्रं

रङ्गावधूतं प्रणतोऽस्मि नित्यम् ।

[श्री. भालचन्द्र त्रिपाठी
बडोदाके सौजन्यसे]

डभाल
२५ जून, १९४८.

**સંગતિ :** જગતનાં ભીષણ બિહામણાં સ્વરૂપમાં ભગવલ્લીલાનું દર્શન કઈ રીતે કરવું તે દર્શાવે છે :-

**पश्याकाशं ह्यम्बुदैर्व्याप्तमेत**
**न्मेघा ह्येते गर्जयन्तश्चरन्ति ।**
**विद्युद्गर्भाः कम्पयन्तोऽद्रिसानुम्**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ४० ॥**

**શબ્દાર્થ : पश्याकाशं – पश्य आकाशं** – (આ) આકાશને જો, **ह्यम्बुदैर्व्याप्तमेतत् – हि अम्बुदैः व्याप्तं एतत् –** મેઘથી છવાયેલું (વ્યાપ્યું) આ, **मेघाः ह्यते –मेघाः हि ऐत** - વળી, વાદળો (આ), **गर्जयन्तश्चरन्ति – गर्जयन्तः चरन्ति –** ગર્જના કરતાં કરતાં ફરી રહ્યાં છે, **विद्युद्गर्भाः – विद्युत–गर्भाः –** વીજળીથી ભરેલાં, **कम्पयन्तोऽद्रिसानून् – कम्पयन्तः अद्रिसानून्** - પર્વતના સમતલ ભૂભાગ - પ્રસ્થને કંપાવી રહેલા, (અહીં **सानून् – सानुः पु. द्वि.** બ.વ.નું રૂપ છે) શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન. ॥૪૦॥

**અરે વાદળે વ્યોમ વ્યાપ્યું પણે આ**
**ફરે ગર્જના જો કરી મેઘ કેવા !**
**કડાકે તડિત્ કંપતાં અદ્રિપ્રસ્થ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૪૦ ॥**

**વિવરણ :** આ આખીયે કૃતિ વીસમી (હવે એકવીસમી) સદીના મનુષ્ય સાથેનો સીધો વાર્તાલાપ **(Discourse)** છે. એક બાજુ શિશ્નોદરની પળોજણમાં પડેલો માણસ અને બીજી બાજુ આવા તેવા માર્ગે ચડી આ ભવ જંજાળમાંથી છૂટવા તડફડિયા મારતો માણસ. આ બંને ઈશ્વરવિમુખ થઈ ગયા છે. કારણ કે, એમને પરમતત્ત્વરૂપ પરમાત્મા ભગવાન શ્રીદત્ત જેવા દીનના દાતાર હાજરાહજૂર અહીં અને અત્યારે **(Here and Now)** છે તેની ખબર જ નથી. માટે તેને એના લીલાવિહારનો પણ કશો ખ્યાલ નથી. માણસ આ લીલાસ્વરૂપ જગતનું દર્શન કરે તો પણ તેની પ્રભુમાંની

આસ્થા-શ્રદ્ધા જાગૃત થાય. શ્રદ્ધા તો તેની પાસે છે જ - **श्रद्धामयोयं पुरुषः** આ જીવ શ્રદ્ધામય છે, પણ તે સુપ્ત અવસ્થામાં છે.

ભગવાન શ્રી દત્તાત્રેયે આ જગતનું દર્શન કરી તેમાંથી પોતાનાં ચોવીસ ગુરુ નક્કી કર્યા હતા. એનું મૂળ તાત્પર્ય જ એ હતું કે મનુષ્ય આ જગતનું, પ્રકૃતિનાં અનેકવિધ સ્વરૂપોમાં વિલસતા પરમાત્માના લીલાવિગ્રહોનું દર્શન કરી ધન્ય થઈ જાય અને અહોભાવથી નાચી ઊઠે.

વીસમી સદીના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી **(Industry)** એ માણસને એટલો બધો ઉદ્યમી બનાવી દીધો કે તેને આકાશ સામું જોવાનો, પોતાની આજુબાજુ જોવાનો સમય જ ન મળે એવી પરિસ્થિતિ થઈ. તેથી અંગ્રેજ કવિએ કહ્યું - **What is this life if full of care, we have no time to stand and stare** - અર્થાત્ આવા સલામત જીવનનો શો અર્થ કે આપણને બે ઘડી ઊભા રહી આશ્ચર્યવત્ જગતનું નિરીક્ષણ કરવાનો સમય જ ન હોય !

જીવનની આવી રમણાં-ઘટમાળમાં ગૂંચવાયેલા માણસને શ્રી અવધૂતજી કહે છે - **पश्य –** જો. જો આ આકાશને. આ બાહ્ય આકાશનાં સૂક્ષ્મ નિરીક્ષણોના આધારે જ વેદના ઋષિએ પોતાની ભીતર રહેલા **ચિદાકાશ** - ચિન્મય-ચિત્-મય આકાશનો સાક્ષાત્કાર કરેલો. આ આકાશમાંય પાછા મેઘ-વાદળ છવાયાં હોય તો તેનાં દર્શનથી જ ભાગવતકારે ભગવાન શ્રીકૃષ્ણના **ઘનશ્યામ** સ્વરૂપનો સાક્ષાત્કાર કર્યો. ભગવાન શ્રીકૃષ્ણ શ્યામ વર્ણના હતા, પણ તે વર્ણ કાળિયો નહીં મેઘના જેવો શ્યામ હતો. એ મેઘની ગર્જના કેવી દિવ્ય કેવી ભવ્ય !! કિષ્કિંધામાં જગજ્જનની ભગવતી જાનકીના વિરહમાં વ્યાકુળ પરબ્રહ્મ પરમાત્મા શ્રી રામચંદ્રજીનાં શ્રીમુખે વાલ્મિકી અને તુલસીદાસ બંનેએ મેઘાચ્છન્ન આકાશનું વર્ણન કરાવ્યું છે. એ મેઘના ગાભ (ગર્ભમાં)માં છૂપાયેલી વિદ્યુતના કડાકા. અહીં પ્રયોજાયેલો **વિદ્યુતગર્ભાઃ** - શબ્દ અત્યારનાં **રસાયનશાસ્ત્ર (Chemistry)** પ્રમાણે **$H_2O$**ની પ્રક્રિયામાં વિદ્યુતની **ઉત્પ્રેરક (Catalyst)** ભૂમિકાનો નિર્દેશ છે. એ કડાકા અદ્રિપ્રસ્થને કેવા કંપાવે છે તે તું જો !

આ લીલા છે. માણસનું આખું જીવન ભગવાન શ્રી દત્તાત્રેયની ક્રીડા છે અને માણસનો અહંકાર, મમતા, મન, બુદ્ધિ, ચિત્ત એ બધું જ એમનું ક્રીડાંગણ છે. માણસરૂપ ક્રીડાંગણમાં તેમને જેમ ક્રીડા કરવી હોય તે કરવા દેવી અને એ ક્રીડા જોઈને અહોભાવથી દિઙ્મૂઢ-મૂઢ નહીં, દિઙ્મૂઢ થઈ શ્રીદત્ત નામસ્મરણ કરવું એ આ શ્લોકનો સાર છે. ॥ ૪૦ ॥

**સંગતિ :** સામાજિક ગતાનુગતિકતાથી થોડા હટકે ચાલવામાં થતી ઉપાધિનો નિર્દેશ કરી ઉપાય સૂચવે છે :-

**श्वाना ह्येते भीषणं हा भसन्ति**
**पादौ श्लिष्ट्वा गूढमन्तर्दशन्ति ।**
**त्यक्त्वा ह्येतान्दूरतो याहि बन्धो**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ४१ ॥**

**શબ્દાર્થ : श्वानाः** – કૂતરાં, **ह्येते – हि–एते** – આ (જ), **भीषणं** – બીક લાગે તેવાં, **हा** – નક્કી, **भसन्ति** – ભસે છે, **पादौ** – બંને પગે, **श्लिष्ट्वा** – (પડીને) વળગીને, **गूढम्** – ખબર પડે ન પડે તેમ, **अन्तर्दशन्ति – अन्तः दशन्ति** – અંદરના (મર્મ સ્થાનમાં) કરડે છે - કાટે છે, **त्यकत्वा** – છોડીને - ત્યજીને, **ह्येतान्दूरतः – हि एतान् दूरतः** – એમને દૂરથી જ, **याहि** – ચાલ, ચાલવા માંડ, **बन्धो** – હે બન્ધુ, (આ બન્ધુને ગુજરાતી શ્લોકમાં **સાવચેત** (ત્રીજી પંક્તિ) મૂકી સ્નેહ જતાવ્યો છે), હે બન્ધુ ચિત્ત, તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૪૧ ॥

**ભસે કૂતરાં આ યથા બીક લાગે**
**પડી પાદમાં કાટતાં ગૂઢવેગે,**
**ત્યજી દૂરથી ચાલ એ સાવચેત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૪૧ ॥**

**વિવરણ :** અહીં આ માણસને માટે **बन्धो** – બન્ધુ શબ્દ પ્રયોજાયો છે; અને ગુજરાતીમાં **સાવચેત** શબ્દ પ્રયોજી આ માણસ માટેના પોતાના સ્નેહનો નિર્દેશ કર્યો છે.

સામાન્ય રીતે રસ્તે જતાં **અજાણ્યાં** માણસને જોઈ કૂતરાં ભસે છે. એટલે કે તે 'અપનેવાલે'ને જોઈને નથી ભસતાં. કૂતરાંની વિવેકબુદ્ધિ છે. શ્લોક-૦૧થી ૩૬માંના જે લક્ષ્યજૂથ **(Target Group)**ની વાત કરી છે; એમાંનાં કોઈ જતાં આવતાં ને કૂતરાં નથી ભસતાં, એમનાથી જે જુદા પડ્યા છે; તેમને (યા તેને) આ તકલીફ રહેવાની જ છે; એટલે કે ગતાનુગતિક સમાજથી જુદા પડી, જરા હટકે ચાલનાર, ચાલતાં ચાલતાં આકાશમાં ભગવાનશ્રી દત્તાત્રેયની અગમ્ય લીલા જોવામાં મશગૂલ થઈ જનારા, વીજળીના કડાકા અને તેથી ધ્રૂજી જતાં ડુંગરોમાં ભગવાનની ક્રીડા જોઈ અહોભાવથી રોમાંચિત થઈ જતાંને જોઈને કૂતરાં બીક લાગે એમ ભસે છે. એટલું જ નહીં ખબર પણ પણ ન પડે તેમ પગે વળગી કરડી ખાય છે.


આ બધું તો સમજ્યાં; પણ આ કૂતરાં છે કોણ ? આ કૂતરાંનાં બે પ્રકાર છે :-

(૧) ગતાનુગતિક સમાજના સભ્યો. જે સામાજિક પરિપાટીમાં સહેજ અમથો ચીલો ચાતરીને ફંટાનારને સહન નથી કરી શકતાં. એ મશ્કરી કરે - જુઓ પેલા ભગત ચાલ્યા ? કાં ભગત ભજન સિવાય કશું કરો છો ખરા ? વગેરે જેવા અસંખ્ય ઉપાલંભ - મેણા મારી મારીને **અન્તઃ દશન્તિ** – ગૂઢવેગે કાટતાં - ભીતર મર્મસ્થાનમાં કરડે. સીધા-શરમાળ માણસનું બહાર નીકળવું હરામ થઈ જાય એ રીતે, મેણાટોણાં મારીને સતત ભસ્યાં કરે, કરડતાં રહે.

(૨) કૂતરું - શ્વાન યોનિ છે. શ્વાન પ્રતીક છે. શ્વાન એક વૃત્તિ છે - માણસના મનની ગતિવિધિ છે. માણસની અનેક જન્મની અતિશય કામવાસના - સ્ત્રી લમ્પટતા તેને શ્વાનયોનિમાં લઈ જાય છે. શ્રી ગુરુલીલામૃત કર્મકાંડ અધ્યાય-૯૮માં રાજા વિમર્શણનું ઉપાખ્યાન છે. રાજા પોતાની રાણીને કહે છે :

**દુરાચારનું પણ કહું કારણ સાંભળ એમ (૭૨)**
**શ્વાન પ્રકૃતિથી નહીં ભક્ષ્યાભક્ષ્ય વિવેક**
**સ્ત્રી લોલુપતા પણ તથા પ્રાક્સંસ્કારે છેક (૭૩).**

## नर्मदायां नौकाविहारः ।



[श्री. भालचन्द्र त्रिपाठी
बडौदा के सौजन्यसे]

हनुमंतेश्वर,
२७ मे, १९५८

આમ, આવાં કૂતરાં બહાર રસ્તે રઝળતાં હોય અને વટેમાર્ગુને ભસે, કરડે એ તો છે જ, માણસની ભીતરમાં પ્રાક્સંસ્કારે - પૂર્વજન્મના (અનેક જન્મોનાં) સંસ્કારવશ રહેલી લોલુપતારૂપી કૂતરાંથી બચવા - સાવચેત રહેવા આ **જગત-સુહૃદ** અવધૂત સમજાવે છે - ચેતવે છે. એ કૂતરાંથી બચાવનાર શ્રી દત્તનામ સ્મરણ સંકીર્તન છે. ॥ ૪૨ ॥

**સંગતિ :** સહેજ ચેતવીને તરત જ બે શ્લોકમાં લીલાદર્શન શ્રવણ તરફ વાળે છેઃ-

**कूजत्युद्याने कलं कोकिलाऽसौ**
**रेवा सापित्रीशगानं करोति ।**
**शेषे लम्बं हा कथं कुम्भकर्ण**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन्** ॥ ૪૨ ॥

**શબ્દાર્થ : कूजत्युद्याने – कूजति उधाने –** ટહૂકે છે - બાગમાં, **कलं –** મધુર-મીઠો, **कोकिलाऽसौ –** આ કોકિલા, **रेवा** – રેવા - (**रेवते–उत्प्लुत्य गच्छति** – ઉછળતી-કૂદતી જાય તે રેવા) નર્મદા, **सापि–सा–अपि** - તે પણ, **त्रीशगानं –** શ્રી દત્તનું, ગાન-રટણ, **करोति –** કરે છે. **शेषे –** સૂતો પડ્યો છે, **लम्बं –** લાંબો થઈને, **हा** – હંત-અરેરે, **कथं –** કેમ-શાથી, **कुम्भकर्ण –** કુમ્ભકર્ણની જેમ, ઊઠ, ઊભો થા અને શ્રી દત્તનામ સ્મરણ કર. ॥ ૪૨ ॥

**કરે બાગમાં કોકિલા જો ટહુકો**
**રટે નામ રેવા ય શ્રી દત્તનું કો**
**પડ્યો કેમ તું કુંભવત્ લંબહન્ત ?**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪૨ ॥**

**વિવરણ :** હકીકતમાં આ સમસ્ત અનન્ત બ્રહ્માંડમાં બે જ વસ્તુ છે : જે કાંઈ છે તે ભગવાનશ્રી દત્તાત્રેય છે; અને અત્યારે આ ક્ષણે જે કાંઈ થઈ રહ્યું છે તે **ભગવાનશ્રી દત્તાત્રેયની લીલા-ગુરુલીલા** છે. **લીલામય ભગવાન દત્તાત્રેય** અને **ભગવાન દત્તાત્રેયની લીલામાં** તત્ત્વતઃ કોઈ તફાવત નથી - કોઈ ભેદ નથી.

સાંભળો કોકિલાને ! બાગમાં મધુર ટહુકા કરી રહી છે. મહાકવિ કાલિદાસે તેને **मुधुरालपनिसर्गपण्डिता** – મધુર આલાપની બાબતમાં કોકિલા તું નિસર્ગપંડિતા છે એમ કહ્યું છે. આ એક એવો ટહુકો છે જેમાં શ્રી અવધૂતજીને શ્રીદત્ત નામનો દિવ્ય રણકાર સંભળાયો છે. એમણે ભજનોમાં એ આનંદ ગાયો છે :-

**(૧) તું હું તું હું કોયલડી પોકાર ! હરિ હરિ રટના રે !!**
**તત્ત્વમસિ તંબૂરા બજાવ હરિ હરિ રટના રે !!**

અર્થાત્ કોયલના ટુહૂ-ટહુકારમાં તું-હુંનો પોકાર થતો હોય તેમાં જાણે **तत्वमसि – तत् – त्वम् – असि –** તે તું જ છે નો તંબૂરનો તાર ગૂંજતો હોય એવી પ્રતીતિ થાય છે; અને એક જ ક્ષણમાં અહીં શ્લોકમાં જેને **ઉદ્યાન - બાગ** કહ્યો છે; તે વાડી-**તનની વાડીમાં** ફેરવાઈ જાય છે. તનની વાડીમાં, મનના ફૂલ્યાફાલ્યા આંબા પર **સુરતા**ની ડાળ સોહાતી હોવાનું દેખાય છે. **સુરતા** એટલે **અંતઃવૃત્તિ-સ્મરણ; ત્વમ્** પદાર્થનું સ્મરણ થતાં જ પવનના ઘોડે ચડી જીવ સહસ્રાધારમાં વિરાજમાન શિવ-સ્વરૂપ ભગવાનશ્રી દત્તને મળવા માટે તત્પર થઈ જાય છે. બહાર બાગમાં સંભળાતો કલનાદ વસ્તુતઃ

**શ્વાસકોયલનો ગેબી તે ટહુકો**
**સુણતાં ન રંગ ઝલાય... હરિ. હરિ.**

(અ.આ.પૃ. ૬૦-૬૧)

વસ્તુતઃ શ્વાસની સાથે ઊઠતો **અનાહત-અનહદનો ગેબી** - અગમ્ય ટહુકો છે; જે એક વખત સંભળાઈ જાય તો આ જાગતિક માયાના રંગ ક્યારેય ઝલાય નહીં - ઝીલાય નહીં. હે જીવ તું એ ટહુકો પહેલાં બાગમાં તો કાન દઈ સાંભળ તારી ભીતરમાં ઊઠતો એવો જ ગેબી ટહુકો તને સંભળાશે.

(૨) તો વળી, બીજાં એક ભજનમાં કહે છે :-

**બોલ રહી કોકિલ કાનનમેં...** કાનન-વનમાં કોયલ બોલી રહી છે. એ આમ કેમ બોલે છે ? શું બોલે છે ? તે પકડાતું નથી, પરંતુ તેનો ટહુકાર સાંભળતાં જ જે જીવ શિવના વિરહમાં ઝૂરે છે તેનું જ તન-શરીર બળે છે.

**તૂં...હૂં...તૂં...હું શબ્દ સુનાવે,**
**આપ પરાયો ભેદ મિટાવે**
**ઝૂર રહી આતમ ઝૂલન મેં**

**ચારાં પર પંચમ સૂર છેરા,**
**બૂઝે કોઈ બિરલા ચેરા**
**ભૂલત ક્યોં કાગન બાતન મેં ?**

એના કંઠમાંથી નીકળતો તું-હુંનો ટહૂકાર સાંભળતાં જ **આપ-પરાયો** - હું અને તુંનો ભેદ રહેતો જ નથી, એ પરમતત્ત્વ રૂપે ભીતર આતમના ઝૂલા પર ઝૂલે છે. આ કોયલે **ચાર સૂર - સા...રે...ગ..મ..** પછી **પાંચમો... પંચમ** સૂર છેડ્યો છે એટલે કે **ચાર સૂર - ધર્મ, અર્થ, કામ, મોક્ષ** પછી પાંચમો **પંચમ - બ્રહ્માત્મૈક્ય - આત્મા અને પરમતત્ત્વનાં ઐક્યનો** સૂર છેડ્યો છે;એ સૂરને **આત્મસંગીતકલાનો** વિરલ ચેલો જ પિછાણી શકે; જીવ ! તું આ કાગડાઓની કાકાભરી વાતોમાં પડી કેમ ભૂલે છે !!

જેવી રીતે બાગમાં કોયલ ટહુકે છે તે જ રીતે આ રેવા-નર્મદા ઊછળતી કૂદતી શ્રી દત્તનું કોઈક નામ રટી રહી છે. ગુજરાતી શ્લોકની બીજી પંક્તિમાંનો **કો** શબ્દ **કોઈક**ના અર્થમાં છે. શ્રીદત્તનું બીજું નામ **ૐ, હર, બ્રહ્મ છે.** શ્રી અવધૂતજીએ ગાયું છે -

**ગાયતિ રેવા રવ મધુરમ્...** આ રેવા-મેકલ કન્યા આમ તો બહાર છે પણ તેનું સ્વરૂપ માણસનાં મનમાં તે સવાર-સાંજ નિરંતર હર હર ૐ ૐ ગાઈને **ત્વમ્-અહમ્ - તું-હું**ની એકાત્મકતા અર્થાત્ **બ્રહ્માહંત્વંબહ્વૈવેદમ્** બ્રહ્મ હું જ છું તેમ આ બધું પણ બ્રહ્મ જ છે, જલ અને જલકણની જેમ

અભિન્ન છે. આમ, પ્રકૃતિનાં આ તત્ત્વોમાં વિલસતી ભગવલ્લીલા માણસને અદ્‌ભુત આનંદનો અનુભવ કરાવી રહી છે; અને હે જીવ તું કુંભવત્ - કુંભકર્ણની જેમ લાંબો થઈને પડ્યો છે !! ઊંઘે છે !! તું આ લીલા આંખથી જો, કાનથી સાંભળ તને પરમતત્ત્વ શ્રીમદ્ દત્તાત્રેયના દિવ્યસ્વરૂપનું ભાન થશે. તું તારા શ્વાસે શ્વાસે શ્રી દત્તનામનું સ્મરણ કરી લે. ॥ ૪૨ ॥

**સંગતિ** : લીલાદર્શન માટે પ્રેરે છે :-

**कृत्वा केकां नीलकण्ठोऽपि नौति**
**बर्हाण्युत्सार्य प्रभुं वीजयत्यु ।**
**कामं तल्पे सुप्यते ते कथं धिक्**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन्** ॥ ४३ ॥

**શબ્દાર્થ : कृत्वा** – કરી, કરીને, **केकां** – કેકારવ, **नीलकण्ठोऽपि** – **नील–कण्ठः–अपि** – મોર પણ, **नौति** - (नु.૨.ગ.પ.પ)- સ્તુતિ કરે છે, **ब्रर्हाण्युत्सार्य** – **ब्रर्हाणि** (बर्ह ન.પુ.પ્ર.બ.વ.) **उत्सृत्य –** ધરીને, **प्रभुं** – ત્રીશ પ્રભુને, **वीजयत्यु** – **वीजयति** (**बीज** ૧૦ ગ.ઉ.પ.) –उ (उનો પ્રયોગ પાદપૂર્તિ માટેઅથવા આશ્ચર્યદર્શક અવ્યય છે) - પંખો નાખે છે, **कामं** – સુસ્ત/ આળસુના અર્થમાં, **तल्पे** – પથારીમાં, **सुप्यते** – પડ્યો છે, સૂતો છે, **ते** – તું, **कथं** – શાને, **धिक** – ધિક્કાર છે. ઊઠ અને શ્વાસે શ્વાસે દત્તનામ સ્મર. ॥ ૪૩ ॥

**કરી મોર કેકા સ્તવે ત્રીશ નેકે**
**ધરી પીંછુડાં શું ન વા એ જ નાંખે !**
**પડ્યો ધિક્ પથારી મહીં તું જ સુસ્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪૩ ॥**

**વિવરણ** : જેવી રીતે કોકિલ ટહુકા દ્વારા અને રેવાનાં નીર પોતાનાં કલ-કલ વહેણ દ્વારા પરમાત્મા શ્રી દત્તાત્રેયની ગૂઢ લીલાનાં અંગો બની ધન્યતા અનુભવ કરે છે તેમ મયૂર પણ પોતાના કેકારવ દ્વારા પરમકૃપાળુ

પરમાત્માની કરુણાથી આત્મવિભોર થઈ ધન્યતા પ્રકટ કરે છે. પ્રાતઃકાળે કરુણાકરા ભગવાન શ્રીદત્ત દિગંબરાને પ્રબોધિત કરતાં એક મરાઠી પ્રભાતિયામાં શ્રી અવધૂતજી કહે છે -

**વન ગંધર્વ હે સુસ્વરે ગાઈતી**
**મોર કેકારવે નૃત્યુ કરિતી**
**મુનિકુલેં ગર્જતી વેદમંથરગિરા**
**ઊઠ બા શ્રીધરા રાઘુ પઠતી**
(ઉ.પ્રા. પૃ.૧૧)

અર્થાત્ બા - ભા શ્રીધરા તું ઊઠ જો વનમાં ગંધર્વો સુસ્વરે વૈતાલિક ગાન કરે છે. મોર કેકારવ કરીને પોતાનાં સુંદર પીંછાં પ્રસારી નૃત્ય કરે છે. મુનિ જનોએ મંદ્રસ્વરમાં વેદગાન શરૂ કર્યાં છે; અને રાઘુ-પોપટે પઢવા માંડ્યું છે; બા તું ઊઠ. કેટલું સરસ કાવ્ય છે !! સ્વયં શ્રીધર દિગંબર પણ જાગી જાય એવી આ જગતની અગમ્ય લીલા છે. મોર પોતાનાં પીંછાં પ્રસારી નૃત્ય કરતાં કરતાં સ્તવન કરે છે. મોર વસ્તુતઃ મનનું પ્રતીક છે. મનનો મોરલો નાચે છે; સ્તુતિ કરે છે. એક ભજનમાં કહે છે -

**જ્ઞાનઘટા ઝૂકી આઈ, ચિદાકાશે, સંતો ઝૂકી આઈ રે;**
**મત્તમયૂર નાચે મનડું હા ! આનંદની ઝડી ધાઈ રે...**
(અ.આ.પૃ.૧૩૨)

જેવી રીતે ગોરંભાયેલા આભને જોઈએ વર્ષાનાં વધામણાં કરવા મયૂર મત્ત થઈને નાચી ઊઠે તેમ જ્ઞાનઘટાના ઝુકાવને જોઈ, સંતનું મનડું મત્ત મયૂરની જેમ નાચી ઊઠે ને ચોગમ આનંદની ઝડી વરસી રહે. એ રીતે હે જીવ, આ જગન્નાટકી પ્રભુની દિવ્ય લીલામાં મત્ત બની નાચી રહેવાના સમયે તેં પથારીને વહાલી કરી, હજી સૂતો છે ? ધિક્કાર છે તને, તું તારા જીવનની અમૂલ્ય ક્ષણો ગુમાવી રહ્યો છે; પથારીમાંથી ઊઠ અને નાચતા મોરને જોઈ તારા મનમયૂરને મત્ત થઈ નાચવા દે, સ્તુતિ કર, શ્રી દત્તનામનું સ્મરણ કર. ॥ ૪૩ ॥

**સંગતિ** : માણસની પ્રવૃત્તિ-કર્મ કરવાની ઈચ્છાના સંદર્ભમાં કામ-ઈચ્છાના પરિમાર્જનના હેતુથી ચાર શ્લોકમાં ઈચ્છા સંસ્કારની વાત કરે છે :-

**वाणिज्येच्छा वर्तते चेत्कुरुश्व**
**वाणिज्यं भो नामसङ्कीर्तनस्म ।**
**हानिः कष्टं नो कदाप्यल्पमंत्र**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ४४ ॥**

શબ્દાર્થ : **वाणिज्येच्छा** – **वाणिज्य–इच्छा** – વેપાર કરવાની ઈચ્છા, **वर्तते** – હોય, **चेत्** – જો-તો, **कुरुष्व** – કર, **वाणिज्यं** – વેપાર, भो – રે, **नामसङ्कीर्तर्नस्य** – નામસંકીર્તનનો, **हानिः** – નુકસાન, **कष्टं** – કષ્ટ, नो – ન, **कदाप्यल्पमत्र** – **कदापि अल्पं अत्र** – અહીં અલ્પ-લેશમાત્ર પણ, માટે તું શ્રીદત્ત નામનું સ્મરણ કરી લે. ॥ ૪૪ ॥

**તને હોય ઈચ્છા જ વેપારની રે**
**ભલે નામવેપાર તું ખેડ ભારે**
**નહીં હાનિ ના વા કદી અલ્પકષ્ટ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪૪ ॥**

**વિવરણ :** માત્ર મનુષ્ય જ નહીં, પ્રાણીમાત્ર કર્માસક્ત - કર્મમાં રમમાણ છે. તેથી જ શ્રી ભગવાને ગીતામાં અર્જુનને કહ્યું - અર્જુન તું શાસ્ત્રવિહિત કર્તવ્ય કર્મ કર, કારણ કે કશું જ ન કરવા કરતાં કંઈક કર્મ કરવું શ્રેષ્ઠ છે, વળી,

**शरीरयात्रापि च ते न प्रसिद्धयेदकर्मणः ॥ (गी. ३/८)**

કર્મ ન કરવાથી તારો શરીર-વિર્વાહ પણ સિદ્ધ નહીં થાય. ગીતાનો સંદર્ભ લઈને શ્રી અવધૂતજી કહે છે - તને જો વેપાર કરવાની ઈચ્છા હોય તો તું વેપાર કર પણ તે નામ વેપારનું ખેડાણ કર. **વેપાર** એટલે **વ્યાપાર** :-

* કામકાજ, કર્તવ્ય, ઉદ્યોગ, ધંધો,
* ઈન્દ્રિયો દ્વારા ચાલતો પ્રવૃત્તિક્ષોભ, માનસિક ગડમથલ, માનસિક વ્યાપાર.
* વ્યાપાર શબ્દનો ત્રીજો અર્થ જરા ધ્યાનથી સમજવો -
  - કારણ વડે જન્ય હોય તે કાર્યનો જે જનક હોય તે.

જેમ કે - કુંભારના ચાકનું ભ્રમણ દંડરૂપ કારણ વડે જન્ય હોય છે; તથા દંડરૂપ કારણજન્ય ઘડારૂપ કાર્યનું જનક હોય છે માટે ઘડારૂપ કાર્ય થવામાં ચાકનું ભ્રમણ તે દંડનો **વ્યાપાર** કહેવાય છે.

આ ત્રીજા અર્થમાં અહીં વાત થઈ છે. અહીં જે રીતે **ચાકનું ભ્રમણ દંડનો વ્યાપાર છે** તે રીતે **હે જીવ, તારા મનરૂપી ચાકનું ભ્રમણ થવામાં નામ સ્મરણરૂપ દંડનો વ્યાપાર થવા દે.** તેથી જે કાંઈ **ઘટ/ઘડારૂપ કાર્ય નીપજશે** તે સ્વાભાવિક રીતે જ એવું હશે જેમાં હાનિ-નુકસાન કે કષ્ટ પડશે જ નહીં. તને તારી આજીવિકા સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થશે. આ દૃષ્ટિએ ભારતના ઈતિહાસમાં થયેલા નામાંકિત-પ્રસિદ્ધ વ્યાપારીઓ આવા હતા -

(૧) **શ્રી ગોરા કુંભાર** - ભૌતિક ધંધો દંડા વડે ચાક ઘુમાવી ઘડા તૈયાર કરવાનો હતો.

(૨) **કબીરજી** - પ્રસિદ્ધ વણકર હતા. વણેલું કાપડ કાશીના બજારમાં જઈ વેચતા.

(૩) **રૈ દાસ** - પગરખાં બનાવવાનું કામ કરતા.

(૪) **અખો** - સોનીનો ધંધો કરતા. વગેરે સૂચિ લાંબી થઈ શકે.

આ વ્યાપારીઓ **નામસંકીર્તન વાણિજ્ય વિદ્યાશાખામાં એમ.કોમ. થયેલા હતા.** આ શ્લોકનો અર્થ એવો નથી કે, માણસે પોતાનો સહજ વ્યવસાય છોડી દેવો. આનો અર્થ પોતાના વ્યવસાયને શ્રી દત્તનામ સ્મરણમય બનાવવાનો છે. વ્યવસાયમાં જો નામસ્મરણરૂપ દંડ દ્વારા મનની વિચાર ભમરી ફરતી રહે તો ગીતામાં નિર્દિષ્ટ **અનાસક્તિ યોગ** આપો - આપ સિદ્ધ થઈ જાય. આ હાર્દને સમજી ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરણ કર. ॥ ૪૪ ॥

**સંગતિ :** વ્યવસાયનો બીજો વિકલ્પ સૂચવે છે :-

**चित्तं बन्धो वर्तते कर्षणे चेत्**
**कामं कुर्याः सद्गुणानां कृषि भोः ।**
**नो भीतिः स्याद्वर्षणावर्षणस्य**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ४५ ॥**

**શબ્દાર્થ : चित्तं** – (**चेत्यते–ज्ञायते अनेन इति** – જેના વડે કશુંક જાણી શકાય તે અંતઃકરણની વૃત્તિ) - મન, **बन्धो** – ભાઈ-મિત્ર, **वर्तते** – હોય, **कर्षणे** – (**कृष्–विलेखने**) – ખેડાણમાં, **चेत्** – જો, **कामं** – ઈચ્છા પ્રમાણે, **कुर्याः** – કરવી, **सद्गुणानां** – સદ્‌ગુણોની, **कृषिं** – ખેતી, એક વૃત્તિ, **भोः** – હે (સંબોધન बन्धोનું), **नो भीतिः** – ભય જ નહીં, **स्यात्** – રહે, **वर्षणावर्षणस्य** – **वर्षण** – **अवर्षणस्य** – વર્ષા-અવર્ષાની-સુકાળ-દુકાળ, હે આત્મન્ તું શ્વાસે શ્વાસે શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૪૫ ॥

**કદી હોય ખેતી તણી જો મહેચ્છા**
**કરે સદ્‌ગુણોની જ એ જેમ ઈચ્છા.**
**નહીં ભીતિ વર્ષા-અવર્ષાની તાત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪૫ ॥**

**વિવરણ :** સંસ્કૃત શ્લોકમાં **भोः बन्धो** – હે બન્ધુ ! એવું સરસ સંબોધન છે. જો તારી ઈચ્છા વેપાર-વણજ બાજુ જવાની ન હોય. સતત નામસ્મરણ કરતાં કરતાં પોતાનો વ્યવસાય કરતા રહેવામાં ભયસ્થાન તો છે જ. તેનું બહુ નોંધપાત્ર ઉદાહરણ **શ્રી ગુરુલીલામૃત કર્મકાંડમાં** વલ્લભેશ નામના વાણિજ્ય વૃત્તિથી જીવન જીવતાં સદ્‌ગુરુ ભગવાનશ્રી શ્રીપાદ શ્રી વલ્લભના ભક્તનું પુરાવૃત્ત (આખ્યાન) છે. એણે વાણિજ્યમાં લાભ થશે તો કુરવપુર જઈ શ્રીપાદ શ્રી વલ્લભપ્રભુની પ્રીતિ માટે બ્રાહ્મણ ભોજન કરાવીશ એવો સંકલ્પ કરી -

**નિશ્ચય એવો મન કરી, સ્મરી હૃદે ગુરુ પાદ**
**વાણિજ્યાર્થ ગયો મુદા, મુખે ગુરુનામ ગાત.**
(ગુ.લી. ૬૬/૨૧)

અને તેને રસ્તામાં ચોરોએ મારી નાખ્યો, ત્યાં જ પ્રભુ હાથમાં ત્રિશૂળ લઈ પ્રગટ થયા, ભક્તને પુનર્જીવિત કર્યો એ કથા અહીં પ્રસ્તુત છે. તેથી હે બન્ધો, જો તારે વાણિજ્ય તરફ ના જવું હોય ને તારું ચિત્ત જો ખેતી કરવાની મહેચ્છા ધરાવતું હોય તો તું ધાન્યની ખેતી તો કર જ, સાથે સાથે **સદ્‌ગુણોની ખેતી** કર. **સદ્‌ગુણ** એટલે - સારા ગુણ, ગુણ એટલે -

* પ્રકૃતિના ત્રણ ધર્મ : સત્વ, રજસ્, તમસ્. તેથી પ્રકૃતિ ત્રિગુણાત્મિકા કહેવાય.
* પરમકૃપાળુ પરમાત્મા શ્રી દત્તાત્રેયની ઉત્પત્તિ, સ્થિતિ-સંરક્ષણ, સંહાર-નાશ કરનારી શક્તિ. તેથી તેઓ ત્રિગુણાત્મક-ત્રીશ કહેવાય.
* વિશ્વના ચર અને અચર પદાર્થોના મૂળ ધર્મ જેમ કે - નામ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, સંખ્યા, પરિમાણ, પૃથક્ત્વ, સંયોગ, વિભાગ, પરત્વ, અપરત્વ, ગુરુત્વ, દ્રવત્વ, સ્નેહ, શબ્દ, સુખ, દુઃખ, ઈચ્છા, દ્વેષ, પ્રયત્ન, બુદ્ધિ, ધર્મ, અધર્મ અને સંસ્કાર - આ બધા ગુણ કહેવાય. આના આધારે સત્ તત્ત્વથી યુક્ત જે હોય તે સદ્‌ગુણ કહેવાય.

આ સમગ્ર મુદ્દાનો મૂળ આધાર શ્રીમદ્ભગવદ્ગીતાના અધ્યાય સાતનો શ્લોક - **''નીચ અને દૂષિત કર્મ કરનાર મૂઢ લોકો મારું ભજન કરતા નથી''** (૭/૧૫) તથા **''મૂઢ લોકો મને શરીરધારી એવો સામાન્ય માણસ સમજે છે''** (૯/૧૧) આના અનુસંધાનમાં અધ્યાય સોળમાં પરમકૃપાળુ પરમાત્માને પ્રાપ્ત કરાવનાર **સદ્‌ગુણ-સદાચાર** તથા તેને જાણી ધારણ કરવા માટે **દૈવીસમ્પદા** નામે તેમજ અસૂર જેવા **દુર્ગુણ-દુરાચાર**, તથા તેને જાણી દૂર કરવા માટે **આસુરી સમ્પદા** નામે સ્પષ્ટ નિરૂપણ થયું છે.

જે સદ્‌ગુણોની ખેતી કરવાનું શ્રી અવધૂતજી અહીં કહે છે; તે સદ્‌ગુણો, ગીતાજી પ્રમાણે આ રીતે નોંધાયા છે :-

**अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।**
**दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तपआर्जवम् ॥ गीता १६/१**

અર્થાત્

**अभयं** – કશુંક ઈષ્ટ-ઈચ્છિત હોય તેનાથી વિયોગ અને કશાક અનિષ્ટનો સંયોગ થઈ જવાની આશંકાથી મનમાં જે કાયરતાનો વિકાર થાય તે ભય. જેમ કે આબરૂ જવાનો ભય, નિંદા થવાનો ભય, રોગનો ભય, ભૂત-પ્રેતનો ભય, કાયદાનો ભંગ થતાં દંડાઈ જવાનો ભય અને મરણનો ભય. આવા કોઈ ભય ન હોય એવી મનઃસ્થિતિ એટલે **અભય.**

**सत्त्व (Essence) :** અંતઃકરણ. અંતઃકરણમાં રાગ-દ્વેષ, હર્ષ-શોક, મમત્વ-અહંકાર, મોહ-મત્સર જેવા વિકાર તેમજ અનેક જાતના પાપમય દૂષિત ભાવ રહેલા છે. એ બધાનો અભાવ થઈ અંતઃકરણ એકદમ નિર્મળ, શુદ્ધ થઈ જાય તે **સત્ત્વ સંશુદ્ધિ.**

**ज्ञानयोगव्यवस्थिति :** પરમાત્મા શ્રી દત્તાત્રેયનાં સ્વરૂપને યથાર્થ રીતે જાણી લેવું એને **જ્ઞાન** કહેવાય. એ જ્ઞાનની પ્રાપ્તિ માટે શ્રી દત્તના ધ્યાનમાં નિરંતર સ્થિર રહેવું તે **જ્ઞાન-યોગવ્યવસ્થિતિ** કહેવાય.

**दानम् :** દેશ, કાળ અને પાત્રનો વિચાર કરી પૂરા નિષ્કામભાવે કર્તવ્ય સમજી, અન્ન, વસ્ત્ર, વિદ્યા, દવા વગેરેનું વિતરણ એ **દાન** કહેવાય.

**दमः** – ઈન્દ્રિયોને વિષયો તરફથી ખેંચી, તેમને પોતાના વશમાં રાખવી, જેમ કે હું ટી.વી.ની સામે આંખો ખુલ્લી રાખીને બેસું છતાંય મારી આંખ ટી.વી. પરનાં ચિત્ર જુએ નહીં એ **દમ** કહેવાય.

**यज्ञ** – ભગવાનની પૂજા-નામસ્મરણ-જપ યજ્ઞ, દેવતા, બ્રાહ્મણ, અતિથિ, માતા-પિતા, વડીલોને પૂજવા, હવન-વૈશ્વદેવ કરવો એ **યજ્ઞ** કહેવાય.

**स्वाध्याय :** વેદનું અધ્યયન. જેમાં વિવેક-વૈરાગ્ય, ભગવાનનાં ગુણ, પ્રભાવ, સ્વરૂપ તેમજ તેમની લીલાઓનું વર્ણન હોય તેવાં શાસ્ત્ર, પુરાણ, સદ્ગ્રંથનું પઠન-પારાયણ, ભગવાનના ગુણનું સંકીર્તન એ **સ્વાધ્યાય** કહેવાય.

**तप :** પોતાના ધર્મનું પાલન કરવા માટે કષ્ટ સહન કરી અંતઃકરણ અને ઈન્દ્રિયોને **તપાવવી** એનું નામ **તપ.**

**आर्जवः** – ઋજુતાનો ભાવ, શરીર, ઈન્દ્રિય અને અંતઃકરણની સરળતા, કોમળતા એટલે **આર્જવ.**

**अहिंसा सत्यमक्रोधस्त्यागः शान्तिरपैशुनम् ।**
**दया भूतेत्त्वलोलुप्त्वंमादर्वं ह्री रचापलम् ॥ २ ॥**

**अहिंसा :** – કોઈપણ પ્રાણીને ક્યારેય, ક્યાંય પણ લોભ, મોહ કે ક્રોધથી પ્રેરાઈને વધારે કે થોડા પ્રમાણમાં કોઈપણ પ્રકારનું કષ્ટ આપવું. બીજાને આપવા પ્રેરવા, કોઈ કષ્ટ આપતું હોય તો તેમાં સંમતિ આપવી એનું નામ હિંસા. આવી હિંસા ગમે તે બહાને મન, વાણી, શરીર દ્વારા ન કરવી એ **અહિંસા** છે.

**सत्य :** – ઇન્દ્રિયો અને અંતઃકરણ દ્વારા જે કાંઈ જોયું, સાંભળ્યું, અનુભવ્યું તે બીજાને બરાબર એવું જ કહેવા-સમજાવવા માટે, કપટ છોડી શક્ય હોય તેટલું પ્રિય અને હિતકર વાણીનું ઉચ્ચારણ તે **सत्य.**

**अक्रोधः** – કોઈકના દ્વારા અપમાન, અપકાર, નિંદા યા પોતાને પ્રતિકૂળ કાર્ય કરવામાં આવે ત્યારે, કડવાં વચન સાંભળીને અથવા કોઈકનું અનીતિયુક્ત કામ જોઈને મનમાં જે દ્વેષપૂર્ણ વૃત્તિ જાગે તે **આંતરિક ક્રોધ** કહેવાય. ત્યાર પછી શરીર અને મનમાં થતી બળતરા-ચચરાટ, મોં પર થતા વિકાર, આંખોનું લાલ થવું, શરીર ધ્રૂજવું એ **ક્રોધના ઉન્માદનું** સ્વરૂપ છે. આ બંને પ્રકારની વૃત્તિઓનો નિતાંત અભાવ એટલે **અક્રોધ.**

**त्याग** – ગુણ-ગુણોમાં વર્તે છે. મારે આ કર્મો સાથે કશી લેવાદેવા નથી, એમ માની, અથવા હું સદ્ગુરુ ભગવાનની કઠપૂતળી માત્ર છું, સદ્ગુરુ ભગવાન જ પોતાની ઇચ્છા પ્રમાણે મારાં મન, વાણી, શરીર દ્વારા બધાં

કર્મો કરાવે છે. મારામાં કશું કરવાની શક્તિ જ નથી. આવી સ્પષ્ટ સમજ સાથે **કર્તૃત્વ-અભિમાન**નો ત્યાગ એટલે **ત્યાગ.** અથવા કર્તવ્ય કર્મ કરતાં કરતાં તેમાં મમતા, આસક્તિ, ફળ મળવાની અપેક્ષા તેમજ સ્વાર્થનો ત્યાગ એટલે **ત્યાગ.**

**शान्ति :** સંસાર-ઘર ગૃહસ્થી વિષયક ચિંતન-વિચાર તદ્દન નીકળી જાય પછી કોઈપણ વિક્ષેપરહિત અંતઃકરણમાં જે સાત્વિક પ્રસન્નતા અનુભવાય તે **શાંતિ.**

**अपैशुन :** બીજાના દોષ જોવા, તેને વળી બીજા પાસે જઈને કહેવા, કોઈકની નિંદા-કૂથલી કરવી તેને **પિશુનતા** કહેવાય. એ પિશુનતાનો તદ્દન અભાવ એટલે **અપૈશુન.**

**दया :** કોઈપણ પ્રાણીનાં દુઃખને જોઈને, કોઈપણ જાતની અપેક્ષા વિના તેનું દુઃખ કોઈને કોઈ રીતે દૂર કરવાનો તથા તેને કોઈને કોઈ રીતે સુખી કરવાનો માણસનો મનોભાવ એટલે **દયા.** બીજાને દુઃખી ન કરવા એ **અહિંસા** છે અને બીજું દુઃખી હોય તેને સુખી કરવા પ્રયત્ન કરવો એ **દયા** છે.

**अलोलुपता :** ઈન્દ્રિય અને વિષય (એટલે આંખ અને સુંદર સ્ત્રી)નો સંયોગ થતાં તેમાં આસક્તિ થવી તેમજ બીજાને વિષયનો ઉપભોગ કરતાં જોઈને એ વિષયોની પ્રાપ્તિ માટે મનનું લલચાવું એટલે **લોલુપતા.** એવી લોલુપતાનો તદ્દન અભાવ એટલે **અલોલુપતા.**

**मार्दव :** અંતઃકરણ, વાણી, વ્યવહારની કઠોરતા તદ્દન નિર્મૂળ થઈ જતાં એ ત્રણેય અત્યંત કોમળ ઋજુ બની જાય તેનું નામ **માર્દવ.**

**ह्री :** શાસ્ત્ર તેમજ સામાજિક વ્યવહારથી વિરુદ્ધનું આચરણ ન કરવું જોઈએ એ સિદ્ધાંત છે. તેથી તેની વિરુદ્ધનું આચરણ કરવામાં માણસને સંકોચ થાય, શરમ થાય તેનું નામ **હ્રી લજ્જા-લાજ-શરમ.**

**अचापल :** હાથ-પગ અમસ્તા જ હલાવ્યા કરવા, જમીન પરનાં તણખલાં તોડ્યાં કરવાં, ગમે તેમ બોલ્યા કરવું આ બધું આવી ચેષ્ટા-નખરા **ચપળતા** છે. તેનો અભાવ એટલે **અચાપલ.**

**तेजः क्षमा धृतिः शौचमद्रोहो नातिमानिता ।**
**भवन्ति सम्पदं दैवी............... (गीता १६/३)**

**तेजः** – આ શ્રેષ્ઠ મનુષ્યમાં રહેલી વિશિષ્ટ પ્રકારની શક્તિ છે. જેના કારણે તેમની સામે, તેમની ઉપસ્થિતિમાં હિનવૃત્તિવાળા માણસો પણ બેહુદું આચરણ-વર્તન કરી શકતા નથી. તેઓ કહે તે પ્રમાણે વર્તે છે.

**क्षमा** – પોતાનો ગુનો કરનાર - અપકાર કરનાર પ્રત્યે કોઈ પણ પ્રકારની સજા કરવા કે કરાવવાનો ભાવ ન રાખવો, તેનો બદલો લેવાની ઈચ્છા ન રાખવી, અને તે ભૂલી જવું એ **ક્ષમા. અક્રોધ**માં માત્ર ક્રોધનો અભાવ છે, જ્યારે **ક્ષમા**માં ગુનાની સજા કરવાની ઈચ્છાનો પણ ત્યાગ છે.

**धृतिः** – ગમે તેવી આપત્તિ, ભય કે દુઃખ આવી પડતાં વિચલિત ન થવું. કામ, ક્રોધ, લોભ કે ભયના માર્યા પોતાનાં ધર્મ અને કર્તવ્યથી વિમુખ ન થવું એટલે **ધૃતિ.**

**शौच** : – સત્ય-પવિત્ર વ્યવહારથી દ્રવ્ય શુદ્ધિ થાય, એ દ્રવ્યથી મળેલા અન્નથી આહાર શુદ્ધિ થાય, યોગ્ય વર્તનથી આચારશુદ્ધિ થાય અને પાણી-સાબુથી ધોવાથી શરીરની શુદ્ધિ થાય તે બાહ્ય **શૌચ** અને અંતઃકરણની શુદ્ધિ **સત્ત્વ સંશુદ્ધિ** છે.

**अद्रोह** : – પોતાની સાથે શત્રુતાનો વ્યવહાર કરનાર પ્રાણીઓ પ્રત્યે લેશમાત્ર દ્વેષ કે શત્રુતાનો ભાવ ન હોય તે **અદ્રોહ.**

**न अतिमानिता** : – પોતે થઈને પોતાને શ્રેષ્ઠ, મોટા, મહાન, પૂજ્ય, સમજવું. માન-મરતબા, પ્રતિષ્ઠા, પૂજા થાય એવી ઈચ્છા રાખવી, અને એ મળે ત્યારે ખુશ-ખુશ થઈ જવું એનું નામ **અતિમાનિતા.** આવી ભાવનાનો સદંતર અભાવ એટલે ન **અતિમાનિતા.**

શ્રી અવધૂતજીએ, જો તને ખેતી કરવાની ઈચ્છા હોય તો ભલે, તું સદ્ગુણોની ખેતી કર, એમ આ શ્લોકમાં કહ્યું છે તે ભગવાન જગદ્ગુરુ શ્રી કૃષ્ણચન્દ્રજીએ આ અઢી શ્લોકમાં **કુલ ૨૬ દૈવી સંપદ્ સ્વરૂપે** નીરૂપ્યાં છે. **દૈવી સમ્પદ** એટલે દેવ-ભગવાન. ભગવાનની સાથે સંબંધ રાખનાર, ભગવાનની પ્રાપ્તિ કરવામાં સાધનરૂપ સદ્ગુણોનો સમૂહ.

આમ, આ ખેતી એવી છે; જે કરવામાં વર્ષા-અવર્ષા-સુકાળ કે દુકાળનો કશો ભય નથી. કેમ ? કારણ કે આ ખેતી માણસે પોતાની ભીતરમાં - મનમાં - અંતઃકરણમાં કરવાની છે.

આવી સદ્ગુણોની ખેતી કરનાર ભારતમાં પ્રસિદ્ધિ પામેલા એક ખેડૂત હતા **ગુરુનાનકદેવજી.** તેઓ હંમેશાં પલાંઠી વાળીને બેસતા અને બંને હાથ જમીનમાં ખોડી ને બેસતા. ઊભા પાકનું રખવાળું કરવાનું થાય ત્યારે તેઓ વિચારતા - **राम की चीडिया राम का खेत । चूगो चीडिया भर भर पेट** ॥ – એટલે ગુજરાતી કવિશ્રી રાજેન્દ્ર શુક્લ કહે છે તેમ :

**છે ચણ જેનું એનાં જ તો પંખીઓ છે**
**રખી હથ્ય હેઠા નિહાળે છે નાનક.**

એવા જ બીજા ખેડૂત - સદ્ગુણોની ખેતી કરનારા ખેડૂતનું દિવ્ય દૃષ્ટાંત શ્રી **ગુરુલીલામૃત-કર્મકાંડ અ.૧૦૨માં** દૃષ્ટવ્ય છે. ત્યાં એ ખેડૂતે આ સદ્ગુણોની ખેતી કરી હતી; પરિણામે તેને સદ્ગુરુમાં - ભગવાનમાં અનન્ય શ્રદ્ધા હતી. અકાળે વર્ષા થવાની ભીતિથી તે મુક્ત હતો. માટે હે ચિત્ત તું પ્રતિક્ષણ - પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરણ કર. એ તાત્પર્ય છે. ॥ ૪૫ ॥

**સંગતિ** : એના જ અનુસંધાનમાં વ્યવસાયનો ત્રીજો વિકલ્પ સૂચવે છે :-

**सेवा बन्धो मन्यते चेद् गरिष्ठा**
**त्यक्त्वा मानं साधुसेवां विधेहि ।**
**भीतिर्नो स्यादर्धचन्द्रस्य चात्र**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ४६ ॥**

**શબ્દાર્થ** : **सेवा** – સેવા-ચાકરી, **बन्धो** – હે બંધુ, **मन्यते** – મનાતી હોય (એવો ભાવ હૈયે હોય), **चेत्** - જો હોય તો, **गरिष्ठा** – સર્વશ્રેષ્ઠ, **त्यक्त्वा** – ત્યજી-છોડીને, **मानं** – નિર્માન થઈને (અતિમાનિતા), **साधुसेवां** – સંતની સેવા, **विधेही** – કર, **भीतिर्नो** – **भीतिः न** – ભય જ નહીં, **स्यात्** – રહે, **अर्धचन्द्रस्य** – અર્ધચન્દ્ર, ખડતૂસ, બોચીમાંથી પકડીને કાઢવું

- હાંકી કાઢવું, **चात्र –च–अत्र** – તો અહીં વળી, માટે હે ચિત્ત તું શ્વાસે શ્વાસે શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૪૬ ॥

**વળી ચાકરીનો કરી ભાવ હૈયે**
**કરે સંત સેવા જ નિર્માન ધ્યેયે**
**ન ભો દંડનો ના મળે ચંદ્ર અર્ધ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪૬ ॥**

**વિવરણ** : ત્રીજો વિકલ્પ સેવા છે. ધર્મશાસ્ત્રની દૃષ્ટિએ **સેવા** ઉત્તમ ધર્મ અને ઉત્તમ કર્મ છે; ભગવાન શ્રી મનુ કહે છે :-

**वेदाभ्यासस्तपो ज्ञानमिन्द्रियाणां च संयमः ।**
**अहिंसा गुरुसेवा च निः श्रेयसकरं परम् ॥ (मनु. १२/८३)**

અર્થાત્ વેદનો અભ્યાસ, તપ, જ્ઞાન, ઈન્દ્રિય સંયમ, અહિંસા અને ગુરુસેવા એ પરમ કલ્યાણકારી - મોક્ષદાયક ધર્મ છે. માટે અહીં શ્લોકમાં કહે છે કે હે જીવ, જો તારા હૈયામાં સેવા-ચાકરીનો ભાવ હોય એટલે કે જો તું સેવાને ગરિષ્ઠ - બધાથી શ્રેષ્ઠ માનતો હોય તો સાધુસંતની સેવા કર. અહીં ગુજરાતી શ્લોકમાં **સેવા** માટે પ્રયોજાયેલો **ચાકરી** શબ્દ ભગવતી મીરાંના પ્રસિદ્ધ પદ **"મુને ચાકર રાખોજી"**નું સ્મરણ કરાવે છે. સંત સેવા યા ગુરુસેવામાં સેવા કરનારની **પ્રતિબદ્ધતા (Commitment)** મુખ્ય વાત છે. સેવા અને નોકરીમાં તફાવત સમજવા જેવો છે. નોકરીમાં કર્મચારીની **જવાબદારી-ઉત્તરદાયિત્વ-હિસાબદારી (એટલે Responsibility - Accountability)** મુખ્ય બાબત છે. કર્મચારીની પ્રતિબદ્ધતાનો પ્રશ્ન ઊભો થતો જ નથી. બેંકનો કર્મચારી, કોલેજનો પ્રાધ્યાપક, સફાઈ કામદાર, રેલવેનો ટી.ટી. આદિ પોતાના ધંધાને **પ્રતિબદ્ધ હોય (Committed)** હોય એ જરૂરી નથી. એ **જવાબદાર (Responsible)** પોતાનાં કામનો નગદ હિસાબ આપે એવા **(Accountable)** હોય. કેમ ? કારણ કે નોકરીમાં

કરારબદ્ધ એવી નિયુક્તિ છે. જ્યારે સેવામાં જવાબદારી જેવું કશું છે જ નહીં, અનિવાર્યતઃ **ઐચ્છિક-સ્વૈચ્છિક છે.** જે લોકો ઈ.સ. ૧૯૨૭-૨૮થી ૧૯૬૮માં નારેશ્વર સેવા કરવા ગયા એમને શ્રી રંગ અવધૂતે જાહેરાત આપીને નિયુક્ત નહોતા કર્યા. એ પોતાની મેળે - આફૂડા ગયા હતા. એટલે શ્લોકમાં કહ્યું છે : **"બન્ધુ, જો તારા હૈયામાં ચાકરીનો ભાવ હોય તો..."** જો તું ખાતરીપૂર્વક માનતો હોય કે સેવા ગરિષ્ઠ-શ્રેષ્ઠ છે તો..." કારણ કે, સેવામાં સેવા કરનારની **પ્રતિબદ્ધતા** કેન્દ્રસ્થાને છે માટે **सेवाधर्मः परम गहनो योगीनामप्यगम्यः** – સેવા ધર્મ ઘણો ગહન છે; ભલભલા યોગીને પણ અગમ્ય છે. એમાં શું **ગહન** - શું **અગમ્ય** છે ? સેવા કરનારના હૃદયનો **ભાવ** ગહન છે; અગમ્ય છે. એ **ભાવને** જેની સેવા કરવામાં આવે છે - તે - **વેદધર્મા**, સિવાય કોઈ પામી શકે નહીં. આ **ભાવ (એટલે કે હૃદયપૂર્વકની પ્રતિબદ્ધતા)**નું વિશદ વિવરણ જોવું હોય તો આ ભજન સમજવા પ્રયત્ન કરવો -

**(૧) મેરો દત્ત દિગંબર એકહિ તારનહાર...**

જુઓ આને ખાતરી થઈ છે (Conviction છે) કે આ દત્ત દિગંબર જ મારો તારણહાર છે - આ મને તારી દેશે. એટલે દીપકે વેદધર્માને કહ્યું - હું ગુરુજી આપની સેવા કરવા આવીશ. (ગુ.લી. આ.૦૩), મહામના સાયંદેવે આવીને ભગવાન નૃસિંહ સરસ્વતીની અદ્ભુત સ્તુતિ કરી (ગુ.લી.અ.૯૫. ૧૫થી ૩૧) સેવા કરવાની રજા માગી. ગુરુજીએ સેવાધર્મની કઠીનતા કહી ત્યારે સાયંદેવે પોતાની પ્રતિબદ્ધતા (ભાવ) વ્યક્ત કરતાં કહ્યું -

**ગુરુસેવા જે આદરે કરે થાય તે પાર (તરી જાય)**
**ક્યાંથી તેને દુઃખ ? સદા સુખી નિર્ધાર. (૯૫-૪૭)**

**(૨) ગુરુચરનરજ મેરો તીરથ એહિ ગંગ અઘહાર**
**ગુરુકંજપદ ધ્યાન સ્નાન મમ સંધ્યા તર્પણ સાર..**
(અ.આ. પૃ.૧)

**ખાતરી-પ્રતીતિ (Conviction)** શ્રી ગુરુના ચરણની રજ એ જ તીર્થ, એ જ ગંગા સ્નાન, સંધ્યા, તર્પણ અને ધ્યાનરૂપ બધાં જ **નિત્યકર્મ** ગુરુચરણ સેવામાં આવી ગયાં.

**(૩) સ્વાધ્યાય શ્રી ગુરુના ગુણનું કીર્તન.**

એમની જ વાત. એમના જ પ્રસંગનું કથન શ્રવણ એ જ સ્વાધ્યાય, અને તપ એટલે કળિયુગમાં તારનાર એવી સેવા.

**(૪) રંગ ગુરુબિન કોઈ ન તેરો વિષય વિષારિ વિખાર...**

ખાતરી થઈ ગઈ છે કે આ ગુરુ સિવાય મારું બીજું કોઈ જ નથી. જે કાંઈ વિષયો છે તે ઝેરી સાપ જેવા છે. તેમાંથી છૂટવાનો બચવાનો આ એક જ માર્ગ છે કે સેવામાં મસ્ત બની જવું.


નોકરીમાં અનેક જાતના દંડ થવાના, સજા થવાના ભય અને સવિશેષ અર્ધચન્દ્ર-ખડતૂસ-બોચી ઝાલીને કાઢવાના ભય રહેલા છે. અમેરિકાની નોકરીઓમાંના **હાયર એન્ડ ફાયર**ની લટકતી તલવારનાં વર્ણનો સાંભળવા મળે છે. કલિતાર એવા સેવાધર્મમાં એવો કોઈ ભય નથી. તેથી જેમણે સેવાધર્મનો આનંદ લૂંટ્યો છે; એવા **પૂ.શ્રી પ્રેમ અવધૂતજી** પોતાની એક રચનામાં કહે છે - **સેવક સચ્ચિદાનંદ** થાય - ખડતૂસની વાત જ નથી; સચ્ચિદાનંદ થવાનો લાભ છે -

**ગુરુવૃત્તિ તે આપણી, ગુરુમાં આપ સમાય**
**થતાં વૃત્તિ બે એક ત્યાં, સેવક સચ્ચિદાનંદ થાય,**

જે ગુરુની વૃત્તિ એજ સેવા કરનારની વૃત્તિ. બંનેનું વૃત્તિ સારૂપ્ય સધાતાં, સેવા કરતાં કરતાં સેવક, નદી સાગરમાં સમાય તેમ, ગુરુમાં સમાઈ જાય એટલે સેવક જ્યારે ગયો હોય ત્યારે શ્રી બચુભાઈ રાવલ હોય, દીપક હોય, સાયંદેવ હોય તેનું સચ્ચિદાનંદમાં રૂપાંતરણ થાય. આમ સંતસેવા એ સેવકના **સચ્ચિદાનંદીકરણ - સચ્ચિદાનંદમાં રૂપાંતરણ (Transformation)ની પ્રક્રિયા** છે. માટે હે જીવ તું સંત-સદ્ગુરુની સેવા કર અને પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કર. ॥ ૪૬ ॥

## गाम्भीर्यम् ।

दृष्टिः स्थिरा बलवती च सुतेजसाढ्या ।



ब्रह्मौजसा तपति यस्य मुखं सुरम्यं

आकर्षिताश्च विबुधा ह्यबुधास्समस्ता

यत्सौरभाच्च सततं प्रणतोऽस्मि रङ्गम् ॥

[श्री. भालचन्द्र त्रिपाठी–बडोदाके सौजन्यसे]

डाकोर, ६१ वीं श्री. रंगजयंती. का. शु. ८. वि. सं. २०१५

**સંગતિ** : વ્યવસાયનો ચોથો અને અંતિમ વિકલ્પ સૂચવે છે :-

**योगेच्छा चेत्त्रीशयोगं प्रयुङ्क्ष्व**
**भोगेच्छा येदात्मसौख्यं च भुङ्क्ष्व ।**
**स्वायत्तं यच्छाश्वतं तृप्तिपूर्णं**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ४७ ॥**

**શબ્દાર્થ** : **योगेच्छा** – **योग–इच्छा** – (જો તને) યોગ સાધવાની ઈચ્છા, **चेत्** - હોય (તો), **त्रीशयोगं** – ભગવાન શ્રી દત્ત સાથે યોગ, **प्रयुडक्ष्व** – (प्र+युज्. ७. ઉ.પ.નું આજ્ઞાર્થ બી.યુ.એ.વ.) - જોડાઈ જા, જોતરાઈ જા, કર, **भोगेच्छा** – (જો તને) ભોગ ભોગવવાની ઈચ્છા, **चेत्** – હોય (તો), **आत्मसौख्यम्** - સ્વ-આત્મનો ભોગ, **च** – અથવા, **भुङ्क्ष्व** – (**भुज्**, ७ ઉ.પ.નું આજ્ઞાર્થ બી.પુ.એ.વ.) - ભોગવ, **स्वायत्तम्** – **स्व–आयत्तं** (વિશેષણ) - પોતાને આધીન - સ્વાપ્ત, **यच्छाश्वतं** – **यत्–शाश्वतं** – જે શાશ્વત, (એવી), **तृप्तिपूर्ण** – તૃપ્તિથી પૂર્ણ છે; માટે હે આત્મન, તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૪૭ ॥

**રહે યોગ ઈચ્છા કરે ત્રીશયોગ**
**ચહે ભોગ તો ભોગવે સ્વાત્મભોગ.**
**મળે તૃપ્તિ જ્યાં પૂર્ણ જે નિત્ય સ્વાપ્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૪૭ ॥**

**વિવરણ :** બે છેડા - બે અંતિમ છે : એક ભોગ; અને તેના સામેના એક છેડે રોગ છે અને બીજે છેડે યોગ છે. શ્લોક-૧થી ૩૬માં નિર્દિષ્ટ **લક્ષ્યજૂથ (Target Group)**ના સભ્યો એક છેડા-અંતિમ (Extreme) પર છે. શ્લોક-૩૭થી શરૂ થતા **બીજા લક્ષ્યજૂથ**ના સભ્યો સામેના **છેડા-અંતિમ (Extreme)** પરના સભ્યોને ઉદ્દેશીને અહીં નિરૂપણ ચાલે છે.

**શ્લોક-૩૭નો** પ્રારંભ પરંપરાગત યોગ સાધના તરફ અણગમો બતાવતા શબ્દો - **વૃથા નાક પીડ્યું કરી પ્રાણરોધ** - પ્રાણવાયુને બહાર કે

અંદર રોકીને એટલે કે **કુંભક અને બાહ્ય કુંભક** દ્વારા તે અમસ્તું જ તારા નાકને પીડ્યું છે. એ બધી ચર્ચા આપણે ત્યાં એ શ્લોકનાં વિવરણમાં કરી છે.

અહીં આ **૪૭માં** શ્લોકમાં એ બંને લક્ષ્યજૂથના **ભોગ-યોગના અંતિમો (Extremes)** વચ્ચે અથડાતાં લોકોને એક સમાન ભૂમિ પર લાવીને **"જો તને યોગની ઈચ્છા હોય તો..."**

અથવા **જો ભોગની ઈચ્છા હોય તો...** તારે શું કરવા જેવું છે; શું કરવું જોઈએ તે કહે છે.

યોગના મુખ્ય બે પ્રકાર છે - સબીજ અને નિર્બીજ. એના જ અનુસંધાનમાં યોગશાસ્ત્રમાં હઠયોગ, લયયોગ, મંત્રયોગ, રાજયોગ જેવા પ્રકારોનું અતિવિશદ નિરૂપણ થયું છે.[૧૮] એ જ રીતે યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણે **શ્રીમદ્‌ભગવદ્ગીતામાં, જ્ઞાનયોગ, કર્મયોગ,** ભક્તિયોગ જેવા અનેક યોગોનું પ્રતિપાદન કર્યું છે.

યોગશાસ્ત્રના પ્રલંબ ઈતિહાસમાં પ.પ. સદ્‌ગુરુ ભગવાન શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજશ્રીએ **શ્રીમદ્‌દત્તપુરાણ**માં અને સદ્‌ગુરુ ભગવાન શ્રી રંગ અવધૂત મહારાજશ્રીએ **શ્રીગુરુલીલામૃત** ગ્રંથમાં એક વિશિષ્ટ પ્રકારના યોગ - ત્રીશયોગનું ભવ્ય પ્રતિપાદન કર્યું છે.

**योग** – શબ્દમાં **युज्** - ધાતુ છે એટલે જોડાવું - જોડાઈ જવું. ભગવાન પતંજલિ અને પરવર્તી યોગાચાર્યોએ મહદ્‌અંશે **મન અને આત્મા**ના યોગને તાક્યો છે અને આત્મા અને પરમાત્મા, જીવ અને શિવના યોગ સાધનનું શાસ્ત્ર રચ્યું છે. એ વાત આપણે અહીં નથી કરતા; કારણ કે આપણો હેતુ આ શ્લોકમાં નિર્દિષ્ટ **ત્રીશયોગ** સમજવાનો છે.

પ્રથમ તો **રંગ-પ્રશ્નોત્તરમાલાના ત્રીસમાં શ્લોક**માં શ્રી અવધૂતજી યોગી શબ્દની **વિભાવના** (Concept) નિર્ધારિત કરી છે :-

---

**૧૮.** યોગના આવા પ્રકાર વગેરે માટે જુઓ -
શ્રી નથ્થુરામ શર્મા : **શ્રીયોગ કૌસ્તુભ,** આનંદ આશ્રમ, બિલખા પ્રકાશન. ઈ.સ. ૧૯૮૮.

**को योगी ? યોગી કોણ છે ?** યોગવિજ્ઞાનમાં યોગીનાં જે લક્ષણ આપ્યાં છે; તે બધાંયથી જુદું જ લક્ષણ દર્શાવતાં શ્રી અવધૂતજી ઉત્તર આપે છે - **न सहते त्रीश अयोगम् – ત્રીશ-બ્રહ્મા, વિષ્ણુ, શિવાત્મક ભગવાન શ્રી દત્તાત્રેયના ત્રિમૂર્તિ સ્વરૂપ સાથેનો અયોગ-વિયોગ સહન ન કરી શકે તે યોગી છે.** આમ કહીને પછી લાગલું જ યોગીની **પરંપરા - ગત વિભાવના (Traditional Concept)**નું ધરમૂળથી **ખંડન (Rejection)** કર્યું છે - **न किञ्चिदभ्यासि** અર્થાત્ અષ્ટાંગ યોગનો નહીં જેવો અભ્યાસ કરનાર યોગી નથી. યોગના યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા જેવાં સોપાનોનો યંત્રવત્ અભ્યાસ કરનાર યોગી નથી. એટલે કહ્યું છે - **વૃથા નાક પીડ્યું કરી પ્રાણરોધ.** આમાં **किंचित्** શબ્દનો પ્રયોગ ચેતવણીરૂપ છે. આધુનિક યુગમાં ઉક્ત સોપાનોમાંથી માત્ર **આસન-પ્રાણાયામ કુકકુટાસન** અને **મયૂરાસન** કરી બતાવનારા યોગી ગણાય છે. કૂકડા અને મોરની જેમ બેસવાથી **ત્રીશયોગ** સધાઈ જતો હોય તો કૂકડા યોગીરાજ કહેવાય, કારણ કે તેમને તો એ આસન જન્મસિદ્ધ છે.

શું છે આ **ત્રીશયોગ** ? એમાં પરંપરાગત અષ્ટાંગ યોગની મૂળ **વિભાવના (Concepts), સિદ્ધાંત (Theory),** અને **પ્રક્રિયા (Process)** બધું જ બદલાઈ જાય છે. **શ્રી ગુરુલીલામૃત-જ્ઞાનકાંડ-અધ્યાય-૧૯** ભગવાન **શ્રી ત્રીશ-દત્તાત્રેય** પોતાનાં શ્રીમુખે અર્જુન (કાર્તવીર્ય)ને કહે છે - **ક્રિયા-યોગથી એમ. કલ્પે ભ્રાન્તિ ના ટળે, થાય મુક્તિ ના તેમ** - માત્ર ક્રિયાયોગ - યૌગિક ક્રિયાઓ કરવાથી અર્જુન, યુગોના યુગો મથો ને તોય ભ્રાન્તિ ટળે નહીં અને મુક્તિ મળે નહીં. માત્ર યોગ કર્યા કરવાથી શાંતિ મળે નહીં.

**યોગ યોગ તું શું કહે ? બ્રહ્માત્મૈક્ય જ યોગ**
**જ્ઞાન યોગ અષ્ટાંગ એ ટાળે સંસૃતિ રોગ.. (૩)**

ખરો યોગ બ્રહ્માત્યમૈક્ય - **ત્રીશયોગ** છે અને તે સંસૃતિ **રોગ (ભોગ**નો સામો છેડો - અંતિમ) ટાળનારો **જ્ઞાનયોગ - જ્ઞાન અને યોગનો સમન્વય**

પણ પરંપરાગત યોગની જેમ **અષ્ટાંગ - આઠ અંગ - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણ, ધ્યાન અને સમાધિવાળો** છે. તેના આઠેય અંગની સમગ્ર વિભાવના પરંપરાગત વિભાવનાથી ભિન્ન છે.

**(૧) યમ - દેહાદિક મિથ્યા સહુ, જાણી નિશ્ચય એમ,**
**દેહેન્દ્રિયવિષયે રહે, ઉદાસીન યમ તેમ... (૧૯/૪)**

**અર્થાત્ - યમ** એટલે દેહ વગેરે (વગેરેમાં ઘર, સગાં, સંબંધી, મિત્રોનો સમાવેશ થાય) **મિથ્યા** છે એટલે કે ન સમજાય ત્યાં સુધી, વ્યવહાર કાળે સાચાં હોય તેમ લાગે, સમજાઈ જાય પછી નકામા-મિથ્યા છે એવા દૃઢ નિશ્ચય (Certitude) પૂર્વક શરીર અને તેના વિષયો - દૃષ્ટિ, શ્રવણ - શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધની બાબતમાં ઉદાસીન - આસક્તિ રહિત રહેવું. એનો અર્થ એક ભજનમાં બતાવ્યો છે :- **મન ચલે તો ચલન દે, પણ તન ન જાય લગાર (અ.આ.પૃ.૩૬)** નજરે કશું દેખાયું, કાને સંભળાયું, ભલે નજરે એનું કમ કર્યું, કાને એનું કામ કર્યું ભલે, પણ પછી ''એ શું હતું, આ ગયું તે કોણ હતું, આ કોણ ગાય છે ?'' એની વિગતમાં ના પડવું તેનું નામ **ઉદાસીનતા.** એ ત્રીશ યોગનું પહેલું અંગ **યમ** છે. જો એ સધાઈ જાય તો **અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહરૂપ યમ** સાધવાની માથાફોડમાં પડવાની જરૂર નથી.

**(૨) નિયમ - સ્વાત્મા નિર્મળ એક છે, કેવળ બ્રહ્મ સ્વરૂપ;**
**જાણી અનુરક્તિ તિહાં, કહ્યો નિયમ એ, ભૂપ. (૧૯/૫)**

**અર્થાત્ - નિયમ** એટલે **સ્વાત્મા - સ્વ-આત્મા** -મારો પોતાનો, મારી ભીતર હૃદય-આકાશમાં રહેલો અંગુષ્ટ માત્ર આત્મા-આતમ રામ એકદમ નિર્મળ છે. મારું આખું શરીર ચીતરી ચડે એવા મેલ-મળ, મૂત્ર, કફ, પિત્ત, વાતથી ભરેલું છે; પણ એમાં રહેલો આત્મા પરમ નિર્મળ છે. એ એક જ છે. બીજું બધું બબ્બે છે - આંખ, કિડની, ફેફસાં, આત્મા એક જ છે, અને તે માત્ર- કેવળ બ્રહ્મ સ્વરૂપ છે એટલે કે, આ સત્ય સ્વરૂપ છે.[૧૯] એવું જાણી

૧૯. જુઓ - **રંગ પ્રશ્નોત્તરમાલા - એક વિવરણ**, પૃ.૮૦થી ૮૭.

એમાંની અનુરક્તિ - પ્રેમ રાખવો. એટલે સતત તેનું જ ધ્યાન, તેનું જ મનન, તેની જ આલબેલ કરવી. જો **સ્વ-આત્માનો અનુરાગરૂપ નિયમ** સધાઈ જાય તો **શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વર, પ્રણિધાનરૂપ નિયમ એની મેળે** સધાઈ જાય.

**(૩) આસન - બાહ્યવિષય પ્રત્યે રહી ઉદાસીન સુજાણ;**
**અંતર્દૃષ્ટિ સ્થાપવી તે જ આસન માન. (૧૯/૬)**
**મયૂરકુકકુટત્ યદિ બેઠે મુક્ત થવાત**
**મરત રડી રડી ના નકી નાહક પ્રાણિજાત (૧૯/૭)**

**અર્થાત્** - દોહરા-૦૪માં જોયું તેમ બાહ્યવિષયો - દેહેન્દ્રિય વિષયો પ્રત્યે ઉદાસીન રહી અંદરની તરફ દૃષ્ટિ રાખવી - સ્થિર કરવી અન્તર્દર્ષ્ટિ સ્થાપવી; પોતાની ભીતર નિરીક્ષણ કરવા માટે દૃષ્ટિને ત્યાં સ્થિર કરવી. અંદર દોહરા-**૦૫**માં જોયું તે પ્રમાણે નિર્મળ આત્મા - બ્રહ્મસ્વરૂપ આત્મા છે. ત્યાં દૃષ્ટિ સ્થિર થવી એનું નામ **આસન.** આથી યોગ વિજ્ઞાનમાં સો આસન તો શ્રદ્ધેય શ્રી નથુરામ શર્માજીએ **યોગકૌસ્તુભ** ગ્રંથમાં બતાવ્યાં છે. મયૂર આસન અને કુકકુટ આસન - મોર અને કૂકડાની જેમ બેસવાથી મુક્તિ મળે નહીં, એ મળતી હોત તો પ્રાણી જાત - પ્રાણીઓ આમ રડી રઝળીને મરત જ નહીં. આનો અર્થ એ છે કે બાહ્ય શરીરનું નિયમન કરનારું કેન્દ્ર ભીતરમાં છે. અંદરનું એ સ્થિર ન થાય ત્યાં સુધી બહારનું શરીર સ્થિર કેવી રીતે થઈ શકે ?

**(૪) પ્રાણાયામ : ચિદાત્માનું બુદ્ધિથી અંતર્ગ્રહણ પૂરક;**
**સ્થિરીકરણ તત્ત્વત્વનું એ જ જાણ કુંભક. (૧૯/૮)**
**નામ-રૂપ માયિક બધું રેચક એનો ત્યાગ,**
**પ્રાણાયામ કહ્યો ત્રિધા, ઊઠ અર્જુન જાગ (૧૦/૯)**

**અર્થાત્** - પ્રાણાયામના ત્રણ પ્રકાર -(૧) **પૂરક** - જમણું નાક દબાવી ડાબા નાકથી શ્વાસ અંદર લેવો. (૨) **કુંભક** - ડાબું નાક દાબી દઈ શ્વાસને

અંદર રોકી રાખવો. અંદર ભરેલા વાયુથી ઉદર કુંભ આકારનું થઈ જાય, (૩) **રેચક** - જમણું નાક ધીરેથી ખોલી શ્વાસને બહાર કાઢવો. આ પ્રાણાયામની ત્રીશયોગની પ્રક્રિયા આ પ્રમાણે છે - **જરા ધીરજ રાખી સમજવા પ્રયત્ન કરવો.**

(૧) **પૂરક - ચિદાત્મા - ચિત્-જ્ઞાન**, જે જ્ઞાન સ્વરૂપ હોય તેને **ચિદાત્મા** કહે છે. ભગવાન શ્રી દત્તાત્રેય, સદ્ગુરુ ભગવાન જ્ઞાન સ્વરૂપ છે. ગુરુ એટલે જ જ્ઞાન એટલે ચિત માટે **ગુરુ એ જ ચિદાત્મા** એ ચિદાત્મા સ્વરૂપ દત્તાત્રેય ભગવાનને **બુદ્ધિથી** - બુદ્ધિપૂર્વક પોતાની ભીતર લેવા એનું નામ **પૂરક.** એટલે જે રીતે નાક દ્વારા શ્વાસ અંદર લેવાય તે રીતે બુદ્ધિપૂર્વક સદ્ગુરુને પોતાની અંદર લઈ લેવાની ક્રિયા **પૂરક.** સદ્ગુરુ આંખનો વિષય છે જ નહીં. જો ભૂલે ચૂકે કોઈ એમ કહે કે મેં જોયા છે; તો તેને ક્ષમા કરી દેવી, એ **હતા** અને **છે થી** પર એવું ચિત્ત સ્વરૂપ છે. એનું ક્યાંક ક્યારેક દેખાઈ જવું એ તો લીલા છે. તેથી પૂજ્ય સ્વામી મહારાજશ્રી દ્વિસાહસ્રીમાં કહે છે : **गतिस्थितिआसन स्वप्ना न कदापि चिदात्मनि (द्वि.सा. १२.२)** અર્થાત્ ચિદાત્મા સ્વરૂપ શ્રી ગુરુમાં **गति** – થુવાથી ગયા ને હરદ્વાર ગયા એવું કશું જ ન હોય, **स्थिति** – અહીં હતા, ત્યાં છે એવું હોય જ નહીં. **आसन** – બેસવું. એ લીમડા નીચે બેઠા છે, કુટીરમાં બેઠા છે એ ક્યાંય બેસે જ નહીં. **स्वप्न** – સૂતા છે, આરામ કરે છે. ના એવું કશું જ નથી. આમ છતાંય કોઈક સદ્ભાગીને એ ઉઠતા, બેસતાં, જતાં-આવતાં દેખાઈ ગયા હોય, ગંગાનુજને દેખાઈ ગયા હતા તેમ તો તે સ્વામી મહારાજ કહે છે - **लीलेयं मानुषी तस्य** – માનુષી લીલા છે. એ ચિદાભાસ- ચિત્ સ્વરૂપનો આભાસ છે. આ ચિદાત્માને પોતાની ભીતરમાં લેવા એનું નામ **પૂરક** નામનો પ્રાણાયામ.

(૨) **કુંભક** - એ ભીતરમાં ગ્રહણ કરેલ તત્ - **તત્ત્વ સ્વરૂપ** સદ્‌ગુરુ ભગવાનને ભીતરમાં સ્થિર બેસવા દેવા બેસાડી રાખવા એટલે **કુંભક.** એટલે -

**છોડું ન મૈં દિલ સે અબ સાંઈ.. !**
**જાને ન દૂં અબ પ્રાણ હિ મઈ... !**
**મન અંદર અબ બિઠા લૂં ભાઈ... !**
(અ.આ. પૃ. ૧૬૨-૧૬૩)

(૩) **રેચક** - જે કાંઈ નામરૂપાત્મક છે તે બધું જ માયિક છે. એટલે કે એ સ્થિર, શાશ્વત નથી. પરિવર્તનશીલ છે. બદલાયા કરે છે માટે તેનો વ્યવહારકાળે સ્વીકાર કરવો પડે તો પણ તત્કાળ મનમાંથી કાઢી નાખવું. એને મનમાં ઘર કરવા દેવું નહીં એ **પ્રાણાયામનો રેચક** પ્રકાર છે.

**કેવળ નાસા પીડને, વાયુરોધથી તેમ**
**થાય મુક્ત નર તો વૃથા કરે શ્રવણ શ્રમ કેમ (૧૯/૧૦)**

**માટે પ્રાણાયામ ત્યાં સબીજ ઉત્તમ જાણ**
**થતાં સ્થિર મન જ્ઞાનથી પામે નર નિર્વાણ. (૧૯/૧૦)**

નાકને પીડા પહોંચાડી શ્વાસ રોકી રાખવાથી જો મુક્તિ મળી જાય તો માણસો શ્રી ગુરુમુખથી શ્રવણ કરવાનો શ્રમ કરે જ શા માટે ? ઉત્તમ પ્રાણાયામ **સબીજ** છે. સબીજ એટલે જેમાં પરમાત્મ સ્વરૂપ ભગવાન **શ્રીદત્ત** નામ સ્વરૂપે-બીજ સ્વરૂપે મનમાં સ્થિર થઈ જાય તે પ્રકારનો મનનો વ્યાપાર.

(૪) **પ્રત્યાહાર - સ્વભાવ એ ઈન્દ્રિય તણો, કરે વિષય ગ્રહણ;**
**જાણી, વિષયાધ્યાસથી રહે દૂર સજ્જન. (૧૯/૧૨)**

**અનાસક્તિ એ જાણ તું નિર્મળ પ્રત્યાહાર...**

**અર્થાત્** - ઈન્દ્રિયોનો સહજ સ્વભાવ છે - એ પોતપોતાના અર્થોમાં વર્તે છે. આંખ જુએ જ, કાન સાંભળે જ, નાક સૂંઘે જ, એટલે જે બાજુ દૃશ્ય હશે ત્યાં આંખ જવાની જ છે. આંખને ફોડી નખાય નહીં. આ તથ્ય જાણી-સમજી સજ્જન માણસે વિષયોના અધ્યાસથી-અભ્યાસથી દૂર રહેવું, એટલે કે બહુ જોવું ના પડે એવી સ્થિતિમાં રહેવું. આંખને જોવાના અભ્યાસ, કાનને ગમે તે સાંભળવાના અભ્યાસથી દૂર રાખવા પ્રયત્ન કરવો. એને માટે **અનાસક્તિ** - આસક્તિ છોડવી, જે જોતાં જોવાઈ ગયું એને બીજી વાર, ત્રીજી વાર જોવાની ઈચ્છા, તે માટેના ધમપછાડા, ખર્ચા, લાગવગ એ આસક્તિ. કશુંક ખાધું ને સારું લાગ્યું એ બીજી-ત્રીજી વખત માગવું એ આસક્તિ. એ સ્વાદને તાત્કાલિક ભૂલી જવો એ અનાસક્તિ. આવી અનાસક્તિ એટલે **પ્રત્યાહાર.**

**(૬) ધારણા - સ્વાત્મનિષ્ઠા ધારણા ગતદુર્ભાવન સાર (૧૯/૧૩)**
**ચિત્તબંધ નાભ્યાદિમાં ભલે ઉપકારક જાણ,**
**મુક્તિ એ થકી ના કદિ, અર્જુન કલ્પે માન. (૧૯/૧૪)**

**અર્થાત્** - ધારણાનો પરંપરાગત યોગમાં જે અર્થ થાય છે તે **देशबन्धश्चित्तस्य धारणा** (પા.યો.સૂ. ૩/૧) અર્થાત્ દેશ વિશેષમાં ચિત્તને **બાંધવું (બંધ).** એટલે કે વૃત્તિને જે તે સ્થાનપર સ્થિર કરવી. આ સ્થાનોમાં **નાભિ, હૃદય, કમળ, નાસિકાનો અગ્રભાગ, બ્રહ્મરંધ્ર** જેવાં આધ્યાત્મિક સ્થાન (દેશવિશેષ) અથવા ચંદ્ર, ધ્રુવ જેવાં બાહ્ય સ્થાન. ભગવાન શ્રી દત્તાત્રેય ત્રીશયોગની **ધારણાની વિભાવના** સ્પષ્ટ કરતાં કહે છે, અર્જુન ! નાભિ વગેરેમાં ચિત્તને બાંધવાની ઝંઝટ ઉપકારક ખરી પણ તેથી કલ્પેય - યુગોના યુગો એમ ચિત્તને બાંધવાના હવાતિયાં મારવાથી **મુક્તિ** ન મળે. ત્રીશ-યોગ વિજ્ઞાન અનુસાર માણસને મુક્તિ અપાવનારી **ધારણા સ્વાત્મનિષ્ઠા** - પોતાના 'સ્વ'માંની નિષ્ઠા - **પ્રતિબદ્ધતા (Commitment)** છે. **સ્વાત્મનિષ્ઠા** એટલે **આત્મ-અનાત્મ વિવેકપૂર્વકની વિચારનિષ્ઠા** - આત્મ-અનાત્મ વચ્ચેની જ્ઞાનથી પ્રાપ્ત થયેલી સમજ. જડ-ચૈતન્ય વચ્ચે સમજપૂર્વક

કેળવાતો નિશ્ચયાત્મક ભેદ. દેહમાં રહેલા શુદ્ધ જ્ઞાન સ્વરૂપ ભગવાન શ્રી દત્તાત્રેયનો ખાતરીપૂર્વક અહેસાસ અને એ જેના આશ્રયે રહ્યા છે તે આ દેહ અનાત્મા છે એવી સમજ પર ધ્યાન કેન્દ્રિત કરવું એનું નામ **ધારણા.**

**(૭) ધ્યાન - ધ્યાન 'અહં બ્રહ્માસ્મિ' એ વૃત્તિ પ્રવાહ અખંડ**
**માયામય વિકારનું જ્યાં મૂર્ત્યાદિ ન બંડ (૧૯/૧૫)**

**અર્થાત્** - ધ્યાન એટલે **અહં બ્રહ્માસ્મિ** - હું બ્રહ્મ છું. શ્રીગુરુ મુખથી મહાવાક્ય **તત્ત્વમસિ** - તત્-ત્વમ્ અસિને ભાગ-ત્યાગ લક્ષણા દ્વારા સમજી, **તત્** અને **ત્વમ્** સમાન તત્ત્વોને આત્મસાત કરી **(જુઓ ગુ.લી. અધ્યાય-૧૭)**, એ બ્રહ્મ હું જ છું એવી ચિત્તવૃત્તિનું અખંડ પ્રવાહરૂપે સતત વહેતા રહેવું તે **ધ્યાન.** એટલે કે ત્રીશયોગની **ધ્યાનની** આ વિભાવનામાં ધ્યાન સ્થિર કરવા માટે ભગવાનની કોઈકને કોઈ મૂર્તિ-સ્વરૂપના માયામય વિકારનું બંડ-તોફાન નથી. ધ્યેય સ્વરૂપે મૂર્તિની અથવા સ્વરૂપ મૂર્તિની કલ્પના કરવા જતાં એ **પૂર્તિ** માયામય વિકાર હોવાને કારણે કઈ મૂર્તિનું કયું સ્વરૂપ ધ્યાવું એ પ્રશ્ન થતાં ભારે બખડજંતર થાય. એમાંથી બચવા માટે ધારણા મારી ભીતર રહેલા બ્રહ્મની સાથે એકાત્મકતા-અભિન્નતાના અખંડ વૃત્તિ પ્રવાહ સ્વરૂપ સમજવી.

**(૮) સમાધિ - અજ્ઞાને 'હું દેહ છું' માને અખંડ જેમ,**
**નિશ્ચિત માને 'બ્રહ્મ હું એક પરાત્મા' તેમ...**

**દેહાત્મત્વ હઠે સહુ પરમાત્મત્વ સુસ્થિર**
**થાએ નિશ્ચિત જ્ઞાનથી એ જ સમાધિ ધીર !(૧૯/૧૬-૧૭)**

**અર્થાત્** - સમાધિની પરંપરાગત જટિલતા (Complexity)ને બાજુએ રાખી, શ્રી અવધૂતજીએ અહીં શિક્ષણશાસ્ત્રના સિદ્ધાંતોનો ઉપયોગ કર્યો છે. શિક્ષણશાસ્ત્રના બે સિદ્ધાંતો છે :

(૧) **જ્ઞાત પરથી અજ્ઞાત પર જવું** (From known to unknown)

(૨) **સરળ પરથી કઠિપર પર જવું** (From simple to complex)

માણસો માને તો છે જ, પોતાને **'હું દેહ છું'** એવું માને છે; અને એ માન્યતા **અખંડ**-અતૂટ છે. આ માન્યતા અજ્ઞાન છે. અજ્ઞાનવશ માણસ ઘણું માનતો હોય છે. એ અજ્ઞાન દૂર કરી, સમજી, નિશ્ચિતપણે (with certainty) ખાતરીપૂર્વક **'હું એક પરમાત્મા બ્રહ્મ છું'** માને તો એ અભ્યાસથી મનુષ્યનું **'દેહાત્મત્વ'** - દેહને-શરીરને આત્મા માની લેવાપણું હટે-દૂર થાય, એ દૂર થતાં નિશ્ચિત જ્ઞાનથી (Certitude) **પરમાત્મત્વ** સ્થિર થઈ જાય એનું નામ **સમાધિ.**

આ થયો શ્રી અવધૂત પ્રતિપાદિત **ત્રીશયોગ**. જો તને યોગ-સાધનાની ઈચ્છા હોય તો તું આ **ત્રીશયોગ** કર.

જો તારે યોગ બાજું ન વળવું હોય અને તને ભોગ ભોગવવાથી ઈચ્છા હોય તો તું **આત્મ-સૌખ્ય, સ્વાત્મભોગ** ભોગવ.

શ્રી **ગુરુલીલામૃત કર્મકાંડ અધ્યાય-૫૮**માં શ્રી નરનારાયણ આખ્યાનમાં **આત્મસૌખ્ય-સ્વાત્મભોગની** વિભાવના અને સિદ્ધાંતનું સુપેરે વિશદ નિરૂપણ થયું છે. ગંધમાદન પર ઈન્દ્રે મોકલેલાં કામ આદિ અપ્સરાગણનાં ગાન, નૃત્ય, અંગચેષ્ટા, વગેરે ઉદ્દીપનો શ્રી નરનારાયણની સ્વાત્મસ્થ સ્થિતિને કશી અસર પહોંચાડી શકતાં નથી. જેને આત્મસૌખ્યનો વિશુદ્ધ અનુભવ થઈ ગયો છે; તેને -

**કરી ઈન્દ્રિયો વશ બધી યોગાનલથી જાણ,**
**જ્ઞાન બળે સ્વાત્મસ્થ જે તેને શું આ ગાન ?**
**છોડી સર્વગુણો તથા થયો ગુણાતિગ જેહ**
**જ્ઞાનપૂર્ણ વૈરાગ્યથી અચલ પ્હાડ સમ એહ.**
**રાચેના શુભ શબ્દથી અપશબ્દોથી તેમ**
**ભેદાએ ના અંતરે શુભાતિગ એ એમ**
**ગીતનૃત્યાદિક થકી હરખાએ શું આમ ?**
**પડે કામપંકે શું એ જ્ઞાની આત્મારામ ?**

(ગુ.લી. ૫૮-૧૭, ૧૮, ૧૯, ૨૦)

અર્થાત્ જે આત્મારામ છે; જેણે ત્રીશયોગ સાધીને એ યોગાનલથી ઇન્દ્રિયો વશ કરી છે; જે જ્ઞાનના બળથી સ્વાત્મમાં સ્થિર છે, જે બધા ગુણ સત્વ, રજસ, તમસ છોડી ગુણોથી પર થઈ ગયા છે, જે જ્ઞાનપૂર્ણ વૈરાગ્યથી, એટલે કે માત્ર સ્મશાન વૈરાગ્યથી નહીં પરંતુ જ્ઞાન થવાથી જેની ભીતરમાં વૈરાગ્યનો ઉદય થયો છે તથા તે જ કારણે જેઓ મન-શરીર અને ઈન્દ્રિયોથી પહાડના જેવા નક્કર થઈ ગયા છે. નથી સારા શબ્દો-પ્રશંસાથી આકર્ષાઈ પોતાની વાહ વાહમાં રાચતા કે નથી તો અપમાનજનક શબ્દો સાંભળી ભેદાતા-દૂભાતા કારણ કે તે શુભ-અશુભ બંનેથી પર થઈ ગયા છે. એને પછી દુન્યવી ગીતનૃત્ય વગેરે હર્ષાવી શકતાં નથી - રમાડી શકતાં નથી અને એ આત્મારામ કામ-રૂપી કાદવમાં પડતા નથી. કામના પ્રભાવથી માણસના મનમાં ભૂમિ, દ્રવ્ય અને સ્ત્રી માટેની વાસના પ્રગટે છે. એ વાસના -

**થાય કૃપા ગુરુદેવની બચે તો જ નર તેમ... (૨૬)**

પ્રથમ પૃથ્વીની વાસના - આ પ્લોટ લીધો - પેલો ફલેટ લેવો છે એ વાસના નષ્ટ થાય. પછી એને માટેની ધનતૃષ્ણા નષ્ટ થાય પછી છેવટે સ્ત્રી કામના નષ્ટ થતાં... થાય ભક્ત નિર્માન (૨૭) ભક્ત નિર્માન-માનની અપેક્ષારહિત થાય.

**થતાં નષ્ટ ત્રણે તથા ધન્ય મુમુક્ષુ તેહ**
**નાચે બ્રહ્મપદે અહા કેવળ નિરિચ્છ જેહ (૨૮)**
**વાસના ક્ષય જ્યાં સુધી થયો ન મૂળે જાણ,**
**દૂર બ્રહ્મપદ ત્યાં સુધી નિશ્ચયમનમાં માન (૨૯)**
**જતાં વાસના મૂળથી થાય બ્રહ્મવિદ તેહ**
**સમદર્શી લોકત્રયે એકાદ્વિતીય એહ... (૩૦)**

આવા સમદર્શી બ્રહ્મવિદનું આત્મસૌખ્ય એટલે -

**સ્વાત્મરૂપ ભગવાનને જોયો જેણે એમ**
**સમદર્શી એ સર્વથા સ્વાત્મનિષ્ઠ નર તેમ. (૪૧)**
**રાગદ્વેષ ન એહને એ જ સર્વ નિર્ધાર,**
**દેખે સ્વાત્મામાં બધું સ્વાત્મ સર્વમાં સાર. (૪૨)**

આવું **આત્મસૌખ્ય-સ્વાત્મભોગ સ્વાયત્ત** - પોતાને અધીન છે. એ સુખભોગ **પરાયત્ત** બીજા પર આધારિત નથી. પત્ની સુખી કરે, ધન સુખી કરે એવું નથી એ સુખ **શાશ્વત-નિત્ય** છે; એ પ્રાપ્ત થયા પછી, ધરતીકંપ કે બીજી રીતે નષ્ટ થાય તેવું નાશવંત નથી. એ પૂરેપૂરી તૃપ્તિ - સંતોષ આપનારું; એકવાર મળ્યા પછી બીજીવાર મેળવવાપણું રહે જ નહીં એવું છે. એવો યોગ અને ભોગ પ્રાપ્ત કરવા માટે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કરી લે. ॥ ૪૭ ॥

**સંગતિ** - આ બધી વ્યર્થતાઓ સમજી દાસભાવે શ્રી ત્રીશ-શ્રી હરિનાં શરણે જવાનો માર્ગ ચીંધે છે :

**कायो माया मोह हेतुश्च मूढ**
**नो स्वायत्ता वञ्चिकाह्यन्तकाले ।**
**एवं चेत्तत्स्वेच्छया नार्प्यते किं**
**त्रीशस्याङ्ध्र्योर्दासभावने मूढ ॥ ४८ ॥**

**શબ્દાર્થ : कायोमाया – कायः माया** – કાયાની માયા, **मोह हेतुश्च –मोह हेतुः च** – મોહનો હેતુ - મોહનાં કારણરૂપ (છે), **मूढ** - હે મૂઢ, **न** – (વળી) નથી, **स्वायत्ता** – પોતાને અધીન, **वञ्चिका** – (એ કાયા) છેતરનારી-દગો દેનારી, **ह्यन्तकाले** – અંતકાળે, **एवं चेत्तत्स्वेच्छया – चेत्–तत्–स्वेच्छया** – જો એમ જ હોય તો તે સ્વેચ્છાએ, **नार्प्यते** – न अर्प्यते – અર્પણ કરતો નથી, **किम्** - કાં, શાને, **त्रीश स्याङ्ध्र्योर्दासभावेन – त्रीशस्य–अङ्ध्र्योः दासभावेन** – દાસભાવે ત્રીશ - શ્રી હરિનાં પદે - ચરણમાં, **मूढ** – મૂર્ખા. ॥૪૮॥

**ખરે કાય આ મોહહેતુ સદા રે**
**ન રે' હાથમાં દે દગો અંતકાળે,**
**છતાં એમ અર્પે ન પોતે થઈ કાં**
**પદે દાસભાવે હરિના જ મૂર્ખા. ॥ ૪૮ ॥**

**વિવરણ** - જીવ અનાદિકાળથી કાયા-શરીરની માયામાં લપટાયો છે. એ માયાને કારણે જ લખચોરાશીના ફેરામાં અનેક યોનિઓમાં તેણે અનેક કાયા-શરીર ધારણ કરવાં પડે છે. માણસને મૂઢ બનાવનારી મોહનું મૂળ કારણ તેની આ કાયાની માયા છે. સંસ્કૃત શ્લોકમાં **મૂઢ** સંબોધન પહેલી અને ચોથી પંક્તિમાં બે વાર તથા ગુજરાતી શ્લોકમાં **મૂઢ** માટેનો નક્કર ગુજરાતી શબ્દ **મૂર્ખા** પ્રયોજાયો છે. આ કાયા સ્વાયત્ત - હાથમાં રહેનારી નથી, વંચિકા-દગો દેનારી છે, તેથી એક ભજનમાં શ્રી અવધૂતજી કહે છે :

**ડાંચું શું દર્પણ દેખે રે, મૂરખ પ્રાણી**
**જાશે એક દિન જમ ફાંસી રે, મૂરખ પ્રાણી.** (અ.આ. પૃ. ૬૫)

કાયાની માયામાં ફસાયેલો માણસ કાયાને શણગારવામાં પોતે કેવો સુંદર-સુડોળ છે; એ જોઈ જોઈને એના પર મોહી પડે છે, પણ છેવટ સુધી તેને ખબર નથી પડતી કે,

**ગોરું ગુલાબી તારું મુખડું, હા ચાંદ જેવું**
**ક્ષણમાં કરમાઈ જાશે રે !... મૂરખ. ૨.**
**કાયા આ કોમળ તારી, ચાંદની માયે કરમાણી**
**ચિતાનળ ભડ ભડ બળશે રે... મૂરખ. ૩.**
(અ.આ. પૃ.૬૫)

આ સુંદર ચહેરો કરમાઈ જનારો છે; આ કોમળ કાયા ચિતાની અગ્નિમાં ભડ ભડ બળવાની છે; અંતકાળે એ નિશ્ચિતપણે દગો દેવાની જ છે. આ વાસ્તવિકતા જ છે. જો આ જ વાસ્તવિકતા હોય, જો આમ જ થવાનું હોય, માણસે અનિચ્છાએ એક દિવસ આ કાયા અગ્નિને અર્પણ કરવાની

હોય તો ઓ મૂર્ખા તું તે કાયા આજે સ્વેચ્છાએ મૃત્યુની અનિવાર્યતાથી નહીં, રોગની લાચારથી નહીં, પણ પૂરી સભાનતાથી, પૂરેપૂરી સ્વેચ્છાથી ભગવાન ત્રીશ- શ્રી હરિનું શરણ લઈ દાસ ભાવે તારી આ કાયા તેમના ચરણકમળમાં અર્પણ કેમ નથી કરતો ? એવો આશ્ચર્યયુક્ત પ્રશ્ન પૂછ્યો છે.

દાસભાવ શ્લોક-૪૭માં નિરૂપતિ ત્રીશયોગનું જ પરિણામ છે. તેથી **बोधमालिका**માં કહ્યું છે :

**देहभावेन दासत्वं जीवभावेन चांशता ।**
**आत्मभावेन ह्येकत्वमित्येषा परमार्थता ॥ बो.मा. ४९ ॥**

**અર્થાત્** -

**દેહભાવથી દાસતા, જીવભાવથી અંશ**
**આત્મભાવથી એકતા, પરમ સત્ય એ હંસ !** બો.મા. ૪૯.

અર્થાત્ - દેહભાવ - આ રૂડી-રૂપાળી કાયાનો મોહ છોડી, એ ભગવાન ત્રીશની દાસ છે; એમની સેવામાં ઉપયોગમાં આવે છે; પ્રભુને આ કાયાનો જે રીતે ઉપયોગ કરવો હોય તે રીતે કરે હું -

**કાષ્ઠ થઈ પાવડી પાંવની તુજ બનું**
**મૃદ્ બની કેશ કાળા પખાળું**
**દેહ બાળી બનું ભસ્મ ભીતિહરા**
**અંગ પર જો ધરે તું કૃપાળું... ૩**

મારી કાયા શ્રીનાં ચરણોની કાષ્ઠ થઈ પાવડી બનું, માટી થઈ એમનાં વાળ ધોઉં, દેહ બાળીને - જે એક દિવસ તો બળવાનો જ છે - ભવભય ભગાડનાર માટે ભસ્મ બનું -

**મૃગ થઈ વ્યાધથી દેહ વીંધાવું આ**
**અજિન થઈ બેસવા કામ લાગું,**
**શ્વાન થઈ મંદિરે નિત્ય ચોકી કરું**
**દરસ વિણ આન નવ કાંઈ માગું.**

(ઉ.પ્રા. પૃ. ૧૫-૧૬)

દરેક યોનિમાં જીવને કાયાની માયા તો છે જ, મૃગ પારધીને જોઈને જીવ બચાવવા પવનવેગે દોડે છે; પણ એ જ જીવ મનુષ્યજન્મે, મૃગ થઈ, પારધીથી દેહ વીંધાવી, અજીન થઈ, પ્રભુ આપને બેસવા કામ લાગું. હું શ્વાન યોનિમાં જઈ આપના મંદિરે ચોકી કરું, મને રોજ-નિત્ય આપનાં દર્શનનો લાભ મળે એ જ ઇચ્છા છે. આશા છે. આ દાસભાવ છે. મૂઢ તું દાસભાવે તારી કાયા શ્રીનાં ચરણકમળમાં અર્પણ કેમ નથી કરતો ? બોધમાલિકાના ઉક્ત શ્લોકના પૂજ્યશ્રીએ કરેલા સમશ્લોકી અનુવાદમાં **હંસ**ને ઉદ્દેશીને કહ્યું છે. **हंस** એ જ **सोऽहम् – सः अहम्** - એ હું જ છું. મનુષ્યના ત્રણ ભાવ છે. સામાન્ય વ્યવહારકાળે દેહભાવ છે. શરીર છે તો ખરું જ. એનું જ નામ પાડેલું છે. શરીરને પોતાનું પ્રારબ્ધ છે. એ પ્રારબ્ધ ભોગવે છે. બીજો **ભાવ** એ જ **जीवभाव** છે. ભગવાન ગીતામાં કહે છે - **ममैवांशो जीवलोके जीवभूतः सनातनः** અર્થાત્ અર્જુન આ જીવસૃષ્ટિમાં મારો (પરમાત્માનો) અંશ **जीवभूत** – જીવરૂપ થયેલો છે; એટલે કે સ્વરૂપતઃ પ્રાણીમાત્ર, નાનામાં નાના જંતુથી માંડી મોટામાં મોટું વિશાળકાય પ્રાણી (ડાયનોસોર) સુધી બધા જ ઈશ્વર સ્વરૂપ જ છે. જ્યારે ત્રીજો **ભાવ** છે. **આત્મભાવ** એટલે કે આત્માના સ્વરૂપે બધા જ **ભક્ત અને ભગવાન** એક જ **સોડહમ્** છે. સદ્‌ગુરુ ભગવાન શ્રી રંગ અવધૂત અને એક સામાન્ય **દાજી** કે **ગંગા** જેવા ભક્તનો આત્મા એક જ છે. માણસે ભક્તિ દ્વારા - શ્વાસે શ્વાસે શ્રી દત્તનામ સ્મરણ દ્વારા આ ત્રણેય **ભાવ**ની પ્રતીતિ (Realization) અહીં આ જન્મે જ કરવાની છે.

એ ત્રણ ભાવમાંના પ્રથમ **દાસભાવ**ની પ્રતીતિ (ખાતરી - Realization) કેવી રીતે કરવી ? એ અહીં શ્રી અવધૂતજી શીખવે છે. આ પ્રતીતિ એમ એક ઝાટકે નહીં થાય, એ ક્રમિક રીતે જ થાય. હા... લાચારીનો માર્યો માણસ **નોકર કે ગુલામ** એક ઝાટકે થઈ જાય એમ બને, પણ **દાસભાવ** એ **નવધાભક્તિ**નો **એક પ્રકાર** જ્યારે **ગુલામી (Slavery)** માણસના પાપી પેટનો ખાડો પૂરવા માટેની અત્યંત દયનીય

એવી લાચારીનું સ્વરૂપ છે. અલબત્ત, શ્રી અવધૂતજીએ એક ભજનમાં - **"દત્તાજી !' મૈં તો તેરો હિ એક ગુલામ"** **(અ.આ.પૃ.૩૪) ગુલામ** શબ્દ **દાસ**ના પર્યાય તરીકે પ્રયોજ્યો છે, એ જુદી વાત છે. અહીં આ શ્લોકમાં દાસભાવ કેળવવાની ક્રમિક-સોપાનબદ્ધ રીત બતાવી છે :-

**(૧)** પ્રથમ તો મને મળેલી આ **કાયા** નરી **માયા** છે. એટલે કે એ સતત પરિવર્તનશીલ છે. રાતે સૂતા હો ત્યારે તાજામાજા, ફૂલગુલાબી હો ને સવારે ઊઠતાં જ ઉપરાઉપરી પાંચ-સાત ઝાડા થઈ જાય તો ડાચું જોવુંય ના ગમે એવું થઈ જાય. વીસ વર્ષના હતા ત્યારે ગિરનાર દોડીને ચડી જતા હતા અને આજે સિત્તેર વર્ષે - **ઊંબરા તો ડુંગરા થયા ને પાદર થયા પરદેશ.** પહેલા તબક્કે આ **પ્રતીતિ** થવી જોઈએ.

**(૨)** બીજા તબક્કે આ કાય **મોહનો હેતુ** છે; આ વાતની ખાતરી થવી જોઈએ. માણસ પોતે પોતાના શરીરના મોહમાં પડી જાય છે. શરીરનો મોહ કેવો હોય ? એ મોહમાં પડેલા માણસની મનોવૃત્તિ કેવી હોય એ જોવું હોય તો - (૧) કવીશ્વર શ્રી દલપતરામ ડાહ્યાભાઈ વિરચિત **મિથ્યાભિમાન** નાટકના **જીવરામ ભટ્ટ** નામનાં પાત્રને જોવું. એ મહાશય પાંસઠ-સિત્તેર વર્ષે પરણવા માટે ફાંફાં મારતા હતા, રતાંધળા હતા ને છતાંય ખૂબ યુવાન બધું જ જોઈ શકતા હોવાના મિથ્યા દેહાભિમાનથી પીડાતા હતા. (૨) અંગ્રેજી નાટ્યકાર - નવલકથાકાર સર્વાંતિસ વિરચિત **ડોન ક્વીકઝોટ** નવલકથામાં એ ડોન ક્વીકઝોટના કાયાના મોહની વાત અહીં વિષયાંતરના ડરને કારણે કરી શકાય તેમ નથી. કાયાના મોહમાં પડેલા આજનાં સ્રી-પુરુષો સૌંદર્ય પ્રસાધનોનો ઉપયોગ કરે તો તે ઠીક પણ યૌવન ટકાવી રાખવા માટે **વીયાગ્રા** નામની દવા, અવસ્થાને કારણે કુદરતી રીતે આકર્ષણ ગુમાવી બેઠેલાં શરીરના અંગ-ઉપાંગને નવયૌવન બક્ષવા માટે **પ્લાસ્ટિક સર્જરી**, ખરી પડતા વાળ માટે **હેર ટ્રાન્સપ્લાન્ટેશન** જેવા કીમિયાનો આશરો લે છે. શરીરને પ્રારબ્ધ છે. એ એનું પ્રારબ્ધ ભોગવે છે. ઈન્દ્રિયો શિથિલ થતાં થતાં એકદમ નકામી થઈ જાય.

(૩) આ શરીર ક્યારેય કોઈના હાથમાં રહેતું નથી, અંતે એ દગો દે છે. આંખો જોવાનું, કાન સાંભળવાનું, પગ ચાલવાનું બંધ કરે છે, એ ત્રીજી પ્રતીતિ છે.

(૪) એક તબક્કો એવો આવે કે જ્યારે, નછૂટકે આ શરીર કોઈને સોંપી દેવું પડે. આ ચોથી પ્રતીતિ છે. કોઈક હાથ ઝાલીને ઊભા કરે, કોઈક સ્ટ્રેચરમાં નાખીને લઈ જાય, ડૉક્ટરો, નર્સો શરીરને ગમે તેમ કાપે, ચીરે, ટાંકા લે. હવે બધું એમના હાથમાં.

જો આમ જ થતું હોય, અને મૂઢ ! જો તારું પણ એમ જ થવાનું હોય, જો તારે પણ તારી કાયા અનિચ્છાએ નછૂટકે એ ડૉક્ટરો અને નર્સોને હવાલે કરવાની હોય, તો શ્રી અવધૂતજી પ્રશ્ન કરે છે -

**स्वेच्छया दासभावेन त्रीशस्य अङ्ध्र्योः किं (कथं) न अर्प्यते ?**

**અર્થાત્** એમ છતાં હે મૂર્ખા ! તું પોતે થઈને દાસભાવે શ્રી હરિના પદે (તારી કાયા) કાં ન અર્પે ? તો આજે જ, અત્યારે જ ત્રીશભગવાનશ્રી હરિના ચરણે તારી આ કાયા કેમ અર્પણ નથી કરતી દેતો ? એવા સૂચક અને માર્મિક પ્રશ્નથી શ્લોકનો અંત કર્યો છે. ॥ ૪૮ ॥

**સંગતિ** - રોગના ઈલાજ છે, અને રોજ નવા શોધાતા જાય છે; પણ ઈલાજ એ રક્ષણ નથી, હવે રક્ષાનો અર્થ સમજાવે છે :-

**आयास्यन्ति त्वत्रदूता यमस्य**
**बद्ध्वा पाशैर्नेतुकामा भवन्तम् ।**
**को वा प्राणिन्मोचयिष्यत्यमीभ्यः**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ४९ ॥**

**શબ્દાર્થ : आयास्यन्ति** – (**आ+या धातु** २.५.५) – આવશે, **त्वत्र** – **तु अत्र** – અહીં જ (બીજે નહીં ના અર્થમાં તુનો પ્રયોગ છે), **दूताः** – દૂતો, **यमस्य** – યમના, **बद्ध्वा** – બાંધીને, **पाशैर्नेतुकामा – पाशैः** – પાશોથી, **नेतुकामा** – લઈ જવાની ઈચ્છાવાળા, **भवन्तम्** - આપને, **कः** – કોણ,

**वा** – એના વિકલ્પે, **प्राणिन्** - હે પ્રાણી ! **मोचयिष्यति** – (मुच् ૧૦ ગ.ઉ.પ.) છોડાવશે, **अमीभ्यः** – (**अदस्** સ.પું. તૃ. બ.વ.) - એમનાથી. માટે હે આત્મન્ તું શ્વાસે શ્વાસે દત્તનામનું સ્મરણ કરી લે. ॥ ૪૯ ॥

**જવા લેઈ આવે યદા મૃત્યુદૂત**
**કરી બદ્ધ પાશે તને મૂઢ હન્ત !**
**કરે કોણ રક્ષા તદા એથી ચેત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૪૯ ॥**

**વિવરણ** : આ શરીરને તું પોતે થઈને કેમ ભગવાન ત્રીશના ચરણમાં સમર્પિત કરી દેતો નથી ? તારું આ શરીર ન છૂટકે તારે છેવટે ડૉક્ટરોને તો સોંપવાનું જ છે. રોગગ્રસ્ત શરીરને માટે રોગના ઈલાજ છે અને રોજ નવા શોધાતા જાય છે. ઈલાજ એ રક્ષણ નથી, કારણ કે ગમે તેવા રામબાણ ઈલાજની એક મર્યાદા છે. કઈ મર્યાદા ? મર્યાદા માણસના પ્રારબ્ધની છે. મૃત્યુ પ્રારબ્ધને અધીન છે. મૃત્યુ નિશ્ચિત છે. જ્યારે યમદૂતો માણસને - તેનાં જીવને પાશથી બાંધી લઈ જવા માટે આવે ત્યારે માણસની રક્ષા કોણ કરશે ? તને યમદૂતના પાશમાંથી કોણ છોડાવશે ? એ આ શ્લોકનો માર્મિક પ્રશ્ન છે.

મૃત્યુ સામે આવીને ઊભું રહે ત્યારે માણસના પ્રાણની રક્ષા માટે 'વૈદ્ય' અને 'ઔષધ' દર્શાવતું સુભાષિત સમજવા જેવું છે :-

**शरीरे जर्जरीभूते व्याधिग्रस्ते कलेवरे ।**
**औषधं जाह्नवि तोयं वैद्यो नारायणो हरिः ॥**

શરીર જર્જર થઈ જાય અને શરીરની અંદરનું કલેવર રોગગ્રસ્ત થઈ જાય ત્યારે ઔષધ જાહ્નવીનું જળ અથવા શ્રી અવધૂતજી એક શ્લોકમાં કહે છે તેમ **औषधं नार्मदंतोयं** – ઔષધ નર્મદાજળ તથા વૈદ્ય શ્રી નારાયણ પોતે જ હોય. આ જ વાત તેઓશ્રી **अक्षरगीता**માં બહુ જ સ્પષ્ટ રીતે કહે છે :-

**औषधं भगवन्नाम वैद्यः कारुणिको गुरुः ।**
**संसाररोगनाशाय पथ्यं साधुसमागम : ॥**
અ.ગી. ૧૩ ॥

સંસારરૂપી રોગથી પીડાતા રોગી માટે ઔષધ જો કોઈ હોય તો તે ભગવન્નામ સ્મરણ છે, એ ઔષધ બતાવનાર અને આપનાર વૈદ્ય કરુણાવરુણાલય સદ્ગુરુ છે અને એ ઔષધની પરેજી સાધુ-સંતોનો સમાગમ છે.

મહાભારતનું યુદ્ધ પૂરું થયા પછી પાંડવોનું વેર લેવા આચાર્ય દ્રોણના પુત્ર અશ્વત્થામાએ પાંડુઓના સમગ્ર વંશનો નાશ કરવા માટે બ્રહ્માસ્ર ચલાવ્યું, જેથી પાંડવોની પુત્રવધૂઓના ગર્ભનો નાશ થાય. અભિમન્યુ રણમાં હણાયા હતા. તેમનાં પત્ની ઉત્તરા સગર્ભા હતાં. સાક્ષાત્ મૃત્યુ સ્વરૂપે આવી રહેલા બ્રહ્માસ્રને જોઈને ઉત્તરાએ પોતાના મામાજી જગદ્ગુરુ ભગવાન શ્રીકૃષ્ણચંદ્રની સ્તુતિ કરી, શ્રીમદ્ ભાગવતના એ શ્લોકોનો અનુવાદ આ પ્રમાણે છે :

''દેવાધિદેવ, જગદીશ્વર, આપ મહાયોગી છો, આપ મારી રક્ષા કરો, રક્ષા કરો, આપના સિવાય આ જગતમાં મને અભય આપનારું બીજું કોઈ નથી, કારણ કે અહીં બધાય એકબીજાના મૃત્યુમાં નિમિત્ત બની રહ્યા છે. પ્રભુ, આપ સર્વશક્તિમાન છો. ધગધગતા લોઢાનું આ બાણ (બ્રહ્માસ્ત્ર) મારી તરફ દોડતું આવી રહ્યું છે. પ્રભુ, એ મને ભલે બાળીને ભસ્મ કરી દે, પરંતુ મારા ગર્ભને નષ્ટ ન કરે, એવી કૃપા કરો.'' (ભાગવત ૧/૮/૮-૯)

ઉત્તરાના ગર્ભમાં એ વખતે મહાપ્રતાપી મહારાજ પરીક્ષિત હતા. પ્રાણીમાત્રનાં હૃદયકમળમાં વિરાજમાન ભગવાન શ્રી વાસુદેવ કૃષ્ણે પોતાની સગી ભાણેજ વહુની આ આર્તપ્રાર્થના સાંભળી, એમણે પાંડવોની વંશ પરંપરા ચાલુ રહે એટલા માટે ઉત્તરાના ગર્ભને પોતાના માયા-કવચથી ઢાંકી દીધો.

ઉત્તરાના ગર્ભમાં રહેલા મહાવીર, મહાજ્ઞાની, મહાત્મા, પરીક્ષિતનો ડિંભ અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી બળવા માંડ્યો ત્યારે તેણે જોયું કે :

''તેની આંખોની સામે એક જ્યોતિર્મય પુરુષ છે. તે દેખાવમાં તો અંગૂઠા જેવડો જ છે; પરંતુ તેનું સ્વરૂપ અત્યંત નિર્મળ છે. અત્યંત સુંદર

શ્યામ શરીર પર તેણે ચમકતી વીજળી જેવું પીતાંબર પહેર્યું છે. માથે સોનાનો મુગટ ઝગમગે છે. એ નિર્વિકાર પુરુષની સુંદર લાંબી લાંબી ચાર ભુજાઓ છે. કાનમાં સુવર્ણનાં કુંડળ છે. આંખોમાં લાલાશ છે. હાથમાં રાખેલી ગદાને ચારેકોર વીંઝે છે. ચારેકોર ફરી રહ્યો છે. એ પુરુષને જોઈને એ ગર્ભસ્થ શિશુને થયું **"આ પુરુષ છે કોણ ?"**

(ભાગવત ૧/૧૨/૬-૧૦)

ગર્ભમાં જે પુરુષનું દર્શન થયું હતું તેની સ્મૃતિના આધારે જીવનભર લોકોની વચ્ચે ફરતાં ફરતાં તેઓ હંમેશાં લોકોની **પરીક્ષા - સૂક્ષ્મ ઈક્ષા** કરતા રહ્યા કે આમાં ક્યાંય પેલો પુરુષ દેખાય છે ખરો ? તેથી તેમનું નામ **પરીક્ષિત** પડ્યું. ભગવાન જ રક્ષા કરે છે તે આ તથ્યના આધારે આ શ્લોકમાં '' કરે કોણ રક્ષા તદા એથી...' માર્મિક પ્રશ્ન દ્વારા સૂચવાયું છે. ॥ ૪૯ ॥

**સંગતિ** - પરીક્ષિતે તો જીવનભર એ રક્ષક પુરુષની શોધ કર્યા કરી, પણ તું એવી શોધ કરે છે ખરો ? માર્મિક પ્રશ્ન છે :-

**योऽदाद्वाचं त्वीक्षणादिप्रशक्तिं**
**देवः कोऽसौ मृग्यते किं कदाचित् ।**
**त्रीशो दत्तो जीवनं जीवसृष्टेः**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥५०॥**

**શબ્દાર્થ** - **यः** – જેણે (જે), **अदात्** (**दा धातु** ઉ.પ. અદ્યતન ભૂત) આપ્યાં (આપ્યું), **वाचं** – વાણી, **त्वीक्षणादि** – **तु–ईक्षण आदि**– **तु** – શરીર ઉપરાંત, **ईक्षण** – દૃષ્ટિ, **आदि** – વગેરે (તેમાં શ્રવણ, ઘ્રાણ, સ્વાદ, સ્પર્શ, ચલન-વલનનો સમાવેશ થઈ જાય), **प्रशक्तिं** – પ્રકૃષ્ટ - વિશિષ્ટ એવી શક્તિ, **देवः** – દેવ, **कोऽसौ** – **कः असौ** – એ છે કોણ ? **मृग्यते** – શોધે છે, **किम्** - શું, **कदाचित्** - ક્યારેય - કદાપિ, **त्रीशः** – ત્રણેય ગુણ, ત્રણેય લોકના ઈશ, **दत्तः** – શ્રી દત્તાત્રેય, **जीवनं** – જીવન (છે), **जीवसृष्टेः** - જીવસૃષ્ટિનું. માટે હે આત્મન્ તું તારા શ્વાસે શ્વાસે શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૫૦ ॥

**અરે નેત્ર વાગાદિ જેણે જ દીધાં**
**કરે શોધ શું કો દી તે દેવની હા !**
**બધો જીવનાધાર એ સૃષ્ટિતાત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૫૦ ॥**

**વિવરણ** : શ્લોક એકદમ સરળ છે. એમાં પુછાયેલો પ્રશ્ન વેધક છે. વળી, એમણે પોતે જવાબ આપી દીધો છે. છતાંય પ્રશ્ન એવો પાયાનો છે કે જવાબ આપી દેવા છતાંય શોધ થઈ જતી નથી. ગણિતના કોયડારૂપ પ્રશ્નનો જવાબ પુસ્તકની પાછળ આપ્યો હોય, એ જોઈ લઈએ તો જવાબ મળી જાય, પણ દાખલો ગણાઈ જાય નહીં. મારા ગામથી દિલ્હી કેટલું દૂર છે તે રેલવેના ટાઈમટેબલમાં બતાવેલું છે; અને હું જોઈ લઉં તો અંતરની ખબર પડે પણ દિલ્હી પહોંચાય નહીં.

અત્યારે બીજા **લક્ષ્યજૂથ (Target group)**ની સાથે શ્રી અવધૂતજી વાત કરી રહ્યા છે. આ આખાય લક્ષ્યજૂથની કેટલીક લાક્ષણિકતાઓમાંની એક લાક્ષણિકતા શ્લોક-૪૨, ૪૩માં પકડી બતાવી છે કે તે પ્રકૃતિ સાથેનો સંપર્ક ગુમાવી ચૂક્યો છે. કોયલનો કૂજન રવ, રેવાનો ખળખળ વહેણ રવ અને મયૂરનો કેકારવ એ સાંભળતો જ નથી. સાંભળે તો આશ્ચર્ય થાય, આશ્ચર્ય થાય તો ભગવદગીતામાં કહ્યું છે તેમ **आश्चर्यवत्पश्यतिकश्चिदेनम्** (૨/૨૯) - કોઈક આ દેહીને - આત્માને આશ્ચર્યથી જુએ છે. જેમ કે ગુજરાતી કવિ સુંદરમ્ કેવા આશ્ચર્યચક્તિ થઈ કહે છે - **''પુષ્પતણી પાંખડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ...''** પરીક્ષિતને ગર્ભમાં જ આશ્ચર્ય થયું કે **આ અંગૂઠા જેવો પુરુષ ગદા ઘૂમાવતો મારી આજુબાજુ ફરે છે તે કોણ છે ?** જન્મ્યા પછી ઠેકઠેકાણે ફરતાં એમની આંખો શોધતી હતી... **આ બધા માણસો દેખાય છે તેમાં મને ગર્ભમાં જે દેખાયો હતો તે કે તેના જેવો ક્યાંય છે ખરો ?** એવો જ પ્રશ્ન કવિ સુંદરમ્‌ને થાય છે - પુષ્પ તો હસે નહીં, હસનાર કોઈક બીજું છે; એ કોણ છે ?

બીજા લક્ષ્યજૂથના માણસો આવું આશ્ચર્ય ગુમાવી બેઠા છે; એ આજના માનવની એક લાક્ષણિકતા છે અને તે શ્લોક ૪૨-૪૩નું તાત્પર્ય છે.

જ્યારે તેની બીજી લાક્ષણિકતા આ શ્લોક ૫૦માં દર્શાવી છે. આ માણસ બધું જ શોધે છે. ચંદ્ર અને મંગળ પર જીવનની શોધ લગભગ પૂરી થવામાં છે. કેન્સરનો ઉપચાર શોધાઈ ગયો છે; એઈડ્સનો શોધાવાની તૈયારીમાં છે પણ મને - આ માણસને આવી પાંચ-પાંચ ઈન્દ્રિયો - નેત્ર-વાક્ આદિ આપનારો દેવ કોણ છે ? એ શોધ કરવાની વાત બાજુ પર, તેથી અવધૂતજી તો પૂછે છે - **त्वया कदाचित् मृग्यते किम्** ? - એ દેવની ક્યારેય શોધ કરે છે ખરો ?

સંસ્કૃતમાં **मृग् ધાતુ (૧૦મો ગણ) આત્મનેપદ છે;** એટલે કે શોધવાની ક્રિયા હું કરું તો તેનું ફળ મને જ મળે; બીજાને ન મળે. શોધ કોક કરે ને જડે કોઈક બીજાને એવું ના બને. દરેક માણસે પોતે જ જીવનાધારની શોધ કરવાની છે. એવી શોધ શ્રી અવધૂતજીએ, શ્રી રમણ મહર્ષિએ, શ્રી રામકૃષ્ણ પરમહંસે, શ્રી અરવિંદે કરી તો તેમને શોધનાં ફળ રૂપે પરમની પ્રાપ્તિ થઈ.

ગીતાજીમાં કહ્યું છે - **ततः पदं तत्परिमार्गितव्यम्** (૧૫/૪), પછી, ગુરુની પાસે જઈ, અશ્વત્થ વૃક્ષ જેવા આ દેખાતા સંસારથી પર એ પરમપદની શોધ કરવી જોઈએ. એ પરમપુરુષ જેના દ્વારા આ સંસાર વૃક્ષની પ્રવૃત્તિનો પસારો થયો છે એ ત્રીશ શ્રી દત્ત કે જે આ જીવસૃષ્ટિનાં જીવનનો આધાર છે તેનાં શરણે જવું જોઈએ. હે આત્મન, ચિત્ત, તું બીજી વાત મૂક બાજુ પર અને અહીં જે જવાબ આપી જ દીધો છે; તેની શોધની યાત્રાએ નીકળી પડ, એ યાત્રાની શરૂઆત, મધ્ય અને અંત શ્રી દત્તનામ સ્મરણ છે; એ સ્મરણના રસ્તે તને એ મંઝિલ પ્રાપ્ત થશે તે આ શ્લોકનો ગર્ભિત અર્થ છે. ॥ ૫૦ ॥

**સંગતિ** - એ દેવને શોધવાની રીત બતાવે છે :-

**राजाज्ञायाः पालनादहृष्यतेऽसौ[२०]**
**तद्वत्स्वाज्ञापालनादेव देवः ।**
**नूनं दासस्य त्वनन्यस्य चिन्ता**
**भर्तुः काले नैव दासं जहाति ॥ ५१ ॥**

**શબ્દાર્થ : राजाज्ञायाः – राज–आज्ञायाः** – રાજાની આજ્ઞાના, **पालनात्** - પાલનથી (પાલન કરવાથી), **हृष्यते** – (हृष ૪.૫.૫.નું કર્મણી રૂપ) - રીઝે છે, **असौ** – તે, **तद्वत्** - તે જ રીતે (તથા), **स्वाज्ञा – स्व–आज्ञा** – પોતાની આજ્ઞા (વેદ દ્વારા કરેલી આજ્ઞા), **पालनादेव – पालनात्–एव** – પાલનથી જ, **देवः** – દેવ, **नूनं** – ખરેખર, **दासस्य** – દાસ-સેવકની, **त्वनन्यस्य – तु अनन्यस्य** – ખાસ કરીને અનન્ય એવા, **चिन्ता** – ફિકર-ચિંત, **भर्तुः** – સ્વામી, શેઠ (દેવ), **काले** – કદીયે, **नैव – न एव** – નહીં જ, **दासं** – દાસને, **जहाति** – ત્યજે. ॥ ૫૧ ॥

**યથા પાળતાં ભૂપ રીઝે જ સ્વાજ્ઞા**
**તથા પાળતાં દેવ વેદાદિ - આજ્ઞા.**
**વહે ચિંત જો શેઠ સેવ્યે અનન્ય**
**ત્યજે દાસને ના કદીયે વદાન્ય. ॥ ૫૧ ॥**

**વિવરણ** : આ શ્લોક શ્લોક-૪૮નું અનુસંધાન છે. શ્લોક-૪૮માં કહ્યું છે : તું પોતે થઈને તારી આ કાયા શ્રી હરિના ચરણે શાથી અર્પણ કરી દેતો નથી ! એના અનુસંધાનમાં એ ત્રીશ શ્રી દત્તને શોધવાની રીત એમનું દાસત્વ સ્વીકારવામાં રહેલી છે; એમ પ્રસ્તુત શ્લોકમાં કહે છે.

---

૨૦. નારેશ્વરથી પ્રકાશિત બધી જ પ્રતોમાં कृष्यते છપાયું છે. અનુવાદ શ્લોકમાં **રીઝે** શબ્દ છે. જો **રીઝે** એ ગુજરાતી અર્થ ઈષ્ટ હોય તો મૂળમાં कृष्यते નહીં, हृष्यते હોવું જોઈએ. આમેય कृष्यतेમાં कृष् ધાતુ ૧.૫.૫. ઓઢવું, ખેંચવું, જોતરવું અને कृष् ધાતુ ૬.ઉ.૫. જોતરવું ના અર્થમાં હોઈ અહીં બંધબેસતો નથી, તેથી हृष्यते જ ઈષ્ટ છે.


દાસત્વ એટલે વેઠિયાનું વૈતરું નહીં, દાસત્વ એટલે આજ્ઞાપાલન. આજ્ઞાપાલનનું સ્થૂળ દૃષ્ટાંત રાજાની આજ્ઞા - રાજકીય આજ્ઞા છે. કોઈપણ રાજકીય પ્રશાસન સમાજમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કાયદા સ્વરૂપે આજ્ઞા આપે છે - દ્વિચક્રી વાહનચાલકોએ હેલ્મેટ પહેરીને જ વાહન ચલાવવું એ આજ્ઞા-હુકમ છે. જે લોકો એ હુકમનું પાલન કરે તેના પર પ્રશાસન રીઝે છે. રીઝે એટલે શું ? રીઝે એટલે જેણે હેલ્મેટ પહેરી હોય તેને સડસડાટ પસાર થઈ જવા દે; જેણે ના પહેરી હોય તેને રોકી, દંડ કરે. આ થયું સ્થૂળ દૃષ્ટાંત. એ જ રીતે દેવ - ત્રીશ શ્રી દત્તાત્રેય ભગવાને માણસ જાતને ઊર્ધ્વગામી બનવા માટે આજ્ઞાઓ આપી છે. એ આજ્ઞાઓનો મુખ્ય સ્રોત (Source) ચાર વેદ, ચાર ઉપવેદ છે. વેદની એ આજ્ઞાઓનું સ્મૃતિ ગ્રંથોમાં વિશદ રીતે નિરૂપણ થયું છે. તેને આધારે ગૃહ્યસૂત્ર વગેરે દ્વારા ધર્મશાસ્રની રચના થઈ છે. એ બધાનો સાર શ્રી **ગુરુલીલામૃત - કર્મકાંડ અધ્યાય ૯૦-૯૧માં સંગ્રહિત** છે. એ આજ્ઞાઓમાં સૌથી મુખ્ય છે - **આચાર વિષયક - દ્વિજાચાર** - બ્રાહ્મણોએ પાળવાના આચાર, **કર્માચાર** - કયું કર્મ કરવું કયું ન કરવું તે બાબતના **આચાર, સદાચાર** - મનુષ્ય માત્રને માટે સામાન્ય એવા શિષ્ટ આચાર. એ આચારધર્મરૂપ આજ્ઞાઓના પાલનથી દેવ **રીઝે**. રીઝે એટલે શું ? રીઝે એટલે -

**વર્તે તત્સમ જે અહીં દૈન્ય તેહને ક્યાંય ?**
**કામધેનુ શ્રી તદ્ગૃહે દેવવન્દ્ય આંહ્ય**
**પુત્રપૌત્રયુત મોહથી જીવે શતાબ્દ એહ,**
**કાળભીતિ ન એહને, થાએ જ્ઞાની તેહ,**
**કાળ મૃત્યુ ન તેહને, કયાં અપમૃત્યુ ત્યાંય**
**માટે આચરી તું તથા રહે સુખી દ્વિજ આંહ્ય.**
(ગુ.લી. ૯૨/૨૦૧-૨૦૩)

## सच्चिदानन्दमग्नः ।

दत्तात्रेयं स्मरन्तं जनहितनिरतं सच्चिदानन्दमग्नम् ।

शान्तं योगीन्द्रवर्यं द्विजकुलतिलकं श्रोत्रियं ब्रह्मनिष्ठं



सिद्धं रेवातटस्थं निजपररहितं नित्यमत्तावधूतं

सन्तं नारेश्वरस्थं मथितकलिमलं पाण्डुरङ्ग नमामि ॥

श्री. जे. प्रजापतिका सौजन्यसे]        [नारेश्वरः–६० वीं रङ्गजयंति

જેવી રીતે વદાન્ય-ઉદાર ચિત્ત શેઠ પોતાના અનન્ય ભાવે સેવા કરનાર સેવકની ચિંતા કરે છે તે રીતે અનન્ય ભાવે ત્રીશની વેદ પ્રતિપાદિત આજ્ઞાઓનું પાલન કરનાર દાસ-સેવકની દેવત્રીશ સતત ચિંતા કરે તેથી -

(૧) એનું **દૈન્ય** - ગરીબાઈ તો ગઈ જ સમજવી. તેના ઘરે શ્રી લક્ષ્મી કામધેનુની જેમ ધનના ઢગલા કર્યા જ કરે પછી દૈન્યની વાત જ ક્યાં રહી ?

(૨) પછી એ દાસ પુત્ર-પૌત્રોનું અનુપમ સુખ જોતાં જોતાં સો વર્ષ જીવે. એ પરમજ્ઞાની થઈ જાય અને એને ક્યાંય કાળભીતિ - કાળનો ડર રહે જ નહીં. કાળનો ડર એટલે શનિની નાની-મોટી પનોતીનો ડર, રાહુ-મંગળની યુતિનો ડર.

(૩) એનું કાળ મૃત્યુ - કુદરતી વયોચિત મૃત્યુ પણ ન થાય, પછી અપમૃત્યુની વાત જ ક્યાં ?

આચાર ધર્મનું પાલન કરવાથી માણસને પરમતત્ત્વનું - ત્રીશ - ભગવાનશ્રી દત્તાત્રેયનું = સદ્ગુરુનું જ્ઞાન થાય છે. માટે તું દાસભાવે ત્રીશના ચરણનું શરણ લે એ શ્લોક ૪૮ અને ૫૧નું સંયુક્ત તાત્પર્ય છે. ॥ ૫૧ ॥

**સંગતિ** - એ દેવનાં સ્વરૂપનું દર્શન કરાવે છે :-

**त्रीशो धीशस्तारकस्तिष्य एकः**
**सर्वांस्त्यकत्वा तं शरण्यं प्रयाहि ।**
**स्रग्वाद्यार्यब्जत्रिशूलादि धृत्वा**
**भक्तान्पाति प्रेमबन्धेन बद्धः ॥ ५२ ॥**

**શબ્દાર્થ** - **त्रीशः** – **त्रि–ईशः** – ત્રણના ઈશ - સત્ત્વ-રજ-તમસ, ત્રિલોક, ત્ર્યક્ષર-અ-ઉ-મના ઈશ, **धीशः** – **धी–ईश** – ધી-બુદ્ધિના ઈશ, **तारकः** – તારનાર, **तिष्य** – કલિયુગમાં, एकः – એકમાત્ર (માટે), **सर्वान्** – બધાયને, **त्यक्त्वा** – છોડીને, **तं (एकं)** - તે (એકના), **शरण्यं** – શરણે જવા યોગ્ય, **प्रयाहि** – (**प्रकर्षेण याहि**) - દોડીને જા, **स्रग्वाद्यार्यब्जत्रिशूलादि** – **स्रक** – માળા, **वाद्य** – ડમરુ, **अरि** – ચક્ર, **अब्ज** – શંખ, **त्रिशूल** – ત્રિશૂળ

(પાંચ થયા), **आदि** – વગેરે (અહીં **आदि** શબ્દ દ્વારા કમંડલુનો સમાવેશ થઈ જાય), **धृत्वा** – ધારણ કરીને, **भक्तान्** – ભક્તોને, **पाति** – (પા. ધાતુ ૨.૫.૫.) = રક્ષણ કરે છે. **प्रेमबन्धेन** – પ્રેમનાં બંધનથી, **बद्ध** – બંધાયેલો. ॥ ૫૨ ॥

**કલિતાર શ્રી દત્ત એ ધીશ એક**
**ત્યજી અન્ય તત્પાદ જા ઝાલ નેક,**
**ધરી માળ શૂલાદિ જે ભક્ત પાળે**
**થઈ બદ્ધ પ્રેમે ન દોષો નિહાળે. ॥ ૫૨ ॥**

**વિવરણ** : શ્લોક ૪૮, ૪૯, ૫૦માં પૂર્વે ત્રણ વેધક પ્રશ્નો પૂછ્યા છે. એ પ્રશ્નો એવા છે કે જે કોઈ પણ માણસ, જો સમજે તો, તેને વિચારતા કરી મૂકે એવા છે :-

(૧) આ કાયા નરી માયા, મોહમાં નાખનારી, તદ્દન પરતંત્ર અને અંતે દગો દેનારી છે; તો તું સ્વેચ્છાએ આજે જ એ કાયા ભગવાન ત્રીશનાં ચરણમાં અર્પણ કેમ નથી કરી દેતો ?

(૨) આ કાયા તદ્દન અસહાય થઈ જશે અને જ્યારે યમના દૂતો તને પાશથી બાંધીને લઈ જવા આવશે ત્યારે તેમનાથી તને કોણ છોડાવશે ?

(૩) મને આવી પાંચ જ્ઞાનેન્દ્રિયો, આવી અદ્‌ભૂત શરીર અને મનની રચના કરી આપનાર છે કોણ ? એ દેવની તે ક્યારેય શોધ કરી ખરી ?

આ પ્રશ્નોના ઉત્તર મેળવવા માટે **દાસભાવે** સદ્‌ગુરુ ભગવાનનાં શરણે જવાની, તેમની વેદ-પ્રતિપાદિત આજ્ઞાનું પાલન કરવાની રીત શ્લોક ૫૧માં બતાવ્યા પછી, હવે પ્રસ્તુત શ્લોકમાં એ દેવ કોણ છે તેના સ્વરૂપનો પરિચય કરાવે છે :-

**(૧) ત્રીશ :** ભગવાનશ્રી દત્તાત્રેય ત્રીશ. એટલે કે - ત્રિલોક, ત્રિવર્ગ - ધર્મ, અર્થ, કામ, ત્રિગુણ - સત્ત્વ-રજસ તમસના **ઈશ** છે. તેનું કારણ એ કે તેઓ ત્રિમૂર્તિ - બ્રહ્મા-વિષ્ણુ, મહેશ સ્વરૂપ છે.

(૨) **ધીશ**-ધી-બુદ્ધિના ઈશ છે. કેમ બુદ્ધિના ઈશ ? હાથ-પગના નહીં, મનના નહીં ને બુદ્ધિના જ ઈશ કેમ કહ્યા હશે ? કારણ કે, બુદ્ધિનું માહાત્મ્ય ઘણું છે. **કઠોપનિષદ**માં રથનાં રૂપક દ્વારા શરીર રચનાનું માહાત્મ્ય સમજાવ્યું છે. આ શરીર રથ છે. રથ-કાયા હમેશાં ભવ્ય જ હોય. (અત્યારે મોઘામાં મોંઘી 'કાર'નો દાખલો લઈ શકાય). એમાં વિરાજમાન **આત્મા** એ **રથી** છે. (પણ એ ડ્રાઈવર નથી, એને કાર ચલાવતાં આવડતી જ નથી), ઈન્દ્રિયો એ રથના ઘોડા છે, મન એ ઘોડાઓની લગામ છે. અને **ધી - બુદ્ધિ** - **बुद्धिं तु सारथिं विद्धि** (कठ.१/३/३) – બુદ્ધિ - **સારથિ** - (ડ્રાઈવર) છે. ખરી તકલીફ આ **સારથિની** છે. **કઠઉપનિષદ** કહે છે - જેવી રીતે અણઘડ, દારૂડિયા ડ્રાઈવર (સારથિ)ના હાથમાં દુષ્ટ ઘોડા (સ્ટિયરિંગ, ગિયર, એક્સિલરેટર, બ્રેક આ ચાર કારના ઘોડા છે) રહે નહીં તેમ **અવેવિકી-અસંયત (અસંયમી) બુદ્ધિના હાથમાં** ઈન્દ્રિયોના ઘોડા રહે નહીં. સંત તુલસીદાસજીએ **બુદ્ધિ-મતિ**ના બે સ્વરૂપ બતાવ્યાં છે - **सुमति** અને **कुमति.** પોતાના સગા મોટા ભાઈ રાવણની લાત ખાધા પછી, લંકા છોડતી વખતે મહાત્મા વિભીષણે રાવણને જે કહ્યું હતું તે દરેક માણસે પોતાના મનમાં કોતરી રાખવા જેવું છે -

**जहँ सुमति तहँ संपति नाना**
**जहँ कुमति तहँ विपत्ति विताना** (સુંદરકાંડ)

આ સુમતિ - બુદ્ધિના ઈશ ભગવાન દત્તાત્રેય છે; કારણ કે માણસને સુમતિ-સુબુદ્ધિ આપનારા એ જ છે. તેથી જ શ્રી કૃષ્ણાવતારમાં પોતાના શ્રી વાસુદેવ મુખે ગીતાજીમાં તેમણે પોતે જ કહ્યું છે :

**तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।**
**ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥ १०/१० ॥**

અર્થાત્ એ સતત મારા જ ધ્યાન વગેરેમાં રમમાણ રહી પ્રેમપૂર્વક ભજન કરનાર ભક્તોને હું તત્ત્વજ્ઞાનરૂપ બુદ્ધિયોગ આપું છું, જેથી તેઓ મને જ પ્રાપ્ત થાય છે.

(૩) **એકમાત્ર કલિતારક** - ભગવાન શ્રી દત્તાત્રેય કલિયુગમાં ભક્તના તારક - ભવતારક છે. એ એક - **એકમેવ, અદ્વિતીયમ્** બીજું કોઈ છે જ નહીં. આ કલિયુગમાં :-

**રાખણહારો રંગ હવે અવધૂત, ને એ વિણ નિસ્તારા**
(અ.આ.પૃ. ૫૮-૫૯)

આ ભજનમાં શ્રી અવધૂતજીએ કળિયુગની વિભીષિકા (Human predicament)નું યથાતથ ચિત્ર આપ્યું છે - બધે જ પાંખડ, લોકો અધર્મમાં રમમાણ, દુષ્કર્મ કરવામાં શૂરા, મનગમતા ચાળા,

**દેવો ડુંગરમાં ગયા, ગયા લપાઈ સંત**
**ઢોંગી ધર્મગુરુ થયા, થયા નીચ મહંત**
**નીતિ નવાણમાં ગઈ, વધી અનીતિ ઘોર**
**કોયલ તો મૂંગી રહી, કરે કાગડા શોર**
(અ.આ. એજન)

આવા આ કલિયુગમાં તારક તો એકમાત્ર ત્રીશ-ધીશ જ છે; માટે તું (પ્રસ્તુત લક્ષ્યજૂથના સભ્યને કહે છે) અન્યને છોડીને તેનાં શરણે જા-તેના ચરણ પકડ. ગુજરાતીમાં 'અન્યને ત્યજીને' એમ કહ્યું છે; જ્યારે સંસ્કૃત શ્લોકમાં **सर्वान् (धर्मान्) त्यकत्वा** – બધાને છોડીને એમ કહ્યું છે. સંસ્કૃત શ્લોકમાં ગીતાજીની છાંટ છે - **सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज** – બધા ધર્મો છોડીને મારા (એ શ્રી દત્ત એકના) શરણે જા એ ભાવ છે.

કેમ એના શરણે જવાનું કહે છે ? કારણ તેઓ **પાતિ** - ભક્તોને પાળે છે, રક્ષા કરે છે. રક્ષા કરવા માટે એ સંપૂર્ણ સજ્જ છે, માલા-કમંડલુ, ડમરુ-ત્રિશૂલ, શંક-ચક્રથી સજ્જ છે. ભક્તની સાથે, ભક્તની પ્રેમલક્ષણા ભક્તિથી બંધાઈને - પોતે બંધાઈને એ ભક્તને તારી દે છે. જેમ કે :-

(૧) **માલા** - નામસ્મરણનું પ્રતીક છે - ભક્તને નામસ્મરણનો મહિમા પોતે નામસ્મરણ કરીને સમજાવે છે. માલા માણસના મનનું પ્રતીક છે :-

**મન માલા દિન રૈન ચલાઈ સોહં સોહં એહિ** (અ.આ. પૃ.૩૬)

(૨) **કમંડલુ** - મહાત્મા સાયંદેવ ઘર-બાર છોડીને સદ્‌ગુરુ ભગવાન શ્રી નરસિંહ સરસ્વતી પાસે શરણભાવે આવ્યા, ત્યારે આવીને એમણે સ્તુતિ કરી -

**प्राणदान क्षमाम्बवाढ्य कमण्डलुकरोसि कः ॥**
(द्विसाहस्री – २०/५)

અર્થાત્ સકલ સૃષ્ટિને પ્રાણ-દાન ક્ષમા આપનારા જળથી પરિપૂર્ણ એવા કમંડળને ધારણ કરનાર આપ કઃ - પ્રજાપતિ બ્રહ્મા છો. કમંડળ ક્ષમા અને મડદાને જીવતા કરનારા જળથી પરિપૂર્ણ છે.

(૩) **શંખ-ડમરુ** - શંખ ઓમકાર અને ડમરુ તત્ત્વમસિના ધ્વનિનું પ્રતીક છે :-

**બજે કર શંખ ઓમકારા, ડમરુ તત્ત્વમસિધારા** (અ.આ. પૃ.૪૪)

(૪) **ચક્ર-ત્રિશૂલ** - ચક્ર ભક્તના ભવચક્ર - જન્મ-મરણના ફેરાને કાપનારું પ્રતીક છે. જ્યારે ત્રિશૂળ ભક્તની રક્ષા કરવા માટે છે. **શ્રી ગુરુલીલામૃત, કર્મકાંડ અધ્યાય-૬૫**માં ભક્ત વલ્લભેશની સદ્‌ગુરુ ભગવાન શ્રી શ્રીપાદ-શ્રી વલ્લભે ત્રિશૂલથી કરેલી રક્ષા તેનું પ્રસિદ્ધ દૃષ્ટાંત છે.

ભક્તની પ્રેમમયી ભક્તિના બંધનથી બંધાઈને એ સદ્‌ગુરુ ભગવાન ભક્તને તારી દે છે માટે એ શરણ્ય-શરણ કરવાયોગ્ય ગુરુનાં શરણે સત્વરે જઈ એમનાં ચરણ પકડ. ॥ ૫૨ ॥

**સંગતિ** : જા... શરણે જા... **प्रकर्षेण याहि** – દોડીને જા... એમ કહ્યું તો ખરું, પણ જવાનો રસ્તો કેવો છે ? એ માર્ગનું દિગ્દર્શન (Direction) કરાવે છે :-

**मार्गोऽयं तेऽत्यन्तवैषम्य पूर्णो**
**हिंस्रव्याप्तः शूलकीर्णोऽतिभीमः ।**
**धीरं धृत्वात्रेयदीपं प्रयाहि**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ५३ ॥**

**શબ્દાર્થ** : **मार्गोऽयं** – **मार्गः अयम्** – આ માર્ગ, **तेऽत्यन्त** – **ते** – **अत्यन्त** – તારો અતિશય, **वैषम्य पूर्णः** – વિષમતાઓથી ભરેલો (ઊબડખાબડ), **हिंस्रव्याप्तः** – હિંસક (પ્રાણીઓથી) વ્યાપ્ત - ભરેલો, **शूलकीर्णः** – કાટાંઓથી છવાયેલો, **अतिभीमः** – ખૂબ, ભયંકર, **धीरम्** - ધીરજથી, **धृत्वा** – ધારણ કરીને (લઈને), **आत्रेयदीपं** – આત્રેય-અત્રિપુત્ર શ્રી દત્તાત્રેયરૂપ દીપ, **प्रयाहि** – **प्र** – **प्रकर्षेण** – સાવધાનીપૂર્વક, **याहि** – જા અને શ્વાસે શ્વાસે શ્રી દત્તનામનું સ્મરણ કરતો જા. ॥ ૫૩ ॥

**બડો માર્ગ આ ભીમ વૈષમ્યપૂર્ણ**
**ધસે હિંસકો કંટકે પાદ ચૂર્ણ**
**જજે ધૈર્યથી દત્તદીવે જ તાત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૫૩ ॥**

**વિવરણ** : શ્લોક બાવનમાં ખૂબ સહાનુભૂતિ, વાત્સલ્યભાવથી આ જગત્-સુહૃદ શ્રી અવધૂતે બીજા લક્ષ્યજૂથનાં જીવને **तं शरण्यं प्रयाहि** – જા, જઈને એ શરણ્યના પગ ઝાલ. એમ કહ્યું છે. **જગત્ - સુહૃદનું સૌહાર્દ** - સુહૃદપણું - હૃદયની કોમળતા જુઓ : એ જવાનું કહીને ખસી નથી જતાં, જવાના માર્ગનું દિગ્દર્શન (Direction) કરાવે છે. એનું નામ જ સદ્‌ગુરુ. સદ્‌ગુરુ માર્ગદર્શક છે. એટલે પ્રસ્તુત કૃતિમાં તેઓ વખતોવખત માર્ગની વાત કરે છે. કેમ ? કારણ કે, પરમાત્મ સ્વરૂપ સદ્‌ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેય શોધનો વિષય છે. એટલે ભગવતી શ્રુતિએ સ્પષ્ટ કહ્યું જ છે - **सोऽन्वेष्टव्यः स विजिज्ञासितव्यः** – એ અન્વેષણ (investigation) કરવાયોગ્ય છે; એ જિજ્ઞાસા કરવાયોગ્ય છે. કારણ કે એને શોધવાનો છે; એટલે શોધવા કોઈક

ને કોઈક માર્ગે નીકળવું જ પડશે એ નિશ્ચિત છે. તેથી અહીં અવધૂત લગાતાર માર્ગની વાત કરતા જાય છે. જુઓ -

**૧. શ્લોક ૦૭ - ભમાવે જગે પંથ ઝાઝા અનેક**

**૨. શ્લોક ૨૦ - ગયા કેટલા અર્ધવાટે...**

**૩. શ્લોક ૨૪ - જવાનું ઘણું દૂર તારે સુદૂર...**

**૪. શ્લોક ૩૮ - જહાં ને તિહાં માર્ગમાં ડુંગરાઓ...**

તે તે શ્લોકના વિવરણમાં આપણે ત્યાં ત્યાં શ્રી અવધૂતને અભિપ્રેત એવા અર્થનું સ્પષ્ટીકરણ કરવા પ્રયત્ન કર્યો છે. પ્રસ્તુત શ્લોક માર્ગ વિષયક એ ચર્ચાઓના અનુસંધાનમાં આવે છે.

માર્ગ મુખ્યતઃ બે જ છે - એક **પ્રેયનો માર્ગ** અને બીજો **શ્રેયનો માર્ગ.** શ્રી દત્તપાદાંબુજ પકડવા માટે જવાનો **શ્રેયનો માર્ગ** કેવો છે તે અહીં બતાવે છે. શ્રી દત્તની પાસે પહોંચવાનું છે. એ ક્યાં છે ? એમનું કાયમી સરનામું શું છે ? એ બીજે ક્યાંય નથી અને સર્વત્ર છે. એટલે એને શોધવા નીકળરનારનો માર્ગ **બડો ભીમ વૈષમ્યપૂર્ણ** છે. એ માર્ગની વિષમતા અને તેની ભયંકરતા મારા જેવા પામર, ઘરના ઘાવકીને શી ખબર હોય ? એ માર્ગના ઇહલોક પ્રવાસી કોઈક શ્રી રંગ અવધૂત, કોઈક શ્રી યોગાનન્દ સરસ્વતી, કોઈક યોગાચાર્ય શ્રી વામનરાવ ગુલથણી મહારાજને હોય. આ ત્રણેયે ગુરુના ઘર સુધી પહોંચવાના દેખીતા પૃથ્વી પરના રસ્તાની વિષમતાનો અનુભવ કર્યો છે. જેમ કે :

(૧) શ્રી અવધૂતજી પોતે વારંવાર **(Repeatedly)** કહ્યા કરે છે :

(ક) **ભટક ભટક ચરનન મેં આયો...** (અ.આ. પૃ.૪)

હું ચારેકોર રખડી-રઝળીને મહાપ્રાણે તમારા ચરણમાં આવ્યો છું. ક્યાં રખડ્યા-રઝળ્યા હશે ? ભવાટવીમાસ્તો.

(ખ) **ફિર ફિર મેરી તંગડી તૂટી શ્વાસ ન ઉર સમાય.** (અ.આ. ૩૮) એવા બીહડ રસ્તે ભચકાવાનું થયું કે તારા દ્વાર સુધી આવતાં આવતાં ટાંટિયાં તૂટ્યા. હાંફી ગયા. ક્યાં ભચકાયા હશે અવધૂત ? સંસારમાં સ્લો.

(ગ) **ગુરુગમ મારગ પોથાંથોથાં, કોઉ કામ ન આયો.** (અ.આ. પૃ.૪૦)

આ માર્ગ એવો છે કે એમાં એકેય એટલાસ ટાઈમ ટેબલ, નકશા કામ લાગે એવા નથી.

(ઘ) **ચોરાશી ઘર ભિક્ષા માગી, તોયે રહી ઉપવાસી**
**પાંચ, પચીસ, બત્તીસ ગલી ભટકી...** (અ.આ. પૃ.૭૯)

લખ ચોરાશીના ફેરા ફર્યા, પાંચ ઈન્દ્રિય, પચીસ તત્ત્વ આદિ ગલીઓમાં ભટક્યા ને હાથમાં ચીથરાં જ આવ્યા વગેરે દ્વારા એમણે માર્ગની વાત કરી છે.

(૨) અહીં વિસ્તારભયને કારણે આપણે આ તબક્કે પૂજનીય શ્રી ગાંડા મહારાજશ્રી (પ.પ.શ્રી યોગાનંદ સરસ્વતી) અને પૂજનીય યોગાચાર્ય શ્રી ગુલવણી મહારાજશ્રીના રઝળપાટની વાત કરતા નથી.

આમ, શ્રી અવધૂતજી કહે છે - **પ્રભુનો મારગ છે શૂરાનો, કાયરનું નહીં કામ (અ.આ.પૃ.૧૧૪).** ભવાટવીમાં તેની ભીષણતામાંથી માર્ગ કરીને પહોંચવાનું છે. એટલે ધીરજની જરૂર છે. ધીરજપૂર્વક **આત્રેય-દીપ** - શ્રી દત્તાત્રેયરૂપ દીપ લઈને સાવચેતીપૂર્વક, ડર્યા વિના માર્ગ કરતા જવાનું - માર્ગ કાપતા જવાનું છે. ભગવાનશ્રી દત્તાત્રેય સદ્ગુરુ સ્વરૂપ એટલે જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનનો દીવો છે. દીપક-જ્યોતિ-જ્ઞાનજ્યોતિ છે. માટે એક ભજનમાં તેઓ કહે છે :

**ભાગે ભીતિ રે, મોતની, જમડા નાસી જાય**
**જાગે જ્યોતિ રે, અંતરે, મુક્તિ મેવા ખાય.. પશ્ચિમ...**
(અ.આ.પૃ.૧૧૮)

અંતરમાં-ભીતરમાં એ આત્રેય દીપની જ્યોતિ જાગતાં-ઝળહળતાં મોતની ભીતિ ભાગે, જમડા નાસી જાય અને એ પ્રવાસી મુક્તિરૂપી મેવા ખાય. માટે હે તાત, તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કરી લે. ॥ ૫૩ ॥

**સંગતિ** :આ કામને જીવનમાં અગ્રતા આપવાનું શાથી આવશ્યક છે તે દર્શાવે છે :-

**को जानीते श्वः कथं वर्तते ते**
**कालग्रस्ते जीवलोके समन्तात् ।**[२१]
**कर्तव्यं यच्छ्रीघ्रमेवावधेहि**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ५४ ॥**

**શબ્દાર્થ** : **कः** – કોણ, **जानीते** (**ज्ञा.धा**. ૯.ઉ.પ.) - જાણે છે, **श्वः** – આવતીકાલે, **कथं** – શું, **वर्तते** – (वृत्–१ આ)- થાય છે, **ते** – તારું, **कालग्रस्ते** – કાળથી ગ્રસ્ત થયેલા, **जीवलोके** – આ જગતમાં, **समन्तात्** - ચારે બાજુથી, **कर्तव्यं** – કરવા જેવું, **यत्** - જે કાંઈ (હોય તે), **शीघ्रमेव** – **शीघ्रम् एव** - સત્વરે જ, **अवधेहि** – (**अव**–ધા.૩.ઉ.૫. આજ્ઞાર્થ બી.પુ.એ.વ.) - કરી લે, પૂરું કર. અને હે આત્મન શ્વાસે શ્વાસે દત્તનામનું સ્મરણ કર.

**થશે કાલ શું કોણ જાણે અહીં રે**
**ગ્રસ્યા જ્યાં બધા જીવ સર્વત્ર કાળે;**
**કરી લે બધું જેહ કર્તવ્ય તૂર્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૫૪ ॥**

૨૧. આ સતિ સપ્તમીનો પ્રયોગ છે - जीवलोके समन्तात् कालग्रस्ते सति – જ્યારે આખું જગત ચારેબાજુથી કાળથી ગ્રસાયેલું છે ત્યારે... એ અર્થ છે.

**વિવરણ** : માર્ગ આવો ઊબડ-ખાબડ, કાંટા-કાંકરાથી, હિંસ્ર પ્રાણીઓથી ભરેલો છે; અને શ્લોક-૦૪માં કહ્યું છે તેમ

**જવાનું ઘણું દૂર તારે સુદૂર**
**રહે ના પડી માર્ગમાં દેખી ધૂળ**

માર્ગમાંનાં વિઘ્નો અને ધૂળ જેવી સફળતાઓના મોહમાં પડીને તું અટકી ના જઈશ. વળી આ જીવન, આ માનવદેહ છે તો ઘણો સરસ, પણ ક્ષણભંગુર છે. વળી, અત્યારે આ વીસમી-એકવીસમી સદીમાં આ જગત **સમંતાત્** - ચારેબાજુથી કાળગ્રસ્ત છે. પ્રાચીન કાળમાં જીવન હતું તો ક્ષણભંગુર જ, પણ કાળનો ગ્રાસ એક જ બાજુથી થતો હતો એટલે કે માણસ વયોચિત કુદરતી મૃત્યુથી જ મરતો હતો. અપમૃત્યુ થતું તો હિંસ્ર જીવના દંશ, ફાડી ખાવાથી કે ક્યાંક જવલ્લે જ મારામારી - યુદ્ધથી થતું. અત્યારે વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં એક બાજુ માણસને રોગોની સામે રક્ષણ આપનારી દવાઓ વધતી જાય છે; માણસનું આયુષ્ય વધારવાના પ્રયત્નો થતાં જાય છે; તો બીજી બાજુ એઈડ્સ જેવા રોગ, આતંકવાદ, યુદ્ધના વિષાણુ શસ્રોના ભય, અકસ્માતના ભયના ઓથાર નીચે માણસનું જીવન પ્રતિદિન વધુ ને વધુ અનિશ્ચિત બનતું જાય છે : **થશે કાલ શું કોણ જાણે અહીં રે...** આ અનિશ્ચિતતા ગઈકાલે, પ્રાચીનકાળમાં પણ હતી જ : **ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે** - સ્વયં જાનકીનાથને પણ બીજા દિવસે સવારે વનમાં જવું પડશે તેનો ખ્યાલ ન આવ્યો, તો તેના કરતાંય આજે તો હમણાં જ ક્ષણ પછી શું થશે તેની કોને ખબર છે ? એ કાલ - કાળની કરામત છે. તેથી ભર્તૃહરિ જેવા કવિએ **कालाय तस्मै नमः** એ કાળને નમસ્કાર કર્યા છે.

એ પરિસ્થિતિમાં હે જીવ તું તારું જે કાંઈ કર્તવ્ય - કરવા જેવું કામ હોય તે શીઘ્ર - સત્વરે કરી લે. કહ્યું છે કે :-

**श्वकार्यमद्यकुर्वीत पूर्वाह्णे, चापराह्णिकम् ।**
**न हि प्रतिक्षते मृत्यु कृतमद्य न वा कृतम् ॥**

આવતીકાલે શું થશે તેની ખબર નથી માટે કાલનું કામ આજે જ કરી લેવું, બપોર પછી કરવાનું હોય તે સવારે કરી લેવું. કારણ કે, આ ભાઈએ કામ પૂરું કર્યું છે કે નહીં તેની પ્રતીક્ષા મૃત્યુ કદાપિ કરતું નથી.

કર્તવ્ય - કરવા જેવું શું છે ? એ નક્કી કરવામાં જ ખરી કસોટી છે. માણસ ગમે એટલો ભણેલો-ગણેલો, ડાહ્યોડમરો, કર્તવ્ય પરાયણ, સન્નિષ્ટ હોય તો પણ તેનું કર્તવ્ય શું છે તે નક્કી કરી શકતો નથી. એનાં દુર્ભાગ્યે એને એવો કોઈ સદ્‌ગુરુ પણ મળતો નથી જે એને એનું કર્તવ્ય બતાવે. પરિણામે મોટાભાગના માણસોનું મોટા ભાગનું જીવન અકર્તવ્ય - ન કરવા જેવું કરવામાં જ વ્યતીત થાય છે. તેથી અવધૂતજી એક પ્રભાતિયામાં કહે છે :-

**વિષયની વાતમાં વિષ્ણુ ભૂલી ગયા**
**રાખની આશમાં લાખ ખોયા**
**દેહની ચિંતમાં દેવ કોરે રહ્યા**
**મોહિની જાળમાં સર્વમોહ્યા. ॥ ટેક ॥**

વિષયોની વાત - આ મેળવી લીધું, આ કરી નાખ્યું, હવે કાલે આ કરી નાખીશું આવી વાતમાં શ્રી વિષ્ણુનું નામસ્મરણ ભૂલાઈ ગયું. ધૂળ જેવી પ્રાપ્તિની ચિંતામાં લાખ રૂપિયાની પ્રાપ્તિ જેવું હરિનામ ખોયું. પાંત્રીસ-ચાલીસ વરસની ઉંમર થતાં થતાં શરીરની ચિંતા : આજે શરીરમાં ખાંડ વધી ગઈ ને કાલે કેલ્શિયમ ઘટી ગયું. એની ચિંતામાં દેવપૂજા બાજુ પર રહી ને છેવટે મોહિની જાળમાં પેલા ગુરુ કબૂતરની જેમ ફસાયા ને મર્યા.

**પેટની વેઠમાં રાતદિન આથડે**
**શેઠની ભેટ નવ ક્યાંય થાતી**
**આયુ એળે ગઈ, કરમકથની રહી**
**રોઈ રોઈ થઈ આંખ રાતી. ॥ ૧ ॥**

(ઉ.પ્રા. પૃ. ૨૩)

આખી જિંદગી પાપી પેટ માટે ફાંફાં માર્યા, પણ શેઠ-ગુરુ દત્તાત્રેય ક્યાંય મળ્યા નહીં. આખું આયુષ્ય એળે ગયું અને છતાં કરમની કથની તો એની એ જ રહી. નિવૃત્ત થયા પછી પણ નોકરી શોધવાની રહી. રડતા હતા ને રડતા રહ્યા.

આ બધાં કર્તવ્ય નથી. એ બધું તો થયા જ કરવાનું છે. મુખ્ય કર્તવ્ય - કરવા જેવું કર્મ તો છે : **"ત્યજી અન્ય તત્પાદ જા ઝાલ નેક"** (શ્લો.૫૨) અન્ય બધાં જ કર્મ છોડીને એ શરણ્યનાં ચરણ પકડવા એ કર્તવ્ય છે. માટે જ કહ્યું છે : **कोटिंत्यक्त्वा हरिं भजेत्** - કરોડ કામ - કહેવાતાં કામ છોડીને ભગવાન શ્રી હરિ શ્રી દત્તનામ સ્મરણ કરી લેવું. યાદ રહે, આમાં ક્યાંય નોકરી-ધંધો કરવાની ના પાડી નથી. એ તો કરવાનો જ છે. પોતાનું કર્મ તો માણસે કરવાનું જ છે. ભારતમાં બધા નોકરીધંધા સવારે વહેલામાં વહેલા નવ વાગ્યે શરૂ થાય છે અને મોડામાં મોડા સાંજે સાત વાગ્યે પૂરા થઈ જાય છે. બાકીના સમયમાં માણસ શું કરે છે ? એ તેણે વિચારી લેવાનું છે. અહીં તો બસમાં જતાં-આવતાં, ઉઠતાં-બેસતાં, ખાતાં-પીતાં શ્રી દત્તનામનું પ્રતિશ્વાસ સ્મરણ કરવાનાં કર્તવ્યની વાત કરી છે. ॥ ૫૪ ॥

**સંગતિ** : શ્લોક ૫૩ના અનુસંધાનમાં શ્રેય માર્ગમાં આવતી પ્રેયની સમસ્યાઓ ત્રણ શ્લોકમાં દર્શાવે છે :-

**मार्गे मार्गे नूतना स्वर्णवीथि –**
**वीथौ वीथौ काञ्चनं नेत्रकर्षि ।**
**धृत्वाबालान्स्वर्ण कारास्तुदन्ति**
**श्वासे श्वासे दत्तना.म स्मरात्मन् ॥ ५५ ॥**

**શબ્દાર્થ** : **मार्गे मार्गे** – રસ્તામાં (જતાં) જ્યાં ને ત્યાં, **नूतना** – તદ્દન નવી/નવાં, **स्वर्णवीथिः** – સોનાનું બજાર-હાટ-દુકાનો, **वीथौ वीथौ** (वीथि – સ્ત્રી. સ.એ.વ.) - દુકાને દુકાને, **काञ्चनं** – સુવર્ણ, **नेत्रकर्षि** – આંખને આકર્ષનાર, **धृत्वा** – પકડીને, **बालन्** - બાળકોને (બાળ બુદ્ધિવાળાને), **स्वर्णकाराः** - સોનીઓ, **तुदन्ति** – (तुद् – ૬.ગ.ઉ.૫) - પકડીને ભોળવે છે. માટે તું શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરી લે. ॥ ૫૫ ॥

**ભર્યાં જો જહાં ત્યાં નવાં સ્વર્ણ હાટો**
**ચળે દૃષ્ટિ જો લોક મૂકે જ દોટો**
**ગ્રહી બાળ સોની કરે બદ્ધ ચેત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૫૫ ॥**

**વિવરણ** : શ્લોક-૫૩ **બડો માર્ગ આ ભીમ વૈષમ્યપૂર્ણ** -માં શરૂ કરેલી વાત આગળ ચાલે છે. આ માર્ગ શ્રેયના શિખર તરફનો છે, પણ તે પ્રેયની ગલીઓમાંથી પસાર થાય છે. આ આખું જગત **પ્રપંચ** - એટલે **પાંચ તત્ત્વો - આકાશ, પૃથ્વી, તેજ, જલ** અને **વાયુ** તથા **પાંચ ઈન્દ્રિયો - નેત્ર, ઘ્રાણ, શ્રવણ, સ્વાદ, સ્પર્શ** અને તેની **પાંચ તન્માત્રાઓ - શબ્દ, સ્પર્શ, રૂપ, રસ,** અને **ગંધ.** આ બધાના ઉત્તરોત્તર વિસ્તારને કારણ પેદા થતું **છળ-કપટ-વંચના** એટલે **પ્રપંચ.** આ કપટમાં મોટામાં મોટાં કપટ - છળ બે છે - એક કાંચન અને બીજી કામિની. આ બેમાં ફસાયા પછી નીકળી શકાશે નહીં. બાકીના **રસ, ગંધ, શબ્દ**ના કપટમાં માણસ ફસાય તો પણ પાછો સવેળા નીકળી શકે ખરો. એટલે અહીં શ્રી અવધૂતજીએ **કાંચન-સ્વર્ણહાટો**ની વાત માંડી છે. એમાં **કામિની** આવી જ જાય છે; એ **નિહિત (Implied)** છે.

ચારેબાજુ કાંચન (કામિની)ની વીથિઓ-બજારો-હાટો છે. હાટો તો શ્રી અવધૂતજીના સમયમાં હતી, અત્યારે તો રાફડો ફાટ્યો છે. એ **નેત્રકર્ષિ** - આંખને આકર્ષનાર-ચલિત કરનાર છે. એની સાથે જ એ હાટમાં બેઠેલા સોની ત્યાંથી પસાર થનારને પકડીને એમની ચેતનાને બદ્ધ-મૂઢ બનાવી દે છે. અહીં એમની ફસાવવાની કારીગરી બાળકો પર વિશેષ સફળ થાય છે. બાળક એટલે - **ग्रहण धार्यमपटुः बालकाः न तुं स्तनन्धयः** – મહાન તર્કશાસ્રી **શ્રી અન્નમ ભટ્ટે** બાળક શબ્દની વ્યાખ્યા કરી છે : **ધાવણાં હોય એ જ બાળક છે; એવું નથી, ગ્રહણ કરેલું ધારણ (Retain) કરવાની બાબતમાં અપટુ-ઢીલા હોય એ જ ખરા અર્થમાં બાળક છે.** બાળબુદ્ધિ લોકો (એટલે કે મોટાભાગના)ની બુદ્ધિ એ દુન્યવી ઝાકમઝોળથી અંજાઈને

ભાન ભૂલી, એમાં ફસાઈ રમમાણ થઈ જાય છે. આ તો બધું બરાબર છે. સોનાની હાટોમાં બેઠેલા **સોની** કોણ છે ? એ જાણવું, એમને ઓળખવા જરૂરી છે. એ **સોની ત્રણ** જ છે; વધારે નથી - **કામ, ક્રોધ અને લોભ,** એ આ કળિયુગના સોદાગરો છે. એમની ખૂબી એ છે કે એ એકી સાથે **દ્રષ્ટા અને દશ્ય** ઉભયમાં એક જ સમયે (Simultaneously) રહીને પોતાનો પ્રભાવ પાડી શકે છે. સામે ગમે એટલું સોનું પડ્યું હોય, પણ હું તેનો દ્રષ્ટા **હિરણ્યાક્ષ** ન હોઉં તો - તે એ સોનામાં અને માટીના ઢેફાંમાં કશો ફેર પડતો નથી. સામે ગમે એટલી કામિનીઓ ઊભી હોય,પણ હું તેનો દ્રષ્ટા **હિરણ્યકશિપુ** ન હોઉં તો... બે વરસની બાળકી, સોળ વરસની સુંદરીમાં કોઈ ફર્ક પડતો નથી. શ્રી રામકૃષ્ણ પરમહંસના હિતેચ્છુઓ ઠાકુરને સંસારી બનાવવાના શુભ-આશયથી એક વખત કલકત્તાના વેશ્યા બજારમાં એક ગણિકાને ઘરે લઈ ગયા હતા. ત્યાં એ માતાને જોઈને તેઓ અહોભાવથી સમાધિમાં લીન થઈ ગયા. આવી પરિસ્થિતિમાં માણસને તારનાર ભગવાન શ્રી દત્તાત્રેય, તેમનું નામસ્મરણ છે. એ નામસ્મરણને મનમાં ગ્રહણ કરી ધારણ કરી, બાલ્યાવસ્થામાંથી પ્રૌઢાવસ્થામાં પહોંચવાનો પ્રયત્ન કરનારની મનોવૃત્તિ સ્થિર થતાં આ માર્ગે આગળ વધી શકાય; એ શ્લોકનું તાત્પર્ય છે. ।।૫૫।।

**સંગતિ** : દર્શન-દૃષ્ટિ જન્મ સમસ્યા દર્શાવ્યા પછી હવે સ્વાદેન્દ્રિજન્ય સમસ્યા બતાવે છે :

**मार्गे मार्गे मिष्टलड्डूकगेहं**
**गेहे गेहे लड्डुकाः स्वादपूर्णाः ।**
**रिञ्चन्त्यज्ञान्मोहयित्वा रसाद्यैः**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ५६ ॥**

**શબ્દાર્થ** : **मार्गे मार्गे** – જ્યાં ત્યાં, સર્વત્ર, **मिष्ट लड्डूकगेहं** – મીઠા લાડુનાં ઘર, **गेहे गेहे** – ઘરે ઘરે, **लड्डूकाः** – લાડવા, **स्वादपूर्णाः** – ખૂબ સ્વાદિષ્ટ, **रिञ्चन्ति** – (**रिच्** – ૭.ઉ.પ.) નીચોવે છે, **अज्ञान्** – અજ્ઞાનીઓને, **मोहयित्वा** – મોહ પમાડીને, **रसाद्यैः रस–आद्यैः** – રસ વગેરેથી,

(**आदि** - વગેરેમાં સ્વાદ, બનાવટની રીત, બનાવટના ઘટકો (ingredients),નો સમાવેશ થાય) માટે હે આત્મન તું શ્વાસે શ્વાસે શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૫૬ ॥

**વળી, દેખ જ્યાં ત્યાં ભર્યા લડ્ડુ ગેહો**
**ગળ્યા લાડુ ખેંચે જ કેવા અહોહો**
**નીચેવે રસે મોહી જો અજ્ઞ હન્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૫૬ ॥**

**વિવરણ** : શ્લોક-૫૫ના અનુસંધાનમાં વાત આગળ ચાલે છે. માણસની બે લાચારી છે. **(૧) કામ (Sex), (૨) ક્ષુધા.** કામવાસનાની તૃપ્તિ અને ક્ષુધા - ભૂખની તૃપ્તિ. માટે માણસ આખું જીવન અને જન્મોનાં જન્મ આ ભવાટવિમાં અથડાય છે, અથવા કહો **શિશ્ન - જનનેન્દ્રિય** અને **ઉદર - પેટ**ની પૂર્તિની લાચારી માણસને અથડાવે છે. કરુણાવરુણાલય સદ્‌ગુરુ ભગવાનની કૃપાનો લેશમાત્ર અંશ પ્રાપ્ત થાય તો જ માણસ તેમાંથી મુક્ત થઈ શકે.

પૂર્વશ્લોકમાં નિર્દિષ્ટ **કાંચન** (અને કામિની)ના આકર્ષણના જેવું જ આ ભવાટવિમાં બીજું આકર્ષણ ક્ષુધાતૃપ્તિ માટે ચારે બાજુ દેખાતી સ્વાદિષ્ટ વાનગીઓ છે. શ્લોકમાં **लड्डुकः – લાડુ** શબ્દ તેને માટેનો ઉપલક્ષણાત્મક (સાંકેતિક) શબ્દ છે. ઠેકઠેકાણે **ખાઉ ગલીઓ** દુકાનો, વાનગીઓની જાહેરાતો, ફૂડના અનેકવિધ પ્રકારો - **ફૂડ - સામાન્ય ખાણું, જંક ફૂડ - ફાસ્ટ ફૂડ** - વિશિષ્ટ પ્રકારનાં સ્વાદિષ્ટ ખાણાં. માણસ ખાય-ખાધા કરે અને એમ ખાઉધરો થઈ જાય. એ ખાદ્યસામગ્રીની વિશેષતા એ છે કે, એવી રસપૂર્ણ છે કે સામાન્ય અજ્ઞાની માણસ એના મોહમાં ફસાઈને પોતાની જીભને વશમાં ન રાખી શકે. વીસમી એકવીસમી સદીમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રભાવને કારણે ખાદ્યસામગ્રીમાં **રસ આદિ** એટલે - **(૧) સ્વાદ - Test, (૨) બનાવટ - તેની રેસીપી, (૩) તેમાં યોજેલા**

**ઘટકો - (Ingredients). (૪) તેની તાજગી - (Freshness)**ની સ્પષ્ટ સૂચના દ્વારા માણસને તે ખાવા લલચાય એમ નહીં, એણે ખાવું જ પડે, ખાધે જ છૂટકો એવી પરિસ્થિતિમાં મૂકે છે. ભૂખ લાગે છે અને ખાવાનું મળે છે એટલે ખાધે રાખે છે. મનમાં કામનો આવેગ આવે અને કાંચનની હાટો ઉપલબ્ધ છે એટલે ઉપભોગ કરી જ લે. વીસમી સદીમાં પશ્ચિમમાંથી જીવનની એક ફિલોસોફી આપણા દેશમાં આવી તેનું નામ **વપરાશવાદ (Consumerism) - ખાવું, પીવું, વાપરી નાખવું.** એટલે શ્રી અવધૂતજી એક ભજનમાં આ વાત કહે છે :

**પશ્ચિમ વાની રે, વાદળી, ઝેરી બરખા થાય**

**સદ્‌ગુણ ખેત રે, ખેરવી, વેલો ખાવા ધાય... (અ.આ.પૃ. ૧૧૮)**

આખું ભજન વિગતે સમજવા જેવું છે - પશ્ચિમથી ફૂંકાતા આવેલા વાયુની વાદળીમાં અહીં ઝેરી વરસાદ વરસી રહ્યો છે (શાનો ? વપરાશવાદનો), ભારતનાં ખેતરમાં ઉછરેલાં સદ્‌ગુણ : **ઈતભુક્** - ભાવતું હોય એ જ ખાવું, **મિત ભુક્** - મિતાહાર - ઓછું ખાવું, **અશાક ભુક્** - શાક તો ખાવાં જ નહીં. આવા સદ્‌ગુણોને ખેરવી, નવો ઝેરનો વેલો માણસને ખાવા ધાય છે. અજ્ઞાની માણસ નીચોવાઈ જાય છે. પૂજ્યશ્રીએ સંસ્કૃત ભાષા પાસેથી જે કામ લીધું છે તેની સ્તુતિ કોઈ રીતે કરી શકાય એમ નથી. **શ્લોક-૫૫**માં સોનીઓ બાળક જેવા અજ્ઞાનીઓને છેતરે છે; એમની ચેતનાને બહેરી બનાવી સોનાને બદલે કંઈક ભળતું જ પધરાવી દે છે એ ભાવ સૂચવવા માટે **तुदन्ति – ભોળવી જાય છે - ઠગી લે છે**; એ ક્રિયાપદનો પ્રયોગ કર્યો છે. અહીં પ્રસ્તુત શ્લોકમાં આ ખાણી-પીણીના ઉપહારગૃહો - રેસ્ટોરાં (Restaurant) અજ્ઞાની માણસોને **रिञ्चन्ति** – નીચોવી લે છે; એ ક્રિયાપદનો પ્રયોગ કર્યો છે. નીચોવાય છે - બેય રીતે પૈસાથી અને રસના ચટકા કરવા જતાં શરીરથી. જેવી રીતે હાડકું ચૂસતાં કૂતરાને એમ થાય કે પોતે સરસ રસ ચૂસી રહ્યું છે, પણ હકીકતમાં રસ ખાદ્યનો નથી મુખમાં રહેલા સ્વાદુપિંડમાંથી ઝરતા રસનો સ્વાદ છે.

માણસ અત્યારે **ભોળવાઈ-ઠગાઈ** રહ્યો છે - સુવર્ણ હાટોનાં જગતમાં અને **નીચોવાઈ-ચૂસાઈ** રહ્યો છે - ખાણીપીણીનાં બજારમાં.

આવું ખાવામાં ખોટું શું છે ? ખોટું એ છે કે જેવું અન્ન તેવો ઓડકાર - **आहार शुद्धौ सत्वशुद्धि** – આહાર જો શુદ્ધ, સુપાચ્ય - **ઈત, મિત, અશાકવાળો** હોય તો તેની અસર માણસના **સત્વ (Essence)** - મૂળ પ્રકૃતિ પર થાય. તેની અસર માણસના સ્વાસ્થ્ય પર થાય છે તેની તો આજના તબીબી વિજ્ઞાને પણ પાકી નોંધ લઈ; લોકોને ગમે તેવું ખાધા ન કરવાની સલાહ આપવાનું શરૂ કર્યું છે; પણ એ બીમાર થઈ તબીબને ત્યાં ગયા પછી મળતી સલાહ છે. જ્યારે અહીં શ્રી અવધૂતજી **ભવરોગ**નો ઉપચાર સૂચવે છે. ભવરોગ જનમતાની સાથે લાગુ પડેલો જ હોય છે. એનો ઉપચાર છે : શ્વાસેશ્વાસે પ્રભુ શ્રી દત્તનાં નામનું સ્મરણ. ॥ ૫૬ ॥

**સંગતિ** - એના અનુસંધાનમાં માણસની કાયહોડીની વિસામણ ભરી સ્થિતિ દર્શાવે છે :-

**भग्न प्रायो वासनावारिपूरे**
**हन्तात्मँस्ते दुस्तरे कायकोलः ।**
**देवं दत्तं कर्णधारं वृणीष्व**
**नान्यः कश्चित्पारयेत्त्वां तदोघात् ॥ ५७ ॥**

**શબ્દાર્થ** : **भग्न प्रायः** – ડૂબું ડૂબું થઈ રહેલી, **वासनावारिपूरे** – વાસનારૂપી જળનાં પૂરમાં, **हन्तात्मँस्ते – हन्त** – અરે રે, **आत्मन्** - હે આત્મન્ - હે જીવ, તે – તારી, **कायकोलः** – કાયારૂપી હોડી, **देवं दत्तं** – દત્ત દેવને, **कर्णधारं** – સુકાનીરૂપે, **वृणीष्व** – (વૃ.૫.ઉ.૫.)- વરણ કર, પસંદ કર, (કારણ કે), **नान्यः – न अन्य** – બીજો, **कश्चित्** - કોઈ (નથી) (જે), **पारयेत्** – (**पार**. ૧૦.ઉ.ભ. વિધ્યર્થ તૃ.પુ.એ.વ.) - તને પાર કરાવે, **त्वाम्** - તને, **तदोघात् – तत् – ओघात्** – એ પ્રવાહમાંથી. ॥ ૫૭ ॥

**વહે વાસનાપૂર જો ના તરાયે**
**મહીં કાયહોડી તહારી તણાયે**
**વરે દત્ત યોગી સુકાની સખા જો**
**લઈ જાય ના પાર કોઈ જ બીજો. ॥ ૫૭ ॥**

**વિવરણ** : શ્લોક ૫૫-૫૬માં જે શિશ્નોદર-કામ-ભૂખનાં આકર્ષણોની વાત કરી છે તેને માટે **અહીં વાસનાનાં જળનાં પૂર** શબ્દ દ્વારા સ્પષ્ટતા કરી છે. આ બધું વાસનાઓનું પૂર છે. એ પૂરમાં સપડાયેલાં જીવને શરૂઆતમાં તો કદાચ સારું લાગે પણ પછી -

**વિષયધૂલી ઊડે સૂઝ કંઈ નવ પડે**
**આંખ ચોળી રડે જીવ હારી...** (ઉ.પ્રા.પૃ.૪)

રડવાનો વારો આવે. વાસનાનાં પૂરમાં મનુષ્યોની જીવન નૌકા **भग्न प्राय** ડૂબું ડૂબું થઈ રહે.

**આજ હમારી જીવન નૌકા ડૂબું ડૂબું ભરદરિયે કરે**
**વાદળથી નભ ઘોર છવાયું કડડડકડડડ શબ્દ કરે**
**મેરુ સમા મોજાં ઉછળે આ, જળચર ખેચર ખાવા ધસે...**
**હાથ સુકાન રહેના... (અ.આ. પૃ. ૪૨)**

અવધૂતી આનંદનાં આ ભજનનો સંદર્ભ અહીં અને હવે પછીના શ્લોક-૫૮ સાથે પણ છે.

આ પૂરથી થનારી અંગત-વ્યક્તિગત હોનારતનો ખ્યાલ માણસને આવતો નથી. શ્રી અવધૂતજી જેવા કોઈક સદ્ગુરુ સામે ચાલીને જે નુકસાન થઈ રહ્યું છે અને હજી હવે થવાનું છે તેનો ખ્યાલ આપે તો જ ખ્યાલમાં એવું છે. પૂર-વાસનાનાં પૂરમાં માત્ર જળનો ઓઘ છે એટલું જ નથી. એની સાથે વાદળની ઘનઘોર ઘટા અર્થાત્ નર્યું અજ્ઞાન પણ વ્યાપેલું છે. અજ્ઞાન વાસ્તવિકતાનું અજ્ઞાન છે. જીવનની વાસ્તવિકતા એ છે કે માણસ દેખીતાં **સુવર્ણ હાટોમાં ભોળવાય-ઠગાય** છે; અને તદ્દન મામૂલી **ખાણી-પીણીમાં**

**નીચોવાય** છે. એ અજ્ઞાનની સાથે **વીજળીના કડાકા**ના કાન ફાડી નાખે એવા અવાજો છે. એ અવાજો સ્પર્ધાના છે, આગળ વધવા માટેના, મેળવી લેવાની, લઈ લેવાની હરિફાઈના છે. **ચારે બાજુ મોજાં ઊછળે** છે; એ સામાન્ય નદીનાં નથી, ભવસાગરનાં છે; એ મોજાં દેખીતી **ઉન્નતિ**, કહેવાતા **વિકાસ (Development)**ના છે; આજે આટલો વિકાસ થયો, દેશ વિકસી રહ્યો છે; એ વિકાસના **મોજાં** છે. એમાં બંને પ્રકારનાં હિંસક પ્રાણીઓ છે - **જળચર** અને **ખેચર** - જે ઈર્ષ્યાના માર્યા પોતાને જે નથી મળ્યું ને બીજાને મળી ગયું છે; બીજા આગળ વધી ગયા છે; એમને હંફાવી એમની પાસેથી ઝૂંટવી લેનારા જળચર અને ખેચર. આવી અંધારી વાટમાં ફસાયેલા હે આત્મન્ - જીવ તું શ્રી દત્તયોગીને તારી આ જીવન નાવના સુકાની સખા તરીકે વરી લે તો તારો બેડો પાર થાય; કારણ કે હવે અહીં એમના સિવાય બીજું કોઈ તને પાર લઈ જઈ શકે તેમ નથી. કેમ બીજું કોઈ નથી એમ કહો છો ? બીજું કોઈ નથી કારણ કે અહીં બધા જ - સોએ સો ટકા આ પૂરમાં ફસાયેલા છે; કોણ કોને બચાવે ?

અત્યારે માનવજાત આ તબક્કે આવીને ઊભી છે. શ્રી અવધૂતજી અહીં જે વાત કરે છે; એ જ વાત પ્રકારન્તરે (જુદી રીતે) બીજા દેશોના તત્ત્વજ્ઞાનીઓએ કરી છે. જેમ કે ફ્રાન્સ અને જર્મનના **અસ્તિત્વવાદીઓ (Existentialist)** એ માનવજીવનની આ દુર્દશાનાં નક્કર નિદાનો, અલબત્ત, એમની રીતે આપ્યાં જ છે. અહીં આપણે એ ચર્ચા અસ્થાને હોવાથી વિગતોમાં જતા નથી. ॥ ૫૭ ॥

**સંગતિ** : આવી માયાજાળમાં મગ્ન એવા તને તારા એ દુઃખમાંથી ઊગારનાર કોણ છે ? એવા પ્રશ્ન દ્વારા સમાધાન કરે છે :-

**कः कावन्यो दुःख हर्तेति चक्ष्व**
**कारुण्याब्धिं दत्तमेवेहि दीन ।**
**श्रद्धत्स्वैतद्वच्मि ते सारभूतं**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ५८ ॥**

**શબ્દાર્થ** : **कः** – કોણ, **कावन्यः कौ–अन्य; कौ** – પૃથ્વી પર, **अन्यः** – બીજો, **दुःखहर्ता** – દુઃખ હરનાર, इति – એમ, **चक्ष्व** – (**चक्ष्** – ૨.ગ.આ.પ. આજ્ઞાર્થ બી.પુ.એ.વ.) - કહે-બોલ, **कारुण्याब्धिम्** – **कारुण्य** – **अब्धिम्** – દયાસાગર - કરુણા પારાવાર, **दत्तम्** - શ્રીદત્ત-પ્રતિ, **एव** – જ, **एहि**–(**आ+इ**, ૨.પ.પ. આજ્ઞાર્થ બી.પુ.એ.વ.) - જા-પામ-પ્રાપ્ત કર, **दीन** – નમ્ર - દીન બનીને, **श्रद्धत्स्वैतद्वच्मि** – **श्रद्धत्स्व** – **एतद्** – **वच्मि** – **श्रद्धत्स्व** – (श्रत् धा, ૩. ઉ.પ. આજ્ઞાર્થ. બી.પુ.એ.વ.) - શ્રદ્ધા રાખ, મારું માન, **एतद्** – આ, **वच्मि** – (**वच्**– ૨.પ.પ પ્ર.પુ.એ.વ.) - કહું - વદું છું, **सारभूतं** -સારયુક્ત, હે આત્મન તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૫૮ ॥

**હરે દુઃખ કો અન્ય કે' ભૂમહીં રે**
**બની નમ્ર જા દત્ત કારુણ્ય પારે.**
**ડગે જો ન શ્રદ્ધા વદું સારયુક્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૫૮ ॥**

**વિવરણ** : શ્લોક-૩૭થી લક્ષ્યજૂથ બીજાની સાથે શરૂ થયેલા આ વાર્તાલાપ - સંભાષણમાં એ જૂથનાં મનુષ્યોનાં જીવનની પ્રવર્તમાન વાસ્તવિકતાનો સ્પષ્ટ ખ્યાલ આપ્યા પછી હવે આ શ્લોકમાં ખૂબ જ વેધક અને છતાંય સૌહાર્દથી પ્રશ્ન પૂછ્યો છે. અવધૂતજીએ **પ્રશ્નોત્તરમાલામાં** તેમજ અહીં જે પ્રશ્નો પૂછ્યા છે; તે વેધક હોવા છતાંય તેની વિશેષતા એ છે કે, એ પ્રશ્નો પરીક્ષા લેવા માટે ચાહીને પૂછાતા મૂંઝવનારા પ્રશ્નો નથી. માણસને પોતાને, પોતાની પરિસ્થિતિ માટે વિચાર કરવા પ્રેરનારા **વિચારપ્રેરક પ્રશ્નો (Thought provoking questions)** છે. પરિસ્થિતિ અત્યારે આવી છે :-

- **માર્ગ અત્યન્ત વૈષમ્યપૂર્ણ છે. (શ્લોક-૫૩)**
- **ચારે બાજુથી કાલગ્રસ્ત આ જગતમાં કાલે શું થશે કોણ જાણે ? (શ્લોક-૫૪)**

- **ચારે બાજુ સોનાના હાટ મંડાયા છે; એ જોઈને બાળબુદ્ધિનાં લોકોની બુદ્ધિ બહેર મારી જાય છે. (શ્લોક-૫૫)**
- **ઠેકઠેકાણે મોંમાંથી લાળ છૂટે એવી ખાણીપીણીના ઉપહાર ગૃહોમાં માણસ સ્વાદ માણવા જતાં નીચોવાઈ જાય છે. (શ્લોક-૫૬)**
- **વાસના જળનાં ઘોડાપુરમાં માણસની જીવનનૈયા ખરાબે ચડી છે. (શ્લોક-૫૭)**

**આ પરિસ્થિતિમાં, પ્રશ્ન છે** :- આ પૃથ્વી પર તારું આવું ભીષણ દુઃખ હરે - હરી લે એવું બીજું કોણ છે ? તે ભલા તું જ વિચારીને કહે. યાદ રહે અહીં વાત આ દુઃખ દૂર કરવાની નથી, વાત આ દુઃખ **હરવાની** છે.

આ દુઃખ દૂર કરવાના ઉપાયો વીસમી સદીમાં પશ્ચિમમાં શોધાયા અને ભારતમાં ક્યારનાય આવી ગયા છે. દુઃખ દૂર કરવા માટે જાત જાતના **ડ્રગ્સ - એલ.એસ.ડી., ઈંજેક્શન, ઊંઘની ગોળી**ઓ, ધૂમ વેચાય છે. એના સેવનથી દુઃખ દૂર થાય છે; **હરાતું - નષ્ટ - નિર્મૂળ** થતું નથી. તેથી શ્રી અવધૂતજી એવા **ડ્રગ** અને એ ડ્રગ આપનાર દાક્તરનો તો મૂળમાંથી જ છેદ ઊડાવી દે છે - **આપ ભૂલા જગ સબ ભૂલાવે, ઐસો કામ ન આવે** - માણસને ઘેનમાં નાખીને બધું ભૂલાવી દેનારા ઉપાયની તો જરૂરત જ નથી.

**પ્રશ્નનો ઉત્તર છે** : તું નમ્ર થઈ, હીનભાવે અને દીનભાવે એ કરુણાસાગરની પાસે જા. આવો દીનભાવ એટલે -

**આન પડા નાથ ! દરપે શરણ મેં લીજિયેજી**
**નામ પતિતપાવન સુન તુમરો આયા-દરસ-ભિકારી**
**અબ તો નાથ ! દેર ન કીજે** (અ.આ.પૃ.૧૬૮)

આપનું પતિતપાવન નામ સાંભળીને નાથ ! આપના દ્વારે આવ્યો છું. મારી આખી ઉંમર શ્લોક-૫૩થી ૫૭માં કહી છે એવી વિમાસણમાં વીતી ગઈ છે. બાળપણ ખેલ-કૂદમાં ગયું. યુવાની એ ગઈ છતાં હજી મારા મનનો

હાથી તોફાન કરે છે - હડકાયો થયો છે. સાક્ષાત્ મૃત્યુની દૂતી જરા-વૃદ્ધાવસ્થા આવી ગઈ છે. આ જીવનમાં હું જ્ઞાન-ધ્યાન, કશું શીખ્યો નહીં, માત્ર પેટપૂજારી થઈ, મારું-તારું કરવામાં જીવન ખોયું, ચારે કોર રખડ્યો - દેશ-વિદેશ જોયા અને દુઃખ વધાર્યાં - અસંતોષ વધ્યો. હવે -

**તુમ બિન કોઉ નાહીં, લાજ રંગ રાખિયેજી...** (અ.આ.પૃ.૧૬૮)

હવે મારે તમારા સિવાય કોઈ નથી, હે **રંગ-જગન્નાટકી** - દત્ત દયાળા તમે મારી લાજ રાખો. આવા શરણ ભાવે તું દત્તદ્વારે જા.

આમ જવામાં, હું શ્રી રંગ અવધૂત તને કહું છું તે મારાં કથનમાં **શ્રદ્ધા** - પૂરો ભરોસો રાખીને જા. શ્રદ્ધાનો નિવાસ માણસનાં મનમાં છે. તેથી મન વિનાનું મળવું ને ભીંત સાથે ભટકાવું એવી કહેવત છે. શ્રી અવધૂતની આ **સારયુક્ત - સારગર્ભિત** વાણીમાં શ્રદ્ધા રાખવાની જરૂર છે. કારણ કે આ ભવાટવીના આઘાતોમાં -

**શ્રદ્ધા-સઢ ફાટ્યો ન ઝલાયે, પ્રલયવાત સમ વાયુ વહે**
**શંકાવર્તે નાવ ભરાયું તું વિણ નાથ ન રંગ રહે...**
(અ.આ.પૃ.૪૨)

આ ખરાબે ચડેલી જીવનનાવ પ્રચંડ પ્રચારનાં વાયુના તોફાનમાં એવી સપડાય - કે માણસની **શ્રદ્ધાનો સઢ** - શ્રદ્ધા છિન્નભિન્ન થઈ જાય, માણસનું મન એવા ચગડોળે ચડે કે આખું જીવનનાવ **શંકાવર્ત** - શંકાના વમળમાં ફસાય. એ પરિસ્થિતિમાં ગુરુકૃપાથી, સંતના આશીર્વાદથી -

**નામ નાવ ભવસાગર માંહી, સદ્ગુરુ નૌકાધાર**
**શ્રદ્ધા શઢ ફેલાયો અંબર, ક્ષણમાં થાયે પાર...**
(અ.આ.પૃ.૧૯૫)

શ્રી દત્તનામ સ્મરણ રૂપ નાવમાં બેસતાં જ સદ્ગુરુ શ્રી દત્તાત્રેય જેવા **નૌકાધાર - સુકાની - કર્ણધાર** (શ્લોક-૫૭)ને જીવનનૌકા સોંપતાં **શ્રદ્ધાનો શઢ** ફાટે નહીં, આકાશમાં ફેલાય અને આ નાવ જોત જોતામાં પાર ઊતરી

જાય. એ શ્રી અવધૂતના આ **સારભૂત વચન**નું તાત્પર્ય હોઈ હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્મરણ કરી લે. ॥ ૫૮ ॥

**સંગતિ** : ભય બતાવી રહસ્યનો નિર્દેશ કરે છે :-

**माता कुप्येद्रक्षितात्रास्ति तातः**
**क्रुद्धे ताते रक्षतीहास्य चाम्बा ।**
**क्रुद्धे रक्षेत्को नु दत्ते त्रिलोक्यां**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ५९ ॥**

**શબ્દાર્થ** : **माता** – જનની, **कुप्येद्रक्षितात्रास्ति** – **कुप्येत्** – **रक्षिता** – **अत्र–अस्ति–कुप्येत्** – (**कुप्** ૪.૫.૫. વિધ્યર્થ તૃ.પુ.એ.વ.) - કોપતાં-કૃદ્ધ થતાં, **रक्षिता** – (**रक्षितृ**નું પ્ર.એ.વ.) - રક્ષણ કરનાર, **अत्र** – અહીં, **अस्ति** (**अस्** તૃ.પુ.એ.વ.) - છે, तातः – પિતા, **क्रुद्धेताते** (**ताते क्रुद्धे सति**) - પિતાક્રુદ્ધ થતાં, **रक्षतीहास्य** – **रक्षति–इह–अस्य–रक्षति** – (૧.૫.૫.ત્રી.પુ.એ.વ.) - રક્ષે છે, **इह** – અહીં, अस्य – આનું, **चाम्बा** – **च–अम्बा** – વળી, માતા, **क्रुद्धे** (सति) – ક્રુદ્ધ થતાં, **रक्षेत्** – (**रक्ष**–૧.૫.૫. વિધ્વર્થ ત્રી.પુ.એ.વ.) - રક્ષે, **कः** – કોણ, **नु** – તો પછી (ખરેખર), **दत्ते** – (**दत्ते क्रुद्धे सति**) – શ્રી દત્ત (ક્રુદ્ધ થતાં), **त्रिलोक्यां** – ત્રણે લોકમાં, માટે, હે આત્મન શ્વાસે શ્વાસે શ્રી દત્તનામનું સ્મરણ કર. ॥ ૫૯ ॥

**કરે ક્રોધ્ર મા તો કરે તાત રક્ષા**
**પિતા કોપતાં રક્ષણે માત દક્ષા**
**ન કોઈ ત્રિલોકે થતાં દત્ત ક્રુદ્ધ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૫૯ ॥**

**વિવરણ** : શ્રી દત્ત દયાસાગર છે; તારી ખરાબે ચડેલી નાવના અનન્ય ખેવૈયા છે; છ હાથમાં છ આયુધ લઈ ભક્તનું રક્ષણ કરનાર છે (**શ્લોક-૫૨**), એ વદાન્ય-ઉદાર ચિત્ત ક્યારેય દાસને ત્યજતા નથી (**શ્લોક-૫૧**) એમ અનેક રીતે ભગવાનશ્રી દત્ત એકદમ દયાળુ હોવાની, પ્રેમથી બદ્ધ થઈ

ભક્તના એક પણ દોષ ન જોનારા (**શ્લોક-૫૨**) હોવાની વાત કર્યા પછી અહીં કંઈક જુદું જ કહેતા હોય, શ્રી દત્તનો કંઈક જુદો જ પરિચય આપતા હોય એવું લાગે છે.

માણસ માત્ર જગત-નિયંતાનાં બાળકો જ છે. નાનું બાળક કંઈક દોષ કરે તો એની માતા એના પર ક્રોધે ભરાય, બાળક રડવા માંડે તો એના પિતા એને વહાલથી છાનો રાખી, માતાને વધારે ન વઢવા દે. એ જ રીતે પિતા ગુસ્સે થાય તો માતા તરત ઉપરાણું લઈ, પિતાને ન વઢવા દે. આમ, બાળકને તેના દોષના સમયે બંને બાજુથી તેનું રક્ષણ-ઉપરાણું લેનાર મળી રહે. આ વાત થઈ બાળકના ભૌતિક જગતનાં માત-પિતાના પક્ષપાતની.

સદ્ગુરુ ભગવાનશ્રી દત્તાત્રેયની વાત સહેજ જુદી છે. એ સદ્ગુરુ સ્વરૂપે બાળક સ્વરૂપ મનુષ્યનું **સર્વસ્વ** - માત, પિતા, બંધુ, સખા બધું જ છે. એમાં માતાથી અન્ય પિતા, પિતાથી અન્ય માતાની જેમ શ્રી દત્તાત્રેયથી **અન્ય** બીજું, **દ્વિતીય** - બીજું કોઈ છે જ નહીં. તેઓ **અનન્ય, અદ્વિતીય, એકમ એવ - એક** માત્ર જ છે. જો એમના સિવાય માણસનું રક્ષણ કરનાર કોઈ બીજું નથી તો જો તેઓ નાખુશ થાય, ગુસ્સે થાય, નફરત કરે તો એ સમયે એમના એ કોપથી બચાવનાર પણ બીજું કોઈ હોઈ જ ન શકે.

હવે, ખરી વિચારીને સમજવા જેવી બાબત એ છે કે, આવા દયાસાગર, કરૂણાવરુણાલય, પ્રભુ, સદ્ગુરુ ભગવાન કૃદ્ધ થાય ખરા ? પ્રશ્નનો ઉત્તર **"હા"**માં છે. એ જ આ સૃષ્ટિનું રહસ્ય છે.

આ સૃષ્ટિ જગન્નિયંતાની છે. જગન્નિયંતામાં જ વિકસે છે; એમાં જ વિલીન થાય છે. તેથી શ્રુતિ કહે છે - **य तो वा इमानि भूतानि जायन्ते, जातानि च जीवन्ते वर्धन्ते वा** – જેનાથી આ સમસ્ત ચરાચર સૃષ્ટિ ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થઈને જીવે છે; વધે છે; એમાં જ લય પામે છે. એટલે અણુએ અણુ પરમકૃપાળુ પરમાત્માશ્રી દત્તાત્રેયને આધીન છે. એમણે જ આ સૃષ્ટિનો ઉપક્રમ કર્યો. શ્રુતિ કહે છે - **स ऐक्षत्** - એણે ઈક્ષા કરી, જોયું, અને **अकोऽहं बहुस्याम** – **હું એક છું અનેક** થાઉં એવી ઇચ્છા કરી આ

જગત-સમગ્ર બ્રહ્માંડ એમની એ ઈક્ષાનું પરિણામ છે. એમની ઇચ્છા વિના એક પાંદડું પણ હાલી શકે નહીં. માટે અહીં **શ્લોક-૫૧**માં જે કહ્યું છે તેનું પુનઃ સ્મરણ કરવું જરૂરી છે. જેવી રીતે રાજાની આજ્ઞાનું પાલન ન થાય તો રાજા **ખીજે** તેમ આ દેવ દત્તાત્રેય પણ વેદ-પ્રતિપાદિત પોતાની આજ્ઞાનું પાલન ન થાય તો ખીજે. માટે -

**કલિતારક ગુરુનામ છે, ગુરુ સાક્ષાત પરબ્રહ્મ**
**એક ભક્તિથી જો ભજે તો ક્યાંથી રે ભ્રમ... ૪૨.**
**કોપે હરિહર વા યદિ રક્ષે ગુરુનિજ ભક્ત**
**ગુરુકોપ નિવારવા દેવ ન કોઈ શકત... ૪૭**
(જ્ઞાનકાંડ અ.૨.)

ગુરુના કોપની સામે રક્ષણ આપી શકે એવું કોઈ નથી. માટે ભગવાન શ્રી વિષ્ણુએ દીપકને કહ્યું -

**ગુરુસ્તુતિ એ માહરી સ્તુતિ નિશ્ચય તું જાણ**
**ગુરુભજનથી હું રીઝું પ્રસન્ન વાક્ય પ્રમાણ.** (અ.૩.૧૩૯)

ગુરુસ્તુતિ અને ગુરુભજન ન થાય તો સદ્ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેય રૂઠે અને એ કોપતાં પછી કોઈ રક્ષક નથી માટે ચિત્ત તું શ્રી દત્તનામ સ્મરણ કર એમ ગુરુકોપનો ભય દર્શાવી અહીં ગુરુકૃપાનાં રહસ્યનો સંકેત કર્યો છે. ॥ ૫૯ ॥

**સંગતિ** : જગત સ્વાર્થ પરાયણ છે; એ સત્ય સમજવાની ભલામણ કરે છે :-

**भूतौ सर्वे भोक्तुकामा मिलन्ति**
**नष्टैश्वर्ये तत्क्षणे विस्मरन्ति ।**
**सम्बन्धास्ते स्वार्थमूला ह मूढ**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ६० ॥**

**શબ્દાર્થ : भूतौ** – (**भूति**નું સ.એ.વ. **भूतौ सति**) – સમ્પત્તિ હોય ત્યારે, **सर्वे** – બધા, **भोक्तुकामा** – ખાનારા-ખાવાની ઈચ્છાવાળા, **मिलन्ति** – (**मिल्**. ૬.ઉ.પ.તૃ.પુ.બ.વ.) - મળે છે, **नष्टैश्वर्ये** – (**नष्टे ऐश्वर्ये सति**) – ઐશ્વર્ય - સંપત્તિ નષ્ટ થતાં, **तत्क्षणे** – એ જ ઘડીએ, **विस्मरन्ति** – (**वि स्मृ**–૧ પ.ય.તૃ.પુ.બ.વ.) - વિસારી દે - ભૂલી જાય છે. **सम्बन्धास्ते – सम्बन्धाः ते** – તારા (આ) સંબંધો, **स्वार्थमूलाः** – મૂળે સ્વાર્થ ભર્યા (છે), **ह – (પાદપૂરણ માટે પ્રયોજાતો અવ્યય)** - ખરેખર, ચોક્કસ, **मूढ** – હે મૂઢ, માટે મૂઢ-આત્મન્ તું શ્વાસે શ્વાસે શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૬૦॥

**મળે સર્વ ખાવા ભર્યું ગેહ જ્યારે**
**થતાં નષ્ટ ઐશ્વર્ય સર્વે વિસારે**
**ભર્યાં સ્વાર્થ સંબંધ હે મૂઢ ચેત**
**સ્મરી લે પ્રતિ શ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૬૦ ॥**

**વિવરણ : લક્ષ્યજૂથ પ્રથમ**ને **શ્લોક-૧થી ૩૬**માં જે કહ્યું છે તેમાંના કેટલાંક કથન લક્ષ્યજૂથ દ્વિતીય માટે જરૂરી હોઈ અહીં પ્રકારાન્તરે તેનું પુનરાવર્તન કર્યું છે. આ જગત સ્વાર્થ પરાયણ છે - **જતાં શ્વાસ કોઈ ન આવે પરત્ર (શ્લોક-૧૦), ગણે સ્વાર્થ પ્રેષ્ઠ કરે કો પરાર્થ (શ્લોક-૧૭). મળે દ્રવ્ય ભૂયિષ્ઠ... (શ્લોક-૨૬)** જે કહ્યું છે; તે અહીં જુદી રીતે કહે છે. યાદ રહે, આ એકની એક વાતનું ફરીથી થતું **પુનરાવર્તન (Repetition** અથવા **Recapitulation)** નથી. આ લક્ષ્યજૂથ બદલાયું હોઈ તેને પણ **લક્ષ્યજૂથ એક**ને કહેલી જે વાત કહેવી જરૂરી છે; તેનું **અન્ય રીતે (પ્રકારાન્તરે)** કહેલું કથન છે.

માનવીય સંબંધો ગમે એટલા ઘનિષ્ટ હોય, દિલોજાન ન્યોચ્છાવર કરનારા હોય, જાણે અન્યોન્ય માટે જ સર્જાયા હોય **(Made for each other)** એવા લાગતા હોય તો પણ એ સંબંધો સર્વથા મિથ્યા છે; કારણ કે તે **સ્વાર્થમૂલક** છે; એ પાયાની સમજ દરેક શ્રેયાર્થી - શ્રેય માર્ગના પ્રવાસીએ કેળવવી જ રહી. આ જગતનું સ્વરૂપ ભૂતિ - ઐશ્વર્ય-લક્ષ્મી-

સંપત્તિમય છે માટે અહીં બધા જ **ભોક્તુકામ** - ખાવાની ઈચ્છાવાળા છે - ભોગવવાની ઈચ્છાવાળા છે. પૂર્વે વપરાશવાદની વાત કરી છે.

પશ્ચિમમાંથી આવેલાં **વર્તન વિજ્ઞાન (Behavioural Science)**, તેનાં પર ઊભેલા **વ્યવસ્થાપન વિજ્ઞાને (Management Science) સમાજ-સંસ્થામાં માનવસંબંધો (Human Retations)** પર ખૂબ કામ કર્યું છે. વિશિષ્ટ ભૌતિક (નાણાં-જમણ) કે માનસિક (સગવડો) **ઉદ્દીપન (Stimulus)**ના જવાબમાં માણસ દ્વારા થતી **પ્રતિક્રિયા-પ્રતિચાર (Response)**ના વિદેશોમાં થયેલા (અને મેં વર્ષો સુધી ભણાવેલા) અભ્યાસોનો સાર ભારતમાં એક જ શ્લોકમાં કહેવાયો છે :

**को न याति वशं लोके मुखे पिण्डेन पूरिते ।**
**मृदंगो मुख लेपेन करोति मधुर ध्यनिम् ॥**

આ જગતમાં તમે ખવડાવીને મોઢું ભરી દો, તો એ તમારા વશમાં થઈ જ જાય, વશમાં ન થાય એવું બને જ નહીં. જુઓને મૃદંગ બોદું વાગતું હોય તો એના મોઢે ઘઉંના લોટની લાહીનો લેપ કરી દો એટલે તરત મધુર અવાજ કરવા માંડે. ખાવાનું મળે, મળે એવું છે એમ લાગે એટલે સંબંધ બંધાઈ જાય. એ ઐશ્વર્ય જેવું નષ્ટ થાય કે બધું ભૂલાઈ જાય. શ્રી અવધૂતજીએ સંસ્કૃત શ્લોકની ત્રીજી પંક્તિમાં **ह –** નો પ્રયોગ કર્યો છે. એ પ્રયોગ મજાક-મશ્કરીનો સૂચક છે - અરે મૂર્ખ ! તારા આ કહેવાતા સંબંધો સ્વાર્થમૂલક છે. (બેવકૂફ ! તારે ક્યાં સુધી એના પર આધાર રાખવો છે ! એ **ह–**ના પ્રયોગ દ્વારા થયેલી મજાક છે.) આ સંબંધો **સ્વાર્થમૂલક** છે. તેથી માનવી સંબંધનું તત્ત્વજ્ઞાન સમજી લેવું જરૂરી છે; સવિશેષ તો આ **સ્વાર્થ** શબ્દનું તત્ત્વજ્ઞાન સમજી લેવું જરૂરી છે. એ સમજ સદ્‌ગુરુ ભગવાનશ્રી દત્તાત્રેયની કૃપાથી જ કેળવાય. પશ્ચિમના અને હવે ભારતના **વ્યવસ્થાપન વૈજ્ઞાનિકોના વર્તનવાદી અભ્યાસોથી** સમજાય તેમ નથી.

સંબંધનું તત્ત્વજ્ઞાન અને સ્વાર્થનું તત્ત્વજ્ઞાન સદ્ગુરુ ભગવાનશ્રી નરસિંહ સરસ્વતી સ્વામી મહારાજે વિધવા થયેલી **સાવિત્રી** નામની **સતીને** સમજાવ્યું :-

**કાષ્ઠટુકડા પૂરમાં મળે દૈવથી જેમ**
**રહી એકઠાં ક્ષણ પછી થાએ વિભક્ત જેમ.**
**મળે પક્ષીગણ વૃક્ષ પર રાતે ભેગાં જાણ**
**પડે વિખૂટાં ફજરમાં તેમ સર્વ આ માન**
(ગુ.લી. ૮૪-૧૪૧-૧૪૨)

આ સંબંધો **ૠણાનુબંધના** છે. પાણીના પ્રવાહમાં તણાઈ આવીને સાથે થઈ જતાં લાકડાના ટુકડા કે વૃક્ષ પરના પક્ષીના રૈન બસેરા જેવા છે. એટલે માણસે **સ્વાર્થ-સ્વ-અર્થ**નો વિચાર કરવાનો છે. ભૌતિક સંબંધો - **સ્વાર્થ (Selfishness)**ના **ૠણાનુબંધજન્ય** સંબંધોને સમજી, પામી તેમાંથી **સ્વાર્થ-સુ-અર્થ** તારવવાનો છે. તેથી રોતી કકળતી સાવિત્રીની પાસે આવેલા ભસ્મ લિપ્તાંગ-ત્રિશૂળધારી બાવાજી (શ્રી નૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજ) એ અબુધ બાળાને કહે છે - **આવા ગંદા દેહમાં શો સ્વારથ તું બોલ (૧૬૧)** આવા મૂળમૂત્રાત્મક શરીરના સંબંધમાં કયો **સ્વારથ-સુ-અરથ** રહ્યો છે તે તું મને કહે.

**સ્વાર્થનો** તાત્ત્વિક અર્થ **સાંપરાય - મરણોત્તર જીવન કે તે વિશેનો આત્મવિદ્યા સંબંધી અર્થવિચાર એ સાચા અર્થમાં સ્વાર્થ છે** - એટલે પેલા જટિલ બાવાજી સાવિત્રીને કહે છે :

**જેથી દુસ્તર ભવનિધિ તરાય સુખથી એહ**
**કરવો વિચાર તેહનો વદે એમ મુનિ તેહ**
(ગુ.લી.અ.૮૪-૧૬૨)

માનવીય સંબંધ બહુ સરસ છે. એ સંબંધ જો ભવનિધિ તરવામાં સહાયક થાય, જેવી રીતે **શ્રી વાસુદેવ શાસ્ત્રી બુઆ** જેવા પતિને પામીને પત્ની **અન્નપૂર્ણા** મુક્તિ **પામ્યાં, શ્રી પાંડુરંગ વિઠ્ઠલ વળામેને** ભાઈના સંબંધે

પામીને **શ્રી નારાયણ વિઠ્ઠલ વળામે ચિરશાંતિ**ને પામ્યા, **બાબુ** જેવા પુત્રના સંબંધે **માતા રુક્મા અર્ચિમાર્ગ** - દેવયાન માર્ગે ગયાં તો એવા સંબંધ **સ્વાર્થના - સુ-અર્થ-શોભન** અર્થ ધરાવતા સંબંધ છે. **સ્વાર્થના (Selfishness)** - ખાવા-ખવડાવવાના સંબંધ નથી. માટે ચિત્ત તું શ્વાસે શ્વાસે શ્રી દત્તનામનું સ્મરણ કર. ॥ ૬૦ ॥

**સંગતિ** : સંસારની સ્વાર્થમૂલકતાના સિદ્ધાંતનું દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટીકરણ કરે છે :-

**सस्याकीर्णं शाद्वलं पश्य सर्वे**
**धावन्त्येता धनेवोऽपि प्रहर्षम् ।**
**शुष्कं नेयाद्रासभोऽपि प्रमादा**
**च्छ्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ६१ ॥**

**શબ્દાર્થ : सस्याकीर्णं – रस्य–आकीर्णं** – ધાન્યથી લહેરાતા, **शाद्वलं** – લીલાંછમ ઘાસનાં મેદાન (ખેતર), **पश्य–** જો **–सर्वे** – બધી જ, **धावन्ति** – (**धाव्** – ૧.૫.તૃ.પુ.બ.વ.) - દોડે છે, **एता** – આ, **धनवः** – ગાયો, **अपि** – પણ, **प्रहर्षम्** – અતિ આનંદથી, **शुष्कं** – સૂકાં, **नेयाद्रासभोऽपि** – **ने** – **इयात्** – **रासभः–अपि–न – न, इयात्** (इ–૨.૫.૫. વિધ્યર્થ ત્રી.પુ.એ.વ.) - **જાય, रासभः** – ગધેડો, अपि – પણ, **प्रमादात्** – ભૂલે-ચૂકેય. માટે ચિત્ત, તું શ્વાસે શ્વાસે શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૬૧ ॥

**અહા દેખ ગાયોય દોડે પ્રહૃષ્ટ**
**ભર્યું ઘાસ જ્યાં ખાસ ત્યાં વેઠી કષ્ટ**
**થતાં શુષ્ક ભૂલે ન ખોલાય જાત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૬૧ ॥**

**વિવરણ** - સંસાર અને સંસારમાંના માનવીય સંબંધો સ્વાર્થમૂલક છે; એ હકીકત છે, પણ એ જોઈને નિરાશ થવાની જરૂર નથી. લોકો સમજ્યા સોર્યા વિના સંબંધોની જાળમાં ફસાય અને પછી નિરાશ થઈ ગીતો ગાય :-

**સ્વારથનું સંગીત ચારેકોર બાજે**
**કોઈ નથી કોઈનું દુનિયામાં આજે**
**તનનો તંબૂરો મારો બેસૂરો થાએ ના**
**ઝાંખો ઝાંખો દીવો મારો જોજે એ બૂઝાએ ના.**

બોલિવૂડના સાંઈઠ ટકા ગીતો આવી નિરાશાથી ભરેલા છે - **બાલમ છૂટ ગયા, ચમન લૂટ ગયા, દિલ તૂટ ગયા, શીશા ફૂટ ગયા !!**

શ્રી અવધૂતની પાસે આવી નિરાશા નથી. ત્યાં તો આ જગતને જોઈ, સમજી, હસવાની વાત છે -

**અબ ખૂબ હઁસો, અબ ખૂબ હઁસો, રોતે હો ઈસબિધ ક્યોં પ્યારે !**
**સુત, દાર પિતા મિત ચલતી કે, પડતી મેં સાથ ન કોઉ ચલે**
**અસુવન મોતી કબહૂ ન બને ફિર રોને સે ફલ ક્યા પ્યારે.**
(અ.આ.પૃ. ૧૮૨)

આ બધા સંબંધો ચડતીના છે; તમારો સૂર્ય મધ્યાહ્ને તપતો હોય ત્યારે જાત જાતના સંબંધીઓ શોધતા આવે. પડતીમાં કોઈ ના ફરકે માટે રડવાથી કશુંય ના વળે. આ સંસારને સમજવાનો છે.

સ્વાર્થ સૃષ્ટિ - પ્રપંચનો પાયો છે. માટે આ શ્લોકમાં કહે છે - **પશ્ય** – જો, તું જો. ગાયો જેવી પવિત્ર જીવસૃષ્ટિ પણ લીલાંછમ ઘાસથી લહેરાતાં મેદાનોને જોઈને ખાવા દોડી જાય છે. તો પછી તું જ્યારે સમૃદ્ધ હોય, સુખી હોય ત્યારે બધા તારી પાસે દોડી આવે તેમાં આશ્ચર્ય શું છે ? એ જ મેદાન સૂકાઈ જાય ઘાસ રહે જ નહીં - સૂકું ભઠ થઈ જાય ત્યારે એ બાજુ ગાયો તો ન જ જાય, અરે અક્કલના ઓથમીર ખોલાં - ગધેડાંય ન જાય. તો પછી તું સમૃદ્ધિ ખોઈ બેસે, કમાવાની શક્તિ ખોઈ બેસે ત્યારે તારી પાસે કોઈ ફરકે ય નહીં તો એમાં આશ્ચર્ય શું ?

આ વાસ્તવ છે. એ વાસ્તવ જેટલું વહેલું, જેટલું સ્પષ્ટ સમજાઈ જાય તેટલો લાભ છે. એ સદ્‌ગુરુ કૃપા વિના પ્રાપ્ત થતો નથી. માટે હે ચિત્ત તું

શ્રી દત્તનામ સ્મરી લે. પ્રતિશ્વાસ એ નામ સ્મરણથી સદ્‌ગુરુની કૃપા થતાં આ સંસારનું સ્વરૂપ સમજાશે અને આનંદ થશે. એ તાત્પર્ય છે. ॥ ૬૧ ॥

**સંગતિ** - આ દત્તનામ સ્મરણ કેવું છે ? તેનો પ્રભાવ કેવો છે ? તે દર્શાવી પ્રકરણનો ઉપસંહાર કરે છે :-

**कामस्याप्तिं दुःखदोषप्रणष्टिं**
**निः स्वस्येष्टिं वृद्धपङ्गोस्तु यष्टिम् ।**
**पुण्याकृष्टिं पापप्रेत प्रकष्टिं**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ६२ ॥**

**શબ્દાર્થ** : **कामस्याप्तिं – कामस्य** – કામનાની, **आप्तिम्** – પ્રાપ્તિ-લાભ, **दुःखदोष** – દુઃખ અને દોષનો, **प्रणष्टिम् –(प्रणश्** - ૪.૫નું ક.ભૂ.કૃ.સ્રી) - નાશ, **निःस्वस्य** – ધન-દોલત વગરના - રંકનો, **इष्टिं** – યાગ, **वृद्धपङ्गोः** – વૃદ્ધ અને પાંગળાની, **यष्टिम्** – લાકડી, **पुण्याकृष्टिं** – પુણ્ય, **आकृष्टिं** – (आ–कृष् ૧.ઉ.પ.ક.ભૂ.કૃ.સ્રી) - આકર્ષાઈ એકઠા થવું, **पापप्रेत** – પાપ અને પ્રેતબાધાનો, **प्रकष्टिं** – નાશ કરનાર. એવા શ્રી દત્તનામનું હે આત્મન તું શ્વાસે શ્વાસે સ્મરણ કરી લે. ॥ ૬૨ ॥

**કરે દોષનો નાશ ને કામપૂર્તિ**
**વળી રંકનો યાગ ને પંગુ યષ્ટિ**
**વળે પુણ્ય ને થાય પાપ પ્રણષ્ટ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૬૨ ॥**

**વિવરણ :** કૃતિની શરૂઆતથી લગાતાર ચોથી પંક્તિમાં - **श्वासे श्वासे दत्तनाम स्मरात्मन्, સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત.** સતત કહેવાતું આવ્યું છે. એમ કહેવાનો આશય શો છે ? શું છે એવું શ્રી દત્તનામમાં જેથી તેને શ્વાસે શ્વાસે જપવું જરૂરી થઈ પડે ? એ નામસ્મરણના પ્રભાવક મહિમાનો અહીં આ શ્લોકમાં ઘટસ્ફોટ કર્યો છે. નામસ્મરણનું માહાત્મ્ય અદ્‌ભુત છે. અનંત છે.

આ શ્રી દત્તનામનું સ્મરણ શું કરી શકે એ અહીં સંક્ષેપમાં કહ્યું છે. વિસ્તાર, વિશદ નિરૂપણ શ્રી અવધૂતજી વિરચિત **શ્રી ગુરુલીલામૃત** અને **શ્રી અવધૂતી આનંદ, શ્રી રંગહૃદય** ગ્રંથોમાં સંગ્રહિત છે. પૂજનીય પ.પ. શ્રી વાસુદેવાનન્દ સરસ્વતી વિરચિત - **શ્રી દત્તપુરાણ** (સંસ્કૃત), **સમશ્લોકી ગુરુચરિત્ર, દ્વિસાહસ્રી, શ્રી દત્તચમ્પૂ, ત્રિશતિ, શ્રી દત્તમાહાત્મ્ય** (મરાઠી), **સ્તોત્રાદિ** સંગ્રહ તથા પૂજનીય શ્રી સરસ્વતી ગંગાધર વિરચિત **શ્રી ગુરુચરિત્ર** (મરાઠી) ગ્રંથો - વરદગ્રંથોમાં છે. અહીં આપણે નામસ્મરણ માહાત્મ્ય સંક્ષેપમાં ક્રમશઃ સમજવા પ્રયત્ન કરીએ :-

(૧) **कामस्याप्तिम् – કામનાપૂર્તિ.** માણસ મૂળભૂત રીતે કામમય છે- **काममयोऽयं पुरुषः** – આ જીવ કામનામય છે. જન્મ થયો એનો અર્થ જ કામનાનું બંડલ જન્મ્યું. અનેક જાતની અસંખ્ય કામનાઓ સંતોષવા માટે માણસ જીવનભર અને જન્મોજન્મ અથડાય છે, કૂટાય છે, હવાતિયાં મારે છે. કામનાપૂર્ણ થતી નથી, પરિણામે રડી-રડી, રીબાઈને મરે છે. માણસની - જીવની કામનાપૂર્તિ કરનારું કોઈ તત્ત્વ હોય તો તે સદ્‌ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેયનાં ચરણકમળમાં અનન્ય શ્રદ્ધાથી નમી, તેમનાં નામનું સતત સ્મરણ કરવાથી કામનાપૂર્તિ થાય છે. **શ્રી ગુરુલીલામૃત**માં તેનાં અનેક દૃષ્ટાંતો છે; ટૂંકમાં તેનો ઉલ્લેખ કરીએ તો :-

(ક) **સૂણી અર્જુન કેરો સાદ, રીઝ્યો પૂર્વે તું સાક્ષાત્**
**દીધી ઋદ્ધિ સિદ્ધિ અપાર અંતે મુક્તિ મહાપદ સાર,**
સહસ્રાર્જુનની કામનાપૂર્તિ જ્ઞાનકાંડ અધ્યાય અધ્યાય ૧૬થી ૨૫.

(ખ) **દોડ્યો આયુ સુતને કામ, કીધો એને તેં નિષ્કામ.**
આયુ રાજાની કામનાપૂર્તિ કરી તેને અર્થાર્થીનાં સ્તરેથી ક્રમશઃ જીવન મુક્તિનાં સ્તર સુધી લઈ જવાયો. અધ્યાય-૪૩થી ૪૯.

**(૨) દુઃખ પ્રણષ્ટિ - દોષ પ્રણષ્ટિ - કરે દોષ (દુઃખ)નો નાશ**

જેમણે શ્રદ્ધાપૂર્વક શ્રી દત્તનામ સ્મરણ કર્યું તેમનાં દુઃખ અને દોષ ઉભયનો નાશ કર્યો :-

**(ગ) કરી દૂર બ્રાહ્મણનો કોઢ કીધા પૂરણ એના કોડ**

શ્વેત કોઢથી પીડાતા નંદી શર્મા નામના બ્રાહ્મણે મા શક્તિને ''તું શક્તિ થઈ મને મર્ત્યની પાસે મોકલે છે'' એમ કહીં સદગુરુ ભગવાનશ્રી નરસિંહ સરસ્વતીની નિંદા-તિરસ્કારનો દોષ કર્યો હતો છતાંય એ દોષ જોયા વિના એ શ્રદ્ધાથી આવ્યો માટે **(આવે એને એક સલામ)** એને રોગમુક્ત કરી કવિ બનાવ્યો - **(કર્મકાંડ અધ્યાય. ૯૯)** એ જ રીતે **ત્રિવિક્રમ ભરતી (અધ્યાય ૭૮)**, કલ્લેશ્વરમાં નરહરિ નામના કવિ - આ બંને શ્રી નરસિંહ સરસ્વતીના નિંદકો હતા. નરહરિને કલ્લેશની પૂજા દ્વારા પોતાની સર્વગત સામર્થ્ય શક્તિનું ભાન કરાવી તેના દોષ નિર્મૂળ કર્યા. (અધ્યાય ૧૦૦)

**(ગ-૧) પેટ પીડથી તાર્યો વિપ્ર - દુઃખ દૂર કર્યું (અધ્યાય.૬૮)**
**બ્રાહ્મણ શેઠ ઊગાર્યો ક્ષિપ્ર - દુઃખ દૂર કર્યું (અ.૬૫)**
**શુષ્ક કાષ્ઠને આણ્યાં પત્ર - દુઃખ દૂર કર્યું (અ.૭૨)**

(૩) **(ઘ) નિઃસ્વસ્ય ઈષ્ટિ - રંકનો યાગ** ઉપાસનાકાંડમાં સાક્ષાત શ્રી દત્ત અવતાર સદ્ગુરુ ભગવાન પૂજનીય સ્વામી મહારાજશ્રીએ રાજૂરમાં પૂજનીય શ્રી સીતારામ મહારાજ અને ગૌંડગામમાં અંબાદાસ નામના બ્રાહ્મણનો સદ્રસ્વાહાકાર સંપન્ન કરાવ્યો એ કથા અનુપમ છે. **(અધ્યાય. ૧૪૪)**

(૪) **(ચ) વૃદ્ધ પંગુયષ્ટિ** - જે અસહાય છે તેના સહાયક ભગવાનશ્રી દત્તાત્રેય છે - **વંધ્યા ભેંસ દૂઝવી દેવ હર્યું દારિદ્રય તેં તતખેવ - (અધ્યાય ૭૬-૭૭)** ગલતકુષ્ઠપતથી પીડાતા રોગીને **શુષ્કકાષ્ઠને આણ્યાં પત્ર**-ની લાકડી થઈ કરેલી સહાય,

**નિમેષ માત્રે તંતુક એક પહોંચાડ્યો શ્રી શૈલે દેખ.** - અસહાય તંતુકને પાવડી પકડાવી સદ્‌ગુરુ ભગવાનશ્રી નરસિંહ સરસ્વતીએ શ્રી શૈલનાં દર્શન કરાવ્યાં (**અધ્યાય ૯૯**).

(૫) (છ) **પુણ્યાકૃષ્ટિ - વળે પુણ્ય.** શ્રી દત્તનામ સ્મરણથી માણસનાં પુણ્ય તેની પાસે ખેંચાઈને આવે. એટલે કે તેને સતત સત્કર્મ કરવાનો બુદ્ધિયોગ ગુરુમહારાજ આપે જ. ભરયુવાન સતી સાવિત્રી (અધ્યાય ૮૪) રોગગ્રસ્ત પતિને લઈને બીજે ક્યાંય ન ગઈ. સીધી ગાણગાપુર જ ગઈ. વેશ્યા જેવી વેશ્યાએ પતિવ્રતા ધર્મનું પાલન કર્યું. (**અધ્યાય ૮૭**).

૬ (જ) **પાપ પ્રેતપ્રકષ્ટિ - થાય પાપ (પ્રેત) પ્રણષ્ટ** - શ્રી દત્તનામ સ્મરણથી ભક્તનાં પાપ નષ્ટ થાય અને એ પાપજનિત પ્રેત બાધાનો નાશ થાય. પાપી પણ તરી જાય. પૂર્વજન્મનો ધોબી મ્લેચ્છ રાજા થયો. એ યવન ખોળિયામાં પણ ભક્તિના સંસ્કારથી તરી ગયો. (અધ્યાય-૧૦૪). પૂર્વજન્મના દેવાના પાપને કારણે પિશાચ બાધાથી પીડાતી શિરોળની બ્રાહ્મણ સ્ત્રીની પ્રેત બાધા નષ્ટ થઈ (**અધ્યાય ૭૪-૭૫**) તેથી બાવનીમાં કહ્યું છે :-

**અધમ ઓધારણ તારું નામ; ગાતાં સરે ન શાં શાં કામ**
**આધિ-વ્યાધિ ઉપાધિ સર્વ ટળે સ્મરણમાત્રથી શર્વ !** વગેરે

આવું માહાત્મ્ય છે શ્રી દત્તનામ સ્મરણનું માટે અહીં પ્રત્યેક શ્લોકની ચોથી પંક્તિ **श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् – સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત** મૂકવામાં આવી છે.

**ઉપસંહાર :** અહીં સુધી શ્લોક-૩૭થી ૬૨નું બીજું પ્રકરણ પૂરું થાય છે. શ્લોક-૧થી ૩૬માં એક **લક્ષ્યજૂથ (Target group)**ના જીવાત્માઓને ધ્યાનમાં રાખી વાત કર્યા પછી અહીં **શ્લોક ૩૭થી ૬૨** પ્રથમથી સહેજ જુદા પ્રકારના જીવાત્માઓના **બીજા લક્ષ્યજૂથ (Target group)**ની સાથે જુદી રીતે વાત કરી છે.

બંને જૂથનો રોગ એક જ - **ભવરોગ**ની જ પીડા છે. તેમ ઉભયને માટેનું ઔષધ પણ એક જ **શ્રી દત્તનામ સ્મરણ** છે. છતાંય અહીં આ **કામિલ વૈદ્યરાજ** - શ્રી અવધૂતજી દ્વારા ઉભયને અપાયેલી **માવજત (Treatment)** ભિન્ન છે.

* બીજા લક્ષ્યજૂથની વિશેષતા એ છે કે, તેમાંના સભ્ય જન્મ-મૃત્યુના **કાંઉંસમાં (Brecketed)** હોવા છતાંય કંઈક કરે છે. એ નાસાપીડન રૂપ કહેવાતા યોગ, તપસ્યા આદિ તરફ વળેલાં છે.

* એ જે માર્ગ તરફ વળ્યા છે; તે માર્ગમાંનાં વિઘ્નોની એમને ખબર નથી.

* એમને માર્ગમાં આવનારી મોહરાત્રીનું ભાન નથી. પરિણામે પોતાની ભીતર પણ કશુંક છે એનો ખ્યાલ આવતો જ નથી. એમની દશા વિચિત્ર છે -

**દર્દ અંદર થયું ઉપર ઓસડ કર્યું**
**મન તણો મેલ કયમ તન ટાળે. (ઉ.પ્રા.પૃ.૩૫)**

* એ લોકો નિસર્ગથી વિછિન્ન થયેલાં છે. એમને એ જે યોગના માર્ગે વળ્યા છે તેનો ત્રીશયોગનો અર્થ ખબર નથી. આ જૂથને દાસ્યભક્તિનો મર્મ સમજાવવો જરૂરી છે. કાયાના મોહમાંથી છૂટવાની રીત બતાવી, જીવનના કેટલાક પાયાના પ્રશ્નો બાબતે સભાન કરવાના છે. એ દ્વારા પરમકૃપાળુ પરમાત્મા શ્રી દત્ત અભિમુખ બનાવવાનાં છે. એ રીતે ભગવાન શ્રી દત્તાત્રેયનાં સ્વરૂપથી પરિચિત કરવાના છે. શ્રી દત્તાત્રેયના પદે દાસભાવે જવાનો માર્ગ કેવો છે, એ પણ અહીં બતાવવાનું છે.

આમ, આ માણસને એનાં કર્તવ્યનું દિગ્દર્શન કરાવવાનો અહીં ઉપક્રમ છે. એ ઉપક્રમમાં આ લોકોને એમનાં પ્રવર્તમાન જીવનનાં વાસ્તવનું દર્શન કરાવવાનું - સ્વાર્થ પરાયણ જગતમાં સ્વાર્થના ગૂઢ અર્થને સમજવાની દિશા બતાવવાની છે. એ રીતે સદ્‌ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેયનાં નામસ્મરણની અલૌકિતાથી પરિચિત કરવાના છે.

આ લોકોને માટે અલબત્ત, મૂઢનું સંબોધન થયું છે; પણ અહીં સમગ્ર **માવજત (Treatment)** બન્ધુના સંબોધનથી અપાઈ છે. આ જૂથ માટે શ્રી અવધૂતજીને થોડો પક્ષપાત છે, કારણ કે આ પ્રકરણનો અંત એમણે ભગવાન શ્રી દત્તાત્રેયનાં નામસ્મરણનાં માહાત્મ્યનાં દર્શન કરાવીને કર્યો છે.

**પ્રસ્તાવના** - હવે ત્રીજું પ્રકરણ શરૂ થાય છે. **નામ-નામીનો** મહિમા અપરંપરા છે. સંત તુલસીદાસજીએ **નામીના** કરતાં **નામનો** મહિમા વિશેષ હોવાનું શ્રી રામચરિત માનસમાં પ્રમાણ્યું છે. **નામી** ગમે એટલા મહાન હોય તો પણ એ પોતાના એક અવતારમાં દેહધારી સ્વરૂપે કરી કરીને કેટલું કરી શકે ? એવો પ્રશ્ન ઉઠાવી એમણે ભગવાન શ્રી રામના કરતાં **શ્રીરામનાં નામે** અનેકોને તાર્યાં એ તથ્યનું પ્રતિપાદ કર્યું છે.

અહીં પ્રસ્તુત કૃતિમાં શ્રી અવધૂતજીએ **શ્રી દત્તનામ સ્મરણ**નું માહાત્મ્ય પ્રત્યેક શ્લોકની ચોથી પંક્તિમાં બનાવી શ્લોક-૬૨માં તેનાં પ્રમાણો આપ્યાં છે.

હવે શ્લોક-૬૩થી શરૂ થતાં પ્રકરણમાં **નામી શ્રી દત્તાત્રેયનું માહાત્મ્ય** દર્શાવે છે. **શ્રી દત્તાત્રેયનું નામ** જેટલું મહાન છે; એટલા જ તેઓ **નામી** સ્વરૂપે મહાન છે; કારણ કે તેઓ **સ્મતૃગામી** સ્મરણ કરતાં જ પોતાનાં અસલ સ્વરૂપે ઉપસ્થિત થાય છે. ભગવાનના બીજા અવતારો સમયગાળા પૂરતાં જ હોય, લીલા પૂર્ણ થતાં તેઓ પોતાની લીલા સંકેલી લે, જ્યારે શ્રી દત્તાત્રેય તો અનાદિ અનન્ત છે. અત્યારે આ ક્ષણે છે જ, બંને લક્ષ્યજૂથના સભ્યો એમને જોઈ ન શકે, અનુભવી ના શકે, એમના હોવાપણાં (Being)ને માણી ન શકે એમાં એમનો શો વાંક ?

**પણ શું લવું આ ? ક્યાં ન તું ? જ્યાં ત્યાં રહ્યો વિલસી બધે**
**દેખે ન અંધો શું કરું શ્રદ્ધા વિહોણો રંગ એ (વંદના)**

તેથી આ ત્રીજું પ્રકરણ એ **નામી શ્રી દત્તાત્રેયના માહાત્મ્યનું શ્રી દત્ત માહાત્મ્ય**નું છે.

ઉપનિષદોમાં પરબ્રહ્મનું નિરૂપણ બે રીતે થયું છેઃ-

(૧) **વિધિમુખથી** - પરબ્રહ્મ પરમાત્માનાં સ્વરૂપનું વર્ણન કર્યું છે. એ આવા છે, આવા છે.

(૨) **નિષેધમુખથી** - પરબ્રહ્મ પરમાત્મા આવા નથી, આવા નથી. नेति – नेति – ન ઈતિ - ન ઈતિ.

હવે, ઉક્ત બંને જૂથના સભ્યોને એક સમાન ભૂમિકા પર લાવી શ્રી અવધૂતજી **નામી - શ્રી દત્તાત્રેયનું ઔપનિષદ** રીત્યા **વિધિમુખ**થી **નિરૂપણ** કરે છે. જેવી રીતે શ્રીમદ્ ભગવદગીતામાં અર્જુનને શ્રી વાસુદેવ કૃષ્ણે વિશ્વરૂપ દર્શન કરાવ્યું, જેવી રીતે શ્રી રામચરિત માનસમાં ભગવાન શ્રી રામચંદ્રજીએ બાબા કાકભુષુંડિને વિશ્વરૂપ દર્શન કરાવ્યું તેવી રીતે અહીં ત્રીજા પ્રકરણમાં શ્રી અવધૂતજી ઉક્ત બંનેય જૂથના સભ્યોને સદ્ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેયનું વિશ્વરૂપ દર્શન કરાવે છે.

**સંગતિ** : ભગવાન શ્રી દત્તાત્રેયનું પ્રથમ સ્વરૂપ લક્ષણ એ છે કે, તેઓ સર્વથા **વ્યક્તિ-નિરપેક્ષ (indifferent)** છે :

**शक्तौ दत्तं शक्तिनाशेऽपि दत्तं**
**भूतौ दत्तं भूमिनाशेऽपि दत्तम् ।**
**बाल्ये दत्तं वृद्धभावेऽपि दत्तं**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ।। ६३ ।।**

**શબ્દાર્થ** : (**हे आत्मन्** - હે આત્મન્ - ચિત્ત !), **शक्तौ (शक्तौ सति)** – શક્તિ હોતાં (છતાં), **दत्तम्** - શ્રી દત્તને (स्मर–स्मृ.૧૦.૫.૫. આજ્ઞાર્થ બી.પુ.એ.વ.- સ્મરણ કર), **शक्तिनाशेऽपि – शक्ति नाशे सति अपि** –શક્તિ ન રહે ત્યારે પણ, **दत्तम्** – શ્રી દત્તને (**स्मर** – યાદ કર), **भूतौ – भूतौ सति** – ભૂતિ-ઐશ્વર્ય હોય ત્યારે, **दत्तम्** - શ્રી દત્તને (**स्मर**), **भूतिनाशेऽपि – भूति नाशे सति अपि** – ઐશ્વર્ય ન રહે ત્યારે પણ, **दत्तम्** - શ્રી દત્તને (स्मर), **बाल्ये सति** – બાળપણું હોય ત્યારે, **दत्तम्** – શ્રી દત્તને (**स्मर**),

**वृद्धभावे** – **सति अपि** – વૃદ્ધાવસ્થામાં પણ, **दत्तम्** – શ્રી દત્તને (**स्मर**) આમ, પ્રત્યેક સ્થિતિ કે અવસ્થામાં શ્વાસે શ્વાસે શ્રી દત્તનામ સ્મરી લે. ॥ ૬૩ ॥

**છતાં શક્તિને શક્તિનાશે ય દત્ત**
**અને ભૂતિમાં ભૂતિનાશે ય દત્ત.**
**સદા બાલ્ય કે વૃદ્ધભાવે ય દત્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૬૩ ॥**

**વિવરણ** : સૌથી પહેલી વાત (ભલે ઘણાંને ન સમજાય ને એટલે રસ ન પડે તો પણ) એક સ્વયંભૂ કવિ તરીકે ભાષા પાસેથી કામ લેવાની શ્રી અવધૂતજીની વિચક્ષણતા (સામર્થ્ય) જોવા અને માણવા જેવી છે. ૧થી ૬૨ શ્લોકમાં **स्मर** – સ્મરી લે ક્રિયાપદનો અન્વય માત્ર ચોથી પંક્તિમાં **हे आत्मन्** - હે ચિત્તના ક્રિયાપદ તરીકે જ થાય છે. એ ચોથી પંક્તિનું કર્મ - **दत्तनाम** છે. જ્યારે અહીં ૬૩થી ૬૬માં **आत्मन्** - ચિત્ત - સંબોધન છે, **स्मर** – સ્મરી લે ક્રિયાપદ છે; **दत्तम्** - દત્ત કર્મ છે. અર્થાત્ આત્મન સંબોધન અને સ્મર ક્રિયાપદનો અન્વય શ્લોકના પ્રત્યેક ચરણમાં થાય છે. આ એમનું **ભાષા-વૈશારદ્ય** છે.

ભગવાનશ્રી દત્તાત્રેય અને અન્ય અવતારો વચ્ચેનો તફાવત એ છે કે, શ્રી દત્તાત્રેય સ્વરૂપતઃ **સદ્‌ગુરુ** છે. સદ્‌ગુરુ **સ્વભાવતઃ નિરપેક્ષ** છે. અર્થાત્ સદ્‌ગુરુ સ્વરૂપે તેમને ભક્તની **શક્તિ** કે **અશક્તિ**ની અપેક્ષા નથી. કેમ ? એનું કારણ શું ? એનું કારણ એ કે સદ્‌ગુરુ સંસારની બધી જ **શક્તિઓ** જ્યાં પૂરી થઈ જાય, તે પછીની **પરાશક્તિ - પરમશક્તિ (Absolute energy)** છે. જગતની બધી જ શક્તિઓ એ પરમશક્તિને કારણે જ શક્તિમાન છે. એટલે તેઓ **શ્રીરંગ હૃદય**માં કહે છે :-

**देहबलं गेहबलं वित्तबलं चित्तबलम् ।**
**तद्विना तु सर्वबलं विद्धयसारनिष्फलम् ॥**

(ગુરુ કૃ.પૃ.૧૪૮)

અર્થાત્ દેહનું બળ, ઘરનું બળ, પૈસાનું બળ, ચિત્તનું બળ એ બધાં જ બળ (સર્વ બળ) ગુરુની કૃપા વિના અસાર અને નિષ્ફળ છે એટલે હે ચિત્ત, આત્મન્ તારા શરીરમાં શક્તિ હોય, તું સશક્ત હોય ત્યારે શ્રી દત્તનું સ્મરણ કર, કારણ કે તારી દૈહિક અને માનસિક શક્તિ જ્યાંથી ઉદ્ભવે છે તેનો મૂળ સ્રોત (Source) એ જ છે. શરીરમાં અને મનમાં શક્તિ આવે છે ક્યાંથી. **केनऽपनिषद**ના પ્રસિદ્ધ **यक्षोपाख्यान**માં યક્ષે આવીને અગ્નિ, વાયુની સમક્ષ એક તણખલું મૂક્યું અને કહ્યું આ તણખલાને ઉઠાવી જો. એ બંને નિષ્ફળ ગયા. પરમ શક્તિશાળી અગ્નિ અને વાયુ એક તણખલાને હટાવી ન શક્યા. યુદ્ધમાં જે વિજય થયો હતો તે તત્ત્વતઃ પરમબ્રહ્મની અસીમકૃપાનો વિજય હતો. દેવો અભિમાન લેતા હતા કે વિજય પોતે મેળવ્યો છે. છેવટે ઈન્દ્રે જઈને ભગવતી પાર્વતીને પૂછ્યું આ યક્ષ કોણ છે ત્યારે તેમણે કહ્યું - ''આ બ્રહ્મ છે; એના જ વિજયથી ઈન્દ્ર ! તમે ગૌરવાન્વિત થયા છો.'' એટલે આત્મન્ શક્તિ હોય ત્યારે એના લેશમાત્ર અભિમાનમાં પડ્યા વિના તારી એ શક્તિના સ્રોત શ્રી દત્તનું સ્મરણ કર. એ જ રીતે જ્યારે શક્તિ નષ્ટ થઈ જાય, શરીર શિથિલ થાય. ઘરનું બળ ન રહે, તું એકલો અટૂલો, સાવ **નોધારો** થઈ જાય ત્યારે પણ શ્રી દત્તનું સ્મરણ કર કારણ કે એ **નોધારાનો આધાર**. એ જ્યારે કૃપા કરે ત્યારે ગમે તેવા અશક્ત સશક્ત થઈ જાય છે :-

**વંધ્યા કો સુત નિર્ધન કો વિત દેત દેખ પ્રીત જોહી**
**પ્રાણ પ્રેતકો પાંવ પંગુકો જ્ઞાન મૂઢકો સોહી**
**દુર્લભ કછુ નાહીં / કૃપા કરત જબ એહી**
(અ.આ.પૃ.પર)

એટલે ચિત્ત તું શક્તિનો નાશ થાય ત્યારે પણ શ્રી દત્તનું જ સ્મરણ કર. જ્યારે ભૂતિ - ઐશ્વર્ય-સમ્પત્તિ હોય અને જ્યારે ભૂતિ નષ્ટ થઈ જાય ત્યારે બંને પરિસ્થિતિમાં શ્રી દત્તનું સ્મરણ કર; કારણ કે ગમે તેવું **વિત્ત બલ - ભૂતિ** એ પરમ બલ વિના નકામું - અસાર છે. સામાન્ય રીતે પુરુષાર્થ

ચાર - ધર્મ, અર્થ, કામ, મોક્ષ છે; એમ શાસ્ત્રોમાં કહ્યું છે. વસ્તુતઃ અર્થ-કામ - કાંચનકામિની પ્રારબ્ધને અધીન છે. માણસનાં પૂર્વજન્મનાં અને આ જન્મનાં કર્મનાં ફળરૂપે તેને ઐશ્વર્ય સુખ, સંપત્તિ આદિ મળે છે. એ પ્રારબ્ધના અધિનાયક ભગવાન શ્રી દત્તાત્રેય છે. શ્રી હનુમાનજીએ રાવણની સભામાં સ્પષ્ટ કહ્યું :-

**राम विमुख संपत्ति प्रभुताई ।**
**जाई रही पाई बिनु पाई ।। (સુંદરકાંડ)**

રામથી વિમુખ માણસની સંપત્તિ અને પ્રભુતા રહેવા છતાંય જતી રહે છે અને તેને પ્રાપ્ત કરવી એ ન પ્રાપ્ત કરવા બરાબર છે. માટે આત્મન્, ચિત્ત તું ઐશ્વર્ય હોય ત્યારે અને એ ન હોય ત્યારેય શ્રી દત્તનું જ સ્મરણ કર. એ જ રીતે બાળપણમાં તેમજ વૃદ્ધાવસ્થામાં બંનેય અવસ્થામાં શ્રી દત્તનું સ્મરણ કર કારણ કે સદ્ગુરુ ભગવાન અવસ્થા સાપેક્ષ નથી. એવું માનવાની જરૂર નથી કે, બાળપણમાં રમવાનું અને ભણવાનું હોય, વળી, એવું માનવાનીય જરૂર નથી કે ઘડપણમાં જ શ્રી હરિ સ્મરણ થાય. **શ્રી ગુરુલીલામૃત કર્મકાંડ અધ્યાય-૬૩** ગોપબાળની પૂજન મગ્નતાનું હૃદયંગમ નિરૂપણ છે. બાળકોએ પથરાનું મંદિર, દેવ બનાવી પૂજા શરૂ કરી, ગોપબાળ પૂજામાં તન્મય થઈ ગયો. માતાએ એ શિવલિંગ ભાંગી નાખ્યું તેથી :

**દેવ વિડંબન દેખી એ ખંડિત પૂજા હાય**
**ગોપબાળ વિલપે અતિ, ક્ષણ ક્ષણ મૂર્છિત થાય. ॥ ૬૩-૧૦૫ ॥**

એણે લિંગનું ધ્યાન ધરી, પ્રાણ એકાગ્ર કર્યા એટલે તેને મરણોન્મુખ જોઈને શિવજી પ્રસન્ન થયા. એ રીતે ચિત્ત તું બાલ્યાવસ્થામાં શ્રી દત્તનું સ્મરણ કર. વૃદ્ધાવસ્થામાં તો રખડી-રઝળીને ક્યારેક તો ભલભલા નાસ્તિકો પણ હારી થાકીને ભગવાનનું નામ લેતા હોય છે - **हारे को हरिनाम** – એમ ન છૂટકે નહીં સમજપૂર્વક, આનંદથી, અહોભાવથી - વાહ પ્રભુ !

કેવી સરસ સરળતાથી આ જિંદગી પૂરી થઈ એવા ધન્યતાના ભાવથી ચિત્ત વૃદ્ધાવસ્થામાં પણ તું શ્રી દત્તનું સ્મરણ કર. આ રીતે પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કર. ॥ ૬૩ ॥

**સંગતિ** : શ્રી દત્ત સ્થાન આદિ નિરપેક્ષ છે :-

**याने दत्तं पादयानेऽपि दत्तं**
**ग्रामे दत्तं दत्तमेव स्मशाने ।**
**गोष्ठे दत्तं मन्दिरे दत्तमेव**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ६४ ॥**

**શબ્દાર્થ : याने** – યાનમાં (અથવા **याने सति** – યાન - વાહન હોતાં), **दत्तं (स्मर)** – શ્રી દત્તનું (સ્વરૂપનું) સ્મરણ કર, **पादयाने –अपि** – પગે ચાલીને જતાં - પદયાત્રામાં પણ, **दत्तं (स्मर)** – શ્રી દત્તનાં સ્વરૂપનું સ્મરણ કર, **ग्रामे** – ગામમાં, (આ સપ્તમી એક વચનનું રૂપ છે; સતિ સપ્તમી નથી), **दत्तं (स्मर)** – શ્રી દત્તનું સ્મરણ કર. दत्तम् एव– શ્રી દત્ત જ, **स्मशाने** – સ્મશાનમાં (સપ્તમીનું રૂપ છે), **गोष्ठे** – ગાયોની કોઢ અથવા નિવાસસ્થાને (ઘરે), **दत्तम्** – શ્રી દત્તનું સ્મરણ, **मन्दिरे** – મંદિરમાં, **दत्तमेव** – શ્રી દત્તનું જ એમ પ્રતિશ્વાસ શ્રી દત્તનામ અને શ્રી દત્તના સ્વરૂપનું સ્મરણ કર. ॥ ૬૪ ॥

**વળી યાન કે પાદયાને ય દત્ત**
**તથા દત્ત ગામે સ્મશાને ય દત્ત.**
**ઘરે કોઢ કે મંદિરે દત્ત દત્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૬૪ ॥**

**વિવરણ** : ભગવાન શ્રી દત્તાત્રેય સ્મૃતિગામી છે; માટે **નામસ્મરણ** અને **સ્વરૂપ સ્મરણ** બંનેનો સમન્વય કરતાં કરતાં એક તબક્કો એવો આવે કે, ઘટ-ઘટમાં, અણુએ અણુમાં શ્રી દત્ત સ્વરૂપનું દર્શન થતાં **શિષ્યનું રહે ન પૂર્વ સ્વરૂપ** - શિષ્ય-ભક્ત પોતે જ દત્ત બની જાય.

હે આત્મન્ ! તારી પાસે પ્રારબ્ધવશ યાન-વાહન હોય - સાધારણ સાઈકલથી માંડીને અવકાશયાન સુધીનાં કોઈપણ યાન હોય, ત્યાં શ્રી દત્ત છે જ. યાન ગમે તેવું મોંઘુ - અદ્યતન હોય તો પણ એ નાશવંત છે. એની યાંત્રિક સંરચનામાં માનવીય ચેતના દાખલ કરવામાં આવી છે. કારીગરની - એન્જિનિયરની ચેતનાના આયુષ્યને એ યાનનું આયુષ્ય સાપેક્ષ છે. એટલે દરેક યાનને એની અવસાન તિથિ (અસમર્થ થઈ જવાની તિથિ) નિશ્ચિત છે. એ વિનાશી છે; શ્રી દત્ત અવિનાશી છે; માટે શ્રી દત્ત યાન જેવાં સાધનને સાપેક્ષ નથી. તેઓ સાધન નિરપેક્ષ છે. આ સિદ્ધાંતના આધારે મહાત્મા શ્રી બોડાણાજીની દમણી (દમણિયું) જોતજોતામાં દ્વારકાથી ડાકોર પહોંચી ગઈ હતી. **(શ્રી ગુરુલીલામૃત અ.૧૩૦).** પગે ચાલવાનું હોય તો માણસ ચાલે છે; શરીર ચાલે છે. ભગવાનશ્રી દત્તાત્રેય અશરીરી - નિરાકાર નિરંજન છે, માટે તેઓ માનવીય ચલનવલન સાક્ષેપ નથી. ચલન-વલન નિરપેક્ષ છે. માણસ ચાલે ત્યારે તેનાં હૃદયકમળમાં બિરાજમાન શ્રી દત્તાત્રેય ચાલતા નથી, કારણ કે એ તો અક્રિય છે. હે આત્મન્ તું એ તારી ચલન-વલનની ક્રિયાના અક્રિય દૃષ્ટાનું - સાક્ષીનું સ્મરણ કર, મહામના **શ્રી ગુરુદેવ ટાગોરે** ગાયું છે :-

**મારગ વચ્ચે ભરાય અંગો આળસથી મારાં**
**વધે નહીં આગળ પગ મારા.**
**ભોંય પરે ભલે પડી રહું હું ગાત્રો આ મારાં**
**પસારીને હિંમત હારાં**
**આખી વાટ હજી રહી બાકી એના ભણકારા**
**રહેજો અંતરમાં મારાં.**

પદયાત્રીની યાત્રાનો આરંભ અને અંત બંને દત્ત જ છે. હે આત્મન્, તું જે ગામમાં રહે છે એના ગ્રામ દેવતા તત્ત્વતઃ શ્રી દત્તાત્રેય જ છે, કારણ કે એ શ્રી બ્રહ્મા-વિષ્ણુ-મહેશ સ્વરૂપ હોઈ, ગ્રામ દેવતાનો એમાં તિરોભાવ - અદૃશ્ય સ્વરૂપે નિવાસ છે જ. એ જ રીતે સ્મશાનમાં એ દેવ-પ્રેત-સંસ્કાર-

અગ્નિ સંસ્કાર સ્વરૂપે વિદ્યમાન છે. આમ, શ્રી દત્તાત્રેય સ્થાન સાપેક્ષ નથી. ગામ એમને માટે ભિક્ષા વિહારનું સ્થાન છે; તો સ્મશાન ક્રીડા સ્થળી છે. આ દેવ મંદિરમાં જ હોય કે ગોષ્ઠ-નિવાસના પૂજાસ્થાને જ હોય એવું નથી. મંદિરમાં પણ હોય ને ઘરમાં પણ હોય. ચૌદ વર્ષની વનવાસ યાત્રા દરમિયાન ભગવાન શ્રી રામચંદ્રજી મહર્ષિ વાલ્મિકીના આશ્રમે પહોંચ્યા તો એમણે મહર્ષિને વિનયપૂર્વક પૂછ્યું : મહારાજ હવે, મારે ક્યાં રહેવું એ સ્થાન બતાવો. મહર્ષિએ કહ્યું : રઘુનંદન તમે મને ક્યાં રહેવું એમ પૂછો છો, તો હવે તમે જ કહો તમે ક્યાં નથી રહેતા ? ઘર અને મંદિર, ગામ કે સ્મશાન તું જ્યાં હોય ત્યાં શ્રી દત્તનાં સ્વરૂપનાં સ્મરણ સાથે શ્રી દત્તનામનું પ્રતિશ્વાસ સ્મરણ કર. ॥ ૬૪ ॥

**સંગતિ** : શ્રી દત્તાત્રેય સમય-કાળ-સ્થાન નિરપેક્ષ છેઃ-

**लग्ने दत्तं सूतके दत्तमेव**
**क्षेत्रे दत्तं दत्त मेवापि पीठे ।**
**काले दत्तं दत्तमेवाप्यकाले**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ६५ ॥**

**શબ્દાર્થ : लग्ने** – લગ્ના મુહૂર્તમાં, **दत्तम्** - શ્રી દત્ત (સ્મર), **सूतके** – સૂતક (અશૌચ)માં, **दत्तमेव** – શ્રી દત્તનું જ (સ્મરણ), **क्षेत्रे** – ખેતરમાં, **दत्तम्** - શ્રી દત્ત (સ્મર), **दत्तम् एव अपि** – શ્રી દત્ત જ, પણ, **पीठे** – દેવ-વિદ્યા આદિનું સ્થાન ઉપલક્ષણથી, **तीर्थ – काले** – સારા સમયે - સુકાળ હોય ત્યારે, **दत्तं** – શ્રી દત્તનું (સ્મરણ), **दत्तमेवाप्यकाले – दत्तम् – एव – अपि – अकाले** – અકાળ (દુષ્કાળ)માં પણ શ્રી દત્તનું સ્મરણ, એમ હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામનું સ્મરણ કર. ॥ ૬૫ ॥

**જતાં લગ્ન કે સૂતકે દત્ત દત્ત**
**વળી ખેતરે તીર્થ માંહેય દત્ત**
**સદા દત્ત કાળે અકાળેય દત્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૬૫ ॥**

**વિવરણ :** લગ્ન શુભ મુહૂર્તમાં જ થાય - લગ્ન શુભ છે. મૃત્યુ પછીના અશૌચ-અશુદ્ધિ-સૂતકના દિવસો અશુભ છે. શ્રી દત્તાત્રેય શુભ-અશુભ નિરપેક્ષ છે. ભગવાન શ્રી ગણનાયક શુભ-સાપેક્ષ છે. લગ્નમાં ગણપતિ પૂજન અનિવાર્ય છે. સૂતકમાં ગણપતિ કે અન્ય દેવનું પૂજન ન થાય. શ્રી દત્તાત્રેય **શુભાશુભવિનિર્મુક્ત** - શુભ-અશુભ બંનેથી મુક્ત છે. લગ્નમાં શ્રી દત્તનું સ્વરૂપ નામસ્મરણ અને સૂતકમાં પણ એ જ સ્મરણ. શ્રી દત્તનામ અને સ્મરણનું માહાત્મ્ય દર્શાવતાં શ્રી અવધૂતજી **सर्वसौख्यकर स्तोत्रम्**માં કહે છે -

**(१) यस्य नामश्रुतेः सद्यो मृत्युर्दूरात्पलायते**
**दुःख वार्ता विलीयेत दत्तात्रेय नमोऽस्तु ते ॥**

જેમનાં નામનાં શ્રવણ માત્રથી મૃત્યુ દૂર ભાગે છે; દુઃખની વાત - નામ નિશાન વિલીન થઈ જાય છે તેવા હે શ્રી દત્તાત્રેય પ્રભુ, આપને નમસ્કાર (શ્રી રંગહૃદયમ્ પૃ.૨૪)

(૨) **शोकोनन्दायकल्पेतं**... જેમનાં નામ શ્રવણથી શોક આનંદરૂપ થઈ જાય છે... વગેરે... એવા શ્રી દત્તાત્રેય સચ્ચિદાનંદ સ્વરૂપ હોઈ તેઓ શુભાશુભ નિરપેક્ષ છે.

એ જ રીતે ખેતર અને તીર્થ બંનેથી નિરપેક્ષ છે. અર્થાત્ બંને સીમાઓથી નિરપેક્ષ છે; સીમિત - સીમાબદ્ધ નથી..અહીં મૂળ સંસ્કૃત શ્લોકમાં આપેલા **પીઠ** માટે ગુજરાતીમાં **તીર્થ** શબ્દ ઉપલક્ષણ રૂપે મૂકાયો છે. પીઠ એટલે વિદ્યાપીઠ અથવા જગદગુરુ શંકરાચાર્ય, જેવાએ સ્થાપેલાં **આચાર્યપીઠ** ઉપલક્ષણથી તીર્થ સ્વરૂપ હોઈ એ શબ્દ પ્રયોજાયો છે. શ્રી દત્તાત્રેય દેશ-પ્રદેશની સીમાથી સીમિત ન હોતા એ ઉભય સ્થાને સ્મરણીય છે. **શ્રી ગુરુલીલામૃત કર્મકાંડ અધ્યાય-૧૦૨**ની કથામાં શ્રી ગુરુનાં વચન પર અડગ શ્રદ્ધાથી ખેડૂતે પોતાનો અપક્વ પાક બપોર સુધીમાં વાઢી નાખ્યો... એ જ રીતે **ઉપાસનાકાંડ અધ્યાય-૧૩૭**માંની ગુણિયલ છતાંય કાળી હોવાને કારણે ત્યકતા થયેલી સીતાબાઈ નામની સ્રીએ

પૂજનીય સ્વામી મહારાજની ચરણ રજ ડાબડીમાં સાચવી રાખી હતી. આ બંને દૃષ્ટાંતમાં જે સદગુરુ શ્રી દત્તાત્રેય **સ્વરૂપતઃ** તીર્થમાં છે; તે જ સ્વરૂપતઃ ખેતરમાં છે. એ જ રીતે સુકાળે અને અકાળે શ્રી દત્ત છે. એ તથ્યનું પ્રતિપાદન થયું છે. કર્મકાંડ **અધ્યાય-૧૦૨**માં શ્રી ગુરુનાં વચન પર શ્રદ્ધા રાખી પાક કાપી નાખ્યા પછી - **મૂળ નક્ષત્રે થયો અકાળ બહુ વરસાદ (૪૯)** અને એ ખેડૂતનાં ખેતરમાં છિન્નમૂલે નવાં અંકુરો ફૂટતાં નવો જ પાક થયો. જ્યારે **અધ્યાય-૧૩૭** ગરીબ ત્યકતાએ તૈયાર થયેલા ધાન્યનું ખળું કરી રાખ્યું હતું, વર્ષાનો **કાળ** હતો. વર્ષા શરૂ થવામાં હતી. એ સીતાબાઈએ શ્રી દત્તનામ સ્મરી પેલી ચરણરજ ખળાની ચારે બાજુ ભભરાવી. વરસાદ વરસ્યો જ - મૂશળધાર, પણ તેનાં ખળામાં છાંટો ય પાણી ન પડ્યું. આ ચમત્કાર નથી ખેતર અને તીર્થ, અકાળ અને સુકાળ બધું જ ભગવાન શ્રી દત્ત સ્વરૂપ જ હોવાનું પ્રમાણ છે; માટે હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામની સાથે શ્રી દત્ત સ્વરૂપનું સ્મરણ કર એ તાત્પર્ય છે. ॥ ૬૫ ॥

**સંગતિ** : શ્રી દત્તાત્રેય જન્મ-સ્થાન નિરપેક્ષ છે :-

**लोके दत्तं दत्तमेव त्वरण्ये**
**कार्यागारे भीमकारागृहे च ।**
**काशीक्षेत्रे दीनआभीर[२२] घोषे**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ६६ ॥**

**શબ્દાર્થ : लोकेः** – જનસમાજમાં, **दत्तम्** - શ્રી દત્તનું સ્મરણ કર, **दत्तमेव** – **दत्तम्–एव** – શ્રી દત્તનું જ, **त्वरण्ये** – **तु अरण्ये** – જંગલમાં પણ, **कार्यागारे** – **कार्य–आगारे** – કાર્યાલય-કચેરીમાં, **भीमकारागृहेच** –

૨૨. ભગવાનશ્રી દત્તાત્રેય વર્ણાતીત છે. પૂજ્યશ્રી અવધૂતજીએ શ્રી દત્ત બાવનીમાં - ''જાત પાંતની તને ન ચીડ'' એમ કહી શ્રી ગુરુલીલામૃતમાં તેની વિગતે ચર્ચા કરી છે. પ્રસ્તુત સ્તોત્ર રચના ઈ.સ. ૧૯૨૬ની છે. તે સમયે અહીં પ્રયોજાઈ ગયેલા વર્ણ વિષયક શબ્દને મેં મારી વિવેકબુદ્ધિથી બદલ્યો છે. એ શબ્દ પરિવર્તનની જવાબદારી હું લઉં છું. શ્રી ગુરુદેવ દત્ત. તા.૧૮-૫-૨૦૦૮ - શાસ્ત્રી જયેન્દ્ર દવે

કેદખાનામાંય, (શ્રી દત્તને સ્મર), **काशीक्षेत्रे** – કાશી જેવા પવિત્ર ક્ષેત્રમાં, **दीनआभीर** – ગરીબ ગોવાળિયાના, **घोषे** – કૂબામાં, હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્વરૂપનું સ્મરણ કર. ॥ ૬૬ ॥

**જને દત્ત દત્ત અરણ્યે દત્ત**
**કચેરી મહીં કેદખાને ય દત્ત.**
**વળી કાશી કે દીનકૂબેય દત્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૬૬ ॥**

**વિવરણ** : સદ્‌ગુરુ ભગવાન ક્યાંય, કોઈપણ પરિસ્થિતિમાં બાધિત - બદ્ધ નથી. આ જગતની વિભિન્ન પરિચ્છિન્નતા - **પરિમિતતા (Confinement)**માં એ **અપરિમેય (Infinitc)** છે. આ જગત **સાન્ત (Finite)** છે. એટલે જ્યાં એક બાજુ જનસમાજમાં શ્રી દત્ત છે; ત્યાં એ જ ક્ષણે તદ્દન નિર્જન, વિજન અરણ્યમાં શ્રી દત્ત છે. એટલે રાજ્ય કારભાર છોડીને મહાત્મા સાયંદવજી જ્યારે ગાણગાપુર આવ્યા અને એમણે શ્રી ગુરુની સેવા કરવાની ઈચ્છા પ્રદર્શિત કરી ત્યારે શ્રી દત્તાત્રેયસ્વરૂપ શ્રી નરસિંહ સરસ્વતી સ્વામી મહારાજે કહ્યું - **कष्टं मे सेवनम्** – મારી સેવા કષ્ટદાયી છે કારણ કે હું તો **ग्रामे नदी तटेऽरण्ये निर्जनेऽपि वसाम्यहंम्** (**द्विसहस्री** अ.२०). હું તો ગામમાંય રહું, નદી તટેય રહું, નિર્જન અરણ્યમાં પણ રહું. તો વળી, કચેરીમાંય શ્રી દત્ત છે; શ્રી અરવિંદ પર કેસ ચાલતો હતો. કોર્ટ-કચેરીમાં એમને શ્રી વાસુદેવ કૃષ્ણનાં દર્શન થયાં. શ્રી ગુરુલીલામૃત ઉપાસનાકાંડમાં સાવંતવાડીમાં રાજ્યની કચેરીમાં વસૂલાતની નોકરી કરનાર **સોહિરોબા**ને જીવનની અસારતાનો બોધ કરાવી રાજ્યના આરોપમાંથી મુક્તિ અપાવ્યાની કથા નોંધનીય છે. એ જ રીતે કારાગૃહ જેવી કનડગતનો અનુભવ પૂજનીય શ્રી સ્વામી મહારાજને થયો હતો. **વાસીમ** ગામ પાસે પોલીસોએ સવારથી સાંજ સુધી ગુનેગારની જેમ રોકી રાખ્યા ત્યારે પૂજનીય સ્વામી મહારાજશ્રી **વિચાર કરી પ્રારબ્ધનો રહ્યા બેસી ત્યાં શાંત (અધ્યાય-૧૨૪)** એ યાતનામાંથી સદ્‌ગુરુ ભગવાને કેવી રીતે છોડાવ્યા એ કથા છે.

કાશી જેવા પુરાણ પ્રસિદ્ધ પુણ્ય ક્ષેત્રમાં કે ગરીબ આભીર-ગોપાલકના કૂબા-ઝૂંપડામાં ભગવાનશ્રી દત્તાત્રેય છે. પુરાણ પ્રસિદ્ધ તીર્થ ક્ષેત્રોમાં તો ભગવાનનો વાસ છે જ, તેથી આજે આ ઘોર કલિકાળમાં લોકો જાય છે. ગરીબના ઘરમાંય ભગવાનનો વાસ છે. શ્રી દત્તાત્રેય જાતિ-પાંતિ, ઉચ્ચ-નીચ, પવિત્ર-અપવિત્રની મર્યાદાથી પર છે - **જાતપાતની તને ન ચીડ (બાવની) શ્રી ગુરુલીલામૃત કર્મકાંડ અધ્યાય-૮૧**માં રસ્તે જતા સામાન્યથી સામાન્ય શૂદ્રની પાસે વેદનો પાઠ કરાવ્યો. આદિ કથાઓ શ્રી દત્તાત્રેયનાં આ નિરપેક્ષ સ્વરૂપની પ્રમાણ કથાઓ છે. માટે હે ચિત્ત તું શ્રી દત્તાત્રેયનું નામસ્મરણ કર - સ્વરૂપનું સ્મરણ કર. ॥ ૬૬ ॥

**સંગતિ** : ભગવાનશ્રી દત્તાત્રેયની નિરપેક્ષતાનું ચાર શ્લોકમાં નિરૂપણ કર્યા પછી, હવે, શ્લોક-૬૭થી ૭૪ આઠ શ્લોકમાં શ્રી દત્તાત્રેયની એકમેવતા = એકમ એવત્વનું નિરૂપણ કરે છે :-

**दत्तस्त्वेको जीवनं जीवनानां**
**दत्तस्तोको मारणं मारणानाम् ।**
**दत्तस्त्वेको भीषणं भीषणानां**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ६७ ॥**

**શબ્દાર્થ** : **दत्तस्त्वेकः** – **दत्तः तु एकः** – શ્રી દત્ત તો એક જ, **जीवनं** – જીવન, **जीवनानां** – જીવી રહેલાનું, **दत्तस्त्वेकः** – (પૂર્વ પ્રમાણે), **मारणं** – મારણ, **मारणानाम्** - મારણ પ્રયોગ કરનારાઓનું, **दत्तस्त्वेकः** (પૂર્વ પ્રમાણે), **भीषणं** – ભીતિ-ભય, **भीषणानां** – બધી જ ભીતિની - ભયનો, માટે હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનું સ્મરણ કરી લે. ॥ ૬૭ ॥

**નક્કી એક છે જીવ એ જીવનોનો**
**વળી મૃત્યુનો મૃત્યુ એ એક દાનો**
**તથા ભીતિની ભીતિએ એક દત્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૬૭ ॥**

**વિવરણ : શ્લોક-૬૭-૭૪** - આઠ શ્લોકોનું મુખ્ય વાક્ય છે - **दत्तः तु एकः –** એ એક દત્ત. આ શ્લોકો દેખાવમાં એકદમ સહેલા છે; પણ ખરેખર ખૂબ જ ગૂઢ છે. નાળિયેર અને પાકી કેરી વચ્ચેના તફાવત જેવું છે. નાળિયેર ઉપરથી ખૂબ જ - અતિશય કઠિન પડવાળું હોય, અંદર મીઠું મધુરું હોય. જ્યારે પાકી કેરી ઉપર ઉપર મીઠા રસથી ભરપૂર હોય અંદર અતિ કઠિન ગોટલામાં ગોટલી હોય. આ શ્લોકો પાકી કેરી જેવા છે. હાથમાં લેતાં જ સમજાઈ ગયા છે એવું લાગશે, પણ ખરેખર નહીં સમજાયા હોય. જો ખરેખર ગોટલામાંથી ગોટલી સુધી પહોંચવું હોય તો વાચકે થોડી ધીરજ રાખી, થોડો વ્યાયામ કરવો પડે એવું છે. આ આઠ શ્લોકનું એક ગુચ્છ-ઝૂમખું (Cluster) છે. એટલે એ સમજવા માટે આપણે થોડી ભૂમિકા બાંધીએ.

**શ્લોક-૬૭થી ૭૪ની ભૂમિકા** - પૌરાણિક દૃષ્ટિએ ભગવાન વિષ્ણુના **મુખ્ય દસ** અને સમગ્રતયા **ચોવીસ અવતારો** છે. આ ચોવીસ અવતારોમાં ભગવાનશ્રી દત્તાત્રેય ભગવાન શ્રી વિષ્ણુના ત્રિમૂર્ત્યાત્મક - બ્રહ્મા વિષ્ણુ મહેશાત્મક સમગ્ર સંકુલ (Complex Whole) સ્વરૂપ **છટ્ઠા અવતાર** છે. હવે, આ અવતારોનું ગૂઢ રહસ્ય ટૂંકમાં સમજી લઈએ :-

* મૂળમાં તદ્દન **નિરાકાર - નિરંજન, એક-અદ્વિતીય** એવું **સત્** - અંતિમ **વાસ્તવ - પરમ તત્ત્વ** હતું. (વાચકની મર્યાદાને ધ્યાનમાં રાખી આપણે તેની વિગતોમાં નથી જતાં)

* એ નિરંજન-નિરાકારમાંથી **સગુણ-સાકાર**નો ઉદ્‌ભવ થયો. કેવી રીતે થયો એની વાતમાં આપણે અહીં નથી પડતાં. તેનું સ્પષ્ટ નિરૂપણ પૂજ્ય શ્રીએ **શ્રી ગુરુલીલામૃત જ્ઞાનકાંડ**માં કર્યું છે.

* પરબ્રહ્મ - પરમસત્‌નાં બે સ્વરૂપ થયાં - **(૧) નિર્ગુણ નિરાકાર** અને **(૨) સગુણ સાકાર.**

ખરી તકલીફ હવે શરૂ થાય છે - **જે માનવીય દેહે સગુણ સાકાર સ્વરૂપે આ પૃથ્વી પર અવતરે છે; એ તત્ત્વતઃ નિર્ગુણ નિરાકાર** જ છે; **એ સાબિત - સિદ્ધ કેવી રીતે કરવું ?** આ શ્રીરામ, આ શ્રી કૃષ્ણ, આ

શ્રી દત્ત એ જ નિર્ગુણ - નિરાકાર પર બ્રહ્મ છે એની સાબિતી શી ? એ સિદ્ધ કરવાનું બહુ અઘરું છે. એટલે -

(૧) આપને જાણીને આશ્ચર્ય થશે કે, સ્વયં આદિ કવિ વાલ્મિકીએ ચોવીસ હજાર શ્લોકનાં મહાકાવ્ય **શ્રી રામાયણ**માં કોઈ જગ્યાએ શ્રી રામ ભગવાન હતા, પરબ્રહ્મ હતા એની ચર્ચા કરી જ નથી. એમણે શ્રી રામની ઓળખ **रामोविग्रहवान्** धर्मः – શ્રીરામ ધર્મનું હાલતું ચાલતું જીવંત સ્વરૂપ હતા એમ કહ્યું છે.

(૨) પછી, છેક પંદરમી સદીમાં સંતશ્રી તુલસીદાસજીએ **શ્રીરામચરિત માનસ**માં શ્રી રામના નિર્ગુણ અને સગુણ બ્રહ્મ સ્વરૂપનું એવું તો ઉત્કટ પ્રતિપાદન કર્યું કે, જેથી એ તથ્ય સિદ્ધ થઈ જાય. શ્રી રામચરિતની પાછળ લોકો આજે ગાંડા થઈ જાય છે તેનું કારણ મહામના તુલસીદાસનું અકાટ્ય પ્રતિપાદન છે. સ્વયં શ્રી અવધૂતજી **મહાન રામાનંદી** હતા -

**પ્યારે ! ભજ લે રામ દિન રૈનાં**
**કાહે ફિરત અચૈના...**

(અ.આ.પૃ. ૧૬૯)

(૩) પોતે જ રચેલા પુરાણોમાં સગુણ-સાકાર સ્વરૂપનું નિર્ગુણ નિરાકાર સ્વરૂપ સિદ્ધ થતું નથી, એવું લાગવાથી આકુળ-વ્યાકુળ થઈ ગયેલા ભગવાન શ્રી **કૃષ્ણ દ્વૈપાયન વ્યાસે** મહાપુરાણ **શ્રી મભ્દાગવત**માં ભગવાનશ્રી **વાસુદેવ કૃષ્ણ**નાં નિર્ગુણ નિરાકાર અને સગુણ સાકાર સ્વરૂપનું એવું ઉત્કટ પ્રતિપાદન કર્યું કે, **कृष्णस्तु भगवान् स्वयम्** શ્રીકૃષ્ણ જ સ્વયં ભગવાન છે; એ સિદ્ધ થઈ જાય. આજે હજારો વર્ષ દરમિયાન લોકો શ્રીકૃષ્ણનું નામ પડતાં જ ગાંડા ગાંડા થઈ જાય છે; એનું કારક વ્યાસજીનું ભાગવત છે. સ્વયં શ્રી અવધૂતજી મહાન **કૃષ્ણસખા** હતા -

*** હમ કૃષ્ણ કૃષ્ણ કહ ગાયેંગે... (અ.આ. ૧૬૫)**
*** દેખ લિયો મોહન મૈં માઈ... (અ.આ. ૧૬૩)**
*** સુનેરી મૈંને હરિ મુરલી કી તાન... (અ.આ. ૫૮)**

(૪) છઠ્ઠા અવતાર ભગવાનશ્રી દત્તાત્રેય સગુણ સાકાર અને નિર્ગુણ નિરાકાર પરબ્રહ્મ જ છે એ સિદ્ધ કરવાનો ભવ્ય ઉપક્રમ સદ્ગુરુ ભગવાન **પ.પ. શ્રી વાસુદેવાનન્દ સરસ્વતી સ્વામી મહારાજશ્રીએ,** ઓગણીસમી સદીમાં શ્રી **દત્તપુરાણ, શિક્ષાત્રય**[૨૩] જેવા ગ્રન્થો દ્વારા આરંભ્યો અને **दत्तस्तु भगवान स्वयम् – શ્રી દત્તાત્રેય જ સ્વયં ભગવાન** છે એ તથ્ય સિદ્ધ કર્યું. વીસમી સદીમાં પૂજનીય સદ્ગુરુ ભગવાનશ્રી રંગઅવધૂત મહારાજશ્રીએ આ તથ્યનું અતિભવ્ય, અતિઉત્કટ પ્રતિપાદન કર્યું.

આમ, શ્રી દત્તાત્રેય માત્ર છઠ્ઠો અવતાર નથી, પણ તેઓ પરબ્રહ્મ સ્વરૂપે નિરાકાર નિગુર્ણ - એક અદ્વય છે; એ અદ્વૈત સિદ્ધાંતના પ્રતિપાદન સાથે જ તેઓ સાકાર સગુણ એકમેવ અદ્વય છે; એ સિદ્ધાંતનું પ્રતિપાદન થયું હોવાના સારરૂપે અહીં આ કૃતિમાં આ આઠ શ્લોક ગૂંથાયા છે, એવી પાયાની સમજ સાથે આ આઠ શ્લોક સમજવા પ્રયત્ન કરવો જોઈએ.

**વિવરણ** : શ્લોક ૬૭માં કહે છે શ્રી દત્ત - **નકી એક છે જીવ એ જીવનોનો** - બધાં જ જીવધારીનાં જીવનનો જીવ - જીવનો પણ જીવ શ્રી દત્ત જ છે. એટલે જીવનાં બે સ્વરૂપ થયાં - **જીવાત્મા - પરમાત્મા** - પરમાત્મા જીવાત્માનો જીવ છે. આ વાત ઉપનિષદમાં એક જ વૃક્ષની ડાળ પર બેઠેલાં બે પક્ષીનાં રૂપક દ્વારા સમજાવી છે. એમાંનું એક - **જીવાત્મા** પીપળાનાં મધુર ફળ - કર્મનાં ફળ હોંશે હોંશે ખાય છે - ભોગ ભોગવે છે અને બીજું - **પરમાત્મા** ભોગ ન ભોગવતાં માત્ર જોયા કરે છે. ઈશ્વર -

૨૩. આત્મશ્લાઘા ન ગણાય એવી પ્રાર્થના સાથે નમ્રતાથી જણાવું છું કે પ્રબોધિનીનાં ઉપક્રમે આ વિષયમાં છેલ્લાં પાંચ વર્ષમાં મેં હિન્દીમાં પાંચ લેખ તૈયાર કર્યા છે અને તેના મરાઠીમાં અનુવાદ થયા છે.

ભગવાનશ્રી દત્તાત્રેય **નિયામક-સર્વજ્ઞ** છે, જ્યારે જીવ **અલ્પજ્ઞ** હોઈ **નિયમ્ય** છે. **(મુંડક ઉપનિષદ ૩/૧/૧).** વળી, શ્રી દત્તાત્રેય મૃત્યુનાં પણ મૃત્યુ છે. મૃત્યુ શરીરનું થાય છે, જીવ જાય છે -

**જે જાયું તે જાય, જગતમાં જે જાયું તે જાય...** (અ.આ.પૃ.૬૬)

એ મોહમૃત્યુ - આત્મસ્વરૂપનું વિસ્મરણ, થવાને કારણે થાય છે. એવા મૃત્યનું પણ મૃત્યુ - ભગવાન શ્રી દત્તાત્રેય છે. તેથી ઉપનિષદમાં કહ્યું છે - **मृत्युर्धावतिपञ्चमः (कठ २/३/३)** આ પરમેશ્વર શ્રી દત્તાત્રેયના ભયથી અગ્નિ તપે છે; સૂર્ય તપે છે, એમના ભયથી બી ગયેલો ઈન્દ્ર, વાયુ અને પાચમું મૃત્યુ દોડાદોડ કરે છે. એ શ્રી દત્તાત્રેય જ ભીતિની પણ ભીતિ છે. મનુષ્યો ડરે છે. એમને જેનો જેનો ડર છે એ બધાય ડરને ડરાવનાર ભગવાનશ્રી દત્તાત્રેય છે; એ પૂર્વે કઠોપનિષદના વાક્યમાં આપણે જોયું છે. માટે હે ચિત્ત મૃત્યુના મૃત્યુ, જીવના જીવ, ભયના ભય એવા શ્રી દત્તાત્રેયનું નામ અને એમનાં સ્વરૂપનું તું સ્મરણ કર. ॥ ૬૭ ॥

**સંગતિ** : 'એ એક દત્ત-**दत्तस्त्वेकः**નું નિરૂપણ આગળ ચાલે છે -

**दत्तस्त्वेकः कारणं कारणानां**
**दत्तस्वेको जारणं जारणानाम् ।**
**दत्तस्त्वेकस्तारणं तारणानां**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ६८ ॥**

શબ્દાર્થ : **दत्तः तु एकः** - એક દત્ત જ (બીજો નહીં), **कारणं कारणानाम्** - કારણોનું કારણ, **दत्तस्त्वेकः** – (પૂર્વવત), **जारणं** – જીર્ણ - નાશ કરનાર (મંત્ર પ્રયોગ), **जारणानाम्** - નાશક-જારણ મંત્રપ્રયોગ કરનારાઓના, **दत्तस्त्वेकः** – (પૂર્વવત્), **तारणं** – તારણ કરનાર, **तारणानाम्** - તારી દેનારાઓના છે. માટે હે આત્મન તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્વરૂપનું સ્મરણ કર. ॥ ૬૮ ॥

**અરે હેતુનો હેતુ એ દત્ત એક**
**તથા નાશકોનોય એ નાશ છેક**
**વળી, તારકોનોય એ તાર દત્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥૬૮॥**

**વિવરણ :** આ સૃષ્ટિ કોઈક ને કોઈક કારણથી ઊપજેલી છે. એનું મૂળ કારણ શું ? આ સૃષ્ટિ કાર્યરૂપ છે. જ્યાં કાર્ય હોય ત્યાં કારણ હોય જ. સૃષ્ટિનાં મૂળ કારણ તથા અહીં શ્લોક ૬૭થી ૭૪ની જે ભૂમિકા બતાવી છે તેનું શાસ્ત્રીય નિરૂપણ પૂજ્યશ્રીએ **શ્રી ગુરુલીલામૃત - જ્ઞાનકાંડ અધ્યાય-૧૬** કર્યું છે. પ્રસ્તુત શ્લોકના **કારણવાદ**નું નિરૂપણ એ અધ્યાયમાં દોહા **૨૫થી ૩૫**માં કર્યું છે. તેનો સાર નીચે આપ્યો છે :

- ❑ કારણવાદમાં ત્રણ મુખ્ય મત છે - **આરંભવાદ, પરિણામવાદ** અને **વિવર્તવાદ.**
- ❑ **આરંભવાદ** એટલે ઘણા અવયવો - ઘટકો મળીને તેમાંથી સાવ જુદી જ રચના થવી - રચનાનો આરંભ થવો. તેમાં -

(૧) **સમવાયી કારણ** - કપડાની રચના થાય તો તેમાં તંતુઓ, ઘડાની રચનામાં માટીના પરમાણુ વગેરે.

(૨) **અસમવાયી કારણ** - તંતુઓ કે પરમાણુઓનો પરસ્પર સંયોગ - તાણાની સાથે તાણો તેની સાથે વાણો. માટીનાં કણોનું મિશ્રણ.

(૩) **નિમિત્ત કારણ** - કપડું વણનાર, ઘડો ઘડનાર

- ❑ **પરિણામવાદ** - જેવી રીતે દૂધનો સ્વાભાવિક વિકાર થતાં તેનું દહીંમાં રૂપાંતર - પરિણામ થાય છે; તેમ ત્રિગુણાત્મક પ્રકૃતિનો સ્વાભાવિક વિકાર થતાં તે સૃષ્ટિમાં પરિણમે છે.
- ❑ **વિવર્તવાદ** - બ્રહ્મમાં કોઈ કાળે વિકાર થતો નથી; પરંતુ દોરડીમાં આછા અંધકારના સંયોગે સર્પરૂપે મિથ્યા ભાસ થાય છે તેમ સત્ સ્વરૂપ નિર્વિકાર બ્રહ્મમાં અજ્ઞાનને લીધે સૃષ્ટિરૂપે તેનો વિવર્ત ભાસે છે.

આના સંદર્ભમાં શ્રી અવધૂતજી કહે છે શાસ્ત્રોએ કરેલી આખી **કારણ મીમાંસા નર્યું તૂત** છે :-

**આએ કલ્પિત જાણતું, મૂળ અવિદ્યા તૂત**
**એક નિરંજન સત્ય ત્યાં, ક્યાં ભેદનું ભૂત. ॥૧૬-૩૪॥**

આ બધાં કારણો કલ્પિત છે. એ કારણોનું કારણ - **એક નિરંજન સત્ય,** એ એક શ્રી દત્તાત્રેય જ છે.

શ્રી દત્તાત્રેય **જારણોનું જારણ.** સામાન્ય રીતે **મારણ-જારણ** - વામ માર્ગી તંત્ર શાસ્ત્રના શબ્દપ્રયોગો છે. પરંતુ પૂજનીય શ્રી અવધૂતજીએ ગુજરાતી શ્લોકમાં **મારણ** માટે મૃત્યુ અને **જારણ** માટે નાશક શબ્દ પ્રયોજીને આપણને તંત્રશાસ્ત્રની ચર્ચામાં પડતા રોક્યા છે. (નહીં તો આપણે તો એમની કૃપાથી એ ચર્ચાય કરત.) નાશ કરનારનો નાશક શ્રી દત્ત છે. જેમ કે :-

(૧) દેવોને પરાજિત કરી સ્વર્ગનું રાજ્ય છીનવી લેનાર જંભ દૈત્યનો લીલયા નાશ કર્યો. **(જ્ઞાનકાંડ અધ્યાય-૧૧)**

(૨) આયુરાજના પુત્ર નહુષનું હુંડાસુરથી રક્ષણ કરી, તેનો નાશ કર્યો - લીલયા. **(જ્ઞાનકાંડ અધ્યાય ૪૫-૪૮)**

શ્રી દત્તાત્રેય તારણ કરનાર - તારકના પણ તારક તારનાર છે. જેમ કે -

(૧) **ભક્તરાજ પ્રહ્લાદ ઉગાર્યો, તાર્યો ફણીધર પિંગલ છે...**

જગતને હિરણ્યકશિપુના ત્રાસમાંથી, પોતાની ભક્તિ દ્વારા તારનાર પ્રહ્લાદ તથા સ્વયં પિંગલ નાગને તાર્યા.

(૨) **સાધ્યદેવ ઈંદ્રાદિક સુરવર કંઈક અભય કરી સ્થાપ્યા છે.**

(૩) **ગોરખગર્વ નિવારી ગિરિપર અક્ષયપદ નિજ સ્થાપ્યાં છે.**

**(અ.આ.પૃ. ૪૪)**

સાધ્યદેવ, ઈન્દ્ર, ગોરખનાથ જેવા કંઈક સિદ્ધોને તાર્યા તેથી તારકોના તારક એવા શ્રી દત્તાત્રેયનું હે ચિત્ત તું નામ-સ્વરૂપ સ્મરણ કરી, આ સંસારમાં તરી જા એ ભાવ છે. ॥ ૬૮ ॥

**સંગતિ** : શ્રી દત્તની એકમેવ - અદ્વિતીયતાનું નિરૂપણ આગળ વધે છે :-

**दत्तस्त्वेको भेषजं भेषजानां**
**दत्तस्त्वेको ह्यञ्जनं चाञ्जनानाम्**
**दत्तस्त्वेको ह्यमृतं चामृतानां**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ६९ ॥**

**શબ્દાર્થ : दत्तस्त्वेकः – दत्तः तु एकः** - (પૂર્વવત), **भेषजं** – દવા, ઉપચાર, **भेषजानाम्** - દવાઓની, **दत्तस्त्वेकः** – (પૂર્વવત), **ह्यञ्जनं – हि – अञ्जनं** – દૃષ્ટિ - (अञ्ज – ૭.પ.પ. - વ્યક્તીકરણ - દૃષ્ટિના અર્થમાં છે) જ છે; **अ चाञ्जनानाम् – च – अञ्जनानाम्** – વળી અંજનોની. (અહીં આ **अञ्जन** – આંજણ-કાજળના અર્થમાં નથી, પણ **अञ्जन** એટલે જેને કશું સૂઝતું નથી - મૂંઝાઈ ગયા છે; તેની દૃષ્ટિના અર્થમાં છે). **दत्तस्त्वेकः** – (પૂર્વવત) **ह्यमृतं – हि अमृतं – સુધા, चामृतानां – च–अमृतानां** – વળી, (નિઃશંક) સુધાની. માટે હે ચિત્તનું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્વરૂપનું સ્મરણ કરી લે. ॥ ૬૯ ॥

**દવાની દવા ગૂઢ એ દત્ત એક**
**અને દૃષ્ટિ દે અંજનોનેય દેખ**
**સુધાની સુધા એ જ નિઃશંક દત્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૬૯ ॥**

**વિવરણ** : ભગવાન શ્રી દત્તાત્રેય ભેષજ (**भेषं रोगं जयति इति** – રોગ પર વિજય મેળવનાર) - દવાની પણ દવા છે. તેઓ રુદ્ર સ્વરૂપે દવાની દવા છે. શુક્લ યજુર્વેદની રુદ્ર - અષ્ટાધ્યાયીના છઠ્ઠા અધ્યાયમાં કહ્યું છે -

**भेषजमसिभेषजङ्गवेडश्वाय भेषजम्** - અર્થાત્ હે રુદ્ર - દત્ત ! આપ ઔષધિ સમાન સમસ્ત ઉપદ્રવોને નિવારનાર છો. તેથી આપ અમારાં ગાય, ઘોડા, નોકર-ચાકરને સર્વવ્યાધિ નિવારક ઔષધિ આપો. જ્યાં દવાની શક્તિ જવાબ આપી દે ત્યાં સદ્‌ગુરુ ભગવાનશ્રી દત્તનું નામ સ્મરણ પરમ ઔષધ છે. **ઔષધિ કૌન પિલાવે ? ગુરુ બિન... (અ.આ. પૃ.૩૫)** ભજનનો સંદર્ભ આપણે પૂર્વે પણ જોયો છે.

શ્રી દત્તાત્રેય અંજનોને દૃષ્ટિ આપનાર છે. **અંજન** - નો સામાન્ય અર્થ - **આંજણ-કાજળ** એવો થાય. અહીં **અંજન-આંખ અંજાઈ ગઈ હોય એવા વ્યગ્ર - વ્યાકુળ - મૂંઝાતાની** દૃષ્ટિ શ્રી દત્ત છે. અજ્ઞાનથી માણસની આંખે એવું અંજન છવાઈ જાય કે તેને કશું સૂઝે જ નહીં માટે કહ્યું છે -

**અજ્ઞાનાંધ્ય નિવારીને જ્ઞાનાંજન સળી થકી**
**ઉઘાડી આંખ જેણે તે નમું શ્રી ગુરુદેવને.**

આમ, શ્રી દત્તાત્રેય અજ્ઞાનથી મૂંઝાતા **અંજનોને** દૃષ્ટિ પ્રદાન કરનાર છે.

શ્રી દત્ત અમૃત-સુધાનું પણ અમૃત છે. **અમૃત - જે મૃત** નથી તે - અમર. બ્રહ્મા વગેરે દેવો અમર છે. એ અમર દેવોને સમુદ્રમંથન સમયે મોહિની સ્વરૂપે અમૃત પાનાર ભગવાનશ્રી દત્તાત્રેય છે. તેથી **કઠ આદિ શ્રુતિ**માં કહ્યું છે -

**इन्द्रियेभ्य परा ह्यर्थाः** – ઈન્દ્રિયોથી પર અર્થો છે.
**अर्थेभ्यश्च परं मनः** – ઈન્દ્રિયોના અર્થો - વિષયોથી મન શ્રેષ્ઠ છે.
**मनसस्तु पराबुद्धि :** – મનથી બુદ્ધિ શ્રેષ્ઠ છે.
**बुद्धेरात्मा महान्परः** – બુદ્ધિથી આત્મા મહાન શ્રેષ્ઠ છે.
**महतः परमव्यक्तम्** – મહત્ તત્ત્વથી અવ્યક્ત શ્રેષ્ઠ છે.
**अव्यक्तादमृतः पर** – અવ્યક્તથી અમૃત શ્રેષ્ઠ છે.

**अमृतान्न परं किंचित् सा काष्ठा सा परा गति :**

અમૃતથી પર કશું જ નથી. એ અમૃત - શ્રી દત્તાત્રેય જ પરમની પરાકાષ્ઠા - હદ છે અને એ જ પરા-ઉત્કૃષ્ટ ગતિ છે.

માટે શ્રી અવધૂતજી કહે છે - **અમૃતરંગ પિલાવે (અ.આ.પૃ.૩૫).** આ જ કારણસર હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્વરૂપનું સ્મરણ કર. ॥૬૯॥

**સંગતિ :** શ્રી દત્તાત્રેયની એકમેવતાનું નિરૂપણ આગળ વધે છે :

**दत्तस्त्वेको भूपतिर्भूपतीनां**
**दत्तस्त्वेकस्त्वीश्वरस्त्वीश्वराणाम् ।**
**दत्तस्त्वेको देशिको देशिकानां**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ७० ॥**

**શબ્દાર્થ** : **दत्तस्त्वेकः** – दत्तः तु एक (પૂર્વવત), **भूपतिः** – રાજા, **भूपतीनां** – રાજાઓના, **दत्तस्त्वेकस्त्वीश्वरस्त्वीश्वराणाम्** – **दत्तः तु एकः ईश्वरः ईश्वराणाम्** - શ્રી દત્ત ઈશ્વરોનાં પણ એકમાત્ર ઈશ્વર છે, **दत्तस्त्वेकः** – (પૂર્વવત્), **देशिकः** – આચાર્ય, **देशिकानां** – ગુરુઓનાય. માટે હે આત્મન્ તું શ્વાસે શ્વાસે શ્રી દત્તનામ - સ્વરૂપનું સ્મરણ કર. ॥ ૭૦ ॥

**અહા રાજવીનો વળી રાજ દત્ત**
**અને ઈશનો ઈશ ઐશ્વર્યયુક્ત.**
**તથા દેશિકોનોય આચાર્ય મુક્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૭૦ ॥**

**વિવરણ :** ભગવાનશ્રી દત્તાત્રેય રાજાઓનાય રાજા છે. સ્વર્ગના રાજા ઈન્દ્રથી માંડીને પૃથ્વી પરના કાર્તવીર્ય, આયુ, અલર્ક, યદુ, પ્રહ્લાદ જેવા રાજાઓ તેમનાં શરણે ગયા છે; તેમની પાસેથી બોધપ્રાપ્ત કરી, તેમણે સૂચવ્યા પ્રમાણે રાજ્ય કારભાર ચલાવ્યો છે. આ તો એમના મહારાજપદનો સામાન્ય પરિચય થયો. સદ્ગુરુ સ્વરૂપે એમનાં તાત્ત્વિક મહારાજપદનું નિરૂપણ શ્રી અવધૂતજીએ એક ભજનમાં ખૂબ જ વિચક્ષણ રીતે કર્યું છે -

**સ્વયં - અભિષિક્ત સ્વારાજ્યે, બન્યા સમ્રાટ સ્વાનંદી**
**ચઢ્યા જઈ તખ્ત પર અદ્ધર રવિ, શશી તારલા હંડી.**
**કરે મુજરો સુરાધિપ જો, થનન નાચે હૂરી સત્ત્વસ્થ.**
(અ.આ.પૃ. ૧૪૦)

સ્વર્ગ અને પૃથ્વી પરના રાજાઓનો રાજ્યાભિષેક તો બીજા ભેગા થઈ કરે છે. એટલે સ્વરાજ્ય - પોતાનું રાજ્ય હોય તો ભલે, પણ તે **સ્વારાજ્ય - પરબ્રહ્મ સાથેની એકતા જ્યાં સધાય છે તે જગ્યા નથી.** શ્રી દત્તાત્રેય સ્વાનંદી સમ્રાટ છે. એ એવા સિંહાસન (તખ્તા) પર બેઠા છે; જેમાં સૂર્ય-ચન્દ્રની **હંડી (સંસ્કૃત શબ્દ** છે - હાંડી) - હાંડી-ઝૂમ્મર ઝગમગે છે. ત્યાં એમનાં ચરણમાં બધા રાજા-મહારાજાઓ જઈ જઈને મુજરો કરે છે. એ જગ્યાએ અપ્સરાઓ - પણ તે સ્વર્ગની નહીં, **સત્ત્વસ્થ** - સત્ત્વમાં રહેલી - ઈંડા, પિંગલા, સુષુમ્ણા જેવી અપ્સરાઓ એમને રીઝવવા નાચે છે. માટે તેઓ ભૂપતિઓના ભૂપતિ છે.

શ્રી દત્તાત્રેય ઈશ્વરોનાય ઐશ્વર્યયુક્ત ઈશ્વર છે. પૂજનીય સ્વામી મહારાજશ્રી વિરચિત વરદગ્રંથ **દ્વિસાહસ્રી - ગુરુચરિતમ્**માં શ્રી ગુરુસ્તુતિનો પહેલો શ્લોક છે -

**श्री वैष्णवैश गाणेश सौर्यशाकृत्यादिरूप धृक्**
**दत्तात्रेयोऽस्त्वजोऽनन्तः सदा मे हृदि सद्गुरुः ॥**

અર્થાત્ ભગવાનશ્રી વિષ્ણુની (શ્રી, જ્ઞાન, ઐશ્વર્ય વગેરેની અતિશયતાથી યુક્ત) **વૈષ્ણવી**, ભગવાન શ્રી ગણેશની **ગાણેશી,** ભગવાન શ્રી સૂર્યની **સૌર્ય** તથા આદિ શબ્દથી ઈન્દ્રની **ઐન્દ્રી,** અગ્નિની **આગ્નેયી** વગેરે જેવા બધાં જ શક્તિ સ્વરૂપોને પોતાની માયાશક્તિથી ધારણ કરનાર અજ એટલે અજન્મા - અનાદિ તથા અનન્ત એવા પરમ સદ્‌ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેય સદાસર્વદા મારાં હૃદયમાં નિવાસ કરો. આમ, શ્રી દત્તાત્રેય ઈશ્વરોના ઈશ્વર છે.

ભગવાનશ્રી દેશિકોના - ગુરુઓનાય ગુરુ - **गुरुणां गुरुः –** આદિ આચાર્ય છે. અર્થાત્ આદિગુરુ છે. ભગવાન શ્રી દત્તાત્રેયનાં આ સ્વરૂપનું શ્રુતિસંમત ભવ્ય- દિવ્ય નિરૂપણ પૂજનીય સ્વામી મહારાજશ્રીએ **શ્રીમદ્દત્તપુરાણ - અષ્ટક-૪ અ.૮માં** કર્યું છે. આદિ ગુરુ બ્રહ્માએ પંચપર્વા વિદ્યા ઉત્પન્ન કરી. પછી દૈવવશાત તેઓ બધી જ વિદ્યા ભૂલી ગયા. તેઓ માતાપુરમાં ભગવતી રેણુકાની પાસે ગયા. પોતાની વિસ્મૃતિની વાત કરી એટલે રેણુકા માતાએ તેમને ભગવાનશ્રી દત્તાત્રેયની પાસે મોકલ્યા. એ આખી કથાના સંદર્ભમાં અહીં શ્રી દત્તાત્રેય આદિ ગુરુના પણ ગુરુ હોવાનું પ્રતિપાદન કર્યું છે. માટે હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ - સ્વરૂપ સ્મરી લે. ॥૭૦॥

**સંગતિ** - શ્રી દત્તાત્રેયની એકમેવતાનું નિરૂપણ :

**दत्तस्त्वेको ब्राह्मणो ब्राह्मणानां**
**दत्तस्त्वेको क्षत्रियः क्षत्रियाणाम् ।**
**दत्तस्त्वेको वैश्यजो वैश्यजानां**
**दत्तस्त्वेको ह्यन्त्यजस्त्वन्त्यजानाम् ॥ ७१ ॥**

**શબ્દાર્થ : दत्तस्त्वेकः** – (પૂર્વવત), **ब्राह्मणः** – બ્રાહ્મણ, **ब्राह्मणानां** – બ્રાહ્મણોનો, दत्तस्त्वेकः – (પૂર્વવત), क्षत्रियः – ક્ષત્રિય, **क्षत्रियाणाम्** - ક્ષત્રિયોનો, **दत्तस्त्वेक** :– (પૂર્વવત), **वैश्यजः** – વૈશ્યથી જન્મેલો, **वैश्यजानाम्** - વૈશ્યોનો, **दत्तस्त्वेक** – (પૂર્વવત), **ह्यन्त्यजस्त्वन्त्यजानां – हि – अन्त्यजः अन्त्यजानाम्** - અન્ત્યજોનોય અન્ત્યજ છે. ॥ ૭૧ ॥

**વળી, વિપ્રનો વિપ્ર એ એક દત્ત**
**અને ક્ષત્રિયોનોય એ ક્ષત્ર મસ્ત.**
**અહા વૈશ્યનો વૈશ્ય કાર્પણ્યમુક્ત**
**તથા અંત્યજોનોય એ અંત્ય યુક્ત. ॥૭૧॥**

**વિવરણ** : વર્ણવ્યવસ્થાથી સમાજમાં **સ્તરીકરણ (Stratification)** થયું. એ સ્તરીકરણ સ્વાભાવિક રીતે જ મનુષ્યના

ગુણ-કર્મને ધ્યાનમાં લઈને થયું. તેથી ગીતામાં ભગવાને કહ્યું છે; જે કાંઈ સર્જન થાય છે; તે બધું જ ભગવાન જ કરે છે. મનુષ્યોનું સર્જન ભગવાનની કૃપાથી એમની ઈચ્છાથી થાય છે. વર્ણ વ્યવસ્થામાં સર્જક ભગવાનનો વર્ણ કયો ? **એકેય નહીં.** ભગવાન પોતે વર્ણનિરપેક્ષ છે. બ્રાહ્મણ વિપ્રનું સર્જન કરનાર ભગવાન શ્રી દત્તાત્રેય બ્રાહ્મણના બ્રાહ્મણ - વિપ્રના ય વિપ્ર છે : વિપ્ર એટલે -

**जन्मना ब्राह्मणो ज्ञेयः संस्कारैर्द्विज एच्यते ।**
**विद्यया याति विप्रत्वं त्रिभिः श्रोत्रिय लक्ष्मणम् ॥**

**प्रायश्चित्तविवेक** – નામના ગ્રંથમાં **श्रोत्रिय** – વેદનું અધ્યયન કરનારની વ્યાખ્યામાં બ્રાહ્મણ સંસ્કારથી દ્વિજ અને વિદ્યા ભણીને વિપ્ર થાય એમ કહ્યું છે.આવા વિપ્રના પણ વિપ્ર ભગવાન શ્રી દત્તાત્રેય છે. એ જ રીતે ક્ષત્રિય - **क्षतात् त्रायते** – વિનાશમાંથી બચાવનાર - રક્ષણ કરનારાઓના પણ ક્ષત્રિય છે. વૈશ્ય - **विशति कृष्यादौ** – કૃષિ આદિ ભૂમિજીવી, વ્યાપરીના પણ કાર્યણ્ય - કજુંસાઈ વિનાના પરમ વૈશ્ય ભગવાન શ્રી દત્તાત્રેય છે. તો અન્ત્યજ - **अन्त्ये जातः** - સમાજના અંતિમ સ્તરનાનો પણ પરમ અત્યંજ ભગવાન શ્રી દત્તાત્રેય છે. આમ, શ્રી દત્તાત્રેય વર્ણ-જાતિ નિરપેક્ષ છે. શ્રી દત્ત બાવનીમાં કહ્યું છે : **યવનરાજની ટાળી પીડ, જાતપાતની તને ન ચીડ,** ભગવાન શ્રી દત્તાત્રેય ભક્તિપ્રિય છે. જે જનો-લોકો શુદ્ધ શરણાગત ભાવથી ભજન કરે છે તેનું - તેમનું સર્વસ્વ ભગવાન શ્રી દત્તાત્રેય છે; એ ભાવ અહીં આ શ્લોકમાં દૃષ્ટવ્ય છે. ॥ ૭૧ ॥

**સંગતિ :** શ્રી દત્તાત્રેયની એકમેવતાનું નિરૂપણ :

**दत्तस्त्वेकः पालकः पालकानां**
**दत्तस्त्वेकः पोषकः पोषकाणाम् ।**
**दत्तस्त्वेको मोक्षदाता नराणां**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ७२ ॥**

**શબ્દાર્થ : दत्तस्त्वेकः** – (પૂર્વવત), **पालकः** – પાલન કરનાર, **पालकानां** – પાલન કરનારાઓના, **दत्तस्त्वेकः** – (પૂર્વવત), **पोषकः** – પોષણ કરનાર, **पोषकाणाम्** - પોષણ કરનાર, **दत्तस्त्वेकः** – (પૂર્વવત), **मोक्षदाता** – મોક્ષ આપનાર, **नराणाम्** - મનુષ્યો - મોક્ષાર્થીનો, માટે હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્વરૂપનું સ્મરણ કર. ॥ ૭૨ ॥

**નકી પાલકોનેય એ દત્ત પાળે**
**વળી પોષકોનેય પોષે જ કાળે**
**તથા મોક્ષ મોક્ષાર્થીને એ જ દેત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૭૨ ॥**

**વિવરણ** : જીવસૃષ્ટિમાં પ્રાણીમાત્ર, વનસ્પતિ સર્વનું પાલન - પાળવું અને પોષણ - પોષવું અર્થાત્ ભરણ-પોષણ કોઈક ને કોઈક કરે છે. માત-પિતા બાળકનું, પ્રાણીઓ પોતાનાં બચ્ચાનું પાલન-પોષણ કરે છે. એ જ રીતે શ્રીમંતો, સરકારો વગેરે લોકોને નોકરીધંધાની તકો પૂરી પાડી તેમનો જીવનનિર્વાહ ચાલે તે રીતે પ્રજાનું પાલન-પોષણ કરે છે. આ બધા પાલક અને પોષકોનું પાલન-પોષણ કરનાર પ્રાણ સ્વરૂપ ભગવાન શ્રી દત્તાત્રેય છે. **દ્વિસાહસ્રીમાં પૂજનીય સ્વામી મહારાજશ્રી** કહે છે :

**योऽब्जो रसात्मा सकलैषधीर्वै**
**पुष्णाति संतापहरोऽखिलेड्यः ।**
**क्षेत्रेषु भूत्वा दशधाखिलेषु**
**प्राणात्मको यः पवतेऽरिवलात्मा ॥**
(ગુરુસ્તુતિ ૧૦૨)

અર્થાત્ જે રસરૂપ આત્મસ્વરૂપ એવા ચંદ્રરૂપે સકલ ઔષધીઓનું સંવર્ધન કરે છે, જે તાપને હરનાર હોવાને કારણે સર્વસ્તુત્ય છે; જે માનવીય દેહો - શરીરોમાં પ્રાણ, અપાન, સમાન, વ્યાન, ઉદાન, નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત, ધનંજય એમ દશ-પ્રાણરૂપે સૂત્રત્વથી અખિલાત્મ સ્વરૂપે રહે છે. ભગવાન ગીતામાં કહે છે :

**अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः**
**प्राणापान समायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥ १५–१४ ॥**

અર્થાત્ હું મનુષ્યોના પેટમાં જઠરાગ્નિ થઈને - વૈશ્વાનર સ્વરૂપે પ્રાણ-અપાનથી સંયુક્ત થઈ અન્નનું પાચન કરું છું. એટલે **त्रिशिखब्राह्मणोपनिषद**માં કહ્યું છે તેમ : **पोषणादिशरीरस्य समानः करुते सदा** (૮૫), અર્થાત્ ભગવાન શ્રી દત્તાત્રેય **સમાન વાયુ** સ્વરૂપે શરીરનું પોષણ કરે છે; તેથી તેઓ પાલન-પોષણ કરનારના પણ પાલક અને પોષક છે.

મોક્ષાર્થી મનુષ્યોને મોક્ષ આપનાર ભગવાન શ્રી દત્તાત્રેય છે. ''તને જ્યારે મૃત્યુના દૂત બાંધીને લઈ જશે ત્યારે તેમનાથી તારી રક્ષા કરી, તને છોડાવશે કોણ ?'' એવો વેધક પ્રશ્ન **શ્લોક-૪૯**માં પૂછ્યો છે. તેના સંદર્ભમાં અહીં મોક્ષદાતા ભગવાન શ્રી દત્તાત્રેય હોવાનું પ્રતિપાદન થયું છે. શ્રી ભગવાન ગીતામાં કહે છે :-

**जरामरण मोक्षाय मामाश्रित्य यतन्ति ये**
**ते ब्रह्म तद्विदुः कृत्स्नमध्यात्मं कर्म चाखिलम् ॥** (ગીતા. ૭/૨૯)

અર્થાત્ મારે શરણે થઈ, જે લોકો જરા-વૃદ્ધાવસ્થા અને મરણથી છૂટવા માટે યત્ન કરે છે તેઓ બ્રહ્મને, સંપૂર્ણ અધ્યાત્મને, સંપૂર્ણ કર્મને જાણે છે. ગીતાજીનું તાત્પર્ય શ્રી અવધૂતજીએ એક જ પંક્તિમાં અહીં મૂકી દીધું છેઃ

(૧) જ્યાં સુધી જન્મમાંથી છૂટકારો ન મળે ત્યાં સુધી વૃદ્ધાવસ્થા અને મૃત્યુથી છૂટકારો મળે જ નહીં.

(૨) જન્મથી છૂટકારો ત્યારે જ મળે જ્યારે જીવ અજ્ઞાન જનિત કર્મોનાં બંધનોથી પોતે થઈને મુક્ત થઈ ભગવાન શ્રી દત્તાત્રેયને પ્રાપ્ત થઈ જાય.

(૩) **ભગવાન શ્રી દત્તાત્રેયની પ્રાપ્તિ બધી જ કામનાઓ છોડવાના દૃઢ નિશ્ચય સાથે ભગવાન શ્રી દત્તાત્રેયનું નિત્ય-નિરંતર ભજન કરવાથી જ થાય છે. ॥ શ્રી ગુરુદેવ દત્ત ॥**

માટે હે ચિત્ત તને મોક્ષ આપનાર શ્રી દત્તાત્રેય છે; તું શ્રી દત્તનામ સ્વરૂપનું સ્મરણ કર. ॥ ૭૨ ॥

**સંગતિ :** શ્રી દત્તાત્રેયની એકમેવતાનું નિરૂપણ ચાલે છે :

**दत्तस्त्वेको ज्योतिषां ज्योतिरद्धा**
**दत्तस्त्वेकश्छन्दसां छन्द आद्यम् ।**
**दत्तस्त्वेकालम्बनं कौ कवीनां**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ७३ ॥**

**શબ્દાર્થ** : **दत्तस्त्वेकः** – **दत्तः तु एकः** – (પૂર્વવત), **ज्योतिषां** – જ્યોતિઓની, **ज्योतिरद्धा** – **ज्योतिः** – अद्धा – **ज्योतिः** – જ્યોતિ, **अद्धा** – (અવ્યય છે) નિઃશંકપણે, **दत्तस्त्वेकश्छन्दसां** – **दत्तः तु एकः छन्दसां** – વેદોનો શ્રી દત્ત એકમાત્ર, **छन्दः** – વેદ, **आद्यम्** – આદ્ય-પ્રથમ, **दत्तस्त्वेकालम्बनं** –**दत्तः तु एकः आलंबानम्** – શ્રી દત્ત એકમાત્ર આલંબન, **कौ** – પૃથ્વી પર, **कवीनाम्** - કવિઓનું (છે) માટે હે આત્મન તું, પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્વરૂપનું સ્મરણ કરી લે. ॥ ૭૩ ॥

**અહા જ્યોતિની જ્યોતિ એ દત્ત એક**
**અને વેદનો વેદ એ આદ્ય એક**
**કવિનો કવિ એ જ આલંબ ફક્ત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૭૩ ॥**

**વિવરણ :** બધી જ જ્યોતિ-દીપ્તિ-પ્રકાશની પરમ જ્યોતિ ભગવાન શ્રી દત્તાત્રેય છે. શ્રી ભગવાન ગીતામાં કહે છે : **ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ॥ गीता** १३/१७ ॥ અર્થાત્ તે પરબ્રહ્મ (પરમાત્મા શ્રી દત્તાત્રેય) જ્યોતિઓની જ્યોતિ અને માયારૂપી તમસથી અત્યન્ત પર - ઊપર છે. શ્રુતિમાં કહ્યું છે - **आदित्यवर्णं तमसः परस्तात्** - એ પરબ્રહ્મ (શ્રી દત્તાત્રેય) સૂર્યસમાન વર્ણવાળા અને અજ્ઞાનથી પર છે. ચંદ્રમા, સૂર્ય, વિદ્યુત વગેરે જેટલી બાહ્ય જ્યોતિઓ છે તથા મન, બુદ્ધિ, ઈન્દ્રિયો વગેરે જેટલી

આધ્યાત્મિક જ્યોતિઓ છે. વળી, વિભિન્ન લોકોમાં અને વસ્તુઓના અધિષ્ઠાતા દેવતારૂપ દેવ-જ્યોતિઓ છે એ બધીને પ્રકાશ આપનાર પરમાત્મા શ્રી દત્તાત્રેય છે. તેથી તેઓ સમસ્ત જ્યોતિઓની જ્યોતિ છે.

ભગવાન શ્રી દત્તાત્રેય બધાય (ચારે ચાર) વેદો અને (ચારે ચાર) **છન્દો** - વેદોના આદ્ય - પ્રથમ **છન્દ** છે. પૂજનીય સદ્ગુરુ ભગવાન શ્રી સ્વામી મહારાજશ્રી વિરચિત **શ્રીમદ્દત્તપુરાણના પ્રથમ અષ્ટકનો પ્રથમ અધ્યાય આખોય વેદપાદ સ્તુતિનો છે.**[૨૪] તેમાં તેમણે ઋગ્વેદ અને સામવેદના **કુલ ૯૩ મંત્ર પ્રતીકો** દ્વારા ભગવાનશ્રી દત્તાત્રેય કઈ રીતે વેદોના આદ્ય વેદ છે એનું પ્રતિપાદન કર્યું છે.[૨૫]

પૃથ્વી પર કવિઓનું આલંબન ભગવાનશ્રી દત્તાત્રેય છે. પૂજનીય સ્વામી મહારાજશ્રી **શ્રી દત્તચમ્પૂ ગ્રંથ**ની સ્વોપજ્ઞ સંસ્કૃત ટીકામાં કહે છે. [૨૬]

**"ચક્ર-પૈડું નાભિને આશ્રિત હોય તેમ વિશ્વકાવ્યો તે પરમ (શ્રી દત્તાત્રેય)ને આશ્રિત છે" એ ઋગ્વેદના છટ્ઠા અષ્ટકના નિરૂપણ પ્રમાણે કાવ્ય પરમતત્ત્વ (શ્રી દત્તાત્રેય)નો જ ભાગ છે.**

તેથી વેદવ્યાસજીએ શ્રીમદ્ભાગવતના એકાદશ સ્કંધમાં કહ્યું -

**मृषा गिरस्ता ह्यसतीरसत्कथा**
**न कथ्यते यद्भगवद्गुणोदयम् ॥**

શુકદેવજી કહે છે રાજન ! એ વાણી તદ્દન મૃષા = મિથ્યા છે; એ કથા તદ્દન ખોટી છે; જે વાણી અને કથામાં ભગવાનના ગુણોનો ગુણાવાદ નથી. સંતશ્રી તુલસીદાસજીએ કહ્યું - હું તો કવિ પણ નથી, વચન પ્રવીણ પણ

---

**૨૪.** જુઓ - શ્રીમદ્દત્તપુરાણ - સંસ્કૃત ટીકાના અનુવાદ સહિત - અનુવાદક - શાસ્ત્રી જયેન્દ્ર દવે, સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય, અમદાવાદ, ૨૦૦૨.

**૨૫.** જુઓ - વેદપાદસ્તુતિ - શાસ્ત્રી જયેન્દ્ર દવે કૃત હિન્દી અનુવાદનો શ્રી. ડો. વાસુદેવ દેશમુખે કરેલો મરાઠી અનુવાદ, શ્રી વાસુદેવ નિવાસ, પૂણે, ૨૦૦૫.

**૨૬.** જુઓ - શ્રી દત્તચમ્પૂ - ટીકાનો ગુજરાતી અનુવાદ - શાસ્ત્રી જયેન્દ્ર દવે, નારેશ્વર પ્રકાશન, ૨૦૦૩.

નથી, પણ મારી કવિતામાં રામનું નામ ગૂંથવાયેલું છે. કવિતા ગમે એટલી ઉત્તમ હોય પણ **राम नाम बिन सोह न सोइ–** રામનાં નામ વિનાની કવિતા શોભા પામતી નથી. આ ત્રણ મહાકવિઓએ આમ કહ્યું છે માટે હે ચિત્ત તું નિઃશંક પણે પ્રતિ શ્વાસ શ્રી દત્તાત્રેયનું નામસ્વરૂપસ્મરણ કરી લે ॥૭૩॥

**સંગતિ :** શ્રી દત્તાત્રેયની એકમેવતાના પ્રતિપાદનના શ્લોક ગુચ્છનો અંતિમ શ્લોક છે :

**दत्तस्त्वेको भासको भासकानां**
**दत्तस्त्वेकश्चालकश्चालकानाम् ।**
**दत्तस्त्वेकः पावनः पावनानां**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन्** ॥૭૪॥

**શબ્દાર્થ : दत्तस्त्वेक : दत्तः तु एकः** [પૂર્વવત્], **भासकः** = પ્રકાશિત કરનાર, **भासकानाम्** = પ્રકાશિત કરનારાઓના, **दत्तस्त्वेकः** [પૂર્વવત્], **चालकः** = ચલાવનાર, **चालकानाम्** = ચલાવનારાઓના **दत्तस्त्वकेः =** [પૂર્વવત], **पावनः** = પવિત્ર કરનાર (પાપમાંથી મુક્ત કરનાર), **पावनानाम्** = પવિત્ર કરનારાઓમાં [પાપમાંથી મુકત કરનારાઓના], માટે હે ચિત્ત, આત્મન્ તું પ્રતિશ્વાસ શ્રી દત્ત નામ-સ્વરૂપનું સ્મરણ કર ॥૭૪॥

**વિવરણ** : ભગવાનશ્રી દત્તાત્રેયની એકમેવ અદ્વિતીયતાનું પ્રતિપાદન કરનારા શ્લોક ગુચ્છ [૬૭ થી ૭૪]નો આ અંતિમ શ્લોક છે, હવે પછી શ્લોક ૯૦માં વળી પાછું **दत्तस्त्वेकः**નું પ્રતિપાદન થશે, પણ તે જુદી જ વાત, જુદો જ સંદર્ભ હશે. અહીં શ્રી દત્તાત્રેય જીવોનાય જીવ **શ્લોક ૬૭** થી શરૂ કરી પાવનનાય પાવન સુધીની એમની વૈશ્વિક એકમેવતાનું નિરૂપણ છે.

શ્રી દત્તાત્રેય ભાસક = આ જગતને પ્રકાશિત કરનારને પણ પ્રકાશિત કરનાર છે. **શ્લોક ૭૩**માં "જ્યોતિઓની પણ પરમ ઉત્કૃષ્ટ જ્યોતિ છે" એમ કહ્યું છે તેનો જ આ ઉત્તરાર્ધ છે. **મુણ્ડક ઉપનિષદ**માં કહ્યું છે :

**न तत्र सूर्यो भाति, न चन्द्र तारकं**
**नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।**
**तमेव भान्तमनुभाति सर्वं**
**तस्य भासा सर्वमिदं विभाति ॥ मुंडक–२/२/१०.**

અર્થાત્ ત્યાં [એ પરબ્રહ્મ પરમાત્મા શ્રી દત્તાત્રેયમાં] નથી તો સૂર્ય પ્રકાશિત થતો ન ચંદ્રમા કે ન તારા. ત્યાં તો વિજળી પણ ચમકી શકતી નથી, પછી આ અગ્નિની તો વાત જ શી ? એ શ્રી દત્તાત્રેય પ્રકાશિત હોવાને કારણે જ બધા પ્રકાશિત થાય છે. આ બધું એમના જ પ્રકાશથી પ્રકાશિત છે.

શ્રી દત્તાત્રેય ચાલક = ચાલવાનું - હલન ચલનનું બળ આપનાર પરા શક્તિ પ્રાણનું પણ ચાલક બળ છે. માણસનું ચાલક બળ પ્રાણની જેમ જ મન છે. માણસ મન ચલાવે તેમ ચાલે છે. એ મનનું ચાલકબળ ભગવાન શ્રી દત્તાત્રેય છે. આ મન જો સદ્ગુરુની કૃપા થાય તો જ તેની ગતિ સુનિશ્ચિત થાય. ભાવાન સદ્ગુરુ મન રૂપ ચલાવનાર ય ચાલક છે.

પાવન કરનાર ને ય પાવન કરનાર શ્રી દત્તાત્રેય છે. આ જગતને પાવન કરનાર ગંગા મૈયા पावयति इति જે પાવન = શુદ્ધ કરે તે પાવન. એ જ રીતે પાવન કરનાર શુદ્ધ કરનાર પવન છે. આ પવન ને પાવન કરનાર = પવિત્રને પવિત્ર કરનાર ભગવાનશ્રી દત્તાત્રેય છે માટે **भीषाऽस्माद्वातः पवते [ तैत्तिरीय २/८ ]** સદ્ગુરુ ભગવાનથી ડરીને વાયુ આ જગતને શુદ્ધ-પવિત્ર કરે છે. શ્રીમદ્ ભગવદ્ગીતામાં શ્રી ભગવાન કહે છે : **यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् [ १८/५ ]** યજ્ઞ, દાન, તપ આ ત્રણેય કર્મ બુદ્ધિમાન મનુષ્યોને પવિત્ર કરનારાં છે. આ ત્રણેય કર્મના દેવ ભગવાનશ્રી દત્તાત્રેય છે. માટે હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ - સ્વરૂપનું સ્મરણ કર. ||૭૪||

**સંગતિ** : આવી એકમેવતાને કારણે શ્રી દત્તાત્રેય પરમ સ્તુત્ય છે :-

**सर्वे देवा दत्तमेवास्तुवन्ति**
**वेदाः सर्वे दत्तमावर्णयन्ति ।**
**सर्वे भेदा दत्तमेवानयन्ति**
**श्वासे श्वासे दत्तनाम् स्मरात्मन्** ॥७५॥

**શબ્દાર્થ : सर्वे** = બધા જ, **देवाः** = દેવો, **दत्तमेव** = **दत्तम् एवं** = શ્રી દત્તને જ, **आस्तुवन्ति** = [आ–स्तु. ૨.ઉ.પ.તૃ.પુ.બ.વ] = **आसमन्तात्** = સંપૂર્ણ રીતે = અંગ-ઉપાંગ સહિત, **स्तुवन्ति** = સ્તુતિ કરે છે, **वेदाः** = વેદો, **सर्वे** = બધાય, **दत्तम्** = શ્રી દત્તને, **आवर्णयन्ति** = [आ–वर्ण्– ૧૦ ઉ.પ.તૃ.પૂ.બ.વ.] – **आसमन्तात्** – સંપૂર્ણ પણે - અંગ - ઉપાંગ સહિત, **वर्णयन्ति** = વર્ણવે છે. सर्वे = બધા જ, भेदाः = વિભાગો-ભેદ-ઉપભેદ, **दत्तम् एव** = શ્રી દત્તને જ **आनयन्ति** = [आ –नी (नय्)–१ ઉ.પ.તૃ.પુ.બ.વ.] **आसमन्तात्** = સમ્પૂર્ણ પણે, સહેજ પણ ખચકાટ વિના, **नयन्ति** = લઈ જાય છે. માટે હે આત્મન્ તું શ્વાસે શ્વાસે શ્રી દત્તનામ-સ્વરૂપનું સ્મરણ કર. ॥૭૫॥

**સ્તવે દેવ સર્વેય એ દત્તને રે**
**વળી વર્ણવે વેદ સર્વેય જો રે,**
**લઈ ભેદ સર્વેય જાતા પદે તત્**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥૭૫॥**

**વિવરણ** : શ્રી દત્તાત્રેય એક - અદ્વય, પર બ્રહ્મ અદ્વૈત છે - **તપસી! દૂજો રંગ ન દત્ત [અ.આ.પૃ.૪]** તપસીને ઉદ્દેશીને કહ્યું છે - બીજો રંગ છે જ નહીં. **લાલ પીળો ને વાદળી મૂળ રંગ કહેવાય** એ બરાબર, બ્રહ્મ-વિષ્ણુ-મહેશ, રામ-કૃષ્ણ, રહીમ આદિ બધું બરાબર. પણ એ તો **एकं सद्विप्रा बहुधा वदन्ति** = એ એક જ સમગ્ર સંકુલ [complex whole] ને જ્ઞાનીઓ અનેક રીતે વર્ણવે છે. માટે જ બધાય વેદો ભગવાનશ્રી દત્તાત્રેયના

**समग्र संकुल = પરબ્રહ્મ સ્વરૂપ**ની સ્તુતિ કરે છે. આ સ્તુતિનાં સ્વરૂપની સ્પષ્ટતા સંસ્કૃત શ્લોકમાં કરી છે - **आसमन्तात्** સમગ્ર રીતે = નખ-શિખ = નખથી માંડીને શિખા સુધીની સ્તુતિ કરે છે. એકલા **ઋગ્વેદમાં જ નાસદીય** સૂક્તથી માંડીને કેટલાં બધાં સૂક્તો છે. એ સૂક્તોમાંની સ્તોત્ર કવિતા કેટલી ભવ્ય છે !! **ઈશાવાસ્ય**ની આ એક જ પંક્તિ જુઓ -

**अग्ने नय सुपथाराये अस्मान्विश्वानि देव वयुनानि विद्वान** હે અગ્ને [અગ્નિ સ્વરૂપ શ્રી દત્તાત્રેયઃ] અમને કર્મભોગ - કર્મનાં ફળ ભોગવવા માટે સન્માર્ગે થઈને લઈ જાઓ. હે દેવ [દત્તાત્રેય] આપ, સમસ્ત જ્ઞાન કર્મોને જાણનારા = વિદ્વાન છો. વેદો આ રીતે વર્ણન કરે છે - **आसमन्तात्** = સંપૂર્ણ રીતે નખ-શિખ વર્ણવે છે. અને દેવો એ જ વેદોનો આધાર લઈને તેમનું નખ-શિખ સ્તવન કરે છે. શ્રીમદ્ ભાગવતમાં તો દેવોએ કરેલી સ્તુતિઓની સંખ્યા [મારા અભ્યાસ પ્રમાણે] **૭૫**ની છે. એમાં **વેદસ્તુતિ** = વેદોએ ભેગા મળી કરેલી સ્તુતિ છે. **શ્રી દત્તપુરાણમાંની વેદપાદસ્તુતિ**ની વાત આપણે પૂર્વે કરી છે. વેદોએ કરેલાં વર્ણનો સ્તુતિ સ્વરૂપ છે; એના જ આધારે દેવોએ ભગવાનની સ્તુતિ કરી છે.

દેવ, વેદ અને ભેદ. બધા જ ભેદો શ્રી દત્તાત્રેય પદે લઈ જાય છે. આ બધા ભેદ-માર્ગના ભેદ છે. આ ભેદ જુદી જુદી વિચારશાળાઓ [schools of thought] છે. ભેદ એટલે શું તે આપણે અહીં સંક્ષેપમાં સમજી લઈએ :

૧. ભારતમાં તત્ત્વજ્ઞાનના મુખ્ય બે પ્રકાર છે - **વૈદિક** અને **અવૈદિક**
૨. બન્નેના **ઈશ્વરવાદી** અને **અનીશ્વરવાદી** એમ બેયના થઈને **ચાર** ભેદ થાય.
૩. તાત્પર્ય ભેદથી એ **ચારેયના** અનેક **અવાંતરભેદ** થાય.
૪. એમાંથી **ઈશ્વરવાદી** ઉત્તરમીમાંસા નામના વેદાન્ત દર્શનનો ઉદ્દેશ્ય બ્રહ્મ તત્ત્વનું પ્રતિપાદન હોઈ તે સર્વપ્રધાન છે.

**[શ્રી દત્તાત્રેય મહારાજશ્રીથી માંડીને શ્રી રંગ અવધૂત મહારાજ શ્રી ગાંડા મહારાજ સુધીની ગુરુગંગા [Galaxy] અહીં આ ભેદમાં નિવાસ કરે છે]**

૫. એમાં બે માર્ગ છે. - **નિર્વિશેષ બ્રહ્મવાદ** જે **અદ્વૈતવાદ**ના નામે પ્રસિદ્ધ છે. [**શ્રી સ્વામી મહારાજ અને શ્રી રંગઅવધૂત મહારાજ આ માર્ગના પ્રવાસી છે**]

બીજો **સવિશેષ બ્રહ્મવાદ** - એના પાંચ ભેદ છે - **વિષ્ણુપરક, શિવપરક, શક્તિપરક, સૂર્યપરક** અને **ગણપતિપરક**. તેમાં પણ પ્રત્યેકના ઘણા **પ્રભેદ** છે.

૩. **વિષ્ણુ પરક બ્રહ્મવાદના - ચાર ભેદ - દ્વૈતવાદ, દ્વૈતાદ્વૈતવાદ શુદ્ધા દ્વૈતવાદ, વિશિષ્ટા દ્વૈતવાદ.**[૨૭]

આ તો ભેદોની માત્ર રૂપરેખા થઈ. શ્રી અવધૂતજી કહે છે કે આ બધા જ ભેદો **"લઈ જાતા પદેતત્"** ભક્તને એ શ્રી દત્તનાં ચરણમાં લઈ જાય છે. બધા જ ભેદોનું ગંતવ્ય સ્થાન પરમ = અંતિમ સત્ય શ્રી દત્તાત્રેય છે. કેમ રામ, કૃષ્ણ નહીં ? ને દત્તાત્રેય જ કેમ ? કારણ કે ભગવાનશ્રી દત્તાત્રેય **સ્વરૂપતઃ** = સ્વરૂપથી **બોધસ્વરૂપ** છે - જ્ઞાન સ્વરૂપ છે. માટે ચિત્તતું શ્રી દત્તનામ - સ્વરૂપનું સ્મરણ કરી લે. સ્મરણ કરવાનું કારણ એ છે કે, એ સ્મરણ માણસને ભેદના ભરમમાંથી છોડાવે છે. અહીં સદીઓથી ચાલ્યા આવતા ભેદોની રૂપરેખા જ કેટલી જટિલ છે !! જો માણસ એ ભેદ - ઉપભેદ ઉપભેદના પેટાભેદમાં પડે તો ક્યારેય એમાંથી બહાર જ ન નીકળી શકે. માટે શ્રી અવધૂતજી કહે છે :

**ભેદમાં ખેદ અભેદ નિર્વાણ છે;**
**ભક્તિમાં શક્તિ સઘળી પ્રકાશે........** [ઉષ : પ્રાર્થના. પૃ.૩૫]

---

૨૭. આ બધાનો ખ્યાલ મેળવવો હોય તો મેં આ બધા પર પરિચયાત્મક અધિકરણ લખ્યાં છે; જુઓ - **ગુજરાતી સાહિત્ય કોશ** [ખંડ ૩], ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ, ૧૯૯૬.

ભેદમાં ક્યાંય ન પહોંચી શકાતાં અટવાઈ જવાથી આખરે **ખેદની** જ પ્રાપ્તિ થાય છે. માટે ભક્તિની નાવ રૂપ શ્રીદત્તના નામ-સ્વરૂપ સ્મરણ માટે અહીં જીવને પ્રેરવા માટે પ્રેમ પૂર્વક આગ્રહ છે. ॥૭૫॥

**સંગતિ** : નામ સ્મરણથી તરી ગયેલાઓના દૃષ્ટાંત આપે છે :

**नाम्ना तीर्णो रामगाथाकृदादौ**
**नाम्ना तीर्णोऽजामिलोऽप्यन्तकाले ।**
**नाम्ना तीर्णा पिङ्गला पण्ययोषा**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥७६॥**

**શબ્દાર્થ : नाम्ना** = [नामन् ન.પુ.તૃ.એ.વ.] નામ (સ્મરણ) વડે, **तीर्णः** = તૃ.૧.૫૫ ક.ભૂ.કૃ.] તરી ગાયો, **रामगाथाकृत्** = શ્રી રામગાથા = રામાયણના કર્તા વાલ્મિકી, **आदौ** = મૂળે - આદિકાળમાં, **नाम्ना** = [ઉપર પ્રમાણે] **तीर्णः** = [ઉપર પ્રમાણે] **अजामिलोऽप्यन्तकाले–अजामिलः** અજામિલ - અજામેળ, **अपि** = પણ, **अन्तकाले** = અન્ત સમયે, **नाम्ना** = (પૂર્વવત્), **तीर्णा** = [પૂર્વવત્ સ્ત્રી લિંગ] **पिङ्गला** = પિંગલા, **पण्ययोषा** = દેહ ન વેચવાનો ધંધો કરતી સ્ત્રી - ગણિકા, માટે હે ચિત્ત, આત્મન્ તુ શ્વાસે શ્વાસે શ્રી દત્તનામ - સ્વરૂપનું સ્મરણ કરી લે ॥૭૬॥

**વિવરણ :** નામ-સ્વરૂપ સ્મરણનું માહાત્મ્ય કેવું અનન્ય પ્રભાવક છે; એ દર્શાવવા માટે અહીં ત્રણ દ્રષ્ટાંત નોંધ્યાં છે. આદિકાળમાં આદિ કવિ શ્રી મહર્ષિ વાલ્મિકીએ રામગાથા = રામાયણની રચના કરી, તેઓ રામ = **દ્વિ અક્ષરી મંત્ર**નો ઊલટો જપ = **મરા-મરા દ્વારા તરી ગયા**. એ આખી કથા **શ્રી અધ્યાત્મરામાયણ-ઉત્તર કાંડ સર્ગ-૭ તથા શ્રી વાલ્મિકી રામાયણ બાલકાંડ સ.૧**ના આધારે સરસ રીતે નોંધાઈ છે.[૨૮] કથા ખૂબ જ પ્રસિદ્ધ હોઈ, વિસ્તાર ભયથી અહીં નોંધી નથી.

૨૮. જુઓ ડાહ્યાભાઈ પી. દેરાસરી : પૌરાણિક કથાકોષ : ગુજ,વર્ના, સોસા. અમદાવાદ. ઈ.સ. ૧૯૩૨, પૃ ૫૦૫-૫૦૭

એ જ રીતે અજામિલને જીવનના અંતકાળે = મૃત્યુ સમયે શ્રી નારાયણ નામના સ્મરણનું દિવ્ય ફળ પ્રાપ્ત થયું એ કથા **શ્રીમદ્ ભાગવત ષષ્ઠ સ્કંધ અ. ૧-૨માં** દ્રષ્ટવ્ય છે. પ્રચલિત કથાનો અહીં શ્રી અવધૂતજીએ સંદર્ભ લીધો છે. કથા ખૂબ પ્રસિદ્ધ છે.[૨૯]

પણ્યસ્ત્રી-વેશ્યા પિંગલાની કથા **શ્રીમદ્ ભાગવત એકાદશ સ્કંધ અ.૮**માં છે.[૩૦] ભગવાનશ્રી દત્તાત્રેયે યદુરાજાને પોતાના ચોવીસગુરુની વાત કરી તેમાં સત્તરમાં ગુરુ એ આ વેશ્યા પિંગલાની વાત :-

**રામા હું તુજની પ્રભુ નકી આજથી તેમ**
**રમું ન તુ જ વિણ અન્યથી જાણ સુનિશ્ચિત એમ**
**એમ કહી પ્રભુચિંતને નિદ્રાવશ તત્કાળ**
**થઈ પિંગલા એ અહા ત્યજી આશ નિર્ધાર.**

[શ્રી ગુ.લી.અ.૫૫/૨૩-૨]

એ ભગવ-ન્નામ સ્મરણથી જીવન મુક્ત થઈ આ ત્રણેય દ્રષ્ટાંત આ સિદ્ધાંત = નામ-સ્વરૂપ સ્મરણ સિદ્ધાંતનું પ્રતિપાદન કરનારા હોઈ, અતિપ્રસિદ્ધ છે. આ સિવાય આજે ઘોર કલિકાળમાં નામ-સ્વરૂપ સ્મરણે પોતાની જીવન નૈયા આનંદથી પસાર કરી દેનાર ભક્તોની સંખ્યા નાની સૂની નથી. ઇતિહાસમાં બહુ ઊંડા ન જઈએ તો બારમી સદીમાં થયેલા સંત જ્ઞાનેશ્વરથી માંડીને આજ સુધીમાં ભગવન્નામનો વેપાર કરનારા અનેક સંતો ગુજરાત ઉપરાંત ભારતના બધા જ પ્રાંતોમાં થયા છે. તેમનો દિવ્ય પ્રભાવ પડ્યો છે; અને લાખો માણસો નામસ્મરણની નાવમાં બેસી તરી ગયા છે. આ એવું તથ્ય છે; જેને કોઈ પુરાવાની જરૂર નથી. જેને પુરાવો જોવો હોય તે નામસ્મરણનો આશરે લઈ જુએ. ॥૭૬॥

**સંગતિ** : આ નામ સ્મરણ માટે જવું તો ક્યાં જવું ? બે શ્લોકમાં ગંતવ્ય-મંઝીલ બતાવે છે :-

૨૯. એજન. પૃ.૬૦ -

૩૦. - એજન. ૩૧૧-૩૧૩

**कायः काशी ह्यात्मदेवोऽत्र दत्तो**
**वामा गङ्गा दक्षनासाऽर्कजाऽत्र ।**
**मध्याऽजा सा सङ्गमो ब्रह्मरन्ध्रे**
**स्नात्वा, ध्यात्वा मुच्यते मुक्त एव ॥ ७७ ॥**

**શબ્દાર્થ : कायः** = કાયા, काशी = વારાણસી, **ह्यात्मदेवोऽत्र** – **हिआत्मदेवः अत्र** = નકી અહીં આત્મદેવ, **दत्तः** = શ્રી દત્ત છે, वामा = ડાબી બાજુ, (નાકની), **गङ्गा** = ગંગાજી, **दक्षनासा** = જમણી બાજુ (નાકની) **अर्कजा** = યમુના, **अत्र** = અહીં, **मध्या** = વચ્ચે [ડાબા-જમણાની], **अजा=ब्रह्मजा** = સરસ્વતી, **सा =** તે, **सङ्गमः** = સંગમ [ત્રિવેણી], **ब्रह्मरन्ध्रे** = બ્રહ્મન્ધ્ર = પ્રયાગ - ભ્રૂમધ્યમાં, **स्नात्वा** = [**स्ना.** ૨.પ.પ.સં.ભૂ.કૃ.] = સ્નાન કરીને, **ध्यात्वा** = [ध्यै. ૧.પ.પપુ.સં.ભૂ.કૃ] = ધ્યાન કરીને, **मुच्यते** = [मुच् – ૧ આ.પ.] છૂટે = મુક્ત થાય છે, **मुक्त एव** = એ મુક્ત જ છે ॥૭૭॥

**નકી દત્ત આત્મા અહીં કાય કાશી**
**વહે વામ ગંગાર્કજા દક્ષવાસી**
**મળે બ્રહ્મજા મધ્ય સ્નાને પ્રયાગે**
**તરે બ્રહ્મ ધ્યાતાં ગુહા માંહ્ય આગે ॥૭૭॥**

**વિવરણ** : શ્લોક **૨૪**માં **જવાનું ઘણું દૂર તારે સુદૂર**. એમ કહી ગંતવ્ય સ્થાન - મંઝીલ દૂર છે; તથા શ્લોક **૪૮**માં **ખરે કાય આ મોહ હેતુ સદા રે**. આ કાયા મોહનું કારણ હોવાનું કહે છે. એના સંદર્ભમાં અહીં આ શ્લોકમાં **કાયા** = શરીર વસ્તુતઃ શું છે, એ સમજાવ્યું છે. અજ્ઞાનને કારણે માણસને માત્ર હાડ-ચામનું આ સ્થૂળ શરીર દેખાય છે. એ શરીર પ્રતિક્ષણ વિકારશીલ હોવાને કારણે બદલાતું રહેતું હોવાથી બાળપણમાં અને યુવાનીમાં સુંદર દેખાય છે. સૌંદર્ય = કાયાનું સૌંદર્ય વસ્તુતઃ શારીરિક વિકારનું જ સ્વરૂપ છે. તેથી સંસ્કૃતમાં એક સૂક્તિ છે. **प्राप्ते तु षोडशेवर्षे गर्दभी चाप्सरायते** – સોળમે વર્ષે તો ગધેડી પણ અપ્સરા જેવી જ થઈ જાય ! [પછી માણસ

સુંદર થઈ જાય એમાં આશ્ચર્ય શું]. શરીરનાં આ વિકારાત્મક સૌંદર્યને જોઈને માણસ અજ્ઞાનવશ તેના મોહમાં પડી જાય છે. તત્ત્વતઃ આ કાયા દેખાય છે તેના કરતાં ઘણી મહાન છે. જીવનું એ સદ્‌ભાગ્ય છે; તેનાં પૂર્વજન્મનાં અનેક સુકૃત = સત્કર્મોનાં ફળ રૂપે તેને આ ઉત્તમ દેહ = **માનવદેહ** મળ્યો છે-

**નરતનું આ મળી, કોટિ પુણ્યે કરી**
**મુક્તિ લેને વરી, કરમ ફૂટ્યા !.......**[ઉ.પ્રા.પૃ.૩૧]

હાડ, ચામ, મળ, મૂત્ર, કફ, પિત્તથી ભરેલું હોવાં છતાં આ માનવશરીર મુક્તિનું દ્વાર છે. એટલે કે **કાશી** છે. ભારત ભૂમિમાં જે સ્થાન - માહાત્મ્ય કાશીનું છે; તે જીવસૃષ્ટિમાં **માનવીય-કાયા**નું છે. **કાશી** એટલે **काशयति–प्रकाशयति इदं सर्वं**– આ બધાને જે પ્રકાશિત કરે તે – **अविमुक्तपुरी** = અશેષ = નિઃશેષ વિમુક્તિ અપાવનારી પુરી = શરીર - આનંદવન, આનંદકાનન.

અજ્ઞાન વશ કાયાના મોહમાં પડેલા માણસને આવા તેવા ચેલા મુંડનારા ગુરુઓ ભગવાન આ મંદિરમાં ને તે મંદિરમાં છે; એવું સમજાવી તીર્થ સ્થાનો અને મંદિરોમાં દેવની પાછળ દોડાવે છે, અને સ્થાનો દૂર જ હોય છે. એટલે ન છૂટકે કહેવું પડ્યું છે - **જવાનું ઘણું દૂર તારે સુદૂર.....** એ દેવ તો દત્તાત્રેય અહીં, અત્યારે, આ ક્ષણે કાયારૂપી કાશીમાં **આત્મદેવ સ્વરૂપે** - હાજરાહજૂર છે. અજ્ઞાનીને દૂર છે. **ઈશ-ઉપનિષદ**માં કહ્યું છે - **तद्दूरेतद्वन्तिके**.... કવિશ્રી નાનાલાલે અનુવાદ કર્યો છે - **તું આઘેમાં આઘે નજીક થકીએ પાસ પણ તું**. કાયાના મોહમાં પડેલા અજ્ઞાની ને દૂર છે........નેવું દિવસ પહેલા રિઝર્વેશન કરાવીને જાય તો જાય ને પહોંચે ત્યારે અધમૂઆ થઈ ગયા હોય.

કાયા રૂપી આ કાશીમાં આત્મદેવ શ્રી દત્ત વિરાજમાન છે. એટલું જ નહીં, શ્લોકની ખરી મઝા હવે છે; ભારત ભૂમિમાં **પ્રયાગ ક્ષેત્રે** થતો મહાન **ત્રિવેણી સંગમ** અહીં આ કાયામાં જ છે. ઈડા, પિંગલા અને સુષુમ્ણા, નાસપુટની ડાબી બાજુની નાડી ગંગા, જમણી બાજુની અર્કજા = સૂર્યપૂત્રી

યમુના અને વચ્ચે બ્રહ્મજા = સરસ્વતી સ્વરૂપે વહે છે. આ ત્રણેયનો પવિત્ર ત્રિવેણી સંગમ આ કાયાના પ્રયાગક્ષેત્ર એવા બ્રહ્મરંધ્રમાં થાય છે. એ સંગમમાં સ્નાન કરવાનું છે. એક ભજનના કહ્યું છે -

**ઈંગલા ને પિંગલા સુખમણ ત્રીજી અમૃતનીર અગાધ.**
**તરવેણીમાં ભેગાં રે મળિયા, સ્નાન કરો સહુ સાધ....**
**(અ.આ.૧૯૬)**

એ ત્રિવેણીમાં સ્નાન કરી બ્રહ્મરંધ્રરૂપ ગુહા = ગુફામાં એ આત્મ દેવનું ધ્યાન કરવાનું છે. આ નાકને પીડવાની વાત નથી. આ અવસ્થા પ્રાપ્ત કરવા માટે હે ચિત્ત તું શ્રી દત્ત નામ-સ્વરૂપનું સ્મરણ કર ।।૭૭।।

**સંગતિ** : આ જ તથ્યનું પ્રકારાન્તરે વધુ સ્પષ્ટીકરણ કરે છે :-

**देहः सह्यो हृन्नु मातापुरं स्या–**
**दत्रिर्ज्ञानं भक्तिरेकाऽनसूया ।**
**विज्ञानं तन्निर्मलं दत्तनाम**
**ध्यात्वा सन्तो जन्ममृत्यू तरन्ति ॥७८॥**

**શબ્દાર્થ** : **देहः** = કાયા - શરીર, **सह्यः** સહ્યાદ્રિ, **हृन्नु** = हृत्–नु = તો હૃદય, **मातापुर** = માતાપુર, **स्यात्** = છે, **अत्रिःज्ञानं** = મહર્ષિ અત્રિ જ્ઞાન સ્વરૂપ છે, **भक्तिरेकाऽनसूया** = **भक्तिः एका अनसूया** = સતી અનસૂયા એકનિષ્ઠા ભક્તિ છે. **विज्ञानं** = આત્મ જ્ઞાન, **तन्निर्मलं = तत्–निर्मलं** – સ્વચ્છ એવું **दत्तनाम्** = શ્રીદત્તધામ-નામ છે. **ध्यात्वा** = ધ્યાયીને [પૂર્વવત્] **सन्तः** = [સત્ = પ્ર.બ.વ.] = **સંતો जन्म मृत्यू** [મૃત્યૂ - પ્ર.દ્વિ.વ.] = જન્મ મૃત્યુને **तरन्ति** = [તૃ. ૧.૫ તૃ.પુ.બ.વ.] = તરી જાય છે.

**વળી દેહ સહ્યાદ્રિ માહૂર હૃદ્ ત્યાં**
**તથા જ્ઞાન અત્રિ સતી એકનિષ્ઠા**
**નકી સ્વચ્છ વિજ્ઞાન તે ધામ દત્ત**
**તરે જન્મ ને મોત ધ્યાતાં જ સન્ત ।।૭૮।।**

**વિવરણ** : આ શરીર માત્ર અંગ-ઉપાંગનું માળખું, જેને આધુનિક વિજ્ઞાન-શરીરવિજ્ઞાન-**શરીર વ્યાપારશાસ્ત્ર [Physiology]** કહે છે; માત્ર એવું નથી. પૃથ્વી પરની ભૂગોળ તેના નકશા છે; તેમ આ શરીરની પણ એક ભૂગોળ [Geography] છે. શરીરને મુક્તિના દ્વાર સમી કાશી સ્વરૂપ જુઓ. તો શરીરને **ज्ञानराज्यं [Kingdom of knowledge]** સ્વરૂપે પણ જુઓ. સત્ય યુગમાં મહર્ષિ અત્રિ-અનસૂયાએ જ્ઞાન-તપ કરી પરમ તત્ત્વના અન્વેષણ માટેની જ્ઞાનપીઠની સ્થાપના સહ્યાદ્રિ પર્વત પર કરી હતી. આ શરીરને અત્રિ મુનિની જેમ જ હજારો સંતોએ જ્ઞાન પીઠ = સહ્યાદ્રિ સ્વરૂપે સ્થાપ્યું છે. તો શરીર સહ્યાદ્રિ પર્વત જ્ઞાનનાં = પરમ તત્ત્વનાં અન્વેષણ માટેની જ્ઞાનપીઠ છે. આ શરીરમાનું હૃદ = **ह्रियते विषयैः = જે વિષયોથી લજાય - શરમાય તે.** આ હૃદ્ માતાપુર, શ્રી પરશુરામના માતાજી ભગવતી રેણુકાનાં પ્રાકટ્યથી પ્રસિદ્ધ થયેલું તથા ભગવાનશ્રી દત્તાત્રેયની અસીમ કૃપાથી પ્રતિષ્ઠિત તીર્થસ્થાન છે. મહર્ષિ અત્રિ એ જ આ હૃદયાકાશમાં થતું જ્ઞાન છે. ભગવાન અત્રિને બોધ = જ્ઞાન સ્વરૂપ ભગવાન શ્રી દત્તાત્રેયની પ્રાપ્તિ થઈ હતી. જ્ઞાનની સાથે ભગવતી અનસૂયા ભક્તિ સ્વરૂપ છે. માતાપુર સ્વરૂપ હૃદયમાં જ્ઞાન અને ભક્તિના સમન્વયથી માણસને પ્રાપ્ત થતું વિજ્ઞાન = સ્વરૂપાનુભવ એ જ આ શ્રી દત્તનામ = દત્તધામ છે. એ શ્રી દત્તનામના ધ્યાનથી સંતો જન્મ મૃત્યુરૂપ આ ભવસાગરને તરી ગયા છે. આમ જે ધ્યેય છે; ગંતવ્ય છે તે ક્યાંય બહાર પૃથ્વી પર કે ભારતના કોઈ ખૂણે નથી, માણસની ભીતરમાં જ છે. **રંગ પ્રશ્નોતરમાલા**માં બે પ્રશ્ન પૂછાયા છે - **कि तीर्थं** ? તીર્થ શું છે ? તેનો ઉત્તર છે ? **स्वस्वान्तं शुद्धं,** પોતાનું શુદ્ધ અંતઃકરણ જ ઉત્તમ તીર્થ છે. તો **देवः** ? = દેવ કોણ છે ? શ્રી અવધૂતજીએ ઉત્તર આપ્યો છે. - **अत्र हि निर्मलः आत्मा** – માણસની ભીતર = હૃદયકમળ પર બિરાજમાન આત્મા દેવ છે. એ આત્મદેવનું સ્વરૂપ દત્તનામ - દત્તધામ છે માટે હે ચિત્ત તું તેનું સ્મરણ કર ॥૭૮॥

**સંગતિ** : કર્તવ્ય - શું કરવા યોગ્ય છે; તે બતાવે છે :-

**गेयं तिष्ये तारकं दत्तनाम**
**ध्येयं स्वान्ते निर्मलं दत्तधाम ।**
**नेयं ह्यायुर्दत्तभक्तान्तिके भोः**
**पेयं कर्णैर्दत्तलीलामृतं सत् ॥ ७९॥**

**શબ્દાર્થ** : **गेयम्** = [गै. ૧.નું વિધ્યર્થ કૃ.] = ગાવા યોગ્ય, **तिष्ये** = કળિયુગમાં, **तारकं** = તારનારું, **दत्तनाम** = શ્રી દત્તનું નામ, **ध्येयं** = [**ध्यैः** ૧.૫નું વિધ્યર્થ] = ધ્યાવા યોગ્ય, **स्वान्ते** = પોતાના અનંતઃકરણમાં **निर्मलं** = સ્વચ્છ, **दत्तधाम** = શ્રી દત્તધામ, नेयं = [ની. ૧ ઉ.પ. વિધ્યર્થ] = લઈ જવા જેવું, **ह्यायु – हि–आयुः** = આયુષ્યનો કાળ, **दत्तभक्तान्तिके** = **दत्तभक्त अन्तिके** = શ્રી દત્તના ભક્તની પાસે (ઘરે), **भोः** = રે..... (સંબોધન) **पेयं** = [પા. ૧.૫ નું વિધ્યર્થ] પીવા યોગ્ય, **कर्णैः** = કાનથી, **दत्तलीलामृतं** = શ્રી દત્તલીલામૃત, **सत्** = ઉત્તમ-સદા ॥૭૯॥

**અહા દત્ત એ નામ સત્તાર ગા રે**
**વળી સ્વાન્તમાં સ્વચ્છ તદ્ધામ ધ્યા રે**
**વહે કાળ પાસે જ તદ્ભક્તની રે**
**સદા કાનથી દત્તલીલા જ પી રે ॥૭૯॥**

**વિવરણ** : આ શરીર-કાશી-સહ્યાદ્રી છે. હૃદય માહૂર છે. તેમાં થતું સ્વરૂપાનુંભવ રૂપ જ્ઞાન મહર્ષિ અત્રિ અને એ હૃદયમાં ઉદ્ભવતી એક નિષ્ઠા ભક્તિ જ ભગવતી અનસૂયા છે. આમ, હે આત્મન તું નામ-સ્મરણ, સ્વરૂપ સ્મરણ માટે સંપૂર્ણ સજ્જ છે. પરમકૃપાળુ પરમાત્માએ તને તારી ભીતર બધું જ આપી દીધું છે. આ શરીરમાં માણસને જો કોઈ મહત્તમ સગવડ મળી હોય તો તે સ્વરૂપાનુસંધા માટેની છે. આટલી બધી અનુકૂળતાઓ-સગવડો મળ્યા પછી હવે કરવું શું ? કર્તવ્ય-કરણીય શું છે ? તત્ત્વતઃ કશું જ કરવાની જરૂર નથી; જે કરવા જેવું છે તે અહીં બતાવ્યું છે.

**गेयम्** = ગાવાનું છે. બસ હવે ગાઓ. શું ગાશો ? ભગવાન આદિશંકરાચાર્ય મહારાજે કહ્યું છે. - **गेयं गीता नाम सहस्रम्** - મનથી મસ્ત થઈ ગીતાનું શ્રી વિષ્ણુનામ સહસ્રનું સરસ ઉચ્ચારણથી ગાન કરો. અનુષ્ટુપ છંદનું ગાન કરતાં આવડવું. જોઈએ - શીખી લેવું જોઈએ. સંગીતમય પારાયણમાં દોહરા છંદનું સ્વરબદ્ધ ભાવવાહી ગાન કેવું તૃપ્તિ કર બની રહે છે ! અહીં શ્રી અવધૂતજી કહે છે. - **ગેયમ્** - ગાવા જેવું છે - **અહા દત્ત એ નામ સત્તાર ગા રે** - કળિયુગમાં સંતોને તારનારું દત્ત નામ ભાવાવેશમાં તરબોળ થઈને ગા.......

**ગાઓ ગાઓ રે આજે ગુરુજીનો ગરબો......**

આ નામ સામાન્ય માણસોએ ગાયું છે એવું નથી -

**રામે પીધો ને વસિષ્ઠે પાયો;**
**આપપરમાં તે રામ દિખાયો ર......** [અ.આ.૨૦૧]

શ્રી વસિષ્ઠે નામરસ શ્રીરામને પાયો એની એવી અસર એ થઈ કે શ્રી રામે સ્વયં આપ અને પર સર્વત્ર વ્યાપ્ત પોતાનાં રામત્વ સ્વરૂપનો અનુભવ કર્યો. માટે આ **શ્રી દત્તનામ** કલિયુગમાં **ગેયમ્** = ગાવાયોગ્ય છે.

ગાતાં ગાતાં અર્થાનુસંધાન રૂપ ધ્યાન કોનું ધરવાનું છે ? ધ્યેય = ધ્યાવા યોગ્ય શું છે ? ભગવાનશ્રી આદિશંકરાચાર્યજી કહે છે - **ध्येयं श्रीपतिरूपमजस्रम्–** શ્રીપતિ ભગવાન શ્રીવિષ્ણુદત્તનું અજસ્ર = સતત = અતૂટ એવું રૂપ ધ્યેય = ધ્યાવા યોગ્ય છે. અહીં શ્રી અવધૂતજી કહે છે - પોતાનાં જ સ્વાન્ત = અંતઃકરણમાં વિદ્યમાન શ્રી દત્તધામ = સ્વચ્છ નિર્મલ **ધામ ધ્યેય સ્વરૂપ** છે. અહીં પ્રયોજાયેલો **ધામ** શબ્દ સમજવા જેવો છે. **મન્ત્રાર્ણવ**માં **ધામ**ની વ્યાખ્યા કરી છે - **गुरुर्गुरुतरो धाम सत्यः सत्य पराक्रमः** = ધામ ગુરુથી ગુરુતર, સત્ય અને સત્યને ય આંબી જનાર છે. અર્થાત્ તે **પરંજ્યોતિ પરબ્રહ્મ** છે. એ ધ્યેય છે. ચિત્તને ક્યાં જવા દેવું ? ક્યાં લઈ

જવું ? ભગવાનશ્રી આદિશંકરાચાર્યજી કહે છે - **नेयं सज्जन संगे चित्तम्** - ચિત્તને સજ્જોની સંગતમાં લઈ જવું. શરીરથી કદાચ સજ્જનોને મળવા ન જઈ શકાય તો પણ ચિત્તને સજ્જનોના સંગમાં દોરી જવું. અહીં શ્રી અવધૂતજી કહે છે - આ આયુષ્યના કાળદરમિયાન શ્રી દત્તભક્તની પાસે ચિત્તને લઈ જવું. શ્રી દત્તભક્ત શ્રી દત્ત સ્વરૂપ જ છે. શ્લોક **૩૪**માં સંગ ત્યજવો, પણ જો કરવો જ હોય તો સતત સંતના સંગમાં જ રહેવું એમ કહ્યું છે. **पेयं** = પીવા યોગ્ય શું છે ? પ્રવાહી મુખથી પીવાય, નામામૃત કાનથી પીવાય. બન્ને તૃપ્તિ કર. નામામૃત કવિતા આંખથી વાંચવાની નથી. કાનથી વાંચવાની છે. હે આત્મન ! તું શ્રી દત્તલીલામૃતનું સતત પાન કર. ભગવાન સદ્‌ગુરુની લીલાનાં અમૃતનું પાન તો કર્ણથી જ થાય. આ કર્તવ્ય = કરણીય છે. સાંસારિક કામો છે. એ તો ફરજો છે. એ તો થાય જ. એ કર્તવ્ય નથી. કર્તવ્યના ચાર ઘટકો - **ગેયમ્** - ગાન, **ધ્યેયમ્** = ધ્યાન, **નેયમ્** = દોરવું - દોરાવું, **પેયમ્** = પીવું એ કર્તવ્ય છે. માટે હે આત્મન તું શ્રી દત્તનામ સ્મરણ કર. એ અર્થનું અહીં પ્રતિપાદન થયું છે. ॥ ૭૯ ॥

**સંગતિ** : - આમ, કહેવા પાછળનું કારણ દર્શાવે છે : -

**भ्रष्टं ज्ञानं कर्ममार्गो विनष्टो**
**भक्तिः पङ्गुर्योग मार्गोऽपि गूढः ।**
**शिष्या लुब्धा देशिकाः स्वार्थ सारा–**
**स्तिष्ये त्वेकं तारकं दत्त नाम ॥ ८० ॥**

**શબ્દાર્થ : भ्रष्टम् =** દૂષિત થયેલું, **ज्ञानम् =** જ્ઞાન, **कर्ममार्गः =** કર્મમાર્ગ, **विनष्टः** નષ્ટ, **भक्तिः =** ભક્તિ, **पंगुः =** પાંગળી, **योगमार्गः =** યોગ માર્ગ, **अपि** = પણ, **गूढः** (ગુહ્ ૧. ઉ.નું. ક.ભૂ.કૃ) = ગુપ્ત, **शिष्याः** = શિષ્યો, **लुब्धाः – (लुभ्.** ૪.૫.નું ભૂ. કૃ.) = લોભિયા, **देशिकाः** = ગુરુઓ, **स्वार्थसाराः** = સ્વાર્થ સાધનારા, **तिष्ये** = કળિયુગમાં, **त्वेकं** = **तु एकं** = તો એક જ, **तारकं** = તારનારું, (સીધું), **दत्तनाम** = શ્રી દત્ત નામ. ॥૮૦॥

**થયું ભ્રષ્ટ જ્ઞાને અને કર્મનષ્ટ**
**વળી પંગુ ભક્તિ અને યોગ ગુપ્ત,**
**થયા શિષ્ય લોભી ગુરુ સ્વાર્થ સાધુ**
**કલિ માંહ્ય દત્તૈક છેનામ સીધું ॥ ૮૦ ॥**

**વિવરણ :** અહીં હે આત્મન્ તું - ચિત્ત તું શ્રી દત્તનામ સ્મરી લે... એમ કહ્યું છે; વિવિધ રીતે એ નામ સ્મરણની યથાયોગ્યતાનું પ્રતિપાદન કરવા માટે ખૂબ સૂક્ષ્મ એવી સાધક-બાધક ચર્ચા કરી છે. તમે આવું શા માટે કરો છો ? એમ જો કોઈ પૂછે તો એ શંકાના સમાધાન રૂપે અહીં કારણ દર્શાવે છે. ધારો કે કોઈક શ્રેયાર્થી માણસને તેનાં પૂર્વ જન્મનાં કે આ જન્મનાં પુણ્યના પ્રતાપે આ સંસાર સાગરની ભીષણતામાંથી છૂટવાની તાલાવેલી જાગે તો તેને સૂચવી શકાય એવો કોઈ માર્ગ અત્યારે છે ખરો ? અત્યારની વીસમી-એકવીસમી સદીની પરિસ્થિતિ એવી છે કે એમાં એક પણ માર્ગ એવો નથી જે માર્ગે જવાનું સૂચવી શકાય.

ભારતમાં જ્ઞાન માર્ગ હજારો વર્ષથી ઘણો પ્રશસ્ત છે. ઉપનિષદના ઋષિઓએ **પ્રજ્ઞાનં બ્રહ્મ** = પ્રજ્ઞાન = પ્રકૃષ્ટ જ્ઞાન બ્રહ્મ છે; એમ કહ્યું છે. જ્ઞાનની એ ઉચ્ચતમ સંકલ્પના **(Concept)** નો **અપચય (Reduction)** થતાં થતાં આજે જ્ઞાન તદ્દન ભ્રષ્ટ = દૂષિત થઈ ગયું. ભ્રષ્ટ થયું એટલે શું થયું હશે ? સમજવા જ બેઠા છીએ તો જ્ઞાનના અપચયને ટૂંકમાં સમજી લઈએ.

– **પ્રજ્ઞાન બ્રહ્મ** - અર્થાત્ આ બધું ચરાચર ચૈતન્ય જે જ્ઞેય સ્વરૂપ છે એ બધું જ **પ્રજ્ઞાન**-નિરુપાધિક ચૈતન્યમાં સ્થિત છે; એ જ જિજ્ઞાસ્ય છે - જાણવા યોગ્ય છે. એ ઐતરેય આરણ્યક = ઋગ્વેદની મૂળ સંકલ્પના પ્રમાણે જ્ઞાન-પ્રજ્ઞાન એટલે જ બ્રહ્મજ્ઞાન.

– સત્યુગમાંથી ત્રેતામાં થઈ દ્વાપરમાં આવતા સુધીમાં **જ્ઞાન = પ્રજ્ઞાન અપચય** (Reduction) થતાં **પ્રવિત્ર વસ્તુના સ્તરે** ઊતર્યું. સ્વયં ભગવાને ગીતામાં કહ્યું :- **न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते –**

અહીં જ્ઞાનના જેવું પવિત્ર કશું જ નથી. જે **પ્રજ્ઞાન - બ્રહ્મસ્વરૂપ** હતું તેને હવે **પવિત્ર** વિશેષણની જરૂર પડી.

– કલિયુગમાં આ જ્ઞાન ભર્તૃહરિના સમય સુધીમાં તો **પ્રચ્છન્ન ગુપ્તં ધનં** = છાનું ઢાંકી રાખેલું ધન થઈ ગયું. **જ્ઞાન** નો **ધન** ના સ્તરે **અપચય થયો.**

– હવે આજે એ જ **જ્ઞાન માહિતી** (infromation) ના સ્તરે ઓળખાય છે. હવે જ્ઞાન પ્રાપ્તિ માટે કોઈ ગુરુની જરૂર નથી. **ઈન્ટરનેટ** પર બધા જ ઉપનિષદ બ્રહ્મસૂત્રો આવી જશે. પૂજ્ય સ્વામી મહારાજનું સમગ્ર લખાણ એક નાની અમથી ફ્લોફીમાં મળે છે.

**જ્ઞાન ભ્રષ્ટ** થયું તે તેના અપચયના અર્થમાં. જ્ઞાન ભ્રષ્ટ થયું હોવાની વાત અન્ય રીતે પણ સમજી શકાય. આપણે અહીં શ્રી અવધૂતને અભિપ્રેત એવો ભ્રષ્ટતા = અપચય અર્થમાં તે સમજવા પ્રયત્ન કર્યો છે.

**કર્મમાર્ગ નષ્ટ** થયો છે. કર્મમીમાંસા છે. આખું ધર્મશાસ્ત્ર છે. આમેય મૂળમાં એ માર્ગ ઘણો જટિલ છે. કર્મ-અકર્મ-વિકર્મની મીમાંસા ગીતા, સ્મૃતિગ્રંથો, ગૃહ્ય સૂત્રોમાં કરેલી છે. આજે એ કર્મની સાધારણ પદ્ધતિ વિધિ પણ ભ્રષ્ટ થઈ ગઈ છે. માણસો પોતાનાં કર્મનું મૂલ્ય સમજતાં નથી. કલિયુગમાં ધર્મ ગુપ્ત થતાં કર્મની બાબતમાં સર્વત્ર અરાજકતા છવાઈ ગઈ છે.

જ્યારે **ભક્તિ** પંગુ = પાંગળી થઈ ગઈ. તેથી આજ વાત ઉષઃ પ્રાર્થનામાં કરી છે.

**ભક્તિ પંગુ થઈ, અન્ય ખંડે ગઈ....** ભારતમાંથી ભક્તિ લુપ્ત થઈને બીજા ખંડ - યુરોપ - અમેરિકા તરફ ગઈ; ત્યાંની પ્રજાને ભક્તિમાં રસ પડવા માંડ્યો. ભક્તિ શાસ્ત્રના મહાન આચાર્યો - **વ્યાસ, નારદ, શાંડિલ્ય** વિસરાઈ ગયા. ધર્મ-કર્મ અને ભક્તિના આચાર રૂપ સ્તંભ - **ત્યાગ, વૈરાગ્ય, દાન, વ્રત, પૂજન** ના સ્થાને વહેમ અને **બાધા**નું જોર વધતાં **દેવને ભૂલી મંદિર પૂજે (ઉ.પ્રા.પૃ.૧૨)**ની પરિસ્થિતિ ઉત્પન્ન થઈ.

**યોગમાર્ગ** છે, પણ એ અત્યંત ગૂઢ છે. કેવો ગૂઢ છે તે આપણે શ્રી ગુરુલીલામૃતના આધારે શ્લોક **૪૭**નાં વિવરણમાં સમજવા પ્રયત્ન કર્યો છે.

આ બધા ય - **જ્ઞાન, કર્મ, ભક્તિ, યોગ**ના બે આધાર સ્તંભો છે - **શિષ્ય** અને **દેશિક** = **ગુરુ**. ગુરુ-શિષ્યની પરંપરા હવે લુપ્ત થઈ ગઈ. ગુરુ **સ્વારથ** = સ્વાર્થ પરાયણ થઈ ગયા.

**ઉપર સે બક ધ્યાન લગાયા, ચૂન ચૂન મછલી ખાયા**
**કરે કથા અરુ પુરાન બાંચે, લોગ જ્ઞાન બકવાયા**
**કરનીકા તો મિલે ન લીટા, ખાલી પેટ બઢાયા**
**બકે યોગ અરુ ભોગ બઢાવે ચેલા-ચેલી લૂંટા**
**અહં-બ્રહ્મ મુખસે હી કૂટે અહંકારના છૂટા..**
(અ.આ.પૃ.૧૭૯)

બગલાં તો સારા. એમને તો જે માછલી મળે તે યા તો લઈ લેવાની યા જવા દેવાની. આ ગુરુ બગલાને તો ભગવાને **પસંદગી (Choice)** શક્તિ આપી છે; એટલે કઈ માછલી પકડવી ને કઈ જેવા દેવી તેની પસંદગી કરે. શિષ્ય-પસંદગી. પુરાણોનું જ્ઞાન **માહિતી પ્રધાન** બની ગયું એટલે પોથીમાંના રીંગણ જ, કર્મ માર્ગની આચારમીમાંસા રહી જ નહીં એટલે ગુરુની કથની-કરણીમાં જબરજસ્ત વિરોધ. ગુરુ આવા એની સામે શિષ્યો લોભી. ઓછામાં ઓછા ખર્ચે, ગાઈડ મળતી હોય, અપેક્ષિત મળતા હોય, ગયા વર્ષનું સાઈકલો સ્ટાઈલ્ડ મટિરીયલ મળતું હોય તો પુસ્તક ખરીદવાની અને વાંચવાની શી જરૂર છે ? એવું માનનારા **લાલચી ગુરુ-લોભી ચેલા દોનોં નરકમેં ઠેલંઠેલા.**

આ પરિસ્થિતિ છે. આવી આ કળિયુગની વિષમ પરિસ્થિતિમાં માત્ર એક શ્રી દત્તનું નામ જ તારક-સીધું છે. બાકી બધું જ અટપટું છે. એ તથ્યના સંદર્ભમાં અહીં આ શ્રીદત્તનામ સ્વરૂપ સ્મરણનું વિગતે પ્રતિપાદન કર્યું છે. એ તાત્પર્ય છે. ॥ ૮૦ ॥

**સંગતિ** : આ જ વાત શ્રીમદ્‌ભગવતગીતામાં પણ કહી છે :

**यज्ञानां भो नामयज्ञोऽस्मि पार्थ,**
**गीताप्येवं वक्ति नाम प्रभावम् ।**
**त्यक्त्वा दूरे सर्वमन्यध्द्‌यसारं**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ८१ ॥**

**શબ્દાર્થ** : **यज्ञानां** = યજ્ઞોમાં, **भो** = હે (પાર્થનું સંબોધન છે) **नाम–यज्ञोऽस्मि = नाम यज्ञ अस्मि** (૨.૫) = નામ (જપ) યજ્ઞ છું. (હું), **पार्थ** = અર્જુન **गीताप्येवं = गीता अपि एवं** = ગીતા પણ એમ જ, **वक्ति (वच** ૨.૫.૫) = કહે છે, **नाम प्रभावम्** = નામના પ્રભાવને, **त्यक्त्वा (त्यज्** ૧.૫ નું સં. ભૂ. કૃ) = છોડીને, **दूरे** = દૂર, **सर्वमन्यध्द्‌यसारं = सर्वं अन्यत् असारं** = અસાર એવું બીજું બધું જ. તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ - સ્વરૂપનું સ્મરણ કરી લે. ॥ ૮૧ ॥

**બધા યજ્ઞમાં નામ મારી જ સત્તા**
**વદે નામની એમ ગીતા મહત્તા**
**ત્યજી દે બધું અન્ય નિઃસાર તાત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૮૧ ॥**

**વિવરણ** : આ બધું હું શ્રી રંગ અવધૂત જ કહું છું એવું નથી. કલિયુગ ભારતની ભૂમિમાં પ્રવેશ્યો તે પૂર્વે દ્વાપરના અંત ભાગમાં ભગવાનશ્રી વાસુદેવ કૃષ્ણે પણ ગીતામાં આમ જ નામની મહત્તા પ્રતિપાદિત કરી છે. **શ્રીમદ્ ભગવદ્‌ગીતા**નો દસમો અધ્યાય ભગવાનના **વિભૂતિયોગ**નો અધ્યાય. પોતાની અનન્ત વિભૂતિઓમાંની કેટલીકનું દર્શન કરાવતાં ભગવાનશ્રી કૃષ્ણ કહે છે - **यज्ञानां जपयज्ञोऽस्मि** = હે પાર્થ બધા જ યજ્ઞોમાં હું જપ-યજ્ઞ - નામજપયજ્ઞ છું. જપયજ્ઞ = નામજપયજ્ઞ સર્વથા હિંસા-શૂન્ય છે. એ યજ્ઞ નામજપ કરનાર એક જ વ્યક્તિનો તદ્દન અંગત એવો યજ્ઞ હોઈ કોઈ બીજાને લેશમાત્ર પણ અગવડ રૂપ થનાર નથી. તેથી જ **મનુસ્મૃતિ**માં નામ-જપ યજ્ઞની ખૂબ પ્રસંશા કરવામાં આવી છે.

**विधियज्ञाज्ञपयज्ञो विशेष्यो दशभिर्गुणैः ।**
**उपांशु स्याच्छतगुणः साहस्रो मानसः स्मृतः ॥** (मनु. २/८५)

અર્થાત વિધિયજ્ઞ = શ્રૌતે કે સ્માર્ત વિધિથી થતા યજ્ઞના કરતાં જપયજ્ઞ દસગણો શ્રેષ્ઠ છે. ઉપાંશુ = હોઠ ફફડે એ રીતે કરાતો જપયજ્ઞ સો ગણો શ્રેષ્ઠ છે અને ભગવન્નામનો માનસ જપ હજારગણો શ્રેષ્ઠ છે. અહીં શ્રી અવધૂતજીને **માનસજપ** અભિપ્રેત હોઈ તેમણે **હે ચિત્ત, હે આત્મન્** એવું સંબોધન કરી શ્વાસોચ્છ્વાસે જપ કરવા કહ્યું છે.

ગીતાજીમાં નામ-જપનું આવું માહાત્મ્ય દર્શાવ્યું છે; માટે તું બીજું બધું જ અસાર-નિઃસાર એવું ત્યજી દે. શું અસાર છે ? શ્લોક ૮૦ માં દર્શાવેલું - **માહિતી** ના સ્તરે જેનો અપચય થઈ ચૂક્યો છે એવું **જ્ઞાન** અસાર છે. એ હવે મેળવવાની જરૂર નથી, જ્યારે જોઈએ ત્યારે ઈન્ટરનેટ પરથી મળી જ રહે છે. **કર્મમાર્ગ** અસાર છે, કારણ કે, કર્મ શું અને અકર્મ શું એની કોઈને ખબર જ નથી. **ભક્તિ** અસાર છે; કારણકે એ પંગુ = પાંગળી -દંભ સ્વરૂપની થઈ ગઈ છે. એ બધાને દૂર = આધા રાખી, ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્ત નામ સ્વરૂપનું માનસ સ્મરણ કર. ॥ ૮૧ ॥

**સંગતિ :** તેથી હવે કર્તવ્ય = કરવા જેવું શું છે ? એ આખો વિચાર જ બદલાઈ જાય છે. હવે શું કર્તવ્ય છે - એ દર્શાવે છે :

**देयं दानं दीन नारायणेषु**
**धेयं शीर्षं भक्त पादाम्बुजेषु ।**
**ख्येयो दत्तः साधु वृन्दानुगेषु**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ८२ ॥**

**શબ્દાર્થ : देयं = (दा.** ૧.પ.પ. નું વિધ્યર્થ) = આપવા યોગ્ય, **—दानं** = દાન **दीननारायणेषु** = દીનનારયણોને, **धेयम्** = (ધા. ૩. ઉ.પ.નું વિધ્યર્થ) આપવું, (વે'વું) **शीर्ष** = મસ્તક, **भक्तपादाम्बुजेषु** = ભક્તનાં ચરણ કમળમાં, **ख्येयः** (ख्या. ૨ ગ.પ.પ.નું વિધ્યર્થ) = ગાવું-વર્ણવવું.

**दत्तः** = હરે દત્ત એમ. **साधुवृन्दानुगेषु** = **साधु वृन्द अनुगेषु** = સંતવૃંદ અને તેમને અનુસારનાઓમાં, એમ હે આત્મન તું પ્રતિશ્વાસથી દત્ત નામનું સ્મરણ કરી લે ॥ ૮૨ ॥

**વળી, દાન દે દીન નારાયણોને**
**અને ભક્તપાદાંબુજે શીર્ષ વે'ને.**
**સદા સંતવૃંદે 'હરે દત્ત' ગાત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૮૨ ॥**

**વિવરણ :** શ્લોક **૭૯**માં શ્લોક ૭૭ -૭૮ના સંદર્ભમાં શું કરવા જેવું = કર્તવ્ય છે તે ગેયં, ધ્યેયં, નેયં, પેયં શું છે તે દર્શાવ્યું છે. અહીં શ્લોક ૮૦, ૮૧ના સંદર્ભમાં કર્તવ્ય બતાવે છે. શ્લોક **૭૯**માં બતાવેલાં કર્તવ્યો તો છે જ, પણ શ્લોક ૮૦, ૮૧ની અત્યારની પરિસ્થિતિમાં કર્તવ્યોનું સ્વરૂપ સમજવા જેવું છે.

હવે માત્ર નામનું ગાન કરવું, શ્રી દત્તધામનુ ધ્યાવું, દત્તભક્તની પાસે ચિત્તને લઈ જવું, લીલામૃતનું કાનથી પાન કર્યા કરવુ એટલું પૂરતું નથી.

હવે **दानं देयम्** = દાન આપવા જેવું છે. કોને ? **દીનનારાયણ** = ગરીબ નારાયણ સ્વરૂપ છે તેને. દત્તાત્રેય સ્વયં દાતાર છે. એમણે પોતે અત્યંત **નિશ્કિંચન** = **અકિંચન** અત્રિ અનુસૂયા દંપતીને પોતે થઈને પોતાનું જ **આત્મદાન** આપ્યું હતું. સદ્ગુરુ ભગવાનશ્રી શ્રીપાદવલ્લભ, શ્રીનૃસિંહ સરસ્વતી, શ્રી વાસુદેવાનંદ સરસ્વતી, શ્રી યોગાનંદ મહારાજ, શ્રી રંગઅવધૂત મહારાજ પોતાના જીવનકાળ દરમિયાન ક્યાં ક્યાં ગયા હતા ? એની જો સૂચિ બનાવવામાં આવે તો જોઈ શકાશે કે તેઓ સમાજના તદ્દન દીન-હીનોની વચ્ચે જઈને રહ્યા હતા. તેથી એમને કંઈક ને કંઈક આપવું **શ્રીરંગ પ્રશ્નોત્તર માલામાં** પ્રશ્ન પૂછ્યો છે - **किं देयम्** = શું આપવું ? આપવા જેવું શું છે ? ઉત્તર આપ્યો છે, - **अन्नम्** = અન્ન, **कम्** = જળ, **वासोयुग्मम्** = વસ્ત્રની જોડી, **साधुपुस्तकम्** = સાધુ = સારું પુસ્તક. પુસ્તક માણસનાં મનનો ખોરાક છે.

**मस्तकं धेयम्** = મૂકવા =વે'વા યોગ્ય છે. માથું ક્યાં મૂકવું. શ્રી દત્ત ભક્તોનાં ચરણકમળમાં. ભક્ત ભગવાનનું જ સ્વરૂપ છે. ભગવાનના કરતાં ય તેમના ભક્તો વધારે પૂજનીય છે.

**ગાવું - ख्येयम्** = પ્રશંસા કરવી, વર્ણન કરવું, સાધુ ભક્તોના સમૂહમાં જ્યારે પણ તક મળે ત્યારે ભગવાનશ્રી દત્તાત્રેયના ગુણાનુવાદ કરવા. ભગવાનનાં ગુણગાન સાધુભક્તોના સમાજમાં કરવાનું અનેરું માહાત્મ્ય ભાગવત આદિ ગ્રંથોમાં તો છે જ, શ્રી અવધૂતજી એક ભજનમાં

**આવો જો સંતો તો વાતો બે કરીએ**
**અવધૂત ધૂન ગજવીએ રે....** (અ.આ.પ્ર. ૮૦)

સાધુવૃંદમાં ભેગા થઈને શ્રીદત્તનામ સંકીર્તનની ધૂન ગજવવાની વાત એક અન્ય ભજનમાં પણ કરી છે -

**સહુ ભેગા મળી ગાઓ દિગંબર દત્ત અવધૂતને,** (અ. આ. ૪૭)

આ રીતે હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ-સ્વરૂપનું સ્મરણ કર. ॥૮૨॥

**સંગતિ :** આમ, આટલા વિશ્લેષણાત્મક નિરૂપણ પછી હવે માત્ર બે જ માર્ગ રહે છે; એ બે માર્ગ બે શ્લોકોમાં બતાવી દે છે :-

**मार्गे मार्गे निर्मलं साधुवृन्दं**
**वृन्दे वृन्दे दत्तनामानुघोषः ।**
**घोषे घोषे पातकानां प्रणाशो**
**नाशे नाशे मुक्ति जम्बुप्रसादः ॥ ८३ ॥**

**શબ્દાર્થ : मार्गे मार्गे** = માર્ગમાં જ્યાં ને ત્યાં, **निर्मलं** = શુદ્ધ - નિર્મળ, **साधुवृन्दं** = સંતવૃંદ, **वृन्दे वृन्दे** = દરેક વૃંદમાં, **दत्तनामानुघोषः = दत्त नाम अनुघोषः** = શ્રી દત્ત દત્ત નામની હર્ષસભર ગર્જનાઓ, **घोषे घोषे** = પ્રત્યેક ગર્જનાએ, **पातकानां** = પાપોનો, **प्रणाश** = ધરમૂળથી નાશ, **नाशे नाशे** = પાપોનો જેમ જેમ નાશ થતો જાય તેમ તેમ, **मुक्ति–जम्बुप्रसादः** = મુક્તિરૂપી જાંબુનો પ્રસાદ પ્રાપ્ત થાય ॥ ૮૩ ॥

**દિસે જ્યાં તિહાં નિર્મળું સંતવૃંદ**
**અહા ગર્જતું હર્ષથી દત્ત દત્ત.**
**પળે પાપ એ ગર્જના ગર્જનાએ**
**વરે મુક્તિશ્રી આવી જો આપ મેળે. ॥૮૩॥**

**વિવરણ :** અત્યાર સુધી આ સમગ્ર કૃતિમાં ખૂબ જ વિચક્ષણતાપૂર્વક **માર્ગ-મીમાંસા** કરવામાં આવી છે. શ્લોક-**૦૭, ૨૦, ૨૪, ૩૮**માં થયેલી માર્ગ-મીમાંસાના આધારે શ્લોક-**૫૩, ૫૫, ૫૬** અને **૫૭** એમ કુલ **૦૮** શ્લોકમાં થયેલી માર્ગ મીમાંસાના આધારે હવે બે શ્લોકમાં શ્રી અવધૂતજી પોતાનો નિષ્કર્ષ તારવી આપે છે. આ તબક્કે સુજ્ઞ વાચકને ઉક્ત આઠ શ્લોક તથા તેના પર અહીં યથાશક્તિ યથામતિ કરવામાં આવેલા વિવરણ નોખાં તારવી, નોખાં વાંચી પછી આ બે શ્લોક ૮૩-૮૪ અને તેના પરનાં વિવરણ વાંચવાની સલાહ આપવી અસ્થાને નહીં ગણાય. એમ કરવાથી તેને પોતાનો માર્ગ નિશ્ચિત કરવામાં ઘણી સહાયતા મળશે એવી શ્રદ્ધા છે.

બધા જ માર્ગોનાં તલસ્પર્શી વિશ્લેષણાત્મક નિરૂપણના અંતે શ્રી અવધૂતજી આપણને એવા **નિષ્કર્ષ [Conclusion]** પર લાવી મૂકે છે કે **માર્ગ તત્ત્વતઃ બે જ છે**. માર્ગની બાબતે **બે માર્ગ**ની વાત આવે એટલે તરત જ આપણાં મનમાં એનાં નામ ઉપસી આવે - **પ્રેયનો માર્ગ અને શ્રેયનો માર્ગ.** ના.... એવું નથી. શ્રી અવધૂતજી શ્રેય-પ્રેયની વાત કરતા નથી. એ બંને માર્ગ ઘણા મુશ્કેલીભર્યા છે; એ તો એમણે ઉક્ત આઠ શ્લોકમાં બતાવી જ દીધું છે (એટલે જ તો એ આઠ શ્લોક આ તબક્કે નોખા વાંચી જવાની સલાહ અપાય છે.) શ્રેયનો માર્ગ કઠનિ છે તો પ્રેયનો માર્ગ સહેલો છે એવું રખે કોઈ માને. પ્રેયના માર્ગે ઘી કેળાં છે; લાડવા ખાવાના છે; એવું નથી. વાત શ્રેય સાધવાની કે પ્રેયમાં પછડાવાની નથી.

પૂજ્યશ્રીનું **પ્રશ્નોત્તરગીતા** પુસ્તક વાંચવા જેવું તો છે જ, ખરેખર પારાયણ કરવા જેવું છે. એ ગ્રંથમાં પૂજ્યશ્રીએ **યક્ષયુધિષ્ઠિર સંવાદ,**

**શ્રી આદ્યશંકરાચાર્ય વિરચિત - પ્રશ્નોત્તરમાલિકા, શ્રી આનંદગિરિકૃત પ્રશ્નોત્તરી, શ્રી કૃષ્ણાનંદ સરસ્વતી વિરચિત પ્રશ્નોત્તરમાલિકા અને તુલસીકૃત રામચરિતમાનસમાંની પ્રશ્નોત્તરી**નો ગહન અભ્યાસ કરી, તેના પર સંક્ષિપ્ત વિવરણ લખ્યા પછી, પોતે પોતાની **છટ્ઠી - શ્રીરંગ પ્રશ્નોત્તરમાલા રચી** હતી. આમાના **યક્ષ યુધિષ્ઠિર સંવાદ**માં એક તબક્કે યક્ષે યુધિષ્ઠિરને પ્રશ્ન પૂછ્યો - **कः पन्थाः – યુધિષ્ઠિર, મુમુક્ષુ માટે માર્ગ કયો ?** ધર્મરાજ યુધિષ્ઠિરે ઉત્તર આપ્યો - **महाजनो येन गतः स पन्थाः** અર્થાત્ - મહાત્માઓ જે રસ્તે ગયા હોય તે એક જ માર્ગ (મુમુક્ષુઓ માટે સલામતિવાળો) છે. પૂજ્યશ્રીએ યુધિષ્ઠિરે આપેલા આ ઉત્તર પર ખૂબ જ સરસ વિવરણ કર્યું છે. વિસ્તારભયથી આપણે એ અહીં ઉતારતા નથી. જિજ્ઞાસુ વાચક ઉક્ત પુસ્તક મેળવી વાંચી લે એવી ભલામણ છે. તત્ત્વતઃ પૂજ્યશ્રીને યુધિષ્ઠિરનો માર્ગવિષયક આ ઉત્તર બહુ પસંદ પડ્યો નહીં હોય, તેથી જ તેમણે **શ્રીરંગ પ્રશ્નોત્તરમાલા**માં પ્રશ્ન કર્યો - **कः सन्मार्गः प्रोक्तः** = સન્માર્ગ કયો કહેવાયો છે ? શ્રી અવધૂતજીનો ઉત્તર છે - **सन्तो यं नो त्यजन्ति विषमेऽपि** - વિષમકાળ હોય તો પણ સંતો જેને છોડતા નથી તે સન્માર્ગ છે.[૩૧]

એટલે અહીં વાત શ્રેય-પ્રેયના માર્ગની નથી. શ્રી અવધૂતને જે અભિપ્રેત છે તે - **સન્માર્ગ**. ચિત્ત, આત્મન શ્રીદત્તનામ-સ્વરૂપ સ્મરણનો આશ્રય લઈશ તો તને **માર્ગમાં** જ્યાં ત્યાં સર્વત્ર નિર્મળ શુદ્ધ અંતઃકરણવાળા સાધુઓનું વૃંદ-ટોળું મળશે. એ વૃંદમાં બીજી કોઈ વાત તને સાંભળવા જ નહીં મળે - તમે કોણ છો, ક્યાં રહો છો, દીકરાં શું કરે છે, પગાર કેટલો મળે છે, મોંઘવારી ભથ્થાનો વધારો ક્યારે મળવાનો છે ? આવું તને કોઈ નહીં પૂછે. અહીં તો માત્ર શ્રીદત્ત નામનો ઘોષ - અવધૂત ચિંતન શ્રી ગુરુદેવ દત્ત એ નામઘોષ તારણહાર છે. જેમ જેમ એ ઘોષ થતો જાય તેમ તેમ

---

૩૧. જુઓ રંગ પ્રશ્નોત્તરમાલા - એક વિવરણ, પૃ. ૨૬-૩૧.

પાપ પળતા (જતાં - નષ્ટ થતાં) જાય. જેમ જેમ પાપ નષ્ટ થતાં જાય તેમ તેમ ભગવત્પ્રસાદ = કૃપા પ્રસાદ રૂપે મુક્તિના જાંબુ = મુક્તિશ્રી પ્રાપ્ત થાય. આનો અર્થ એ કે માણસને સદ્‌ગુરુ ભગવાનનો કૃપાપ્રસાદ ત્યારે જ મળે જ્યારે તેનાં પાતકો-પાપો નષ્ટ થાય. ભગવાનની કૃપા વર્ષા અનાદિકાળથી સતત ચાલુ જ છે, પણ જ્યાં સુધી માણસ પાપગ્રસ્ત છે ત્યાં સુધી તેને એ કૃપાવર્ષાનો અનુભવ થતો નથી. કૃપાવર્ષામાં નહાઈ રહેવાનો અનુભવ થતો નથી. જેમ જેમ પાપ નષ્ઠ તથાં જાય તેમ તેમ એ કૃપાનો અનુભવ થાય. પાપ નષ્ટ કરવાનું પ્રમુખ સાધન આ કલિકાળમાં (શ્લોક ૮૦) શ્રી દત્તનામ ઘોષ જ છે. આ શ્રી દત્તનામ ઘોષનો અનુભવ સાધારણ સમાજ (શ્લોક ૮૪)માં શક્ય નથી. એ તો સાધુ સંતોના માર્ગે - **સન્માર્ગે** જનારને જ એ લહાવો મળે. માટે હે આત્મન તું નિર્મળ એવા - સન્માર્ગે વળ એ બોધ છે. । ૮૩ ॥

**સંગતિ :** સન્માર્ગ સિવાયનો માર્ગ કેવો છે એ દર્શાવી માર્ગમીમાંસાનું સમાપન કરે છે :-

**मार्गे मार्गे वित्तदारानुदासा**
**दासे दासे काञ्चनस्त्रीविवादाः ।**
**वादे वादे वर्धते वैरवह्नि–**
**र्वह्नौ वह्नौ दह्यते स्नेहतन्तुः ॥ ८४ ॥**

**શબ્દાર્થ : मार्गे मार्गे** = (પૂર્વવત્), **वित्तदारानुदासाः–वित्तदारा अनुदासाः** = દ્રવ્ય =નાણા અને સ્રીના દાસો, **दासे–दासे** = પ્રત્યેક દાસ અને દાસ વચ્ચે, **काञ्चनस्त्री विवादा** = કાંચન-કામિની વિષયક વિવાદો. **वादे वादे** = જેમ જેમ વિવાદ વધે તેમ, **वर्धते** = (વૃધ્ ૧ આ ત્રી. પુ.એ.વ.) = વધે છે. **वैरवह्नि** = વેરની ઝાળ, वह्नौ वह्नौ (वह्निનું સ.એ.વ.) એ ઝાળે ઝાળમાં **दह्वते –** (दह् ૧.૫ ત્રી.પુ.એ.વ.) બળે છે. **स्नेहतन्तु** = પ્રેમનો તંતુ. ॥ ૮૪ ॥

**વળી, જ્યાંતિહાં દ્રવ્યસ્ત્રીના જ દાસ**
**લડે કાંચનસ્ત્રી વિવાદે જ ખાસ,**
**વધે વાદવાદે જ એ વેરઝાળ**
**બળે ઝાળમાં પ્રેમનો તંતુ ખાસ. ॥ ૮૪ ॥**

**વિવરણ :** એક સન્માર્ગ છે અને હવે અહીં આ બીજો માર્ગ બતાવે છે. આ બીજા માર્ગનું કોઈ વિશિષ્ટ નામ નથી. એને **પ્રેયનો માર્ગ** માનવાની જરૂર નથી. પ્રેયનો માર્ગ તો ઝાકમઝોળ હોય, એ તો ઈન્દ્રિયોના વૈભવનો માર્ગ હોય. પ્રેયના માર્ગની પ્રાપ્તિ માણસને એમ મફતમાં, રસ્તે ચાલતા થતી નથી. અનેક **સકામ ઉપાસનાઓ**નાં ફળસ્વરૂપ ઈન્દ્રિયોના વિષયોના ઉપભોગની પ્રાપ્તિ થાય છે. - એ જે માર્ગ છે એ **પ્રેયનો માર્ગ** છે. અહીં પ્રસ્તુત શ્લોકમાં જે વાત કરી છે એ તો તદ્દન સામાન્ય માણસને પ્રાપ્ત થતાં સામાન્ય માર્ગ - **સામાન્યજીવનપથ [ Common man's way of life]**ની વાત છે.

આ માર્ગ પર સામાન્ય માણસો જ્યાંને ત્યાં દ્રવ્ય-સ્ત્રીનાં દાસ જ મળશે. અહીં **સ્ત્રી** શબ્દ ઐન્દ્રીય સુખનું ઉપલક્ષણ છે. આ બધી સ્ત્રીઓને લાગૂ પડતું નથી. સંસ્કૃત શ્લોકમાં **दारा** શબ્દનો પ્રયોગ છે. **दारा** ખાસ પ્રકારની સ્ત્રી છે. **दृ. धा. ૧૦ ગ.ઉ.પ.** પરથી નિષ્પન્ન થતો આ શબ્દ એટલે **दारयति – विदारयति बन्धून् – श्वसुरकुलं च.** કુંવારી હોય ત્યાં સુધી પિયરમાં અને પરણ્યા પછી સાસરામાં ફાટફૂટ પડાવે એને दारा કહેવાય. **वित्त दारानु दासा** - પૈસા અને દારાના દાસો - ગુલામો અહીં **દાસ** શબ્દ **ગુલામી**ના અર્થમાં, **દાસ્ય ભક્તિ**ના અર્થમાં નથી.

વિવાદ દાસત્વમાંથી જન્મે છે. આ દાસોને માટે **શ્રીરંગ પ્રશ્નોત્તરમાલામાં कामदास (શ્લોક ૧૩)** શબ્દનો પ્રયોગ કર્યો છે. એ કામદાસોનું જીવન કાંચન અને કામિનીના વિવાદમાં વીતે છે. ભેગા થઈને વાતો કરે તો સાથે કામ કરતી સ્ત્રીઓ - ખાસ કરીને **દારા** પ્રકારની સ્ત્રીઓ

અને સેંસેક્સની સોનાના ભાવની, ડિબેન્ચરની, શેરોની, પગાર વધારાની. એમાં મતભેદ થાય. એ મતભેદ શ્લોક **૭૫**ના વિવરણમાં બતાવ્યા છે એના કરતાં અનેક ગણા ઉગ્ર થઈ જાય.

**वाद** આમ તો ખૂબ જ મહત્ત્વની અને **विवाद** એના કરતાંય વધારે મહત્ત્વની અને સારી બાબત છે. ભગવાને ગીતામાં કહ્યું છે - **वादः विवदतामस्मि** વિવાદ કરનારાઓમાં વિવાદના ફળ સ્વરૂપે નીપજાતો **વાદ**-સ્થાપના [Thesis] હું છું. **वादे वादे जायते तत्त्व बोधः** પૂજ્યશ્રીના આવા શ્લોકો પર હું મારી સમજ પ્રમાણે આમ કહું, તમે જુદી રીતે કહો, કોઈક ત્રીજું પોતાની રીતે કહે તો એમ ચર્ચા કરતાં કરતાં શ્રી અવધૂતજી શું કહેવા માગે છે તેનો આપણને સૌને **તત્ત્વબોધ** થાય, પણ કાંચન અને કામિની વિશેની ચર્ચામાંથી તો ઝગડો-લડાઈ થાય. તેમાંથી વેર-અગ્નિ વેર વધે.

આવા વૈરાગ્નિ-વેરની ઝાળથી સમગ્ર માનવજાતને જે ન ખમી શકાય તેવી ક્ષતિ પહોંચે તે છે - **બળે ઝાળમાં પ્રેમનો તંતુ ભાળ** - સ્નેહતંતુ - પ્રેમતંતુ બળીને ખાખ થઈ જાય. માનવ જાત - મનુષ્યો ખૂબ જ સૂક્ષ્મ એવા તંતુથી બંધાયેલા છે - એ તંતુ પ્રેમનો છે. એ પ્રેમતંતુ કઈ રીતે બળી જાય છે તેની એક સૂક્ષ્મ ઘટમાળનું અહીં દર્શન કરાવ્યું છે. પ્રેમતંતુનો નાશ એટલે માણસની સ્વાર્થ પરાયણતા. કાંચન-કામિનીને મેળવી લેવાની, મેળવવા માટે જેટલા નીચે જઈ શકાય તેટલા જવાની તાલાવેલી. ત્યાં પછી શ્લોક ૮૩માં દર્શાવવામાં આવ્યું છે એવા કૃપા-પ્રસાદની તો શક્યતા રહે જ નહીં એ સ્વાભાવિક છે. એ આ શ્લોકનું તાત્પર્ય છે. ॥ ૮૪ ॥

**સંગતિ :** આમ, છતાંય ભગવાનશ્રી દત્તાત્રેય સમદૃષ્ટિ છે. એમની દૃષ્ટિમાં પક્ષપાત નથી :

**यो यो यद्यत्प्रार्थयेतान्धभक्त–**
**स्तस्यास्ते तत्संशयो नैव चात्र ।**
**भक्ता भक्तिं कामिनः काममेव**
**लब्ध्वा सौख्यं दुःखमेवानुयन्ति ॥ ८५ ॥**

**શબ્દાર્થ : यः यः** = જેહ જેહ (લોકો), **यत् यत्** = જે જે (કાંઈ), **प्रार्थयेत्** – (प्रार्थ– १०. આ. विध्यर्थ) = પ્રાર્થે-માગે, **अन्धभक्तः** = આંધળો થયેલો ભક્ત, **तस्याः** (पार्थनायाः) = તે પ્રાર્થનાઓનું (ફળ) **ते** = એ **तत्** = તે તે, **संशय** = શંકા-સંશય, **नैव** = न एव = નથી જ, **चात्र** = च–अत्र = અહીં, भक्ताः = ભક્તો, **भक्तिं** = ભક્તિને, **कामिनः** =કામીઓ **काममेव – कामम् एव** = કામ જ, **लब्धवा** – (१.આ.સં.ભૂ.કૃ.) = લાભી, લહી, **सौख्यं** = સુખ, **दुःखं** = દુઃખ, **एव** = જ, **अनुयन्ति** – (अनु + या २.५.५ ત્રી.પુ.બ.વ.) = તે તરફ જનારા - ગામી.

(નોંધ **या धातु** ત્રી.પુ.બ.વ.નું રૂપ **यान्ति** થાય. અહીં કરેલો **यन्ति** - પ્રયોગ છાંદસ-વૈદિક પ્રયોગ છે)

**થઈ આંધળો જેહ જે જે જ માગે**
**મળે તેહને તેહ શંકા ન આગે**
**લભે ભક્તિ ભક્તો અને કામ કામી**
**લહી સૌખ્ય અજ્ઞાનથી દુઃખગામી ॥ ૮૫ ॥**

**વિવરણ :** ઉક્ત બે માર્ગો - **સન્માર્ગ અને સામાન્ય જનપથ (લોક માર્ગ)** ભક્તોને સમજાવવા માટે બતાવેલા માર્ગ છે. લોકો આ બે માર્ગે જતાં દેખાય છે. સદ્‌ગુરુ ભગવાનશ્રી દત્તાત્રેયની સમદૃષ્ટિમાં આ બંને માર્ગ પર જતાં લોકો પ્રત્યે સમાન પ્રેમભાવ છે - સમભાવ છે. એ **ભક્તકામકલ્પદ્રુમ્** = ભક્તની કામના = ઇચ્છા પૂરી કરવાની બાબતમાં એ કલ્પદ્રુમ = કલ્પવૃક્ષ છે.

માર્ગ ભેદને કારણે ભક્તોની કામના = ઇચ્છામાં તફાવત પડે છે. એટલે જે બીજા સામાન્ય માર્ગે જનારા-કાંચન-કામિનીના દાસ, તેને માટે વાદ-વિવાદ-ઝગડા કરનારા, પોતે કશુંક ગુમાવી બેસશે એવા ડરવાળા, કશુંક ઇચ્છિત મેળવવા માટે ભગવાનની પાસે જાય, આંધળા થઈને માગે - ઇન્દ્રિયોનું સુખ, પૈસા, પુત્ર સુખ, ગાડી-ઘોડા, તો એવી માગણી માટે પ્રાર્થના કરનાર ભક્ત પ્રત્યે સદ્‌ગુરુ ભગવાનશ્રી દત્તાત્રેયને નફરત નથી. શ્રી **વાસુદેવનામ સુધા**માં કહ્યું છે -

**भावरूपं फलं दत्ते वासुदेव नमोऽस्तु ते** (શ્લો. ૭૬)

ભક્તના ભાવને અનુરૂપ સદ્‌ગુરુ ભગવાન ફળ આપે છે.

ભગવાનની પાસે ચાર પ્રકારના ભક્તો આવે - **અર્થાર્થી, આર્ત, મુમુક્ષુ, મુક્ત.** ચારેયના આશય જુદા છે. અર્થાર્થી કામ-ભોગ માગે તો તેને તે મળે, મુમુક્ષુ-ભક્ત વધુ ભક્તિ માગે તો તેને ભક્તિ મળે. પોતાની ભાવના પ્રમાણે મેળવીને ભક્ત સુખ કે દુઃખના રસ્તે જાય છે.

જેમણે ગુરુ દ્વાર પર જઈને ભક્તિ માગીઃ

**હું તો માગણ ગુરુ ઘર દાસી રે...**
**એક સેવા તણી ઉપવાસી રે**
**વ્હાલા વરી છું તમારા નામને રે**
**શું કરું આ દામને ચામને રે...**
(અ.આ. ૧૨૪-૨૫)

એને ભક્તિ સિવાય કશાની જરૂર નથી. તેને તે મળતાં અપાર આનંદ સુખનો એવો અનુભવ થાય કે - **રંગ મૌન ગ્રહી મોજ માણે રે...** એ આનંદ વિભોર થઈ અહોભાવથી મૌન થઈ જાય ને બોલે તો શ્રી દત્તનામનો જયઘોષ કરે.

જ્યારે કામી જન પોતાની કામના પૂર્તિ માટે ભગવાનને વિનવે, રડે, કકળે ને એની કામના પૂર્તિ તો થાય, પણ તેનાથી અવિનાશી સુખની પ્રાપ્તિ તો થાય જ નહીં -

**ફટ રે ભૂંડા આ શું કર્યું ? ઓળખ્યા ના અવિનાશીજી,**
**નાશી-ને વળગી દુઃખી થયો દોડે મથુરા ને કાશીજી.**
(અ.સા. ૬૭)

અવિનાશીનું ભજન કરીને **નાશી**-વિનાશશીલની કામના કરીને દુઃખી થયા. તે દુઃખાનુગામી થયા. આમ, તત્ત્વ ભક્તના હાથમાં છે. જે સાધુવૃંદના માર્ગે જઈ અવિનાશીને અખંડ ભક્તિ માગે છે તેને તે મળે છે અને તે જન્મ-

મૃત્યુનાં ચક્કરમાંથી છૂટી જાય છે. જ્યારે સામાન્ય રસ્તે જનાર નાશવંતની કામના કરી, કામનામાંથી કામના, વધુ કામના તરફ ધકેલાતાં દુઃખનાં રસ્તે જાય છે. એ ભાવ છે. ॥ ૮૫ ॥

**સંગતિ :** માટે બંધુ ! તું દત્ત સિવાયના બીજા માર્ગે (શ્લોક ૮૪ના) ના જઈશ કારણ કે....

**मा गा बन्धो दत्तमेकं विहाय**
**ह्यन्यत्रात्मन् सौख्यलेशोऽपि नो ते ।**
**त्यक्त्वा स्रोतो ध्यायते किं मृगाम्बु**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ८६ ॥**

**શબ્દાર્થ : मा** = ન, **गा** (**गा** ૧.આ.) = જા, **बन्धो** = હે ભાઈ, **दत्तम्–एकम्** = એક શ્રી દત્તને, **विहाय** = (वि.हा. ૩.પ.પ. સં.ભૂ.કૃ.) = ત્યજીને, **ह्यन्यत्रात्मन् – हि–अन्यत्र–आत्मन्** = હે આત્મન્ અન્યત્ર ક્યાંય, **सौख्यलेशः** = લેશ માત્ર સુખ, **अपि** = પણ, **न. ते** = તારા માટે નથી, **त्यक्त्वा** = (त्यज्. સં.ભૂ.કૃ.) છોડીને, **स्रोत** = પ્રવાહ - ઝરણું, **ध्यायते** = (ध्या. આ.ત્રી.પુ.એ.વ.) = જોઈને, **किम्** = કાં, **मृगाम्बु** = **मृग – अम्बु** (ન.દ્વિ.એ.વ.) = ઝાંઝવાનું જળ. માટે હે ચિત્તનું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્વરૂપનું સ્મરણ કર. ॥ ૮૬ ॥

**ત્યજી દત્ત બીજે ન જા ભાઈ તું રે**
**નહીં સૌખ્યનો અંશ બીજે કહીં રે**
**ત્યજી નીર કાં દોડતો દેખી રેત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત. ॥ ૮૬ ॥**

**વિવરણ :** બંધુ-ભાઈ ! દત્તને ત્યજીને તું બીજે ન જા ! બીજે એટલે ક્યાં ? બીજે એટલે શ્લોક **૮૪**માં દર્શાવેલા સ્થળે, જ્યાં વિત્તદારાના દાસો ભેગા થઈ, ઝગડતા હોય, જ્યાં પારસ્પરિક વેરના અગ્નિથી પ્રેમનો તંતુ બળીને ખાખ થઈ ગયો હોય ત્યાં ન જા, કારણ કે સૌખ્યનો લવલેશ બીજે

ક્યાં ય નથી. આ સૌખ્ય એટલે શું ? શ્લોક **૮૫**માં દર્શાવ્યા પ્રમાણે ભક્ત તો અંધ થઈ જે જે કાંઈ માગે તે બધું જ દયાળુ દાતાર ભગવાનશ્રી દત્તાત્રેય આપે છે. એમણે આપેલું મેળવ્યા પછી માણસને પોતે **સૌખ્યગામી** છે કે **દુઃખગામી** છે તેનો ખ્યાલ આવે છે. ભક્તો ભક્તિ માગે છે, એમને ભગવાન શ્રી દત્તાત્રેય ભક્તિ આપે છે અને એનાથી તે સુખી થાય છે. જ્યારે કામી જનો કામનાના પૂર્તિ માગે છે; એમને એ મળે છે; પણ તેનાથી સૌખ્યનો અનુભવ થતો નથી, અનુભવ દુઃખનો જ થાય છે. બીજે એટલે કે કામનાઓના જગતમાં સૌખ્ય નહીં મળે.

સરસ મજાનો સ્રોત = પાણીનો ઝરો છોડીએ તું મૃંગાબુ = ઝાંઝવાનાં નીરની પાછળ શા માટે દોડે છે ? આ દેખીતું ઇંદ્રિયોની તૃપ્તિનું સુખ ઝાંઝવાનાં નીર જેવું છે -

**આદિ અંતમાં અર્ક બિરાજે, મધ્યે મૃગજળ તૂત**
**દેખી મૃગલાં દોડે અંધા જ્ઞાની પરખે ભૂત.**
(અ. આ. ૧૨૭)

મૃગજળનો ભાસ રેતી-સૂર્યકિરણના સંયોગે થાય છે. બે ય બાજુ આદિ-અંતમાં સૂરજનાં કિરણના આવર્તન-પરાવર્તનથી જે રીતે રેતીમાં જળની ભ્રાંતિ થાય તેમ ઇન્દ્રિયો અને તેના વિષયોના સંયોગે સુખરૂપી જળનો આભાસ થાય છે. એ આભાસ જોઈને **અંધ** મૃગલાં દોડે છે. તે રીતે અહીં **અંધ** ભક્તો દુન્યવી સુખના આભાસથી છેતરાઈ તે પ્રાપ્ત કરવા ભગવાનને પ્રાર્થના કરે છે. જ્ઞાની એ છે જે ભૂતને પરખી = પિછાણી ભગવાનને પ્રાર્થના કરે છે - મારે કશું જોઈતું નથી - આપો તો તમારી ભક્તિ આપો. તે નર્યા વાસ્તવિક સુખના સ્રોતને ઓળખવા માટે ભક્તિ કરે છે -

**સામે પાણી ધાઓ રે અહીં તો અક્ષય ઝરા,**
**હોય કોઈ પ્યાસા રે આવો અમીરસ પીવા.**
(અ.આ. ૧૪૯.૫૮)

બધું તું અક્ષય ઝરાને મૂકી બીજે ન જા. અહીં અમીરસના ઝરા છે. માટે તું શ્વાસે શ્વાસે દત્તનામ સ્વરૂપનું સ્મરણ કર. ॥ ૮૬ ॥

**સંગતિ :** એ જ વાત, દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરે છે :

**हित्वा त्वच्छं मानसं कं यथाऽसौ**
**गच्छेत्काकः पल्वलं पापराशिः ।**
**मूर्खोऽप्येवं स्वात्मसौख्यं विहाय**
**धावेद्दीनो वित्तदारादिगर्ते ॥ ८७ ॥**

**શબ્દાર્થ : हित्वा** = (हि. ૫.૫.૫. સં.ભૂ.કૃ.) = ત્યજી, ભૂલીને, **त्वच्छं** = **तु – अच्छं** - ખૂબ જ સ્વચ્છ, **मानसं** = માનસરોવરનું, **कं** = જળ, **यथाऽसौ** = **यथा असौ** = જેમ આ, **गच्छेत्–** (गम्. ૧.૫. વિધ્યર્થ) જાય, **काकः** = કાગડો, **पल्वलं** = ખાબોચિયું, **पापराशिः** = પાપચારી, **मूर्खोऽप्येवं** = मूर्खः अपि एवं = મૂર્ખ પણ એ જ રીતે, **स्वात्मसौख्यं** = સ્વાત્મસૌખ્ય, **विहाय** = (वि.हा. = સં.ભૂ.કૃ.) = ત્યજીને, **धावेत्** = (धाव् ૧.૫ विध्यर्थ)દોડે પડે, **दीनः** = દીન, મૂઢ, **वित्तदारादि** = वित्त–दारा – आदि = ધન, સ્ત્રી (આદિ શબ્દ દ્વારા - પુત્ર, પ્રતિષ્ઠાનો સમાવેશ થાય), સ્ત્રીધન વગેરે, **गर्ते –** (गर्त સ.અં.વ.) = ખાડમાં ॥ ૮૭ ॥


**ત્યજી કાગડો સ્વચ્છ જો માનવારિ**
**જઈ ખાડમાં ભૂ પીએ પાપચારી**
**ત્યજી સ્વાત્મસૌખ્ય તથા મૂઢ જો આ**
**પડે ખાડમાં સ્ત્રીધનાદિ તણા હા. ॥ ૮૭ ॥**

**વિવરણ :** શ્લોક **૮૬**માં નિર્દિષ્ટ બંધુ-ભાઈને બીજે ન જવાનું કહી હવે દૃષ્ટાંત દ્વારા એની સ્પષ્ટતા કરે છે. કાગડો સ્વભાવે પાપી છે. એને ભૂલે ચૂકે માનસરોવર સુધી જવાનું થાય તો પણ માનસરોવરનું પવિત્ર શીતળ જળ પીધા વિના જ પાછો ફરે અને ખાબોચિયાનું ગંદુ જળ પીએ. એ જ રીતે મૂર્ખ-મૂઢ મનુષ્ય પણ **સ્વાત્મસૌખ્ય** મળતાં મળી ગયું હોય તો

# सद्गुरुपादुका ।

शिष्याऽशिवालि–कलिकल्मषनाशिकाभ्यः ।

विद्या–प्रसाद–विभव–प्रतिपादिकाभ्यः



दुःखाब्धिमग्नजगतः परिपालिकाभ्य–

स्तभ्यो नमोऽस्तु सततं गुरुपादुकाभ्यः ॥

श्री. जे. प्रजापतिका सौजन्यसे

પણ તેને જતું કરે, શ્લોક-૪૭માં **ચહે ભોગ તો ભોગવે સ્વાત્મ ભોગ** એમ કહી, તને જો ભોગ ભોગવવાની કામના હોય તો તું **સ્વાત્મભોગ - આત્મસૌખ્ય** ભોગવ એમ કહ્યું છે. મૂર્ખ-મૂઢ મનુષ્ય તેને મળેલા આ દૈવી સ્વાત્મસૌખ્યને છોડી પેલા કાગડાની જેમ સ્ત્રીધનાદિની ગર્તા= ખાઈ=ખાડામાં પડે છે. હવે વિચારવાનું એ છે કે આ સ્ત્રીધનાદિને ગર્તા = ખાડો કેમ કહ્યો હશે ? ગર્તા કહેવાનું કારણ એ છે કે, એની-સ્ત્રીધનાદિ પ્રાપ્તિથી માણસને સંતોષ તો થતો જ નથી. ઊલટાનો અસંતોષ - વધુ પ્રાપ્તિ માટેની લાલસા વધતી જાય છે. માણસની મૃગતૃષ્ણા વધ્યા જ કરે છે. એ માણસ પછી તદ્દન રંક-રાંકો બની જાય છે. **રંગ પ્રશ્નોત્તરમાલામાં** પ્રશ્ન કર્યો છે. **कः रङ्कः** = આ જગતમાં રંક-રાંકો-બીચારો બાપડો કોણ છે ? સામાન્ય રીતે ધનહીન, ભીખારી, રાંક ગણાય. વસ્તુતઃ એ રંક નથી, એ તો અભાવગ્રસ્ત છે. માણસમાં રાંકાપણું લાવનારું શું છે ? પૂજ્યશ્રીએ ઉત્તર આપ્યો છે - **तृष्णालु–** જે તૃષ્ણાથી નિત્ય-તૃષિત-તરસ્યો છે તે. સ્ત્રીધનાદિની પ્રાપ્તિ માણસને ગર્તા એટલે અતિશય તૃષ્ણાની ગર્તામાં ધકેલે છે. માટે અહીં તેને ખાડો ગર્તા સ્વરૂપે ઓળખાવવામાં આવે છે. ॥ ૮૭ ॥

**સંગતિ :** બીજે ક્યાંય ન જતાં, તું નમ્ર થઈ સત્પાદ-શ્રીદત્તપદે જઈને શ્રી દત્તનામ ગ્રહણ કર = નામદીક્ષા પ્રાપ્ત કર -

**विद्यादर्पं वित्तगर्वं विहाय**
**प्रह्वोभूत्वा सत्पदाब्जं प्रयाहि ।**
**पापन्युक्त्वाऽऽशी प्रसादं ह्यवाप्य**
**तप्तस्वान्तं दत्तनाम स्मरात्मन् ॥ ८८ ॥**

**શબ્દાર્થ : विद्यादर्पं** = વિદ્યાનો દર્પ - ગર્વ, **वित्तगर्वं** = વિત્તનો ગર્વ-મદ, **विहाय** ત્યજી/છોડીને (આ રૂપ પૂર્વે અનેકવાર આવી ગયું છે), **प्रह्वः** = **प्रहूयते** - નમ્ર, **भूत्वा** – (ભૂ. ૧.૫ અં.ભૂ.કૃ.) = થઈને, **सत्पदाब्जे – सत्–पद–अब्जे** - સત્યસ્વરૂપ શ્રી દત્તાના **पदाब्जे** = ચરણકમળમાં,

**प्रयाहि** = (प्र + या + આજ્ઞાર્થ દ્વિ.પુ.એ.વ.) = વિધિપૂર્વક જા. **पापान्युक्त्वाऽऽशीप्रसादं–पापान्** = પાપો, **उक्त्वा** – (वच्‌નું સં.ભૂ.ક-.)= ઉચ્ચારીને, **आशीः** = આશીર્વાદ (રૂપ), **प्रसादं** = પ્રસાદ (કૃપા), **ह्यवाप्य – हि–अवाप्य** (अवआप–પ.પ સં.ભૂ.કૃ.) નિશ્ચિતપણે પ્રાપ્ત કરીને, **तप्तस्वान्तं** = અંતઃકરણાં તપ્ત - વ્યાકુળ થઈ. **दत्तनाम** - દત્તનામ, **स्मरात्मन्** - હે આત્મન, સ્મરણ કર ॥ ૮૮ ॥

**ત્યજી વિત્તવિદ્યાદિનો ગર્વશીઘ્ર**
**જઈ સત્પદે માથું ઝૂકાવ નમ્ર.**
**કથી પાપ આશી કરી પ્રાપ્ત એમ**
**થઈ તપ્ત ચિત્તે ગ્રહે દત્ત નામ. ॥ ૮૮ ॥**

**વિવરણ :** અહીં વળી પાછું 'જવાનું' કહે છે. સંસ્કૃત શ્લોકમાં 'જા'ને માટેનું ક્રિયાપદ - **પ્રયાહિ** = વિધિપૂર્વક મન-વાણી અને શરીરને લઈને જા. એ અર્થ છે. આ પૂર્વે **પ્રયાહિ** - ક્રિયાપદનો બે વાર પ્રયોગ થઈ ચૂક્યો છે.

१. **सर्वान् त्यक्त्वा तं शरण्यं प्रयाहि.**
**ત્યજી અન્ય તત્પાદ જા ઝાલ નેક - શ્લોક ૫૨**

२. **धीरं धृत्वात्रेयदीपं प्रयाहि**
**જ જે ધૈર્યથી દત્ત દીવે જ તાત. - શ્લોક ૫૩**

એ જે જવાનું કહ્યું છે તે લક્ષ્યજૂથ-૨ના સભ્યને કહ્યું છું. ત્યાં **પ્રયાહિ**-જાનો અર્થ ત્વરિત ગતિથી - વાર ન લગાડતાં ઝડપથી જા - પહોંચી જા એ અર્થ છે.

પ્રભુપાદ સુધી પહોંચવામાં માણસને રોકનાર, અટકાવનાર મોટામાં મોટું તત્ત્વ તેનો **દર્પ** અને **ગર્વ** છે. સામાન્ય રીતે માણસો બે હાથ જોડવામાં પણ નાનપ અનુભવતા હોય, તેમાંય ગુજરાત તો ખાસ. ભાષાની શિષ્ટતા-શિષ્ટાચાર અને વ્યવહારના શિષ્ટાચારમાં આ ગુજરાત અસંસ્કારી કહી

શકાય એટલી હદે પછાત છે. અહીં બધા બધાને ''તમે-તમે'' કહે. ''આપ'' શબ્દ તો મોંમાંથી નીકળે જ નહીં. એમ કરવામાં, કોઈકને માન આપવામાં, ઝૂકીને પ્રણામ કરવામાં માણસને તેનો દર્પ-ગર્વ વચ્ચે આડો આવે છે.

આ મિથ્યા-ખોટા ગર્વ-દર્પની નાબૂદી એ ભક્તિનું પહેલું સોપાન છે. મોટામાં મોટો દર્પ-વિદ્યાદર્પ છે. માણસ ભણે એટલે નાસ્તિક થઈ જાય; ભગવાનનું નામ લેવામાં, મંદિર જવામાં, સાધુ સંતનાં ચરણે પડવામાં એને પોતાનો ગર્વ હણાતો હોય એવું લાગે -

**ભણતર મોટું ભૂત તપસી !**
**ગર્વ વધારે, વિનય સંહારે દેવ કહે સબ તૂત**
**સહુથી અદકો આપ વખાણે સંત કહે હડધૂત.....**

[અ.આ. પૃ.૧૩૪]

આ અંગ્રેજી ભણતરનું ભૂત છે.

બીજો ગર્વ છે તે વિત્તનો-ધનનો, આપણા સમાજમાં મોભાનું મૂલ્ય [Status value] ઊંચું છે. બધા મોભામાં આર્થિક મોભો [Economic status] સૌથી ઊંચો છે. ધનના દર્પથી માણસ ભક્તિ કરે તો પણ તે પોતાના અહંકારના પ્રદર્શન માટે જ હોય.

આ બે દર્પને કારણે માણસ નમ્ર થઈને ઝૂકી શકતો નથી. માટે હે આત્મન જો તારામાં આ બે દર્પ ઘર કરી ગયા હોય તો પ્રથમ તેને નાબૂદ કરી, નમ્ર થઈ, તારું મસ્તર સત્પદે ઝૂકાવ. ભગવાન શ્રી દત્તાત્રેય સત્-પરબ્રહ્મ સ્વરૂપ છે. મહર્ષિ ઉદ્દાલકે પોતાના પુત્ર શ્વેતકેતુને કહ્યું - **सदेव सौम्य आसीत्**- હે સૌમ્ય આદિમાં તો માત્ર સત્ જ હતું. **પૂજનીય સ્વામી મહારાજ** ભગવાન શ્રી દત્તાત્રેયના **सत्–** સ્વરૂપની વ્યાખ્યા કરતા **દ્વિસાહસ્રીમાં કહે છે. - આ ચિદાનંદ સદ્ગુરુ એક જ હોવા છતાંય બુદ્ધિભેદથી અનેક રૂપે ભાસે છે તથા જ્ઞાનની એકરૂપતા થતાં જે એક જ સ્વરૂપે ભાસે છે તે 'दत्त' સંજ્ઞા ધરાવતા સદ્ગુરુ 'सत्य' છે. [અ. ૧/૨ ]** આવા સત્ સ્વરૂપેનાં ચરણમાં ઝૂકી જા.

તેં જે કંઈ પાપ કર્યાં હોય તે એમની આગળ બોલી જા. મેં જાણ્યે અજાણ્યે પાપ કર્યાં છે. પૂજનીય સ્વામી મહારાજશ્રી વિરચિત **અપરાધ ક્ષમાપન સ્તોત્ર** માં રસજ્ઞા-જીભથી તારાં નામનું ઉચ્ચારણ થયું નથી ત્યાંથી માંડીને- **"પ્રભુ આપના જેવા દયા સાગર કોઈ નથી, મારા જેવો કોઈ બીજો પાપી-અપરાધી નથી, આપના આ અપરાધીના આપ જ શરણ્ય છો"** એમ પોતાનાં પાપનું કથન કરી, અંતઃકરણમાં અનુતપ્ત થઈ તે ભગવાન શ્રી દત્તના આશીર્વાદ સ્વરૂપ પ્રસાદને - કૃપાને પ્રાપ્ત કરી - હે આત્મન તું એ જ શ્રી દત્તનામનું સ્મરણ કર ॥૮૮॥

**સંગતિ :** તું એમનાં શરણે થઈશ તો એમાં કશી નવાઈ નથી.
કારણ કે

**वेदा मूका नेति नेति ब्रुवन्ति**
**देवा सर्वे दत्तमेवाविशन्ति**
**शेषो भग्नः का कथा त्वादृशानां**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥८९॥**

**શબ્દાર્થઃ वेदाः** વેદો (ચારેય), **मूकाः** મૂંગા (થઈ), **नेति नेति=न इति न इति** = આ નથી આ નથી, **ब्रुवन्ति** = [ब्रू. ૨.ઉ.પ.તૃ.પુ.બ.વ.] (એમ) કહે છે, **देवाः =** દેવો, **सर्वे =** બધા જ, **दत्तम् =** શ્રી દત્ત પ્રતિ, **आविशन्ति** [विश् ૬.પ.તૃ.પુ.બ.વ. - आसमन्तात विशन्ति] = પ્રીતિપૂર્વક ચારે બાજુથી આવે છે. **शेषः =** ભગવાન શેષનાગ, **भग्नः =** થાક્યો-ભાંગ્યો, **का कथा =** વાત જ શી, **त्वादृशानां =** તારા જેવાની, માટે હે આત્મન પ્રતિ શ્વાસ તું શ્રી દત્તનામનું સ્મરણ કર ॥૮૯॥

**થયા મૂક વેદો, વદે નેતિ નેતિ**
**ધરે તત્પદે દેવ સર્વે જ પ્રીતિ**
**વળી, શેષ થાક્યો કહાં તારી વાત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્તદત્ત ॥૮૯॥**

**વિવરણ** : માણસ સમજીને, પોતાનાં હિતનો વિચાર કરીને આતુરતાપૂર્વક શ્રી દત્તનાં શરણે જઈ, નમ્રતાથી મસ્તક નમાવી પ્રાર્થના કરે તેમાં કશી નવાઈ કે આશ્ચર્ય નથી, એ પરબ્રહ્મ સ્વરૂપ ભગવાન શ્રીદત્તાત્રેયનાં શરણે ગયેલા ચારેય વેદો પણ એમને પામી શક્યા નથી, કારણ કે ત્યાં સુધી પહોંચી શકાતું જ નથી -

**य तो वाचो निवर्तन्ते अप्राप्य मनसा सह** । [तैति २.४.१]

જ્યાંથી મન સહિત વાણી એને ન પામીને પાછી વળે છે. આ પરબ્રહ્મ **अस्थूलमनणु** [बृ. ५.३/८/८१] અદૃશ્ય, અશરીર, અનિર્વચનીય અનાશ્રયી, સ્થૂળતા અને સૂક્ષ્મતા રહિત **नेतिनेत्यात्मा**–[बृ.५.३/९]. આત્મા આ નથી, આ નથી દ્વારા કશું કહી શકતા નથી.

બધા જ દેવો विज्ञानं देवाः सर्वे [तैति २.५.१] - જ્યેષ્ઠ વિજ્ઞાન-બ્રહ્મ-બોધસ્વરૂપ ભગવાનશ્રી દત્તાત્રેયની ઉપાસના કરે છે માટે ઉપનિષદ કહે છે - **"ભક્ત વિજ્ઞાન સ્વરૂપ [શ્રી દત્તાત્રેય] બ્રહ્મ છે, એવું જાણી, પછી પ્રમાદ ન કરે તો તે પોતાનાં બધાં જ પાપથી મુક્ત થઈ સમસ્ત કામનાઓને પૂરેપૂરી પ્રાપ્ત કરી લે છે. [તૈ.તિ. ૨/૫/૧]"**

તો શેષનાગ, જેમની શેષશૈયા પર ભગવાન સૂએ છે, સમુદ્ર મંથન સમયે જેમણે દોરડું બની બધા દેવોને સહાયતા કરી એ શેષ સ્વયં ભગવાનની સ્તુતિ કરતાં કરતાં ભાંગી પડે છે. પૌરાણિક કથા પ્રમાણે શેષ કદ્રૂના પેટે કશ્યપથી જન્મેલા નાગમાંનો પ્રમુખ શેષનાગ એ અનંત નામે પણ ઓળખાય છે. તેને હજાર ફેણ છે. કાલીયદમન સમયે તેણે સ્તુતિ કરી હતી. એક હજાર ફેણથી સ્તુતિ કરવામાંય તે ભાંગી પડે તો પછી મનુષ્યની તો વાત જ શી ? માટે હે ચિત્ત તું સહેજ પણ સંદેહ રાખ્યા વિના ભગવાનશ્રી દત્તાત્રેયનું નામ-સ્વરૂપ સતત સ્મરણ કર એ અર્થ છે. ॥૮૯॥

**સંગતિ :** ભગવાનશ્રી દત્તાત્રેય પરમમંગલ......... છે :-

**दत्तस्त्वेको मङ्गलं मङ्गलानां**
**दत्तस्त्वेकः सुन्दरः सुन्दराणाम् ।**
**दत्तस्त्वेकः कामदः कामदानां**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥९०॥**

**શબ્દાર્થ : दत्तस्त्वेकः** [પૂર્વવત્] **मङ्गलं =** મંગલ, **मङ्गलानां =** મંગલોનું, **दत्तस्त्वेकः** [પૂર્વવત્] **सुन्दरः =** સુંદર, **सुन्दराणाम्** = સુંદરોમાં, **दत्तस्त्वेकः** [પૂર્વવત્] **कामदः =** કામના પૂરી કરનાર, **कामदानाम् =** કામનાઓ પૂરી કરનારાઓમાં, માટે હે આત્મન તું શ્વાસે શ્વાસે શ્રી દત્તનામ સ્મરી લે. ॥૯૦॥

**અરે દત્ત માંગલ્યનો મેરુ જાણ**
**અને એ જ છે એક સૌન્દર્યખાણ,**
**ન દાતા અહીં એ સમો કોઈ શ્રેષ્ઠ**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૯૦॥**

**વિવરણ :** ભગવાનશ્રી દત્તાત્રેય સર્વમંગલોના મંગલ છે. - **સર્વમંગલ માંગલ્ય. मगि** ધાતુ છે. - **मङ्गतिहितार्थसर्पति =** જે બીજાનું હિત સાધવા માટે સરકે - ખસે - ગતિશીલ બને તે મંગલ - ભાવુક. ભદ્ર. પૂજનીય સ્વામી મહારાજશ્રી **શ્રીદત્તાત્રેયસ્તોત્રમાં** કહે છે.

**सर्वानर्थ हरं देवं सर्वमंगलमंगलम् ।**
**सर्वक्लेश हरं वन्दे स्मर्तृगामी स माऽवतु ॥**

બધા જ અનર્થોને હરનાર, બધાં જ મંગલોના મંગલ, બધા જ કલેશને હરનાર સ્મર્તૃગામી એવા દેવને હું વંદન કરું છું તેઓ મારા પ્રતિ પધારે. તો **श्री दत्तचित्त स्थिरीकरण** સ્તોત્રમાં કહે છે. -

**सर्व मंगलमांगल्य सर्वाधिव्याधिभेषज ।**
**सर्व संकटहारिन् त्वं ममचित्तं स्थिरी कुरु ॥**

બધાં જ મંગલોને માટે માંગલ્ય સ્વરૂપ, બધી જ આધિ-વ્યાધિ માટે ઔષધ સ્વરૂપ, બધાં જ સંકટોને હરનાર હે દેવ શ્રી દત્તાત્રેય તમે મારા ચિત્તને સ્થિર કરો.

આ જગતમાં જે કાંઈ સુંદર છે એ બધાંય સૌંદર્યનું સૌંદર્ય ભગવાનશ્રી દત્તાત્રેય છે. તેઓ એટલા બધા સુંદર છે કે, એ સ્વરૂપને માટે પૂજનીય સ્વામી મહારાજે **आसेचनक** શબ્દનો પ્રયોગ કર્યો છે. અર્થાત્ જેને જોતાં જ દૃષ્ટિ પડતાં જ પછી દૃષ્ટિ એ મૂર્તિ પરથી ખસી જ ન શકે, જોઈને ધરાય જ નહીં, પછી બીજું કશું જોવાપણું રહે જ નહીં એવું સૌંદર્ય -

**જો આપકો દેખે ન ઉસકો દૂસરા દિખતા કહીં**
**જો દૂસરા નજરોં ભરા ના, આતમા દિખતા વહીં**
[અ.આ.૧૭૩]

**દ્વિસાહસ્રી ગુરુચરિતમાં** ભગવાન શ્રી દત્તાત્રેયના અનુપમ સૌંદર્યનું નખ-શિખ વર્ણન **ગુરુસ્તુતિ (શ્લોક ૧૦૬થી ૧૧૦)**માં દ્રષ્ટવ્ય છે.

ભગવાનશ્રી દત્તાત્રેય **કામદ**-કામનાઓની પૂર્તિ કરનાર દાતાઓના પણ **કામદ** - દાતા છે. મહર્ષિ અત્રિ-અનસૂયાને **સ્વાત્મદાન** કરી દીધું ત્યાંથી માંડીને એવું કોણ છે; જે નમ્ર થઈ એમનાં દ્વારે ગયા અને જે માંગ્યું તે ન મળ્યું હોય ?-

**અરે ઓ દીનના દાતાર ! દગંબર દત્ત જગ કીરતાર ।!** [અ.આ.૪૬]

પ્રહ્લાદ, યદુરાજ, સહસ્રાર્જુન, માહૂરની સાવિત્રી, ત્રિવિક્રમ ભારતી આ અને બીજા અગણિત ભક્તોને દર્શન આપનાર, ઈચ્છિત વરદાન આપનાર શ્રી દત્તાત્રેય સદ્ગુરુ ભક્તકામકલ્પદ્રુમ છે. માટે હે ચિત્ત તું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્વરૂપનું સ્મરણ કર ॥૯૦॥

**સંગતિ :** શ્રી દત્ત અણુઅણુમાં વ્યાપ્ત છે; એ વિના બધું જ નાશવંત છે :-

**आदौ दत्तो मध्य एवापि दत्तो**
**दत्तोह्यन्ते सर्वथा दत्त एव ।**
**अन्यत्सर्वं नश्वरं विद्धिलोके**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ ९१ ॥**

**શબ્દાર્થ : आदौ** – આદિમાં, **दत्तः** = શ્રી દત્ત **मध्य** = મધ્યમાં, **एवापि**– **एव–अपि** = પણ, જ, **दत्तः** = શ્રી દત્ત **दत्तः** = શ્રી દત્ત, **ह्यन्ते** = **हि अन्ते** - અંતમાં પણ, **सर्वदा** = સદા-નિત્ય, **दत्त एव** = શ્રી દત્ત જ, **अन्यत्** – અન્ય, **सर्वं** = બધું, **नश्वरं** = નાશવંત, **विद्धि** = **[ विद् २.५ આજ્ઞાર્થ ] =** જાણ. માટે પ્રતિશ્વાસ હે ચિત્ત શ્રી દત્તનામનું સ્મરણ કર ॥૯૧॥

**રહ્યો આદિમાં દત્ત મધ્યેય દત્ત**
**હશે અંતમાં સર્વદા દત્ત દત્ત**
**બધું એ વિના અન્ય હા નાશવંત**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત ॥૯૧॥**

**વિવરણ :** ભગવાન શ્રી દત્તાત્રેય = પરબ્રહ્મ ત્રિકાલ અબાધિત પરિણામે તેઓ આદિ - મધ્ય અને અંતમાં છે. એ પોતે અનાદિ અનંત છે, પણ આ સૃષ્ટિના આદિમાં **સત્** સ્વરૂપે, આ સૃષ્ટિના મધ્યમાં કાર્યબ્રહ્મ સ્વરૂપે તથા સૃષ્ટિના અંતમાં સમગ્ર માયિક જગતને પોતાનામાં સમાવી લેનાર સ્વરૂપે સર્વત્ર - સર્વદા વિદ્યમાન છે. અર્થાત્ ભગવાનશ્રી દત્તાત્રેયની સત્ સ્વરૂપ સત્તા સર્વદા-સદા છે જ, એ સિવાયનું બધું જ નાશવંત છે. એટલે કે જેની સત્તા આદિ અને અંતમાં નથી, માત્ર મધ્યમાં જ છે તે બધું નાશવંત છે. જેમ કે બરફ. બરફ બન્યો તે પૂર્વે ન હતો. ઓગળી ગયા પછી નહીં જ હોય, એટલે તેનું અસ્તિત્વ માત્ર બરફની રચનાના કાળ પૂરતું જ મર્યાદિત છે. એ જ રીતે આ સમગ્ર સૃષ્ટિ અસત્ છે. એનો અર્થ એ કે તે અસ્તિત્વમાં

આવી તે પૂર્વ તે ન હતી. નાશ થયા પછી નહીં હોય, માત્ર મધ્યમાં અમુક સમય મર્યાદામાં જ એ છે એવું લાગે છે તેમાં હોવાપણામાં સતત પરિવર્તન થયા જ કરે છે. માટે હે આત્મન એ પરમ બ્રહ્મ સ્વરૂપ શ્રી દત્તાત્રેય સિવાયનું જે કાંઈ છે તેને તું વિનાશી સમજી, તેમાંથી છૂટી અવિનાશીની આરાધના કર, એ આ શ્લોકનો અર્થ છે. એટલા માટે પ્રતિશ્વાસ એ અવિનાશીનાં નામ, પરમ સુંદર સ્વરૂપનું સ્મરણ કર. ॥૯૧॥

**સંગતિ** : શ્રી દત્તાત્રેય સદ્ગુરુની સર્વોપરિતા દર્શાવે છે :

**विद्याध्राद्यादत्तमेव स्तुवन्ति**
**गन्धर्वाद्या दत्तमेकंगृणन्ति ।**
**नागाद्यास्ते दत्तमेकं नमन्ति**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥९२॥**

**શબ્દાર્થ : વિદ્યાધર** - વિદ્યાધર, **आद्याः** = આદિ [આદિમાં યક્ષનો સમાવેશ થાય], **दत्तम् एव** = શ્રી દત્તની જ, **स्तुवन्ति** = [स्तु. ૨.ઉ. ત્રી.પુ. બ.વ.]= સ્તવે છે. **गन्धर्व** = ગંધર્વ, **आद्याः** વગેરે [આદિમાં કિન્નરનો સમાવેશ થાય], **दत्तमेकं = दत्तं एकं** = એક માત્ર શ્રી દત્તનું જ, **गृणन्ति** = [गृ.૯.૫.૫ ત્રી.પુ.બ.વ.] = ગણગણે છે - રટે છે, **नागाद्या– नाग आद्याः** = નાગ વગેરે [વગેરેમાં સર્પનો સમાવેશ થાય], **ते** = તે બધા, **दत्तमेकं** = **दत्तम् एकं** = એક શ્રી દત્તને જ, **नमन्ति**= [नम् ૧.ઉ.૫.ત્રી.પુ. બ.વ.]= નમે છે. માટે હે આત્મન્ તું શ્વાસે શ્વાસે શ્રીદત્તનામ-સ્વરૂપનું સ્મરણ કર ॥૯૨॥

**વિવરણ :** શ્લોક **૭૫માં સ્તવે દેવ.... વર્ણવે વેદ....** એમ કહ્યું છે. વેદ અને દેવ ઉપરાંત દૈવી સૃષ્ટિના અન્ય પ્રકારો પણ શ્રી દત્ત પરાયણ હોવાનું આ શ્લોકમાં પ્રતિપાદન કર્યું છે.

આ સૃષ્ટિમાં જુદી જુદી યોનિઓ છે - મનુષ્ય યોનિ, તિર્યક્યોનિ, એવી રીતે **દેવયોનિઓ** અનેક છે. **देवयोनि** એટલે - **देवाः योनिः उत्पत्ति कारणं**

**येषां ते** – જેમની યોનિ-ઉત્પત્તિનું કારણ દેવો છે તે. યોનિયોમાં - **વિદ્યાધર, અપ્સરા, યક્ષ, રાક્ષસ, ગંધર્વ, કિન્નર, પિશાચ, ગુહ્યક, સિદ્ધો, ભૂતગણો**નો સમાવેશ થાય. જ્યારે **नाग**– કદ્રૂ અને કશ્યપથી ઉત્પન્ન વિશિષ્ટ એવી **સર્પયોનિ** છે.

**વિદ્યાધર** એટલે **विद्यां मन्त्रादिकं धरति–** મન્ત્ર જેવી વિદ્યાઓને ધારણ કરનાર એ વિદ્યાધરોમાં ભગવાનશ્રી દત્તાત્રેયના **શિવસ્વરૂપ**ની અનન્ય, અદ્‌ભુત સ્તુતિ કરનાર **પુષ્પદન્ત**નું નામ પ્રાતઃ સ્મરણીય, પરમ વંદનીય છે. એમણે દિવ્ય એવા **શિવમહિમ્નસ્તોત્ર**ની રચના કરી માટે અહીં વિદ્યાધર વગેરે શ્રી દત્તની સ્તુતિ કરે છે એમ કહ્યું છે.

**गन्धर्व – देवयोनि** છે - **गन्धं सङ्गीतवाद्यादिजनितप्रमोदं अर्वति प्राप्नोति** – **ગન્ધ** - સંગીત વાદ્ય વગેરેથી ઉત્પન્ન થતા પ્રમોદ-આનંદને પ્રાપ્ત કરનાર, ઋગ્વેદમાં ભગવાન આદિત્યને ગંધર્વ કહ્યા છે; પણ એ વાત આપણે અહીં નથી કરતા. **શ્રી ગુરુલીલામૃત જ્ઞાનકાંડ અધ્યાય ૧૪** ગુરુ બૃહસ્પતિએ ઈન્દ્રને શાસ્ત્રથી થતી ક્રમમુક્તિનાં જે દ્રષ્ટાંતો આપ્યાં છે; તેમાં કામશાસ્ત્રી ક્રમે ક્રમે ગંધર્વ લોકમાં ગયા. ત્યાં એમણે પોતાનાં દિવ્ય સ્તુતિગાન વાદ્યથી પ્રથમ શિવજીને એ પછી બ્રહ્માજીને રીઝવ્યા એ કથા દિવ્ય છે.

એ જ રીતે કદ્રૂની સંતતિ નાગલોકમાં નાગ-વાસુકી, તક્ષક આદિ સતત ભગવદ્‌ભક્તિ રત હોવાની કથા મહાભારતમાં - આદિપર્વમાં ખૂબ વિશદ છે. આ બધી યોનિઓના શ્રેષ્ઠ દેવાંશીઓ ભગવાનશ્રી દત્તાત્રેયની સ્તુતિ, ગાન, નમન કરે છે એ જોઈ સમજી હે ચિત્ત તું પણ શ્રી દત્તનામ-સ્વરૂપનું સ્મરણ કર ॥૯૨॥

**સંગતિ**, હવે ૯૩ થી ૯૮ = ૦૬ તથા શ્લોક ૧૦૦-૧૦૧ = ૨ એમ આઠ શ્લોકમાં ભગવાન શ્રી દત્તાત્રેયના **સાકાર-નિરાકાર** ઉભય સ્વરૂપનું દર્શન કરાવે છે :-

**श्रेष्ठो दत्तो दत्त एकः कनिष्ठोः**
**भिक्षुर्दत्तः कर्मकारोऽपि दत्तः ।**
**बालो दत्तः स्त्री पुमानेष दत्तः**
**सर्वो दत्तः सर्वरूपस्त्वरूप ॥९३॥**

**શબ્દાર્થ : श्रेष्ठः** - સૌથી ઉત્તમ, **दत्तः, दत्तः**, **एकः** = એકમાત્ર, **कनिष्ठः** = સૌથી નાનો, **भिक्षुः** = ભિક્ષુક, **दत्तः, कर्मकारः अपि** = કારીગર, મજૂર, **अपि दत्तः** = પણ શ્રી દત્ત, **बालः** = બાળક, **दत्तः, स्त्रीपुमान** = સ્ત્રી-પુરુષ, **एष** = આ, **दत्तः**, **सर्वः** = બધા જ, **दत्तः**, **सर्वरूपः तु अरुपः** = સર્વ સ્વરૂપ અને છતાંય અરૂપી ॥૯૩॥

**નકી શ્રેષ્ઠ દત્ત કનિષ્ઠેય દત્તઃ**
**વળી ભિક્ષુ દત્ત મજૂરે ય દત્ત**
**અહા બાળ દત્ત નરસ્રીય દત્ત**
**નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૩ ॥**

**વિવરણ** : આ જગત પરસ્પર વિરોધાભાસી અંતિમોથી વ્યાપ્ત છે. કશુંક **શ્રેષ્ઠ** - અત્યંત ઉત્તમ છે, એ એક અંતિમ [Extreme] તેની સામે બીજું અન્તિમ **કનિષ્ઠ** = સૌથી નાનું છે. ભગવાનશ્રી દત્તાત્રેયનું પરબ્રહ્મ સ્વરૂપ વિશિષ્ટ છે. **રંગપ્રશ્નોત્તરમાલામાં** - પ્રશ્ન પૂછ્યો છે - **किं रूपं भो ब्रह्म**- અરે બ્રહ્મનું સ્વરૂપ કેવું છે ? **बृह्–बृंहि–वृद्धौ**– ધાતુ પરથી નિષ્પન્ન આ શબ્દનો અર્થ થાય - **મોટું** - **બૃહત્** બ્રહ્મ શબ્દનો અર્થ થાય અતિશય (નિરતિશય) મોટું, કલ્પનાતીત, માણસ કદાપિ કલ્પી જ ન શકે એટલું મોટું. પરિણામે ભગવાન શ્રી દત્તાત્રેય આ બન્ને અંતિમોને આંબી જાય છે. એ જ રીતે ભિક્ષુક એક છેડો છે; કામ કરીને - મજૂરી કરીને પેટિયું રળનાર બીજો છેડો છે. ભગવાન દત્તાત્રેયના વ્યાપમાં આ બન્નેય છેડા સમસ્ત થઈ જાય છે. બાળક, સ્ત્રી, પુરુષ આ અવસ્થા અને લિંગ ભેદ ત્યાં રહેલા જ નથી કારણ કે ઉક્ત પ્રશ્નના ઉત્તરમાં શ્રી અવધૂતજી કહે છે.

આ બ્રહ્મ **सर्वकालं एकं च** – માણસની અવસ્થા બદલાય, વસ્તુઓની અવસ્થા બદલાય પરબ્રહ્મ પરમાત્મા શ્રી દત્તાત્રેયનું લિંગ, અવસ્થા રૂપ નથી.

તેથી તેઓ બધાં જ રૂપોમાં આત્મ સ્વરૂપે અરૂપી સાકાર છતાંય નિરાકાર છે. શ્રેષ્ઠ, કનિષ્ઠ, ભિક્ષુક, મજૂર, બાળક, સ્ત્રી-પુરુષ આ બધુ આકાર યુક્ત છે. **બૃહદારણ્યકમાં - रूपंरूपं प्रतिरूपोबभूव** – [૨/૫/૧૯] એ રૂપ-રૂપનું પ્રતિરૂપ થઈ ગયો - **રૂપે રૂપે એક અરૂપી** આનો અર્થ એ કે પ્રત્યેક રૂપ-અવસ્થા પ્રત્યે તે સમાન રૂપવાળો અનુરૂપ છે. ખરી મઝા હવે છે. શા માટે રૂપે રૂપે વિલસે છે ? પોતાનાં આત્મસ્વરૂપની અભિવ્યક્તિ માટે છે. જો શ્રેષ્ઠ-કનિષ્ઠ, બાળક-સ્ત્રી, પુરુષ રૂપે એની અભિવ્યક્તિ થાય જ નહીં તો એ **પ્રજ્ઞાનઘન-નિરૂપાધિક-નિરાકાર એ શ્રી દત્તાત્રેય છે. એવું પ્રકટ વ્યક્ત જ ના થઈ શકે.** આ કારણે જે કાંઈ સાકાર-નિરાકાર છે તે બધું સ્વરૂપતઃ શ્રી દત્તાત્રેય છે. ॥૯૩॥

**સંગતિ** : દૃષ્ટાંત રૂપે બીજાં અંતિમો લઈને સમજાવે છે :

**दण्डी दत्तो दत्त एवास्त्यदण्डो**
**मुण्डी दत्तो बद्धमौलिस्तु दत्तः ।**
**ज्ञानी दत्तो मूर्खराजोऽपि दत्तः**
**सर्वो दत्तः सर्वरूपस्त्वरूपः ॥९४॥**

**શબ્દાર્થ : दण्डी** દંડ ધારણ કરનાર (સંન્યાસી), **एवास्त्यदण्डः, एव अस्ति अदण्ड** = અદંડી પણ **मुण्डी** = મુંડી, **बद्धमौलिः तु** = જટાધારી પણ, **ज्ञानी** = જ્ઞાની, **मूर्खराजोऽपि–मूर्खराजः अपि** = મૂર્ખનો સરદાર પણ, **सर्वोदत्त**ः.... [પૂર્વવત્] ॥૯૪॥

**અરે દત્ત દંડી અદંડીય દત્ત**
**અને દત્ત મુંડી જટી તેમ દત્ત**
**નકી દત્ત જ્ઞાની તથા મૂર્ખદત્ત**
**નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૪ ॥**

**વિવરણ** : સંન્યાસીઓમાં પણ અંતિમ છે - દંડ ધારણ કરનાર, દંડ વિનાના, મુંડન કરાવેલા - જટા વધારેલા એક અંતિમ પર જ્ઞાની સામે બીજે છેડે મૂર્ખ. આ જાગતિક વૈવિધ્ય છે. વિવિધતામાં ભગવાન શ્રી દત્તાત્રેયની આત્મિક એકતા છે. આ બધાય સ્વરૂપતઃ પરમાત્મા શ્રી દત્તાત્રેયના જ અંશ છે. અને તે શ્રી દત્ત જ છે -

**त्यागी भोगी जटिलो मुण्डी यो भिक्षुः** [શ્રી દત્ત પ્રણતિ ૧૪] એ ત્યાગી, ભોગી, જટિલ, મુણ્ડી સ્વરૂપ, ભિક્ષુ સ્વરૂપ છે. જ્ઞાનીનું જ્ઞાન એ જ શ્રી દત્તાત્રેય છે -

**यं ज्ञात्वाऽन्यद् ज्ञातव्यं नो भुवि किंचित्** [શ્રી દત્તપ્રણતિ ૧૭] એને જાણી લીધા પછી કશું જાણવાપણું રહેતું નથી. તો બાહ્ય દૃષ્ટિથી મૂર્ખ જણાતા અને ભીતરમાં પરમને પામી ગયેલા મૂર્ખ પણ શ્રીદત્ત સ્વરૂપ જ છે. આ રીતે નિરાકાર- જ્ઞાન-મૂર્ખતા આદિ તથા સાકાર-જટી મુણ્ડી આદિ બધામાં વ્યાપ્ત શ્રી દત્તાત્રેય પર બ્રહ્મ સ્વરૂપ છે. ॥૯૪॥

**સંગતિ** : અંતિમોનું અન્ય દૃષ્ટાંત આપે છે.

**चण्डो दत्तः शान्तरूपोऽपिदत्तः**
**पापी दत्तः पुण्यरूपोऽपिदत्तः ।**
**चोरो दत्तः दानशूरोऽपिदत्तः**
**सर्वोदत्तः सर्वरूपस्स्वरूपः ॥९५॥**

**શબ્દાર્થ : चण्डः** = ક્રોધી - ઉગ્ર, **दत्तः, शान्तरूपः अपि** = શાંત પણ, **दत्तः पापी** = પાપી, **दत्त, पुण्यरूपः अपि** = પુણ્યશાળી પણ (તથા), **दत्तः, चोरः** = ચોર, **दत्तः**, दानशूरः अपि = દાની પણ, **दत्तः, सर्वोदत्तः**..... [પૂર્વવત્] ॥૯૫॥

**વળી દત્ત ક્રોધી અને શાન્ત દત્ત**
**તથા પુણ્યશાળી અને પાપી દત્ત**
**અહા ચોર એ દત્ત દાનીય દત્ત**
**નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥૯૫॥**

**વિવરણ** : ક્રોધ અને શાંતિ બે પરસ્પર વિરોધી મનોભાવ છે. બે અંતિમ છેડા છે. બન્ને છેડામાં સાક્ષીરૂપે રહેલા પરમાત્માશ્રી દત્તાત્રેય સમાન છે. શાંતિ ભગવાનનું સ્વરૂપ છે. જ્યાં શાંતિ હોય ત્યાં પ્રભુનો વાસ હોય એ બરાબર, તો શું જ્યાં ક્રોધ હોય ત્યાંથી ખસી જાય ? ત્યાં પણ એમની સાક્ષી સ્વરૂપે ઉપસ્થિતિ છે. એ જ રીતે પાપ અને પુણ્ય બે સામ સામેના છેડા છે; જ્યાં પુણ્ય થતું હોય ત્યાં ભગવાન દત્તાત્રેય પ્રસન્ન મુદ્રાથી ઉપસ્થિત હોય અને પાપ થતું હોય ત્યાંથી દૂર જતા રહે એવું નથી. ચોરી થતી હોય ત્યાં ચોરમાં ભગવાન નથી અને દાનેશ્વરીમાં છે; એવું નથી. સદ્ગુરુ ભગવાન પાપ-પુણ્ય, ચોરી-દાન, ક્રોધ શાંતિ બધામાં સમાન સ્વરૂપે સાક્ષી સ્વરૂપે વિદ્યમાન છે. એ રીતે જે કાંઈ સાકાર સ્વરૂપે નજરે પડે છે તે અને જે સાકાર સ્વરૂપે જોઈ નથી શકાતું એવું આકાર રહિત = નિરાકાર બધું જ શ્રી દત્તમય છે. એ જ આ બધાયનું મૂળ કારણ છે. સૃષ્ટિની ઉત્પત્તિ-સ્થિતિ-લય એટલેકે બ્રહ્મા-વિષ્ણુ-મહેશ સ્વરૂપ શ્રી દત્તાત્રેય - **कारणः कारणानां** = સૃષ્ટિનાં ઉદ્ભવનાં મૂળ ઉપાદાન કારણનું કારણ એ જ છે.

**સત સે નાહીં ચીજ પરાઈ** - શ્રી અવધૂતજી અહીં સમજાવવા માગે છે, જે સમજવા જેવું છે તે સત્ય આ છે - **સત = સત સ્વરૂપ ભગવાનશ્રી દત્તથી પર એવું કશું જ નથી.**

**જહાં દેખો વહાં આપુ સમાઈ રૂપ અરૂપ દેખાઈ** (અ.આ.પૃ.૭૬)

જ્યાં જુઓ ત્યાં, જે દેખાય છે તેમાં પ્રસન્ન-ગુપ્ત પણે એ જ સમાયેલા છે. દેખાય છે. - ક્રોધ અને શાન્તિ, પાપ-પુણ્ય, ચોરી-શાહુકારી આ વિભિન્ન અંતિમોમાં એક સાથે એક જ સમયે જે સમાયેલું છે તે તત્ત્વ શ્રી દત્તાત્રેય છે. ॥ ૯૫॥

**સંગતિ :** પુન : દ્રષ્ટાંત દ્વારા તત્ત્વ સ્વરૂપને જોતાં શીખવે છે.

**रोगी दत्तो रोग मुक्तोऽपि दत्तो**
**भोगी दत्तो भोगमुक्तोऽपि दत्तः।**
**त्यागी दत्तः संग्रही दत्त एव**
**सर्वो दत्तः सर्वरूपस्त्वरुपः ॥ ९६ ॥**

**શબ્દાર્થ : रोगी** - રોગી, **दत्तः**, **रोग मुक्तः अपि** = અરોગી પણ, **दत्तः भोगी =** ભોગી, **भोगमुक्तः अपि** = અભોગી પણ, **दत्तः**, **त्यागी =** ત્યાગ કરનાર, दत्तः, **संग्रही =** સંગ્રહ કરનાર, **दत्त**, **एव =** જ, **सर्वोदत्तः... (पूर्ववत)** ॥ ૯૬ ॥

**અરે દત્ત રોગી અરોગીય દત્ત**
**વળી દત્ત ભોગી અભોગીય દત્ત**
**નકી સંગ્રહી દત્ત ત્યાગી ય દત્ત**
**નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૬ ॥**

**વિવરણ :** અંતિમોનું બીજું ઝૂમખું દ્રષ્ટાંત રૂપે લીધું છે. રોગી-રોગ મુક્ત, ભોગી-ભોગમુક્ત, ત્યાગી-સંગ્રહી, આ બધા જ પરસ્પર વિરોધાભાસી અંતિમોમાં ભગવાન દત્તાત્રેય સમાન રૂપે વિદ્યમાન છે. એ પરબ્રહ્મ મૂળે સત્ સ્વરૂપે નિરાકાર, નિરંજન, નિરિચ્છ, છે. એ જ

**ज्ञेय = જાણવા યોગ્ય છે - अशब्दमस्पर्शमरूपमव्ययं** (કઠ. ૧/૩૧૧૫)

અર્થાત જે અશબ્દ, અસ્પર્શ, અરૂપ, અવ્યય, રસહીન નિત્ય, ગંધરહિત, અનાદિ, અનંત, નિશ્ચલ છે તે આત્મતત્ત્વ = સદ્ગુરુ ભગવાનશ્રી દત્તાત્રેય **अशरीरं शरीरेश्वनवस्थेस्ववस्थितम्** (કઠ - ૧/૨/૨૨) અર્થાત જે શરીરોમાં શરીર રહિત આકારમાં નિરાકાર, અનિત્યોમાં નિત્ય સ્વરૂપ છે તે શ્રી દત્તાત્રેય છે. આ ઔપનિષદ સિદ્ધાંત સમજાવતાં એક પ્રસિદ્ધ ભજનમાં શ્રી અવધૂતજી કહે છે.

**ભર્યું જ્યાં ત્યાં પ્રભુ તારું અનુપમ રૂપ હે અવધૂત**
**નિરાકારી નિજેચ્છાએ બન્યો સાકાર તું અવધૂત..**

નિરાકારીનું પોતાની સ્વાભાવિક ઈચ્છાથી સાકાર બનવું એ જ લીલા છે. શ્રી ગુરુલીલા છે - **ખૂનીના ખંજરમાં, પ્રિયજનના પ્રેમમાં, સિંહની ગર્જનામાં, કોયલના કૂજનમાં, ગુલાબી ગાલમાં, ક્ષયીનાં હાડમાં** - આ બધાં **द्वन्द्वो** - (Dichotomy) છે. જ્યારે ભગવાનશ્રી દત્તાત્રેય -

**निर्द्वन्द्व** બધા જ **द्वन्द्वो** = અંતિમોથી પર - રહિત છે. ભોગીનો વિલાસ અને રોગીની વેદનાની કણસ એની જ લીલા છે.॥૯૬॥

**સંગતિ :** વળી, અંતિમોના આધારે લીલા રહસ્ય સમજાવે છે :

**रागी दत्तो रागमुक्तोऽपि दत्तः**
**सङ्गी दत्तः सङ्गमुक्तोऽपि दत्तः ।**
**वर्णी दत्तो वर्णमुक्तोऽपि दत्तः**
**सर्वोदत्तः सर्वरूपस्त्वरूपः ॥९५॥**

**શબ્દાર્થ : रागी** = અનુરાગ વાળા, **दत्तः, रागमुक्तःअपि =** અરાગી, રાગવિનાના પણ, **दत्तःसङ्गी =** સંગ કરનારા, **दत्तः सङ्गमुक्तः अपि =** અસંગી પણ, **दत्तः, वर्णी =** જાત-પાંતમાં માનનાર, **वर्णमुक्तः अपि =** જાત-પાત વિનાનાં પણ, **दत्तः, सर्वोदत्तः..** (પૂર્વવત્) ॥ ૯૭ ॥

**વળી દત્ત રાગી અરાગીય દત્ત**
**અને દત્ત સંગી અસંગીય દત્ત.**
**અહા દત્ત વર્ણી અવર્ણીય દત્ત**
**નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૭ ॥**

**વિવરણ :** માણસે અને ખાસ કરીને સદ્ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેયની ભક્તિને પ્રાપ્ત કરવાની અદમ્ય ઈચ્છા ધરાવનારે, કેટલાક દ્વન્દ્વોથી પર જવાનો પ્રયત્ન કરવાનો રહે છે. તેમાંનું એક દ્વન્દ્વ છે રાગ-અરાગ યા રાગ-વિરાગ, સામાન્ય માણસ રાગ-વિરાગના દ્વન્દ્વમાં ઝોલાં ખાય છે. શ્રી અવધૂતજી એક ભજનમાં કહે છે.

**કોહં કોહં પૂછત રાગી, સોऽહં કહત વિરાગી રે...**

એક અંતિમ પર રાગી છે. એને માટે **પ્રશ્નોત્તર માલા**માં પ્રશ્ન કર્યો છે.

**कः अन्धः ? - અંધ કોણ છે ?** આ પ્રશ્નનો ઉત્તર આપ્યો છે. - **यःखलु रागी =** જે વસ્તુતઃ રાગી છે. રાગી અંધ છે કારણે - **न पश्यति जन्मान्धः रागान्धोनैवपश्यति** – જન્માંધ જોઈ શકે નહીં એ કુદરતી લાચારી

છે. તો રાગાંધ - સારાસાર જોઈ શકતા નથી. તેથી તે જીવનમાં ક્યારેય પોતાના '**स्व**' ને જોઈ જ ન શકે !! એટલે એને તો આ પ્રશ્ન રહે છે જ - હું કોણ છું ? જ્યારે સામે છેડે ઊભેલા વિરાગી, રાગીના કરતાં સારો છે એવું નથી. એ **सोहम्** – ની ઝંઝટમાં પડ્યો છે. ઝંઝટનું કેન્દ્ર બદલાય છે. રાગીને એના રાગ-એશારામની બબાલ છે. વિરાગીને સોહંની બબાલ છે. શ્રી દત્તાત્રેય આ બન્ને અંતિમોમાં સમાન છે. પૂરા અનુરાગથી એમણે આ સૃષ્ટિની રચના કરી, કર્યા પછી તેમાં સહેજ પણ લેપાયા વિના **પૂર્ણ નિર્લેપ** પણે પોતાની જ સૃષ્ટિથી દશ આંગળ ઊંચા - **दशांगुलंतिष्ठतिवक्ति वेदः** – વેદ (પુરુષ સૂકત)માં કહ્યું છે તે આ પોતાના જ સર્જનથી દશ આંગળ ઊંચા છે.

બીજું દ્વન્દ્વ છે - સંગ-અસંગ - બે છેડા છે. જીવ સૃષ્ટિમાં બધા જ પોતાના જેવા - **समानशीलव्यसनेषु सख्यः** - સમાન ચારિત્ર્ય અને વ્યસનવાળા પોત પોતાના જૂથમાં ફર્યા કરે છે - **मृगाः मृगैः संगमनुव्रजन्ति** **–** મૃગલાં મૃગલાંના જૂથમાં - એ સિંહ-વાઘ સાથે જાય જ નહીં. બીજો છેડો અસંગનો છે. જેમાં ભગવતી મદાલસાએ અલર્કને સંગ છોડવાનું કહ્યું હતું. અહીં **શ્લોક ૩૪ (જુઓ વિવરણ)**માં પણ સંગ છોડવાની યા સત્સંગમાં રહેવાની વાત કરી છે. ભગવાનશ્રી દત્તાત્રેય આ બન્ને અંતિમોથી પર છે. સંગી પણ છે અને અસંગી પણ છે, એટલે કે.

**સહુ રંગે અરંગી તું, લહે તુ જ રંગ કો અવધૂત**

બધા જ રંગમાં = માયાના રંગમાં વિદ્યમાન હોવા છતાંય માયાના એ રંગથી રંગાયા - લેપાયા વિના રંગ-રહિત સ્વરૂપે -

**વને યોગી થઈ વસતો, જગે ભોગી સમો ભમતો.** (અ.ખા.૧૪૬)

યોગ અને ભોગમાં અરંગી સ્વરૂપ એ શ્રી દત્તાત્રેય અવધૂત સ્વરૂપ છે.

બે અંતિમ છે - વર્ણી - વર્ણ વ્યવસ્થા - ચાર કે અઢાર એ સામાજિક સ્તરીકરણમાં પ્રત્યેક વર્ણના મનુષ્યના - પ્રાણીમાત્રના હૃદય કમળમાં વિરાજમાન હોવા છતાંય તેમનો કોઈ **વર્ણ** - જાતી નથી. બધામાં એ શ્રેષ્ઠ

છે - એ બ્રાહ્મણ પણ છે, અને અંત્યજ પણ એ જ છે. (**જુઓ શ્લોક ૭૧નું વિવરણ**). આમ સાકાર-નિરાકાર બધાં જ સ્વરૂપે ભગવાનશ્રી દત્તાત્રેય વિદ્યમાન છે. ॥ ૯૭ ॥

**સંગતિ :** અંતિમોનું દર્શન કરાવી નિરૂપણ પૂરું કરે છે.

**राजा दत्तो भिक्षमाणोऽपि दत्तः**
**स्वामी दत्तो दीनदासोऽपि दत्तः ।**
**मौनी दत्तो वाग्वदान्योऽपि दत्तः**
**सर्वो दत्तः सर्वरूपस्त्वरूपः ॥ ९८ ॥**

**શબ્દાર્થ** : **राजा दत्तः =** રાજા દત્ત છે, **भिक्षमाणःअपि =** ભિખારી પણ, **दत्तः**, **स्वामी दत्तः =** દત્ત સ્વામી છે, **दीनदासःअपि =** ગરીબ ગુલામ પણ, **दत्तः मौनी दत्तः =** દત્ત મૌની છે. **वाग्वदान्योऽपि = वाक्– वदान्यः अपि =** ઉત્તમ વાક્છટા વાળા વક્તા પણ, **दत्तः सर्व दत्तः =** (પૂર્વવત), ॥ ૯૮ ॥

**અરે દત્ત રાજા ભિખારીય દત્ત**
**વળી દત્ત સ્વામી ગુલામેય દત્ત**
**અહા દત્ત મૌની વદન્તોય દત્ત**
**નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥ ૯૮ ॥**

**વિવરણ :** બે અંતિમો છે - રાજા-ભિખારી, સ્વામી ગુલામ, મૌની-બોલનારા, જગત દ્વન્દ્વોમાં વિભાજિત છે. માણસો બે છેડા પર જીવે છે. રાજા હોય તો એનો અર્થ જ એકે સામે ભિખારી છે. મૌનીના સામા છેડે છટાદાર વકતવ્ય આપનાર હોય જ. એને રાજા-મહારાજા કાર્તવીર્ય, આયુ, યદુ જેવા નમે ને છતાંય તેનો વેષ ભિખારીનો - અરે દિગંબર !! એ તો **ત્યાગ વિરાગે રાજ કરે ને શ્વાસ શ્વાસ હરિ જાપે. (અ.આ.પૂ. ૧૩૩)** એ ત્યાગ-વિરાગનો રાજા છે.

**વાહ ફકીરી ! કૌન અમીરી ? દાસી તેરે ચરનો મેં**
**રાજા રંક જમીનદાર સબ, ચાકર તેરી નઝરું મેં**
(અ.આ.પૂ.૭૫)

એ ભિખારી પણ છે એ સ્વામી-જગતનો નાથ છે અને એ જ ભક્તોનો ગુલામ છે. મૌની છે. પોતાની જ સૃષ્ટિને જોઈએ મૌનમાં મસ્તી માણનાર મૌની છે તો એ જ સમયે -

**હું - તું -તે-માં બોલણહારો, વાણી મૂળ હુંકારો**
**જ્યાં ત્યાં સઘળે એહ જ સળગે દેખ રંગ મતવાલો**
(અ.આ.૧૪૩)

મનુષ્ય-પ્રાણી માત્રની વાણી થઈને એ જ બોલે છે. રસ્તા પરથી પસાર થતાં એક સામાન્ય હીન-દીને માણસને કહ્યું કે તું વેદ ભણ અને એ વેદ ભણવા લાગ્યો. આવો **વાગ્વદાન્ય - વાગ્મિની પૌઢ વાગ્મી = કુશળ વક્તાઓમાં શ્રેષ્ઠ વાગ્મી** એ જ છે. ॥ ૯૮ ॥

**વિવરણ વિશેષ :** અહીં શ્લોક ૯૩થી ૯૮ = ૦૬ શ્લોકમાં ભગવાનશ્રી દત્તાત્રેયનાં સાકાર-નિરાકાર અથવા સગુણ-નિર્ગુણ સ્વરૂપનું પ્રતિપાદન વિશિષ્ટ રીતે થયું છે. વિશિષ્ટ એટલા માટે કે અહીં શ્રી અવધૂતજીનો આશય ભગવાનશ્રી દત્તાત્રેયને ઉભય સ્વરૂપે જોવાની-પિછાણવાની દૃષ્ટિ આપવાનો છે. - જોતાં શીખવવાનો છે.

(૧) **જહાઁપે દેખું વહાઁપે સાહેબ વો નંગાચંગા છિપા રહા હૈ**

હું જ્યાં જોઉં - જો મને સદ્ગુરુકૃપાથી જોતાં આવડી જાય તો - એ પરમ તત્ત્વ નિર્ભેળ સત્ સ્વરૂપે વિલસી રહ્યું છે. એ ભગવાન શ્રી દત્તાત્રેય નરી આંખે તો દેખાતા નથી, તો એનાં કોઈએ **લેખા** (Record) પણ કર્યા નથી.

**હૃદેકા પરદા ઉઠા જો નેકા મૈદાનમેં વો ખડા રહા હૈ.**

હૃદય પર પડેલો પડદો - માયાનું - અજ્ઞાનનું **આવરણ** જેવું હટે (ઊઠે) કે એ તો મેદાનમાં - હૃદાયાકાશમાં ઊભેલો જ છે. એ દૂર-પાસે, અંદર બહાર, **ગગનમંડલ = ચિદાકાશમાં** રમી રહ્યો છે. અચેતન ચેતન બધાં જ રૂપ એનાં છે, બધાં એનાં છે, એ કોઈનોય નથી.

**ન નામ ઉસકા ન રૂપ ઉસકા સભી ઉસી કે ન વો કિસીકા**
**અનન્ત રૂપી વો રૂપ એક બે રૂપ રંગા સમા રહા હૈ**
(અ.આ.૧૭૧-૭૨)

એ કોઈનો ય નથી. જેવી રીતે તરંગો તો સમુદ્રના છે, પણ સમુદ્ર તરંગનો નથી. એ નિર્લેપ છે. આ બધાં જ અનંત રૂપો (શ્લોક ૯૩થી ૯૮) એ એકનાં જ છે. છતાં ય એ **બેરૂપ = અરૂપી** છે.

(૨) આ દૃષ્ટિ પામવાની પ્રક્રિયા વસ્તુતઃ **હુંમાંથી તુંમાં** જવાની પ્રક્રિયા છે. એ તત્ પદને પિછાણવાની પ્રક્રિયા છે.

**કોહં વદે છે કાક સોહં કથે છે હંસ**
**તું-હું તું-હું પુકારી કોયલ રહી છે ધીરી.**

મારા આ **હું** નો રચનાર **તું** છે. સમગ્ર શક્તિ-ઊર્જા - **તું** ની છે **હું**ની નથી. **(The spirit is in THOU not in I) તું** દ્વારા **હું નીપજે છે. (Through the THOU one becomes I)** આ **કાક** અને **હંસ**નો તફાવત છે. એટલે આખી પ્રક્રિયા કાગડાના હંસમાં **રૂપાંતરણ** (Transformation)ની પ્રક્રિયા છે. જો આ રૂપાંતરણ થઈ જાય તો - **સ્પષ્ટ સમજાઈ જાય કે - ખીલ્યું ગુલાબ કેવું ? શું હાસ્ય એ ન તારું ?** પ્રભુ દત્તાત્રેય તું જ ગુલાબનું હાસ્ય, તું જ એના કાંટા - અને સુગંધ, ગુરુત્વાકર્ષણની વિરુદ્ધે આકાશને અડતાં વૃક્ષો, ફૂલ, પાન બધું તું જ છે. કાષ્ટજીવી = ઊધઈ અને કાષ્ઠ ભેદી - ભમરો તું જ છે. ધૂણી ધખાવીને બેઠેલા તપસ્વી તું છે. જળનાં માછલાં તું જ અને મત્સ્યજીવી = બગલા પણ તું જ છે.

**તું-રંગ સર્વ રંગ્યું, ના રંગ-રાગ તુજમાં**
**તું રંગ રંગ રાચે નાચે સુરંગ રંગે !!**
(અ.આ.૪૧)

એ શ્રી દત્તાત્રેયના રંગથી આ જગત રંગાયું હોવા છતાંય એ રંગ = જગતના રાગ એનામાં નથી. એ તો કોઈક વિરલ **રંગ**ના રંગમાં રાચે છે અને સંસારરૂપી રંગભૂમિમાં નાચે છે. ઉક્ત છ શ્લોકનું આ ગર્ભિત તાત્પર્ય છે.

**સંગતિ :** ઉક્ત છ શ્લોકનું તાત્પર્ય પામવા - હું માંથી તું માં રૂપાંતરિત થવા માટે તું :-

**उत्तिष्ठात्मन् मोहनिद्रां जहीहि**
**दत्तं देवं स्वात्मसूर्यं स्तुवीहि ।**
**त्यक्त्वा सर्वं तस्य सेवां विधेहि**
**भित्वा मायां मायिनं शीघ्रमेहि ॥९९॥**

**શબ્દાર્થ : उत्तिष्ठ** = (**स्था.** ૧૦ પ.પ. આજ્ઞાર્થ બી.પુ.એ.વ.) = ઊઠ, ઊભો થા, **आत्मन्** = હે આત્મન્, **मोहनिद्रां** = મોહનિદ્રા, **जहीहि** = (**हा.** ૩, ૫, આજ્ઞાર્થ બી.પુ.એ.વ.) = ત્યજીદે, **दत्तं देवं** = શ્રી દત્ત દેવને, **स्वात्म सूर्यं** = આત્મરૂપ સૂર્યને, **स्तुवीहि** = (**स्तु. ૨.ઉ. આજ્ઞાર્થ બી.પુ.એ.વ.**) **સ્તવન કર त्यक्त्वा** = (**त्यज् - ૧.પ. સં. ભૂ.કૃ.**) = છોડીને, **सर्वं** - બધું જ, **तस्य** = તેની, **सेवां** = સેવા, **विधेहि** = (**वि-धा ૩ ઉ. આજ્ઞાર્થ બી.પુ. એ.વ.**) કર, (સેવ), **भित्वा** = (**भिद्– ૧.પ. સંભૂ.દ.**) = ભેદીને, **मायां** = માયાનાં પડળ, **मायिनं** = માયાના ઈશને (પ્રતિ) **शीघ्रम्** = સત્વરે, **ऐहि** = (**इ. ૨.૫. આજ્ઞાર્થ બી.પુ.એ.વ.**) જા-પહોંચ ॥ ૯૯॥

**અરે મોહનિદ્રા ત્યજી જીવ ઊઠ**
**સ્તવે સ્વાત્મસૂર્ય મહાદેવ દત્ત,**
**ત્યજી સર્વ જો સેવ એ યોગિવર્ય**
**ગ્રહે શીઘ્ર માયેશ ભેદી જ માય. ॥ ૯૯ ॥**

**વિવરણ :** આ બધું જ ચરાચર-સ્થાવર જંગમ છે તે - **નિરાકાર સાકાર સર્વેય દત્ત** = બધું શ્રી સદ્‌ગુરુ ભગવાનશ્રી દત્તાત્રયમય છે = **'તું'** છે; યાદ રહે **હું** જેવું કશું છે જ નહીં, એ તો આભાસ છે. આનો તારે જો પ્રત્યક્ષ અનુભવ લેવો હોય તો, જો તારે તારા **હું** નું **તું** માં રૂપાંતર કરવું હોય તો આત્મન્, તારી આ જન્મોજન્મથી ચાલી આવતી **મોહનિદ્રા** માંથી જાગ, ઊભો થા. **પદ્મપુરાણ**માં મોહની વ્યાખ્યા કરી છે -

**मम माता मम पिता ममेयं गृहिणी गृहम् ।**
**तदन्यं ममत्वं यत् स मोह इति कीर्तितः ॥**

મારી મા, મારા બાપ, મારી પત્ની, મારું ઘર આવું બધું મમત્વ છે એ મોહ છે. **મોહનિદ્રા**ને આયુર્વેદના મહાન શલ્યશાસ્ત્રી (સર્જ્યન) મહર્ષિ સુશ્રુતે = **મૂર્છા** ગણી છે - **मोहो मूर्च्छेति तां प्राहुः** = એ મૂર્છા છ પ્રકારની છે; તેમાંથી સુશ્રુતના મતે **सुखदुःखव्यपोहकृत =** સુખદુઃખના સતત આઘાતથી આવતી મૂર્છા મોહનિદ્રા છે, જેમાં માણસ જાગતો, હાલતો ચાલતો હોવા છતાં ય કોઈક અગમ્ય ઘેનમાં રહે - એ ઘેન સુખના આઘાતનું પણ હોય અને દુઃખના આઘાતનું પણ હોય. સામાન્ય શારીરિક નિદ્રામાંથી સરસ રીતે જાગી જવાશે. - સ્વાભાવિક જાગૃતિ આવી જશે. મોહનિદ્રામાંથી જાગવાનું અઘરું છે. માટે શ્રી અવધૂતજી કહે છે.

(૧) **ઊઠને જીવ ઉદ્યોગ અદકો કરી, (ઉ.પ્રા.પૃ. ૨૦)** એમ સહેલાઈથી નહીં ઊઠાય સામાન્ય રીતે **અપાનની ઉદાનગતિ** થાય એટલે પડતાંની સાથે જ ઊંઘ આવી જાય. જેવી **ઉદાનની અપાન ગતિ થાય** કે તરત જ જાગી જવાય. એ કુદરતી છે. જ્યારે મોહ નિદ્રામાંથી જાગવું હોય તો **અદકો ઉદ્યોગ** કરવો પડે. ઉદ્યોગમાં શું કરશો ?

શ્રીદત્તનામ સ્મરણ - એ જ ઉદ્યાગ છે.

**(૨) ઊઠને મૂઢ આલસ્ય નિદ્રાત્યજી** [ઉ.પ્રા.પૃ.૩૧]

મોહનિદ્રાનું મૂળ તત્ત્વ **આલસ્ય** છે. આળસ માણસના શરીરમાં રહેલો મહાન શત્રુ છે.

મોહન્દ્રિામાંથી ઊઠી **સ્વાત્મસૂર્ય** શ્રૃતિ કહે છે - **सूर्य आत्मा जगत स्तस्थुषश्च =** આ સ્થાવર જંગમ જગતનો આત્મા સૂર્ય છે. એવા મહાદેવ દત્તની સ્તુતિ કર. સ્તુતિમાં શું કરવાનું છે ? - **दत्तात्रेयं तं हृदिसन्तं प्रणतोऽस्मि** હૃત્પુડરિકાધિષ્ઠિત = હૃદય કમળ પર વિરાજમાન ભગવાનશ્રી દત્તાત્રેયને પ્રણમું છું.

બધું છોડીને - વિદ્યાદર્પ, વિત્તગર્વ બધું-બધાં જ સંબંધો મમતા, મોહ છોડીને તે શ્રી દત્તની સેવા કર કારણ કે, **સેવાતપ કલિતાર** સેવામાં - **કાષ્ઠ થઈ પાવડી પાંવની તુજ બનું....શ્વાન થઈ મંદિરે નિત્ય ચોકી કરું** [ઉ.પ્રા.પૃ.૧૫-૧૬]

માયાનાં પડળ = આવરણને ભેદીને એ માયી = માયાપતિની પાસે સત્વરે = **मायां तु प्रकृतिं विद्यान् मायिनं तु महेश्वरम् [श्वेता, ४/१०]** આ ત્રિગુણાત્મક પ્રકૃતિ માયા છે - સત્ત્વ - રજ - તમ સ્વરૂપ પ્રકૃતિમાંથી અવિદ્યા = જે - નથી તે છે એમ માનવું - આ શરીર હું નથી છતાં હું શરીર છું એમ માનવું એ માયાનું પડળ છે તેને ભેદી મહેશ્વર ભગવાન શ્રી દત્તાત્રેયની પાસે શીઘ્ર જા.

ધીમે ધીમે સમજાવતાં સમજાવતાં આ શ્લોકમાં = આ ૯૯મા શ્લોકમાં એકી સાથે **ચાર આજ્ઞાઓ** કરી છે. **जहीहि = ત્યજ, स्तुवीहि - સ્તવન કર, विधेहि = સેવા કર, एहि = જા - પહોંચ.** આ સાચા ગુરુનું સ્વરૂપ થયું કહેવાય, પૂરેપૂરા વિશ્વાસમાં લીધા પછી આજ્ઞાઓ કરી છે.॥ ૯૯॥

**સંગતિ** : બે શ્લોકોમાં ભગવાનશ્રી દત્તાત્રેયના નિરાકાર-સાકાર સ્વરૂપનું અન્ય રીતે નિરૂપણ કરે છે :

**देवो दत्तो मर्त्यजन्माऽपि दत्त –**
**स्तिर्यङ्दत्तः कीटकीटोऽपि दत्तः ।**
**स्थाणुर्दत्तो जङ्गमो दत्त एव**
**सर्वो दत्तः सर्वरूपस्त्वरूपः ॥१००॥**

**શબ્દાર્થ : देवःदत्तः** દેવ દત્ત જ છે, **मर्त्यजन्माऽपि – मर्त्यजन्मा अपि** = મર્ત્યથી જન્મનાર = મનુષ્ય પણ, **दत्तः, तिर्यक्,** = પશુ-પક્ષી વગેરે, **दत्तः, कीटकीटःअपि** = ક્ષૂદ્ર એવા કીડા પણ, **दत्तः स्थाणुः** સ્થાવર **दत्तः जङ्गम** = જંગમ, **दत्त एव** = દત્ત જ છે, **सर्व दत्तः** - [શ્લોક ૯૩ પ્રમાણે] ॥ ૧૦૦ ॥

**નકી દેવ દત્ત મનુષ્યે ય દત્ત**
**ખરે નીચ પ્રાણી અને કીટ દત્ત**
**વળી સ્થાવરે જંગમે દત્ત દત્ત**
**નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥૧૦૦॥**

**વિવરણ :** ૯૩થી ૯૮-૦૬ શ્લોકમાં "નિરાકાર સાકાર સર્વેય દત્ત'નું પૂરું નિરૂપણ કરી, શ્લોક ૯૯માં તેનો ઉપસંહાર કરી હવે પાછી ૧૦૦-૧૦૧ શ્લોકમાં એ જ વાત માંડી એટલે કોઈક ને એમ લાગે કે કાં તો પાછળથી યાદ આવ્યું હશે એટલે બે શ્લોક જોડ્યા હશે, અથવા ૯૯મો શ્લોક ૧૦૧મો શ્લોક તરીકે મૂલ્યો હોય તો શો વાંધો હતો ? આવી શંકા થાય તો તે અયોગ્ય છે. શ્રી અવધૂતજીએ ખૂબ વિચારપૂર્વક તાર્કિક ક્રમમાં લખ્યું છે. ૯૩થી ૯૮માં જે વાત કહેવાઈ છે તે જુદી છે. અહીં એમની સર્વવ્યાપકતા અન્ય રીતે બતાવી છે.

ભગવાન શ્રી દત્તાત્રેય દેવ = ત્રિદેવ સ્વરૂપ છે. બ્રહ્મા-વિષ્ણુ-મહેશ ભગવતી અનસૂયાના તપ પ્રભાવથી બાળક બની ગયા હતા. ભગવતી, સાવિત્રી, લક્ષ્મી અને પાર્વતીની વિનંતીને માન આપીને એ બાળકોને ભગવતી અનસૂયાજીએ પુનઃત્રિદેવ સ્વરૂપ થઈ જવા પ્રાર્થના કરી હતી. પુનઃત્રિદેવ થયા પછી ભગવતી અનસૂયાને પોતે તેમને ત્યાં જન્મ લેશે એવું

વરદાન આપ્યું હતું. આ રીતે અપાયેલાં ત્રણ વરદાનનાં સ્વરૂપે એ ત્રણેય દેવ અત્રિ-અનસૂયાને ત્યાં પ્રગટ થયા ત્યારે તેમની સ્તુતિ કરી કહ્યું-

**આજ વિડંબન આદર્યું લહે કોણ રહસ્ય ?**
**કોણ કહે આ રૂપને ઋષિપુત્ર સુજાણ ?**
**બાલરૂપ માટે ધરી કરો પૂર્ણ વરદાન.**
(ગુ.લી.અ.૮.૪૪-૪૫)

એમની આ પુત્રનું લાલન-પાલન કરવાની પ્રાર્થનાનો સ્વીકાર કરી ત્રિદેવ

**બાલરૂપ પોતે થયા ધન્ય વિશ્વ પ્રતિપાળ ॥ ૫૮ ॥**

આ રીતે પોતે દેવ અને મર્ત્યજન્મા = મનુષ્યથી જન્મ ધારણ કરનાર છે, તો તેઓ **તિર્યક-યોનિ**=આડા ચાલનાર (માણસની જેમ ઊભા ચાલનારની વિરુદ્ધ) પશુ-પક્ષી આદિ પણ છે. પ્રાણી માત્રનાં આત્મસ્વરૂપ છે. એ જ રીતે અતિ ક્ષૂદ્ર કીડા-મકોડા જેવાં જીવજંતુમાં પણ આત્મસ્વરૂપ એ જ છે, સ્થાવર-જંગમ આ બધું જ શ્રી દત્તનો જ **પસારો** = વિસ્તાર છે - ક્ષૂદ્ર કીડાથી માંડી મહાન હિમાલય-સુમેરુ પર્વત સુધીનું જડચેતન જે કાંઈ છે તે નિરાકારનું જ સાકાર પ્રાકટ્ય છે. ॥ ૧૦૦ ॥

**સંગતિ** : એ શ્રી દત્તાત્રેયના માયાવી સ્વરૂપનું દર્શન કરાવે છે :

**मायातीतो बद्धमायो विमायो**
**जन्मातीतो जन्मदाता त्वजन्मा**
**कर्ताऽकर्ता जीवनं जीवहर्ता**
**सर्वो दत्तः सर्वरूपस्त्वरूपः ॥१०१॥**

**શબ્દાર્થ** : **मायातीत =** માયાથી પર, **बद्धमायः =** માયાથી બંધાયેલો, **विमायः =** અમાયા-માયારહિત, **जन्मातीत =** જન્મથી પર, **जन्मदाता =** જન્મદાતા, **तु अजन्मा =** તો જન્મરહિત-અજ, **कर्ता–अकर्ता =** કરનાર અને ન કરનાર, **जीवनं =** જીવનરૂપ, **जीवहर्ता =** જીવને હરનાર, **सर्व दत्त.......** (શ્લોક ૯૩ પ્રમાણે) ॥ ૧૦૧ ॥

**કરે બદ્ધ માયા અમાયી જ દત્ત**
**અને જન્મદાતા અજન્મા જ દત્ત**
**કરે ના કરે સર્વ જીવેશ તાત**
**નિરાકાર સાકાર સર્વેય દત્ત ॥૧૦૧॥**

**વિવરણ :** ભગવનાશ્રી દત્તાત્રેયની સ્વરૂપભૂતા શક્તિ **માયા** છે. પ્રશ્નોત્તર માલામાં માયાનું સ્વરૂપ સમજાવતાં કહ્યું છે - **माया मृगाम्बुकल्पा निस्तत्त्वा दृष्टनष्ट रूपा या–** માયા ઝાંઝવાનાં જળ જેવી, તત્ત્વ રહીત, દેખાય અને લુપ્ત થાય તેવી છે. માયાની રચના કરી તેથી પ્રકૃતિ થઈ અને એ પરમાત્મા માયાથી બંધાઈને રહ્યો આમ, પોતે માયાથી પર છતાં આ માયામય જગતના સ્રષ્ટા સ્વરૂપે તેમાં બંધાયેલો રહીને તે હંમેશા વિમાય = માયા રહિત રહે છે. ભગવાન શ્રી દત્ત અજન્મા છે. **आजयमानो बहुधा मायया जायते (અદ્વૈતોપનિષદ ૨૪)** જે અજન્મા છે તે માયા દ્વારા અનેક રીતે અનેકવાર જન્મ ધારણ કરે છે, છતાંય તે જન્મથી પર છે અર્થાત જે રીતે જીવાત્માને પોતાનાં કર્મ અનુસાર જન્મમરણનાં ચક્કરમાં ફરવું પડે છે તેમ એ જન્મ મરણથી પર હોઈ જન્માતીત છે. એ સદ્‌ગુરુ ભગવાન જન્મદાતા = જન્મ આધાર છે :-

**જર્જર વંધ્યા કેરાં સ્વપ્ન કર્યાં સફળ તેં સુતનાં કૃત્સ્ન તથા**

**જોઈ દ્વિજસ્ત્રી કેરો સ્નેહ થયો પુત્ર તું નિઃસંદેહ** એ શ્રી દત્તબાવની માંનાં સંદર્ભો **ગુરુલીલામૃત કર્મકાંડમાં દ્રષ્ટવ્ય** છે. **કર્તા-અકર્તા** = આ સૃષ્ટિનાં કાર્યના કાર્ય-બ્રહ્મ સ્વરૂપે મુખ્ય કર્તા ભગવાન શ્રી દત્તાત્રેય છે. જે કાંઈ થયું છે, થાય છે અને થશે તે બધાના કર્તા હોવા છતાંય તેઓ અકર્તા છે. એટલે કે કર્તાપણાના અહંકારથી પર હોવાને કારણે તેમને એ કર્તૃત્વ સ્પર્શતું નથી. જીવ માત્રનું જીવન હોવા છતાંય જીવને હરી લેનાર મુક્તિ અપાવનાર ભગવાનશ્રી દત્તાત્રેય છે -

**અસ્તિ, ભાતિ પ્રિય નામ રૂપનો જગત પસારો છેક**
**નામ રૂપનું સમણું શમતાં સત્ ચિત આનંદ નેક**

આ જે કાંઈ ચરાચર સૃષ્ટિ **અસ્તિ** - છે, **ભાતિ** - વિલસે છે, **પ્રિય** થઈ પડે એવાં નામ-રૂપાત્મક જગતનો પસારો ભગવાન શ્રી દત્તાત્રેય છે એ નામ રૂપાત્મક જગત સ્વપ્ન સમાન છે; જેવું સ્વપ્ન સરે કે પછી જે બાકી રહે તે સચ્ચિદાનંદ સદ્‌ગુરૂ ભગવાન શ્રી દત્તાત્રેય છે -

**પોતે પોતામાં વિલસે વિધવિધ રૂપે અરૂપી અશેખ**
**સ્વપદે સર્વ દિસે મહાશૂન્યે, સર્વે સ્વપદ એક**
(આઆ. ૧૪૩-૪૪)

એ પોતે જ પોતાનામાં વિલસે છે. આ વિલાસ માયા સ્વરૂપે એક રૂપ = બહુરૂપી છે; અને તો પણ તે અંતતઃ અરૂપી છે. એના ચરણમાં મહાશૂન્ય સ્વરૂપે સમસ્ત બ્રહ્માંડ છે. સમસ્ત બ્રહ્માંડ એનું જ પદ = **तद्विष्णोः परमं पद्म् =** પરમ પદ છે. આમ નિરાકાર સાકાર સર્વેય દત્ત.

અહીં જોઈ શકાશે શ્લોક ૯૩ થી ૯૮માં જાગતિક અંતિમોના આધારે ભગવાન દત્તાત્રેયની નિરાકાર સાકરતા દર્શાવી જ્યારે અહીં આ બે શ્લોક-૧૦૦-૧૦૧માં **यथोर्ण नाभिः सृजते गृह्णते च** (મું. ૧/૧/૭) જેવી રીતે કરોળિયો પોતાનાં શરીરમાંથી જ તંતુઓને કાઢી પ્રસરાવે અને પછી પોતે જ તેને ગળી જાય તેમ આ સૃષ્ટિના સાકાર-નિરાકાર બધાં તત્ત્વો એ પરમાત્મા શ્રી દત્તાત્રેયમાંથી પ્રસરી એમાંજ વિલીન થઈ જાય છે. એ સિદ્ધાંત અહીં સમજાવ્યો છે. ॥૧૦૧॥

**સંગતિ** : માટે સમય ગુમાવ્યા વિના હે આત્મન શ્રી દત્તનામ સ્મરણ કર :

**नष्टावेला प्राप्यते नो पुनः सा**
**क्षीणं चायुः कालसामीप्यमेव ।**
**कण्ठे भूषा भ्रम्यते किं वृथाऽन्धं**
**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥ १०२॥**

**શબ્દાર્થ** = **नष्टावेला =** ગુમાવેલો સમય, **प्राप्यते [ प्र. आप् प.ग. प. त्री. पु. એ. व. ]** = પ્રાપ્ત **न पुनः सा =** તે ફરી (પ્રાપ્ત) થતો નથી. **क्षीण =** ઘટે, **चायुः = च – आयुः =** આયુષ્ય, **काल =** કાળ, **सामीप्यमेव = सामीप्यम् एवं –** સામે જ આવે, **कण्ठे =** ગળામાં, **भूषा =** હાંસળી, **भ्रम्यते [ भ्रम्** ૧.૪.૫. તૃ. પ્ર. એ. વ. **]** = ભમે છે. **किंम् =** શાને **वृथाऽन्धं वृथा अन्धं (इव) =** વ્યર્થ આંધળાની (જેમ) માટે હે આત્મન્ શ્વાસે શ્વાસે શ્રી દત્તનામનું સ્મરણ કરી લે. ॥ ૧૦૨॥

**ગયો કાળ તે ના ફરીથી જ આવે**
**ઘટે આયુ જો કાળ પાસે સિધાવે.**
**ગળે હાંસળી કાં ભમે અંધ વ્યર્થ.**
**સ્મરી લે પ્રતિ શ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૦૨॥**

**વિવરણ :** આ સમગ્ર નિરૂપણને આધારે લક્ષ્ય જૂથ ૧-૨ના સભ્યોએ માણસ માત્રે જે સમજવાનું છે તે આ કે જીવન દિવસે દિવસે ટૂંકું થતું જાય છે. ગયેલો સમય પાછો આવતો નથી. આયુષ્ય પ્રતિક્ષણ ઘટતું જાય છે. **आयुः कल्लोल लोलं =** પાણીના તરંગ જેવું - પાણીના પરપોટા જેવું છે. પ્રત્યેક ક્ષણે કાળ - મૃત્યુ નજીકને નજીક આવતું જાય છે. માટે રાજર્ષિ ભર્તૃહરિ કહે છે તેમ - જ્યાં સુધી આ શરીર સ્વસ્થ છે, નિરોગી છે; વૃદ્ધાવસ્થા દૂર છે, ઈન્દ્રિયોની શક્તિ ક્ષીણ થઈ નથી, આયુષ્યનો ક્ષય થયો નથી ત્યાં સુધીમાં માણસે પોતાનું આત્મ શ્રેય સાધી લેવાનું હોય છે.

આ આત્મશ્રેય સાધવા ક્યાંય જવાની જરૂર નથી. માણસ કસ્તુરીનાં મૃગની જેમ ચારેકોર ભટકે છે. ગળામાં હાંસળી છે; ને એ શોધવા ચારે કોર આંધળાની જેમ ભટકે છે-

**ચેતવું હોય તો ચેતજે રંગા ક્ષણક્ષણ આયુ જાય**
**પાણી આવ્યું પાળ બાંધવા લાગ્યો, લોકોમાં હાંસી થાય.**

(અ.આ. ૧૪૮)

ચેતીને પાણી પહેલા પાળ બાંધવી. અને આ પરમ તત્ત્વ પોતાની જ પાસે છે તેને શોધવા જવાની જરૂર નથી.

**હાર ગલે મેં ખોજત બનમેં ક્યા મૂરખ કયા સ્યાના** (અ.આ. ૧૮૬)

હાર ગળામાં છે એને જંગલમાં શોધવા જવાની શી જરૂર ? પણ મૂખર અને ડાહ્યા બધાય પોતાની પાસે, પોતાની ભીતરમાં બિરાજતાં ભગવાની શ્રી દત્તાત્રેય = મૃગની કસ્તુરીને ભૂલીને અન્યત્ર શોધવામાં જીવન વીતાવે છે. એમાંથી છૂટી હે ચિત્ત તું તારી ભીતરમાં જ પાછો ફર અને એ ભગવાન શ્રી દત્તાત્રેયનાં નામ સ્વરૂપનું સ્મરણ કર ॥ ૧૦૨ ॥

**સંગતિ :** તારા ગળાના હાર-હાંસળીમાં જ સર્વસ્વ છે :

**ज्ञानं भक्तिः कर्मयोगश्व योगः**
**सर्वेऽप्येते दत्तधाम्निप्रलीनाः ।**
**दत्तस्कन्धे सर्वशाखा मिलन्ति**
**मूलं तस्माद्दत्तनाम स्मरात्मन्** ॥ १०३ ॥

**શબ્દાર્થ : ज्ञानं भक्ति** : જ્ઞાન અને ભક્તિ, **कर्मयोगश्च–कर्मयोगः च** કર્મયોગ અને **योग** – યોગશાસ્ત્ર, **सर्वेऽप्येते = सर्वे अपि एते** = આ બધાય **दत्तधाम्नि** = દત્તધામમાં, **प्रलीनाः** = લીન થઈ ગયા છે. **दत्तस्कन्ध** = શ્રી દત્તારૂપી થડમાં **सर्वे शाखा** = બધી ડાળીઓ **मिलन्ति** = [ પ.ગ.ઉ.પ.તૃ.પુ.બ.વ. ] = મળે છે. માટે હે આત્મન તું પ્રતિશ્વાસ શ્રી દત્તનું સ્મરણ કર ॥ ૧૦૩ ॥

**બધાં જ્ઞાન ભક્તિ અને કર્મયોગ**
**મળે દત્તધામે જ અંતે અમોધ**
**બધી ડાળીઓ આ મળે દત્તસ્કંધે**
**સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત દત્ત ॥ ૧૦૩ ॥**

**વિવરણ** : માણસ પોતાના ગળાની હાંસળી-હાર જેટલા નજીક એવા ભગવાન દત્તાત્રેયને શોધવા ભટકે છે. ક્યાં ભટકે છે ? જ્ઞાનના ગ્રંથોમાં, કર્મયોગમાં, યોગવિજ્ઞાનમાં જાત જાતનાં પંથોમાં, સંપ્રદાયોમાં, પણ વસ્તુ સ્થિતિ જુદી છે. એ જેને જે જગ્યાઓએ શોધે છે તે બધું જ ભગવાન શ્રી દત્તાત્રેયમાં સમાવિષ્ટ છે-

**૧. જ્ઞાનશાસ્ત્ર** - ભગવાન શ્રી દત્તાત્રેયમાં સમાવિષ્ટ છે. મહર્ષિ ઉદ્દાલકે પોતાના પુત્ર શ્વેતકેતૂને કહ્યું હતું. **एकेन विज्ञातेन सर्वं विज्ञातं भवति –** એક પરમ તત્ત્વને જાણવાથી બધું જ જાણી જવાય છે. ભગવાનશ્રી દત્તાત્રેય સ્વયં બોધ સ્વરૂપ = જ્ઞાન સ્વરૂપ છે. - તેમનામાં - ધામમાં વિલીન છે.

**૨. ભક્તિશાસ્ત્ર** - ભગવાન શ્રી દત્તાત્રેયમાં સમાવિષ્ટ છે.

**ભક્તિથી ચિતડું ખેંચાતા હરિગમ વિષયૈષણા જાય નાસી**
**વાસના વામતા આપે હરિ ભાસે મરે મન દ્વૈત વિલાસી**
(અ.આ. ૧૪૬)

ભક્તિશાસ્ત્રનો મહિમા ભગવાન શ્રી દત્તાત્રેયે ઉપાસનાના સ્વરૂપે કર્યો.

**૩. કર્મયોગ** - ભગવાન શ્રી દત્તાત્રેયે કર્મયોગના યોગ્ય પ્રસાર માટે જે સ્થાપના કરી તેનું નિરૂપણ કર્મકાંડમાં છે.

**કરવું ન કરવું આગ્રહ ખોટો લાભહાનિ ચિત ભ્રમ**
**ભૂલી દેહાત્મા ધ્યાવો પરમાત્મા રહેવું રાખે રામ જ્યમ**
(અ.આ. ૧૪૬)

ન કરવું અને કરવું એ બન્ને વાત ખોટી છે. ભગવાન જે કરે અને ભક્તની પાસે કરાવે તે કર્મયોગ છે.

**૪. યોગ વિજ્ઞાન - શ્લોક ૪૬ના વિવરણમાં આપણે ભગવાન** શ્રી દત્તાત્રેય પ્રતિપાદિત **ત્રીશયોગ** ની વાત કરી છે.

આ બધાં જ શાસ્ત્રો શ્રી દત્તધામ શ્રી દત્તપાદમાં વિલીન થયેલાં છે. એટલે જે રીતે મહાવૃક્ષમાં તેની ડાળીઓ મળી રહે તેમ આ જ્ઞાન, ભક્તિ, કર્મ, યોગ રૂપી ડાળીઓ શ્રી દત્તાત્રેય રૂપ સ્કંધ-થડને આશ્રિત છે. ભગવાનશ્રી દત્તાત્રેય આ બધાં શાસ્ત્રોના મૂળ સ્રોત છે. માટે હે ચિત્તનું પ્રતિશ્વાસ શ્રી દત્તનામ સ્વરૂપનું સ્મરણ કર કારણ કે દત્તનામ જ દત્તસ્કંધનું મૂળ છે. ॥ ૧૦૩॥

**સંગતિ :** માટે તું મૂળને સિંચ.....

**मूले सिक्ते स्कन्ध साखाश्च तृप्ता**
**धर्मे स्निग्धं स्वादुजम्बुं ददन्ते**
**शाखोत्पातं मा प्रसूनं प्रभङ्ग्धि**
**मूलोत्सेकं त्वाफलं मा जहीहि** ॥ ૧૦૪॥

**શબ્દાર્થ : मूले सिक्ते (सति) =** (વૃક્ષનાં) મૂળ; સિંચાતાં; **स्कन्ध – शाखा श्च =** થડ ને ડાળ, **तृप्ताः =** તૃપ્ત થાય, **धर्मे –** ધામ-તાપમાં, **स्निग्धं =** રસાળ, સ્નિગ્ધ, **स्वादुजम्बुं =** સ્વાદિષ્ટ જાંબુ, **ददन्ते [ दा.**તૃ.બ.વ. ] **शाखोत्पातं=शाखा–उत्पातं=**ડાળ પર કૂદી-ટીંગાઈ. **मा–**મા-ન. **प्रसूनं =** કળી, **प्रभङ्ग्धि [ प्र.भंज्.** ૭.પ. આજ્ઞાર્થ બી.પુ.એ.વ. ] છૂંદીનાખ (મા). **मूलोत्सेकं–मूल–उत्सेकं** = મૂળને સિંચવાનું **त्वाफलं–तु आफलं =** ફળ આવે ત્યાં સુધી. **मा –** ન. **जहीहि** = છોડ (નહીં) ॥૧૦૪॥

**તગે સ્કંધશાખા થતાં મૂળ સિકત**
**અને જાંબુ દે તાપમાં દેખ સ્નિગ્ધ**
**કળી છુંદ મા કૂદી હે મૂઢ ડાળે**
**રહે મૂળ સિચંત યાવત્ ફળે તે ॥૧૦૪॥**

**વિવરણ :** અહીં રૂપક દ્વારા સિદ્ધાંત સમજાવ્યો છે. આ સંસાર વૃક્ષનો સ્કંધ - થડ ભગવાન દત્તાત્રેય છે. તેની મુખ્ય શાખા = ડાળીઓ મૂળ સિંચાતા તગે = તૃપ્ત થાય છે. આ રૂપક **શ્રીમદ્ભાગવત**માં આ રીતે સમજાવ્યું છે.

**यथा हि स्कन्धशाखानां तरोर्मूलावसेचनम्**
**एवमाराधनं विष्णोः सर्वेषामात्मनश्चहि ॥५।५।४૯॥**

અર્થાત જેવી રીતે વૃક્ષનાં મૂળને સિંચવાથી તેની મોટી મોટી શાખાઓ અને નાની નાની ડાળીઓ પણ સિંચાઈ જ જાય છે તે રીતે સર્વાત્મા ભગવાન (શ્રી દત્તાત્રેય)ની આરાધના સંપૂર્ણ પ્રાણીઓની અને પોતાની પણ આરાધના છે. એટલે ભગવાનની દત્તાત્રેય રૂપ મૂળ અને મુખ્ય શાખાની આરાધના કરવાથી ભગવાન પ્રસન્ન થતાં જાંબુના જેવા મીઠાં ફળ સંસારનાં તાપત્રયના સમયમાં પણ પ્રાપ્ત થાય છે. માટે હે આત્મન તું કૂદાકૂદ કરીને સંસારની ડાળી પર ઝૂલતી ભગવન્નામની કળીઓને છૂંદી નાખીશ નહીં. એટલે કે ભગવન્નામ આ વૃક્ષને લાગેલી ફળની કળી સમાન છે. એ નામ સ્મરણથી જ કળીનું ફૂલ અને ફૂલનું ફળ = ભગવતકૃપા રૂપી ફળ પ્રાપ્ત થશે. એ ફળ પ્રાપ્ત થાય ત્યાં સુધી મૂળને સિંચતો રહે. ભગવાનની આરાધના કરતો રહે.

સામાન્ય સમસ્યા એ છે કે, આજે હું શ્રી દત્તનામ સ્મરણની શરૂઆત કરું તો મને ફળ ક્યારે મળશે ? આ પ્રશ્ન ભારે વિકટ છે. એનો ઉત્તર શ્રીઅવધૂતજી જેવા સિવાય કોણ આપી શકે ? એમણે ઉત્તર આપ્યો છે.

(૧) આ **દત્તસ્કંધ**નું મૂળ **શ્રી દત્તનામસ્મરણ** છે.

(૨) મૂળને સિંચવાથી શાખા-પ્રશાખા સાથે સ્કંધ=થડ એની મેળે સિંચાઈ જાય છે. એની શાખાઓ પર શ્રી દત્તનામ સ્મરણનાં ફળની કળીઓ બેઠેલી છે.

(૩) હવે, તારે બે કામ કરવાનાં છે :

(ક) એ દત્તની ડાળીએ ટીંગાઈને, ખોટી કૂદાકૂદ કરીને એટલે કે લોકોને ખબર પડે કે હું બહુ ભક્તિ કરું છું, એવા ખોટા ધજાગરા અને ભક્તિના ભવાડા કર્યા વિના;

(ખ) શાંતિશ્રી **મૂળને** સિંચ્યા કર = **શ્રીદત્તનામનું સ્મરણ - ઘરનાં ખૂણામાં બેસીને કર્યા કર - પેલી જે કળીઓ બેઠી છે; એ ફૂલમાંથી ફળ બને તે જોયા કર - આપો આપ ભગવાનશ્રી દત્તની, આખા જગતની અને તારી પોતાની આરાધના થઈ જશે. ॥ ૧૦૪ ॥**

**ઉપસંહાર** - શ્લોક ૬૩થી શરૂ થયેલું ત્રીજું પ્રકરણ અહીં પૂરું થાય છે. આ આખું પ્રકરણ શ્લોક ૧થી ૩૬ના **લક્ષ્ય જૂથ-૧** અને શ્લોક ૩૭થી ૬૨ના **લક્ષ્ય જૂથ-૨**ના સભ્યોને સાથે એક ભૂમિકા પર લાવી **શ્રી દત્ત-માહાત્મ્ય** સમજાવતું **બોધાત્મક પ્રવચન** (Didacticdiscourse)નું છે. આ **શ્રી દત્તમાહાત્મ્ય** છે. ભગવાનની એકમેવ અનન્યતાનાં નિરૂપણ દ્વારા જ્ઞાન, કર્મ, ભક્તિ, યોગ માર્ગોની વર્તમાન વિટંબણાનાં પ્રતિપાદન દ્વારા. વાસ્તવ પરિસ્થિતિમાં નામસ્મરણની અગત્ય સમજાવી છે. એ રીતે આખુંય માહાત્મ્ય નિરૂપણ મનનીય હોઈ આત્મસાત્ કરવા જેવું છે.

**પ્રસ્તાવના** : આમ ત્રણ પ્રકરણમાં ૧૦૪ શ્લોકમાં સમગ્ર નિરૂપણ કર્યા પછી સદ્ગુરુ સ્વરૂપે શ્રી રંગઅવધૂત મહારાજ આ શ્રી દત્ત નામ સ્મરણનો આશ્રય લેનાર ભક્તો પ્રત્યે પોતાના હૃદયની નિર્મળ શુભ આકાંક્ષા - ભાવના વ્યક્ત કરી, આ કૃતિ-સ્તોત્રનું સમાપન કરે છે.

**સંગતિ** : ''બધા જ નિર્ભય થાઓ...'' એવી પ્રાર્થના સ્વરૂપે આશિષ આપે છે:

**पायाद्देवो दीनबन्धुः समस्तान्**
**देयान्मुक्तिं भुक्तिमेवापि मुक्त्यै।**
**सर्वे सौख्यं प्राप्नुवन्तु प्रकृष्टं**
**दुःखं नाल्पं निर्भयाः सन्तुं सर्वे ॥१०५॥**

**શબ્દાર્થ : पायात् = (પા.ર.વિધ્યર્થ. તૃ.પુ.એ.વ.)** = રક્ષણ કરો, **देवः दीनबन्धु : =** દીનબંધુ દેવ, **समस्तान् =** બધાને, **देयान् = (दा. ૨. ૫. વિધ્યર્થ ત્રી.પુ.એ.વ.)** = આપો. **मुक्तिं** = મુક્તિ, **भुक्तिम् एव अपि =** ભુક્તિ પણ, **मुक्त्यै (મુક્તિ. ચ. એ.વ.)**= મુક્તિ માટે જ (આપો). **सर्वे =** બધા, **सौख्यं = (સુખનું ભાવવાચ્ય)** = સુખ, **प्राप्नुवन्तु = (प्र.आप. ૫. ૫. વિધ્યર્થ તૃ.પુ.બ.વ.)** = પામો, **प्रकृष्टं =** ઉત્કૃષ્ટ, **दुखं =** દુ:ખ, **नाल्पं= न–अल्पं =** સહેજ પણ (ન રહો), **निर्भयाः =** ભયરહીત, **सन्तु = (अस् વિધ્યર્થ ત્રી.પુ.બ.વ.)** રહો થાઓ. **सर्वे =** બધા ॥ ૧૦૫ ॥

**કરો દીનનો દેવ એ સર્વરક્ષા**
**અને મુક્તિ દો ભુક્તિ મુકત્યર્થ દક્ષા**
**લભો સૌખ્ય સર્વે ય અત્યંત અત્ર**
**રહો દુ:ખ કે ભીતિના અલ્પ કુત્ર ॥૧૦૫॥**

**વિવરણ :** દીનબંધુ = જગત સુહૃદ દયાળુ ભગવાન શ્રી દત્તાત્રેય બધાયની રક્ષા કરો - **पायात्** = રક્ષો. શાનાથી રક્ષા કરો ? **अपायात्** = દુ:ખ, દર્દ, ત્રિવિધતાપ, મૃત્યુથી રક્ષા કરો. એમણે રક્ષા કરી છે, કરે છે, કરશે એવી દઢ શ્રદ્ધા છે -

**તાર્યા આહિર ભિલ્લ ચમાર, પાપી, દીન પતિત ગમાર**
**એ વિણ કો બીજો રખવાળ ?** (અ.આ. ૬૦)

આટલા માટે જ પૂજ્યશ્રી અવધૂતજીએ **શ્રીદત્તરક્ષા સ્રોત્ર,** શ્રી દલાદન મુનિએ **श्री दत्तात्रेयवज्रकवच (संस्कृत)** તથા પૂજનીય સ્વામી મહારાજ શ્રીએ **धोरकष्टोध्दरण स्तोत्र** જેવી સિદ્ધ સ્તોત્ર રચનાઓ આપી છે.

એ દયાળુ દત્ત દેવ સૌને મુક્તિ આપો. એ મુક્તિ મનુષ્યને મળેલાં આ **નરતનુ = માનવશરીર**થી જ મળે છે. માટે કહે છે = **મુક્તિ લે ને વરી કરમ ફૂટ્યા !** માત્ર મુક્તિ જ નહીં **ભુક્તિ** = ભોગ પણ ખરા. એ ભુક્તિ માત્ર સકામ ઉપાસનાથી મળતી ભુક્તિ જ નહીં. સકામ

ઉપાસનાથી સ્વર્ગનાં સુખ મળે તો ખરાં, પણ એ પુણ્યનું બળ જેવું પૂરું થાય કે તરત હતા ત્યાં તે ત્યાં. કયાં ? ગર્તામાં = **ગર્તા :**

**ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं**
**क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ॥ ગીતા-૯। ૧૧॥**

સ્વર્ગમાંથી મૃર્ત્ય લોકની ગર્તામાં જ જવાનું થાય. ભગવાન શ્રી દત્તાત્રેય ભુક્તિ આપે તો મુક્તિ તરફ લઈ જનારી ભુક્તિ એટલે કે

(૧) સહસાર્જુનને **ભુક્તિ** - અનુપમ ભોગ આપ્યા, પણ સદ્‌ગુરુની કૃપાથી તેઓ એ ભોગમાંથી જ વૈરાગ્યનો ઉદય થતાં મુક્તિગામી બન્યા.

(૨) રાજા આયુને ભોગ અને પુત્રનું સુખ આપ્યું અને તેના દ્વારા અર્થાર્થીમાંથી આર્ત. તેમાંથી મુમુક્ષુ અને અંતે મુક્તિનાં ધામ સુધી લઈ ગયા.

(૩) રજકે જીવનના ઉપભોગ જોયા જ ન હતા. તેને વૈદુર્યનગરનો યવનરાજા બનાવી, સ્ફોટકની વ્યાધિ દ્વારા સદ્‌ગુરુના પદ-ચરણની પ્રાપ્તિ રૂપ મુક્તિ સુધી લઈ ગયા. એ સદ્‌ગુરુ ભગવાનશ્રી દત્તાત્રેય બધાયને **મુક્તિ** તરફ લઈ જનારી **ભુક્તિ** આપો એવી શ્રી અવધૂતજી પ્રાર્થના પૂર્વક આશિષ આપે છે.

બધાને ઉત્કૃષ્ટ સ્વરૂપનું સુખ એટલે માત્ર ઈન્દ્રિઓનું સુખ નહીં, પણ **સ્વાત્મ સૌખ્ય** પ્રાપ્ત થાઓ. લેશ માત્ર દુઃખના રહે. દુઃખ એટલે દેહ પીડા, માંદગી, આર્થિક સંકળામણનું દુઃખ નહીં. એ બધાં દુઃખો તો સાંયોગિક છે; સંયોગ બદલાતાં દુઃખ દૂર થઈ જાય. ખરું દુઃખ **અસંતોષ** નું છે, કર્મનાં ફળ સ્વરૂપ **પ્રારબ્ધ** નું છે. ભગવાન શ્રી દત્તાત્રેયની કૃપાથી માણસને **સંતોષ**નું સુખ પ્રાપ્ત થતાં અસંતોષનું દુઃખ ટળે છે. સદ્‌ગુરુ ભગવાનની કૃપાથી માણસનું **પ્રારબ્ધ** બદલાઈ જાય. જેમ કે સાંઈઠ વર્ષની વંધ્યાને બાળકનું સુખ પ્રાપ્ત થયું. સાવિત્રીના પતિને નવું આયુષ્ય મળ્યું. વૈધવ્યનું પ્રારબ્ધ ટળ્યું.

બધા જ **નિર્ભય = ભય મનમાંથી નીકળી જાય.** કયો ભય છે ? હિંસક પ્રાણીઓ ભય, આંતકવાદનો ભય, સરકારી સતામણીનો ભય, માણસને માણસનો ભય. ના આવા ભય નહીં. આ બધા ભય તો સાંયોગિક છે. ખરો ભય છે - **ઈષ્ટનો અને અનિષ્ટનો** કશુંક થયું તો એ સારું-ઈષ્ટ થયું. કશુંક થયું તો એ અનિષ્ટ થયું. સદ્ગુરુ ભગવાનની કૃપા થતાં માણસ **ઈષ્ટ-અનિષ્ટ**ના ભયથી મુક્ત થઈ જાય અને એક એવી સ્થિતિએ પહોંચે જ્યાં તેને માટે કશું **ઈષ્ટ પણ ન હોય અને અનિષ્ટ પણ ન હોય.** પૂજનીય સ્વામી મહારાજશ્રી ગુરુસ્તુતિમાં કહે છે.

**देह पतत्वद्य युगान्तरे वा**
**न किंचिदिष्टं न च मेप्यनिष्टम् ॥**

મારો આ દેહ આજે પડે કે બીજા યુગમાં પડે, હવે મારે માટે કશું ઈષ્ટ કે અનિષ્ટ નથી. સારા અને ખરાબ, પ્રેમ-ધિક્કાર, પાપ-પુણ્ય, સુખઃદુખ, લાભ-હાનિ આ અંતિમોથી પર થઈ જવું એ **નિર્ભયતા** છે. ॥ ૧૦૫ ॥

**સંગતિ :** મનુષ્ય જન્મની ધન્યતાનો ગુણાનુવાદ કરે છે :

**धन्यास्ते ये दत्त मेवानुयन्ति**
**धन्यास्ते ये दत्तमेकं भजन्ति ।**
**धन्यास्ते ये दत्त मेकं स्तुवन्ति**
**धन्यास्ते ये दत्तमेवाविशन्ति ॥ १०६ ॥**

**શબ્દાર્થ** : **धन्याः ते** - એ લોકો ધન્ય છે. **ये =** જે લોકો, **दत्तम् एवं =** શ્રી દત્ત પ્રતિ જ, **अनुयन्ति = (अनु–या.** ૨.પ તૃ.પુ.એ.વ.)ની નજીક પાસે જાય છે. **धन्याः ते ये दत्तम् (पूर्ववत्) एकं –** એકનું જ, **भजन्ति – (भज्–** ૧ ઉ. તૃ.પુ.બ.વ.) ભજે છે. **धन्याः ते ये दत्तम् एकं, स्तुवन्ति –** (રૂપ પૂર્વે આવી ગયું છે) - ભજે છે, **धन्याः ते ये दत्तम् (पूर्ववत्) आविशन्ति = (आ–विश्** ૬.પ. તૃ.બ.વ.) = આવી મળે છે. ॥ ૧૦૬ ॥

**અરે ધન્ય તે જાય જે દત્ત પાસ**
**ખરે ધન્ય તે જે ભજે દત્ત ખાસ**
**અહા ધન્ય તે જે સ્તવે દત્ત દીન**
**નકી ધન્ય તે થાય જે દત્તલીન ॥ ૧૦૬ ॥**

**વિવરણ :** ભગવાનશ્રીદત્તની પાસે જનારા, તેમને ભજનારા, તેમનું સ્તવન કરનારા અને તેમનાં ધ્યાનમાં લીન થઈ જનારા ભક્તોની ધન્યતાનો ભગવાનશ્રી દત્તાત્રેયના વીસમી સદીના એક ભગવત્સ્વરૂપ મહાન ભક્તે ભવ્ય ગુણાનુવાદ કર્યો છે. એમની **ધન્યતા**ને બિરદાવી છે. સમજવા માટેનો પ્રશ્ન છે કે - આમાં વળી ધન્યતા શી ? નવરા હોય તે દત્તમંદિરે જાય, જીવનથી હારી ગયા હોય તે ન છૂટકે ભજન કરે, જેમને સ્તોત્રો યાદ રાખવાની ટેવ પડી ગઈ હોય અને નવરા-નિવૃત્ત હોય તે સ્તુતિઓ લલકારે, એમ કરતાં ટેવ પડી જાય એટલે શ્રી દત્તમાં લીન થઈ જાય - એમાં વળી ધન્યતા શી ?

આ ધન્યતા શી છે તે દરેકે જાતે પ્રયોગ કરીને જાણી લેવા જેવી છે -

૧. બધી જ જગ્યાએ જવું સહેલું છે; ફટાફટ જ્યાં જવું હશે ત્યાં જઈ શકાશે.... એટલી સહેલાઈથી ભગવાનનાં મંદિરે નહીં જઈ શકાય. ઘણી પ્રતિકૂળતાઓ ઊભી થશે. ઘરમાંથી કોઈ કહેશે - સાંજે જઈશું, હમણાં ઉનાળાની ગરમી થોડી ઓછી થાય ત્યારે જઈશું.... વગેરે.

૨. જે ભગવાનના મંદિરે જવા નીકળે છે; અને પહોંચી જાય છે એ **જેવા તેવા નથી.** જે જાય - જઈ શકે એણે બધી લાજશરમ છોડી અહોભાવથી નાચી ઊઠવું - પૂર્વજન્મનું કોઈક સુકૃત ફળ્યું છે - પ્રભુ ! હું આજે આવી શક્યો છું.

રાવણની ભરસભામાં લાત ખાઈને મહાત્મા વિભીષણ સમુદ્રને પેલે પાર શ્રીરામના વાનરરાજ્યમાં આવ્યા. એટલે મહાત્મા સુગ્રીવે એમને રોકી, રામને એમનાં આગમના સમાચાર (Report) આપ્યા અને

રામચંદ્રજીના સલાહકાર તરીકે સલાહ આપી કે ''પ્રભુ ! આપણે એમને બાંધીને કેદમાં નાખીએ. શી ખબર એ કેમ આવ્યો હશે, પ્રભુ ! આ તો બધા માયાવી છે. માટે એને બાંધીને રાખીએ.'' નીતિ નિપુણ મહાત્મા સુગ્રીવની આવી રાજનીતિની વાત સાંભળી રામચંદ્રજીએ હસતાં હસતાં કહ્યું - સુગ્રીવ એ આવ્યો તો ખરો ને *(**આવે એને એક સલામ**)* એનો અર્થ જ એ છે કે એ શુદ્ધ હૃદયનો, કપટરહિત સજ્જન છે; કારણ કે

**जौं पै दुष्ट हृदय सोई होई। मोरें सनमुख आव कि सोई॥**

જે દૃષ્ટ હૃદયનાં છે, પાપી દુરાચારી છે, એ ભગવાનની સન્મુખ નથી જઈ શકતા. તેથી જે જાય છે તે ધન્ય છે.

૩. ભગવદ્‌ભક્તનો આવો ગુણાનુવાદ પૂજ્યશ્રી અવધૂતજી સિવાય કોણ કરી શકે ? ભગવાનશ્રી રામચંદ્રજી પોતાનાં શ્રીમુખે સુગ્રીવને કહે છે :

**पापवंत कर सहज सुभाऊ। भजन मोर तेहि भाव न काऊ ॥**

પાપી માણસોને બધું જ ગમે છે; માત્ર ભજન નથી ગમતું. ભજન કરવા બેસે તો એને તરત જ બગાસાં આવશે, શરીરમાં ચારે કોર ખંજવાળ આવવા માંડશે, પગમાં ઝણઝણાટી થવા માંડશે. આ ઝણઝણાટી, ખંજવાળ, બગાસાં એ બધા અંદર રહેલા પાપના હડસેલા (forces) છે; જે પેલાને અધવચ્ચે ઊઠાડી મૂકે છે. આવાં બગાસાં વગેરે હોટેલમાં, સિનેમાના થિયેટરમાં થાય છે કે નહીં એ જોઈ જોવું જોઈએ.

૪. આ ધન્ય છે, રામચંદ્રજી સુગ્રીવને કહે છે -

**सनमुख होई जीव मोहि जबहीं। जन्म कोटि अध नासहि तबहीं**

જેવો માણસ ભગવાનશ્રી દત્તાત્રેય તરફ વળે, એના તરફ જવા માટે પગ ઊપડે એટલે સમજી લેવું કે કરોડો જન્મનાં પાપ આજે, અત્યારે જ ટળી ગયાં ॥૧૦૬॥

**સંગતિ :** આ ધન્યતાનો અનુભવ કરવા માટે શરીરને સમજાવવું :

**नेत्रे दत्तं पश्यतं प्राणिमात्रे**
**खे श्रूयन्तां दत्तशब्दाः समन्तात् ।**
**जिह्वे भद्रे दत्त कीर्तिं स्तुवीहि**
**पादौ बन्धू दत्तपादं प्रयाताम् ॥१०७॥**

**શબ્દાર્થ : नेत्रे** (नेत्रम्‌નું સંબોધન દ્વિ.વ.) હે બંને આંખો **दत्तं** (પૂર્વવત્) **पश्यतं** (दृश–पश्यનું આજ્ઞાર્થ બી.પુ.દ્વિ.વ.) જુઓ **प्राणिमात्रे** = પ્રાણીમાત્રમાં, **खे** (खं – સંબોધિન દ્વિ.વ.) બંને કાન, **श्रूयन्तां** (પ.પ. આજ્ઞાર્થ - બી.પુ.દ્વિ.વ.) સાંભળો, **दत्तशब्दाः** = શ્રી દત્તશબ્દ, **समन्तात्** = ચારેબાજુ, **जिह्वे** (जिह्वानु સં. એ. વ.) = જીભ, **भद्रे** = (भद्राનું સં.એ.વ.) બહેન, **दत्तकीर्तिं** = શ્રી દત્તકીર્તિ - કીર્તન, **स्तुवीहि** = स्तु ૨.ઉ.બી.પુ.એ.વ.) - સ્તુતિકર, **पादौ** = બન્ને પગ, **बन्धू** = બંધુ, **दत्तपादौ** = શ્રીદત્તના પદે, **प्रयातप्** = (પ્ર.યા.નું આ.બી.પુ.એ.વ.) જાઓ. ॥૧૦૭॥

**જુઓ પ્રાણિમાત્રે તમે નેત્ર દત્ત**
**સુણો કાન સર્વત્ર શ્રી દત્ત શબ્દ**
**સદા દત્તકીર્તિ જ ગા બેન જીહ્વે**
**જજો બંધુ હે પાદ શ્રીમત્પદે એ ॥૧૦૭॥**

**વિવરણ :** ધન્યતાનો અનુભવ એમ તો નહીં જ થાય. એ ધન્યતાનો લાભ આ જન્મે લેવા માટે શરીરને કેળવવું પડે. આ શરીર લોહી-માંસ, મળ-મૂત્ર-કફથી ભરેલું - તદ્દન ગંદું હોવા છતાંય એ મુક્તિનું દ્વાર બની શકે છે. તકલીફ એ છે કે અનેક જન્મોના સંસ્કાર અને આ જન્મની સુવિધાઓને કારણે માણસ શ્રી દત્ત અભિમુખ થઈ શકતો નથી, તેમાં તેનું શરીર બાધક - અડચણ રૂપ બને છે. માટે દરેકે પોતાનાં શરીરની **બે જ્ઞાનેન્દ્રિયો** - આંખ અને કાન **બે કર્મેન્દ્રિયો** - જીભ અને પગને થોડીક તાલીમ આપવા માટે સમજાવીને વિનંતી કરવાની છે.

આ આંખો - સંસ્કાર વશ માણસને માણસ, વસ્તુને વસ્તુ સ્વરૂપે જોવા ટેવાઈ ગઈ છે. તેને **નિરાકાર - સાકાર સર્વેય દત્તઃ** એટલે કે **वासुदेवं सर्वमिदम्** - આ બધું વાસુદેવ દત્તમય છે એવું જોવા માટે પ્રેરવાની છે. કારણ કે શરીરની પાછળ - અંદર એ મૂર્તિ છે. આકાશમાં રમતાં શબ્દ શ્રી દત્ત જ છે, પણ કાન એ સાંભળવા ટેવાયા નથી.

**નામરસાયણ પીધું જેણે, નેણ-વેણ પલટાય. (અ.ભા.મૃ. ૧૯૫)**

નયન-વાણી પલટાય તે માટે નામરસાયણનું પાન કરવાનું છે. આ બંને પગ દત્તધામ તરફ વળે તે માટે તેમને સમજાવવાના છે, શરીરની આ ઇન્દ્રિયોની સ્વાભાવિક ચેષ્ટાને સમજી તેનાથી અલગ એવી ચેષ્ટા તરફ વાળવા માટે શ્લોક ૪૭માં **ત્રીશયોગ**નું દર્શન કરાવ્યું છે. ॥૧૦૭॥

**સંગતિ :** સ્તોત્રનું સમાપન કરે છે.

**मूढो 'रङ्गो' रङ्ग माया विबद्धो**
**रङ्गातीतं दत्तेमव प्रपन्नः ।**
**रङ्गे रागद्वेषशोकप्रपूर्णे**
**छित्वा रङ्गं दत्तरङ्गे विलीनः ॥१०८॥**

**શબ્દાર્થ : मूढो** = કૂટસ્થ અને ચિદાભાસના પરસ્પર અભ્યાસથી પોતાને 'હું' તરીકે ઓળખાવવાનો અવિવેકી જેવો વ્યવહાર કરનાર, **'रङ्गः'** = શ્રી રંગ અવધૂત. **रङ्गमाया विबद्ध = રંગ શ્રીદત્ત**ની માયાથી બંધાયેલો, **रङ्गातीतं - रङ्ग अतीतं** = માયાથી પર એવા, **दत्तम् एव** = શ્રીદત્તને જ, **प्रपन्नः** = (प्र–पत्‌નું ક.ભૂ.કૃ.) શરણે ગયેલો, **रङ्गे** = સંસારમાં, **रागद्वेषशोकप्रपूर्णे (સતિ)** રાગ-દ્વેષ શોક પૂર્ણ એવા, **छित्वा = (छिद्-ઉ.પ.સં.ભૂ.કૃ.)** = કાપીને, **रङ्गं** = માયાને, **दत्तरङ्गे** = શ્રી દત્તના રંગમાં, **विलीनः** = લીન (થઈ ગયા છે.)

**અહો મૂઢ આ રંગ-માયા વિબદ્ધ**
**થતાં રંગ નિર્મુક્ત શ્રી દત્તસક્ત.**
**થયો રાગ દ્વેષાદિ પૂર્ણે જ રંગ**
**ત્યજી રંગ એ લીન શ્રી દત્ત રંગે ॥૧૦૮॥**

**इति श्री दत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरंग (रङ्गअवधूत) महाराज विरचितं दत्तनामस्मरणस्तोत्रं सम्पूर्णम्॥**

**વિવરણ :** અહીં આ શ્લોકમાં **'रङ्ग'** ને માટે **मूढ** વિશેષણનો પ્રયોગ થયો છે અર્થાત્ તેનો અન્વયાર્થ આ પ્રમાણે થાય :

રંગ-શ્રી દત્તની માયાથી બંધાયેલો આ મૂઢ રંગ (રંગ અવધૂત), રંગ-માયાતીત એવા શ્રી દત્તનાં જ શરણે ગયેલો છે - શ્રી દત્ત ભક્ત છે, રાગદ્વેષશોકથી પૂર્ણ એવા રંગ-રંગમંચ સંસારમાં રંગ-માયાના બંધનોને છેદી-કાપીને શ્રી દત્તના રંગ-પ્રેમમાં લીન થયેલો છે.

આ અન્વયાર્થ છે. અહીં પોતાને માટે પ્રયોજેલા **મૂઢ** શબ્દનો અર્થ વિશિષ્ટ છે. મૂઢ શબ્દના બે અર્થ થાય :

૧. **मूढ** - મુહ્ - મોહનું - મોહ પામવું નું કર્મણિ ભૂતકૃદંત - મોહગ્રસ્ત. જે અહીં શ્લોક ૧થી ૩૬માં પ્રયોજાયો છે.

૨. **मूढ** માણસ ગમે તેવો જ્ઞાની હોય, બધું જાણતો હોય તો પણ ન છૂટકે પોતાના માટે **'હું'** શબ્દ પ્રયોગ કરવો જ પડે. આ શબ્દ પ્રયોગ માટે **પંચદશી** ગ્રંથના **અધ્યાય-૭** શ્લોક **૧૦થી ૧૬**માં ગહન ચર્ચા કરેલી છે.

(ક) **અવિવેકી - મૂઢ** - મનુષ્યો **કૂટસ્થ** અને **ચિદાભાસ**ના અધ્યાસથી પોતાને હું હું કહે છે. એ 'હું'નો મૂઢ અર્થ છે.

(ખ) બ્રહ્મસ્વરૂપને જાણનાર પુરુષ - **શ્રી રંગ અવધૂત** જેવાઓ પણ આભાસમાં અને કૂટસ્થમાં એ શબ્દનો પ્રયોગ લૌકિક વ્યવહારમાં કરે છે. તેથી કૂટસ્થથી ભિન્ન આભાસ અને આભાસથી ભિન્ન કૂટસ્થ એ 'હું'નો ગૌણ અર્થ છે.

૩. આમ **પંચદશી** જેવા મહાન ગ્રંથમાં કરવામાં આવેલી **હું (મૂઢ) મીમાંસા**ના આધારે આ **'રંગ'** પણ **'મૂઢ'** છે; કારણ કે એમણે પણ ન છૂટકે પોતાને માટે **'હું'**નો પ્રયોગ કરવો પડે છે.

આ અર્થમાં રંગ રંગની માયાથી બદ્ધ છે. છતાંય શ્રી દત્તમાં સક્ત-આસક્ત હોવાથી એ રંગ-નિર્મુક્ત=માયામુક્ત છે. રાગદ્વેષ-શોકથી ખદબદતા આ રંગ-સંસારરૂપ રંગમંચમાં એના=માયા રંગને ત્યજી એ રંગ=શ્રી દત્તના રંગમાં લીન થયો છે. એમ કહી પોતાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. ॥૧૦૮॥

**॥ આમ, પૂજ્યશ્રી રંગઅવધૂતમહારાજ વિરચિત શ્રીદત્તનામસ્મરણસ્તોત્રમ્નું શાસ્ત્રી જયેન્દ્ર દવે વિરચિત વિવરણ પૂર્ણ થયું ॥**


**॥ प्रीयतां अनेन सद्गुरुभगवान्श्रीरंगावधूतः इति ॥**

**વલ્લભવિદ્યાનગર**
**વૈશાખ શુક્લ ૧૪ શ્રી નૃસિંહજયંતી**
**૨૦૬૪**
**૧૮-૫-૨૦૦૮, રવિવાર**

## प्रसन्नता ।

निजभक्तहितार्थविवेकयुतं वचनं मधुरं श्वसनं मधुरम् ।

मधुरा प्रतिभा हसितं मधुरं उपदेशकथा सुरसा मधुरा ।



पदपद्मयुगे नमतां मधुरं मधुरन्न किमस्ति परात्मजुषाम् ।

शमितं मधुरं हरणं मधुरम् अवधूतयतेरखिलं मधुरम् ।

[श्री. भालचन्द्र त्रिपाठी
बडोदाके सौजन्यसे]

वेलीयांकोतर, सोखडा–बडोदा
नवेम्बर, १९६०.



